શ્રી ક્ષાંત્યાનંદ

# ગુણમંજરી




રચયિત્રી

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીયા વિદુષી પ્રવર્તિનિ

સાધ્વીશ્રી ખાંતિશ્રીજી મહારાજ

શ્રી ચેમ્બુર તીર્થાધિપતિ દેવાધિદેવ

# શ્રી ઋષભદેવ ભગવાન



卐 શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ 卐

શ્રી પાર્શ્વચન્દ્ર સૂરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ

卐

શ્રી ક્ષાંત્યાનંદ

# ગુ....ણ....મં....જ....રી

મહાસતિ ચરિત્ર


રચયિત્રી :

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય પ્રવર્તિની વિદુષી
સાધ્વી શ્રી ખાંતિશ્રીજી મ. સા.

* પ્રેરિકા *

પૂ. સા. શ્રી ૐકારશ્રીજી મ. સા.

પ્રાપ્તિ સ્થાન :

શ્રી ખાંતિશ્રીજી આરાધના ટ્રસ્ટ
જશધન બિલ્ડીંગ, ૧ માળે,
બોઈસર, (જી. થાણા)
મહારાષ્ટ્ર.

: પ્રકાશક :

દ્રવ્ય સહાયકો.

આવૃત્તિ : છઠ્ઠી

વિક્રમ સંવત ૨૦૫૦

કિંમત ૨૫=૦૦

મુદ્રક : [illegible] પ્રિન્ટર્સ, અમદાવાદ-૩૮૦૦૦૧.

વાત્સલ્યમયી,

પૂ. ગુરુમૈયા..........

પૂ. પ્રવર્તિની ગુરૂદેવશ્રી
ખાંતિશ્રીજી મ. સા. ના
ચરણ કમલમાં...!

આપનું......
આપને જ......

શિશુ સાધ્વી ૐકારશ્રી

## મુંબઈ નગરીનું મીની શત્રુંજય એટલે

# શ્રી ચેમ્બુર તીર્થ

ભૂમિ પણ એક જ...ને પાણી પણ એક જ....છતાંય આંબામાં મીઠાસ હોય....ને લીંબડામાં કડવાશ....જૂવોને આ જ મુંબઈ નગરી છે. જ્યાં ચેમ્બુરની ધરતી પર....એક બાજુ યુગાદિદેવ શ્રી આદિનાથ દાદાનું ભવ્ય જિનાલય છે....તો પેલી બાજુ દેવનાર કતલખાનું છે....

અહિંસાની સૌમ્ય સંસ્કૃતિનો સંદેશ આપતા, પરમપિતા, પરમાત્મા શ્રી ઋષભદેવ પ્રભુના આ જિનાલયના પાયા રૂપ બન્યા છે. જામનગર નિવાસી વીસા ઓસવાલ શ્રીમતિ પ્રેમકુંવરબેન પોપટલાલ સંઘરાજ જેમણે શેઠશ્રી કપુરચંદ સંઘરાજ તથા શેઠશ્રી પોપટલાલ સંઘરાજના આત્મ શ્રેયાર્થે સુંદર અને રળિયામણા સ્થાને પ્લોટ લઈ શ્રી ઋષભદેવજી જૈન દેરાસર અને સાધારણ ખાતા ટ્રસ્ટની સ્થાપના કરી શ્રી સંઘને પ્લોટ તથા '૫૧' ઇંચના ભવ્ય પ્રતિમાજી અર્પણ કર્યા.

આ તીર્થ પર જેમનો મહાન ઉપકાર છે એવા યુગદિવાકર પ.પૂ. આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા.ની પાવનકારી પ્રેરણા અને માર્ગદર્શનથી જ આ જિનમંદિર તીર્થ સ્વરૂપે સાકાર બન્યું એ પૂજ્યશ્રીના સ્વપ્નનું ફળ છે.

પૂજ્યોના મંગલમય આશીષથી ગગનચુંબી ઉન્નત ત્રણ શિખરો, ત્રણ ચોકી, શણગાર ચોકી, વિશાળ રંગમંડપ, ઘુમ્મટ અને વિશાળ પટાંગણથી શોભતા આ મહાપ્રસાદમાં વિ. સં. ૨૦૨૦ ફાગણ વદ ત્રીજ, રવિવાર તા. ૧-૩-૬૪

ગગન ગોખને આંબતુ - દેવ વિમાન તુલ્ય
ત્રણ શિખરોથી શોભતું



શ્રી ચેમ્બુર તીર્થનું ભવ્ય જિનાલય

ના શુભ મુહૂર્તે કરૂણામૂર્તિ પૂ. આ. ભ. શ્રી વિજય પ્રતાપ-સૂરીશ્વરજી મ. સા. તથા શાસન પ્રભાવક પૂ. આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. આદિ સુવિશાળ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના વૃન્દની નિશ્રામાં જૈન સંઘના દાનવીર શાહ સોદાગર શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ શાહના શુભ હસ્તે પ્રભુજીની પ્રતિષ્ઠા થયેલ. પ્રતિષ્ઠા વિધિ એવા શુભ મુહૂર્તે થઈ કે દિવસે દિવસે આ તીર્થ વિકાસ પામતું આજે મુંબઈ ગરાઓ માટે યાત્રાધામ સમું બની ગયું છે. દર રવિવારે અને રજાઓના દિવસોમાં દર્શનાર્થીઓ વિશેષ પ્રમાણમાં આવે છે.

મૂળનાયક શ્રી ઋષભદેવ પ્રભુની પ્રશમરસ ઝરતી, નયનરમ્ય પ્રતિમા ભવિકોના હૃદયનું આકર્ષણ છે. શ્રી શત્રુંજયગિરિ તથા શ્રી અષ્ટાપદગિરિ તીર્થના પટો અને પ્રાંગણમાં સૌનું સ્વાગત કરતા હાથીયુગલ બાળકોના ખાસ આકર્ષણનું કેન્દ્ર છે...શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી શાશ્વત જિન પ્રતિમાજી, ઉપર શ્રી ધર્મનાથ પ્રભુ આદિ ચૌમુખ પ્રતિમાજી, નીચે (ભોંયરામાં) શ્રી વીસ વિહરમાન પ્રભુજીના પ્રતિમાજી આરાધકોનું આકર્ષણ છે...અને ભગવતી શ્રી ચક્રેશ્વરી દેવી, શ્રી પદ્માવતી દેવી, શ્રી સરસ્વતી દેવી, શ્રી મહાલક્ષ્મી દેવી તથા શ્રી ઘંટાકર્ણવીર આદિની સ્થાપના સાધકોનું આકર્ષણ છે. તો આ તીર્થના પરમ ઉપકારી પ.પૂ. આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજીનું સમાધિ મંદિર ગુરૂ ભક્તોનું આકર્ષણ છે.

અહિં કાર્તકી પૂર્ણીમાના દિવસે તો સમગ્ર મુંબઈમાંથી જૈનો બહુ મોટી સંખ્યામાં યાત્રાર્થે પધારે છે. તે દિવસે સવારથી સાંજ સુધી ભાતું અપાય છે. છેલ્લા ઘણા વર્ષોથી દર વર્ષે ૧૦૦/૧૫૦ જેટલા વરસી તપના તપસ્વીઓના પારણા પણ અહિં દાદાના સાનિધ્યમાં થાય છે.

આ તીર્થ સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ વર્ષના ઉપક્રમે ૨૫મી સાલગિરિ નિમિત્તે ૨૫૦૦ સાધર્મિકોની ભક્તિ, ૨૫૦૦ જીવોને અભયદાન, ૨૫૦૦ અનાથોને મિષ્ટ-ભોજન, તથા પ્રભુજીને ૨૫૦૦૦ ફુલોના શણગાર સાથે બહુમૂલ્ય ઝવેરાતની અંગ રચના થયેલ. પ. પૂ. આ. ભ. શ્રી વિજય જયાનંદસૂરીશ્વરજી મ. સા.ની શુભ નિશ્રામાં ૩૬ છોડનું ઉધાપન, વિવિધ મહાપૂજનો સાથે શ્રી નવાહિનકા સાલગિરિ મહોત્સવ સંપન્ન થયેલ.

હાલમાં અહિં પેઢી, આયંબીલશાળા, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના ઉપાશ્રયો, ભોજનશાળા તથા સેનેટોરીયમ આદિની સંપૂર્ણ સગવડ ઉપલબ્ધ છે. પૂ. ગુરૂ ભગવંતોની વાત્સલ્યપૂર્ણ પ્રેરણા, સુખી દાતાઓનું વિવિધ ક્ષેત્રે ઉદારતા પૂર્વક દાન અને કાર્યકરોની નિષ્ઠાપૂર્વકની સેવા આ ત્રણ પરીબળોથી આ તીર્થ દિન પ્રતિદિન પ્રગતિ કરી રહ્યું છે.

ચેમ્બુર નગર તપાગચ્છ, અચલગચ્છ, પાયચંદગચ્છ ત્રણે સંઘોના ત્રિવેણી સંગમરૂપ છે. આ તીર્થની વિશેષતા એ છે કે દેરાસર શ્રી સંઘના ઉપક્રમે ત્રણે પરંપરાના પૂ. ગુરૂ ભગવંતો, પૂ. આ. ભ. શ્રી વિજય જયાનંદસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. ભ. શ્રી વિજય આનંદઘનસૂરીશ્વરજી મ. સા. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી આદિ પૂજ્યોના

ચાતુર્માસોનો લાભ શ્રી સંઘને મળ્યો છે. ગત સાલે (વિ. સં. ૨૦૪૮) અમને શ્રી પાર્શ્વચન્દ્ર ગચ્છ નાયક પૂ. મુનિરાજ શ્રી રામચંદ્રજી મ. સા.ના આજ્ઞાનુવર્તિની શાસન પ્રભાવિકા વિદુષી પૂ. પ્રવર્તિની સા. શ્રી ખાંતિશ્રીજી મ. સા. ના શિષ્યા વાત્સલ્યમૂર્તિ પૂ. સા. શ્રી ૐકારશ્રીજી મ. સા., પૂ. સા. શ્રી પુનિતકલાશ્રી મ., પૂ. સા. શ્રી ભવ્યાનંદશ્રીજી મ., પૂ. સા. શ્રી મોક્ષાનંદશ્રીજી મ., પૂ. સા. શ્રી સંયમરસાશ્રીજી મ., પૂ સા. શ્રી શાસનરસાશ્રીજી મ., પૂ. સા. શ્રી સિદ્ધાંતરસાશ્રીજી મ., પૂ. સા. શ્રી ચન્દ્રકલાશ્રીજી મ. આદિ ઠા. ૮નું આરાધના પૂર્ણ ચાતુર્માસ મળ્યું. જે ચાતુર્માસ યોગશાસ્ત્ર ઉપર ચાલતા દૈનિક પ્રવચનો, દર શનિવારે મહિલા શિબિર, દર રવિવારે બાળકોની શિબિર, શ્રી શત્રુંજય તપ, દીપક વ્રત, સમુહ આયંબીલ – નીવી તપ અભિગ્રહ અઠ્ઠમ તપ, વર્ધમાન તપનો પાયો, છઠ્ઠ તપ, આદિ વિવિધ તપસ્યા તેમજ વિદુષી પૂ. પ્રવર્તિની સા. શ્રી ખાંતિશ્રીજી મ. સા. ની પુણ્ય તિથિની ધામધૂમ પૂર્વક ઉજવણી, પૂ સા. શ્રી સિદ્ધાંત–રસાશ્રીજી મ. સા.ના માસક્ષમણ તપ નિમિત્તે શ્રી પંચાહિનકા મહોત્સવ, શ્રી મરૂદેવા માતાનો થાળ, રાજા કુમારપાળની આરતી, સરસ્વતી સાધના આદિ અનુષ્ઠાનો તથા નંદાવર્ત સ્પર્ધા, સ્વસ્તિક હરીફાઈ, આરતી સ્પર્ધા, 'મ' ના પેપર પરીક્ષા, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, આદિ વિવિધ હરીફાઈઓ વિગેરે અનેકવિધ આરાધનાઓથી ચેમ્બુરના ઈતિહાસમાં યાદગાર બન્યું જેની સ્મૃતિરૂપે અમે આ પુસ્તકમાં યોગદાન આપી અત્યંત આનંદ અનુભવીએ છીએ.

લી. ટ્રસ્ટી ગણ

# દીક્ષા પ્રસંગે બોલવાનું ગીત

ભવિ જીવને પોષાય, એવી લહેર દીક્ષામાં,
દુર ભવિને ભારે પડી જાય, એવી લહેર દીક્ષામાં.

પંચ મહાવ્રત લેવાય છે ને, સ્વાર્થી સંબંધ તજાય છે,
જેથી આત્મ કલ્યાણ થાય, એવી લહેર દીક્ષામાં. (૧)

થાળી લોટો તજાય છે ને, પાતરા લેવાય છે,
જેથી ગોચરી જવાય, એવી લહેર દીક્ષામાં. (૨)

સારવણી સુથીઓ તજાય છે ને, ઓઘો લેવાય છે,
જેથી જીવની રક્ષા થાય, એવી લહેર દીક્ષામાં. (૩)

ચુલો કુંકણી છોડાય છે ને, અહિંસા ધર્મ પળાય છે,
બ્રહ્મચર્ય વ્રત પળાય, એવી લહેર દીક્ષામાં. (૪)

ઘરેણાં ગાંઠા તજાય છે ને, કેશ લોચ કરાય છે,
રત્નત્રયીનું આરાધન થાય, એવી લહેર દીક્ષામાં. (૫)

સાચા ખોટા લેખ તજાય છે ને, જ્ઞાન ધ્યાન કરાય છે,
જેથી કર્મની નિર્જરા થાય, એવી લહેર દીક્ષામાં. (૬)

ક્ષમા શાંતિ ધરવી ને, ઈર્ષા અદેખાઈ હરવી,
જેથી મુક્તિપુરીમાં જવાય, એવી લહેર દીક્ષામાં. (૭)

ખાંતિશ્રી સત્ય સમજાય દોને, આત્મ ઉજ્જવલ થાય છે,
જેથી વીતરાગતા પમાય, એવી લહેર દીક્ષામાં. (૮)

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીયા પરમવિદુષી પ્રવર્તિની સાધ્વીજી

# શ્રી ખાંતિશ્રીજી મહારાજ



જન્મ : વિ. સં. ૧૯૫૮ નાગલપુર (કચ્છ)
સ્વર્ગવાસ : વિ. સં. ૨૦૩૪ મુલુન્ડ (મુંબઈ)

# ગહુંલી

## (રાગ : દેખી શ્રી પાર્શ્વતણી મૂર્તિ અલબેલડી)

ગુરૂશ્રી અજિતસેન ચંપાએ પધારીયા, શ્રીપાલ આવે હજુર રે,
ગુરૂજી ભવપાર ઉતાર જો.
શ્રીપાલ પૂછે નિજ કથની, શા શા કીધા મેં પાપ રે...ગુરૂ (૧)
અજિતસેન ગુરૂ પૂર્વે તે ભવના, કર્મતણી કરે વાત રે...ગુરૂ (૨)
પૂર્વભવે તમે શ્રીકાન્ત રાજા, મયણા તે શ્રીમતી નાર રે...ગુરૂ (૩)
રાજ્ય મહેંતમે, સાધુને સંતાપીયા, કોઢી કહી કર્યો આપમાન
રે...ગુરૂ (૪)
રાજ્ય તે કર્મ તમને કોઢજ નિકળ્યો, પામ્યા દુઃખ અપાર રે...ગુરૂ(૫)
ડુબનું કલંક દઈ પાણીમાં નાખ્યા, તે કર્મે ડુબ કહાય રે...ગુરૂ (૬)
એક સમે મુનિને જલમાં જબોળ્યા, તેથી થયું સમુદ્રમાં પાત
રે...ગુરૂ (૭)
પૂર્વ ભવે તમે રાજ મારું લીધું, એ કર્મે રાજ મેં લીધા
રે...ગુરૂ (૮)
શ્રીમતી રાણીના કહેવાથી પામ્યા, શ્રી સિદ્ધચક્રનું ધ્યાન રે...ગુરૂ (૯)
દુઃખ ગયા ને શ્રી સંપતિ પામ્યા, એ નવપદનો શું પસાય
રે...ગુરૂ (૧૦)
ગુરૂ મુખથી પૂર્વ ભવ સાંભળી, થરથર કંપે કાય રે...ગુરૂ (૧૧)
સમક્તિવંત તે દેશ વિરતીને ધરતાં, કરતાં તપ કઠોર રે...ગુરૂ (૧૨)
નવપદ ધ્યાને સ્વર્ગ નવમું પામે, કુટુંબ સહિત શ્રીપાલ રે... ગુરૂ (૧૩)
નરભવ નવદેવના કરીને, ખાંતિશ્રી જાશે મોક્ષ મોઝાર
રે...ગુરૂ (૧૪)
ગુરૂજી ભવ પાર ઉતારજો.

# દાતાઓની શુભ નામાવલિ

| રૂા. | નામ |
|---|---|
| ૨૫૦૦ | શ્રી પાર્શ્વચન્દ્ર ગચ્છ જૈન સંઘ – નાગૌર (રાજસ્થાન) |
| ૧૫૦૦ | શ્રી છતીબાઈ જૈન ઉપાશ્રય – બીકાનેર (રાજસ્થાન) |
| ૧૫૦૦ | શ્રી વિનોદરાય અંબાલાલ શાહ–ડોંબીવલી (વેસ્ટ) મુંબઈ |
| ૧૦૦૦ | શ્રી શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન સંઘ–ડોંબીવલી (વેસ્ટ) મુંબઈ |
| ૧૦૦૦ | પારેખ ચંદ્રકાંત હરીચંદ – તાંબેનગર – મુલુન્ડ |
| ૧૦૦૦ | સૌ. કસ્તુરબેન દેવજી રણમલ મારૂ–નાનાભાડીયા (કચ્છ) |
| ૫૦૦ | શ્રીમતી કેશરબેન મગનલાલ વેલજી સાવલા–બિદડા (કચ્છ) |
| ૫૦૦ | સૌ. મંજુલાબેન કલ્યાણજી મોણસી સંઘવી–કપાયા (કચ્છ) |
| ૫૦૦ | શ્રીમતિ દેવકાંબેન ગાંગજી – નાનાભાડીયા (કચ્છ) |
| ૫૦૦ | શાહ લીલચંદભાઈ મણીલાલ – માંડલ (ગુજરાત) |
| ૫૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી (મુલુન્ડ) |
| ૫૦૦ | સૌ. ગુણવંતીબેન મનસુખલાલ વેલજી–મોટીખાખર (કચ્છ) |
| ૫૦૦ | સૌ. જયાબેન ખેતશી – નાનાભાડીયા (કચ્છ) |
| ૫૦૦ | શ્રીમતિ લક્ષ્મીબેન કાંતિલાલ વસનજી વિક્રમ–મોટીખાખર (કચ્છ) |
| ૫૦૦ | શા. મૂળજી હંસરાજ – ભોજાય (કચ્છ) |
| ૫૦૦ | માતુશ્રી લક્ષ્મીબેન છગનલાલ ગંગર–નાનીખાખર (કચ્છ) |
| ૫૦૦ | માતુશ્રી કુંતાબેન કાનજી ગડા–મોટા આસંબીયા (કચ્છ) |

હ. શાંતિ ગડા.

૫૦૦ સૌ. ઉર્મિલાબેન નરશીભાઈ–મોટીખાખર (કચ્છ)

૫૦૦ શ્રીમતિ વેજબાઈ માણેક – નાના રતડીયા–ફોર્ટ (મુંબઈ)

૫૦૦ સૌ. મણીબેન જગશી નાનજી – નાનાભાડીયા (કચ્છ)

૨૫૦ શ્રીમતિ દેવકાંબેન દેવજી રામજી – દેશલપુર (કચ્છ)

૨૫૦ શ્રી પાર્શ્વ–ખાંતિ મહિલા મંડળ–ડોંબીવલી (મુંબઈ)

૨૫૦ સૌ. જવેરબેન શામજી મેઘજી–પુજડી (કચ્છ)

૨૫૦ શ્રીમતિ સાકરબેન ભાણજી–નાનીખાખર (કચ્છ)

૨૫૦ સૌ. સાકરબેન નાનજી – મોટીખાખર (કચ્છ)

# અનુક્રમણિકા


| વિષય | પાના નંબર |
|---|---|
| શ્રી ક્ષાંત્યાનંદ ગુણમંજરી પ્રકરણ ૧ થી ૧૫ | ૧ થી ૧૦૯ |
| શ્રી ક્ષાંત્યાનંદ પુષ્પ વાટિકા પ્રકરણ ૧ થી ૮ | ૧૧૦ થી ૧૩૮ |
| શ્રી ક્ષાંત્યાનંદ ભવ બંધન પ્રકરણ ૧ થી ૧૦ | ૧૩૯ થી ૧૭૫ |
| જ્યોતિષ સામુદ્રિક મંત્ર-તંત્ર વિભાગ | ૧૭૬ થી ૨૬૫ |
| મંત્રો વિધિ તથા તેનું ફળ | ૨૬૫ થી ૨૮૯ |
| શ્રી ગૌતમ કેવળી મહા વિદ્યા | ૨૯૦ થી ૩૦૧ |
| રાશી પરત્વે શુકનાવલિ | ૩૦૧-૩૦૨ |
| ૨૪ પ્રભુની જન્મ રાશી તથા જન્મ નક્ષત્ર | ૩૦૩ |
| ૧૨ રાશીવાલા ગામ અને માણુસોને મળતા આવતા પ્રભુના નામ | ૩૦૪ થી ૩૦૬ |
| સામુદ્રિક વિજ્ઞાન | ૩૦૬ થી ૩૨૩ |
| રાશીનું ફળ | ૩૨૩ થી ૩૨૫ |
| શરીર અને રંગ | ૩૨૫ થી ૩૩૩ |
| નડતા ગ્રહોના નિવારણ માટે જાપ | ૩૩૪ - ૩૩૫ |
| ૧ લો સરસ્વતી વિદ્યા મંત્ર | ૩૩૫ |
| શ્રી નેમિનાથ ભગવાનની અધિષ્ઠાયિક અંબિકા દેવી સ્તોત્ર | ૩૩૫ - ૩૩૬ |
| આત્મ રક્ષક શ્રી પાર્શ્વનાથનો ૩ જો મંત્ર | ૩૩૬ |



મહારાણી સુભદ્રા, કુમાર વીરસેનને લઈ ઘોર અંધારી રાત્રીએ નગરનો ત્યાગ કરે છે.

ॐ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ।

# શ્રી ક્ષાંત્યાનંદ ગુણમંજરી

जिनपतिप्रथिताखिलवाङमयी, गणधराननमण्डपनर्तकी ।
गुरुमुखाम्बुजखेलनहंसिका, विजयते जगति श्रतदेवता ॥१॥

*

[1]क्षान्त्यादिगुणसंपन्ना, [2]तिलकाङ्कित भालिका ।
[3]श्रीमती भारती देवी, भूयान्नः सुखदायिनी ॥ २ ॥

*

अखण्डानन्दसन्दोह-भासाभासितविग्रहः ।
भूयसे श्रेयसे भूयाद, जगच्चन्द्राभिधो गुरुः ॥ ३ ॥

*

नत्वा जिनपतिमाद्यं पुण्डरीकं गणाधिपम् ।
शीलालङ्कारसंयुक्तां, साश्चर्यां हि कथां ब्रुवे ॥ ४ ॥

*

## પ્રકરણ ૧ લું

# મહાસતી ગુણમંજરી ચરિત્ર

જંબુદ્વીપના દક્ષિણ ભરત ક્ષેત્રને વિષે દેવોને ગમ્ય અને અનેક જિનાલયોથી સુશોભિત સુરપુર નામનું નગર છે. જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વર્ગની સાધના કરનારા અને ત્રણે તત્ત્વ ઉપર પૂર્ણ પ્રીતિવાળા અનેક શ્રીમંતો વસે છે. તે નગરમાં શુરવીર, સંતપુરૂષોનો રક્ષક, દુર્જનોને મર્દક, ન્યાયમાં રામ સદૃશ, દાનમાં કરણ તુલ્ય, પરસ્ત્રી પ્રત્યે અંધ, પરનિંદા સાંભળવામાં બધિર, અકૃત્ય કરવામાં પાંગળો, સત્ય વક્તા, એવા અનેક ગુણે યુક્ત **સુરસેન** નામે રાજા રાજ્ય કરે છે, તે રાજાને સતીઓમાં શિરોમણી, ખીલતા કમળ સદૃશ મુખવાળી બાહ્યાંભ્યંતર નિર્મળ ગુણોપેત **સુભદ્રા** નામની મહારાણી હતી. તે બન્ને (રાજા રાણી) ના વિચારો ધર્મ કરણીમાં દત્તચિત્તવાળા હોવાની સાથે અરસપરસ મળતા સ્વભાવવાળા હતા, અને એકંદર જાણે તેઓ સ્વર્ગીય સુખનો અનુભવ લેતા હોય નહિ શું ? તેમ પસાર થતા દિવસોની તેઓને ખબર પણ પડતી નહિ. કહ્યું છે કે

चित्तानुवर्तीनी भार्या, पुत्रा विनयतत्पराः ।<br>वैरिमुक्त च यद राज्यं, सफलं तस्य जीवितम् ।। १ ।।

એવી રીતે લાંબા વખત સુધી નિષ્કંટક રાજ્યને પાળતાં અને સાંસારિક સુખને અનુભવતાં તે રાજાને અરધી ઉમ્મરે સતી **સુભદ્રા** રાણીની કુક્ષિદ્વારા એક મહાન, તેજસ્વી અને પ્રબળ પુણ્યશાળી પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, અનુક્રમે તે ભાવી લક્ષણ સૂચિત કુમારનું નામ **વીરસેન** રાખ્યું.

કુમાર **વીરસેન** પાંચ ધાવમાતાથી લાલન-પાલન કરાતો બીજના ચંદ્રમાની પેઠે માતા-પિતાના અનેક મનોરથો સાથે દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. જ્યારે કુમાર પાંચ વર્ષનો થયો ત્યારે તેના પિતા શુલ રોગની વ્યાધિથી અચાનક કાળને શરણ થયા. આથી રાજ્યમાં તો શું! પણ આખા દેશમાં હાહાકાર વર્તાઇ રહ્યો. રાજાના મૃત્યુના સમાચાર સાંભળી તેના ખંડીયા દુશ્મન રાજાઓ બધા એકત્ર મળી પાંચ વર્ષના **વીરસેન** કુમારનો નાશ કરી સ્વસત્તામાં રાજ્ય લેવાની ઇચ્છાથી ચતુરંગી સેના સાથે તે નગર પ્રત્યે ચડાઈ કરીને આવવાના ખબર **સુબુદ્ધિ** નામના પ્રધાનને ચર પુરૂષો દ્વારા મળ્યા.

ધણી વગરનું રાજ્ય ટકવું અશક્ય છે, એમ ધારીને શાણો પ્રધાન તરત રાણીજી પાસે આવીને કહેવા લાગ્યો કે-"હે માતા! હવે સઘળા કલ્પાંતોને ત્યજી દઈ હિમ્મતને ધારણ કરી પુત્ર રત્નનું રક્ષણ કરવા હમણાંજ આપશ્રી પુત્રને સાથે લઈ અને આ રાજ્યને છેલ્લી સલામ કરી ભાગી છુટો. કારણ કે **વીરસેન** કુમારનો નાશ કરી આ રાજ્ય લઈ લેવાની ઇચ્છાથી દુશ્મનો ચતુરંગી સેના સાથે આ તરફ આવી રહ્યા છે, માટે રાત્રિએ નાસી જવું ઠીક છે. વળી પુત્ર જીવતો રહેશે તો તે ગયેલા પિતાના રાજ્યને ફરીથી પાછું પણ મેળવશે."

પ્રધાનજીના આવા યુક્તિયુક્ત વચનો સાંભળી તે શાણી મહારાણી પુત્રના રક્ષણની ખાતર એકાકીપણે પુત્રને લઈ ઘોર અંધારી રાત્રિએ નગરનો ત્યાગ કરી, માર્ગના અજાણપણાથી એક ભયંકર જંગલમાં આવી ચડી. જે મહાસતી સ્વર્ગીય મહેલમાં રહેતા દિવ્ય વાજિંત્રોના નાદ શ્રવણ કરતી હતી, તે જ મહારાણી મહાસતી આજે પૂર્વકૃત કર્મના ઉદયવશાત ઘોર જંગલની

અંદર ભટકતી, સિંહ, વાઘ, વરૂ ઈત્યાદિ અનેક હિંસક પ્રાણીઓના ત્રાસદાયક શબ્દોને સાંભળે છે. જેણીએ પૃથ્વી ઉપર ચલાવવાની પણ પોતાના ચરણોને કોઈપણ દિવસ તસ્દી આપી નથી તે મહારાણી આજ ખુલ્લા પગે જંગલમાં ઉન્માર્ગે ભટકી રહી છે અને કાંટા કાંકરાથી વિંધાઈ ગયેલા ચરણવાળી તે મહા વ્યથાને અનુભવનારી બની. અહાહા ! કર્મરાજા ! તારી કળા અજબ છે. ભવાંતરમાં ગયેલા આત્માને તું ગાયના વાછરડાની પેઠે શોધી કાઢે છે. કહ્યું છે કે–

यथा धेनुसहस्त्रेषु, वत्सो विन्दति मातरम् ।
तथा पूर्वकृतं कर्मं, कर्तारमनुगच्छति ॥ १ ॥

હવે તે મહાસતીના શિયળના પ્રભાવથી, અને પુત્રના પ્રબળ પુણ્ય તેમજ આયુષ્ય બળથી કોઈપણ હિંસક પ્રાણી તેઓને હરકત કરી શકતું નથી. એમ અનેક કષ્ટોને સહન કરતી, ક્ષણે ક્ષણે રૂદન કરતી, કર્મની વિચિત્રતાને વિચારતી, ધર્મનું જ રક્ષણ છે જેણીને એવી તે પટરાણી કોઈનો પણ દોષ ન દેખતાં, કેવળ સ્વકૃત કર્મનો જ દોષ છે એમ વિચારી પુત્રને કમ્મરમાં લઈ રસ્તામાં ઠોકરો ખાતી રખડતી–આખડતી ઘણે દૂર નીકળી ગઈ. હવે અરૂણોદય સમયે થાકી ગયેલી તે મહારાણી એક વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા બેઠી. તે વખતે **વીરસેન** કુમાર કહેવા લાગ્યો કે– 'હે માતા! મને ભૂખ લાગી છે, માટે સાકરવાળું દૂધ તો આપો' ત્યારે માતાએ કહ્યું–'હે પુત્ર અત્યારે દૂધ દૂર રહ્યું, પણ જો ખારૂં પાણી મળે તો પણ અમૃત સરખું માનીએ.' આ પ્રમાણે અનેક રીતિએ પુત્રને સમજાવતી હાથ ફેરવતી પોતાના ખોળામાં સુવાડયો, થોડી વારે **વીરસેન** કુમારને ઉંઘ આવી.

## પ્રકરણ ૨ જું

### વીરસેન કુમારને આવેલું સ્વપ્ન

હવે નિદ્રાધીન થયેલા **વીરસેન** કુમારને ભાવી સૂચક એક સ્વપ્ન આવ્યું કે 'હે કુમાર! તું અહીંથી પૂર્વ દિશા તરફ ચાલજે. એક ગાઉ પંથ કાપ્યા પછી એક કૂવો આવશે, તે કૂવામાં પગથીયા દ્વારા નીચે ઉતરજે, તેમાં પાણીની લગોલગ લોઢાની જાળી છે, તેને તારા હાથે પકડી ખેંચજે એટલે તે જાળી તુટી જશે તેની નીચે પૂર્વ દિશામાં એક શીલા છે, તેને પાટુ વડે પ્રહાર કરજે. જેથી તે શીલા ભાંગી જતાં ત્યાંથી આગળ જવાનો માર્ગ ખુલ્લો થશે. તે માર્ગદ્વારા આગળ ચાલતાં **શ્રીપુર** નામનું નગર આવશે, ત્યાં રહેજે, અને તે નગરમાં એક સોની રહે છે, તેને **ગુણમંજરી** નામની કન્યા છે તેની સાથે તું લગ્ન કરજે."

આ દૈવિક સ્વપ્ન આવ્યા પછી તરત જાગ્રત થઈ કુમાર માતાના ખોળામાંથી ઉઠીને પૂર્વકૃત પુણ્ય તેને જાણે ખેંચી જતું હોય નહિ શું? તેમ સ્વપ્નામાં સૂચિત દિશાએ દમભેર દોડયો. મોહઘેલી માતા પુત્રને પકડવા માટે અનેક કાલાવાલા કરતી પાછળ દોડી, અને કહેવા લાગી કે–'હે પુત્ર! તું ઉન્માર્ગે ન જા, સૂર્યના પ્રકાશથી દક્ષિણ દિશામાં દેખાતા આ માર્ગે આપણે જઈએ, અને કોઇપણ ગામ હાથ લાગતાં ત્યાં રહીશું.' પણ સાંભળવું કોને છે? માતાના વચનમાં નહિ લલચાતાં **વીરસેન** કુમાર મુઠીવાળી દોડતો જ રહ્યો. માતા કાંટા–કાંકરાથી વિંધાઈ ચાલણી સરખા થયેલા પગની વ્યાધિથી પાંચ વર્ષના બાળકને પહોંચી નહિ. કુમાર તો છેક કુવા પાસે જઈ કુવાની અંદર પગથીયા દ્વારા ધીરે ધીરે ઉતરવા લાગ્યો. પુત્રને નહિ જોવાથી માતાએ જાણ્યું કે તરસ લાગવાથી મારો પુત્ર પાણી દેખી જરૂર

કુવામાં પડયો. એમ માની લઈ અથાગ દુઃખને ધારણ કરતી મૂર્છિત થઈ પૃથ્વી પડી ગઈ, એક છીંક આવતાં હજારો ખમા–ખમાના શબ્દો જેણીના કાને અથડાતા હતા, એ જ સતીને આજ એટલું એ કોઇ પૂછનાર નથી કે તને કયું દુઃખ પીડી રહ્યું છે? ચંદન જેવા શીતલ પાણીના સ્થાને આજ જંગલનો પવન તેણીને જાગ્રત કરવામાં મદદગાર થયો. સાવચેત થતાં પુત્રની તપાસ કરવા માટે કુવાની અંદર દૃષ્ટિપાત કરે છે, ત્યાં તો કુમાર પગથીયાં દ્વારા આસ્તે આસ્તે નીચે ઉતરી રહ્યો છે. છેક પાણીની નજીક એક લોઢાની જાળી ફરતી પાણી ઉપર બાંધેલી દેખાઇ, જેથી આશ્વાસન પામેલી માતા પુત્રને પકડવા માટે પગથીયા દ્વારા કુવામાં ઉતરવા લાગી, ત્યાં તો તડડડ તડાક કરતો અવાજ સંભળાયો, માતા જુએ છે તો પુત્રે હાથના જોરથી જાળીને તોડી નાખી, અને પગના પ્રહારથી ધમધમ ધડાક શબ્દ કરતી શીલાને તોડી પાડી. માતા પણ ત્યાં આવી પહોંચી. ત્યાંથી પ્રગટ થયેલા માર્ગ પ્રત્યે ચાલતા કુમારને તેણીએ જોયો. આ દૃશ્ય જોઇ આશ્ચર્ય મુગ્ધ બનેલી માતાએ વિચાર્યું કે ‘હજુ અમારા પુણ્ય જાગ્રત દેખાય છે. જરૂર કોઈ પણ દેવ આ પુત્રની સહાયતામાં હોવો જોઈએ, નહિતર આ માર્ગ કયાંથી સૂઝે? અહા! જૈન ધર્મનો મહિમા અથાગ છે જૈન ધર્મના ઉપાસકોને દુઃખ વધારે વખત ટકી શકતું નથી.’

હવે આ પુત્ર જ્યાં જાય ત્યાં મારે જવું, પણ અટકાવવો નહિ, એમ નિશ્ચય કરી દીકરો આગળ અને માતા પાછળ ચાલતાં ચાલતાં અનેક બાગ – બગીચાઓથી યુક્ત અને આકાશની સાથે સ્પર્ધા કરતું હવેલીઓથી શોભતું **શ્રીપુર**

નામનું નગર આવ્યું. તે નગરના દરવાજા આગળ પહોંચતાં કુમાર થોભ્યો, કારણ કે આ નગરમાં કોના ઘેર જઈને રહેવું? અને ક્યાં રહેવું? એવું કાંઈ સ્વપ્નામાં આવ્યું ન હતું. માતા પણ પુત્ર પાસે આવી પહોંચી. ક્યાં જવું? શું કરવું? એ વિચારમાં મગ્ન થયેલા પુત્રને આંગળીએ વળગાડી તે સતી **સુભદ્રા** એક વૃક્ષના શીતળ છાયા નીચે ઉભી રહી.

હવે તે નગરમાં શ્રાવકના બાર વ્રતને પાળનારો, ધનાઢ્ય, પરોપકારી, અર્હંત ધર્મનો ઉપાસક, અને જૈન ધર્મના તત્વને જાણનારો **શ્રીદત્ત** નામે નગર શ્રેષ્ઠી વસે છે. તે શ્રેષ્ઠી કોઈ કામ પ્રસંગે કહો કે આ સતીના ભાગ્યના યોગે કહો ત્યાં આવી ચડ્યો. તેટલામાં પુત્ર સહિત તે સતીને ઉભેલી જોઇ દયાળુ શ્રેષ્ઠી વિચાર કરવા લાગ્યો કે–આ વ્યક્તિ કોઈ કુલવાન દેખાય છે અને સુખી ઘરના હોવા જોઇએ. પરંતુ કોઇ પ્રસંગવશાત્ અહીં આવેલા દેખાય છે કારણ કે आकृतिगुणान् कथयति ભાગ્યશાળી આત્માઓ જ્યાં જાય ત્યાં તેમનું ભાગ્ય છાનું રહેતું નથી. વળી શ્રેષ્ઠીએ વિચાર્યું કે, મારે તેનું દુઃખ સાંભળવું જોઇએ, અને બનતી મદદ કરવી જોઇએ. આમ નિશ્ચય કરી પરોપકારીની બુદ્ધિએ તે શ્રેષ્ઠીએ પૂછયું કે 'હે બ્હેન! આપ કયા દેશને વિયોગિત કરી આ મારા રહેઠાણવાળા શહેરને પાવન કરવા પધાર્યા છો? આપની આકૃતિ જોતાં મને લાગે છે આપ કોઈ મહાન કુટુંબના છો, પણ કર્મવશાત્ આ સ્થિતિ આવી લાગે છે જો હરકત ન હોય તો કહો, આપની હકીકત જાણુવા ઇચ્છું છું.' શ્રેષ્ઠીના આવાં મધુરાં વચનો સાંભળી 'સૌમ્ય આકૃતિવાળા આ વૃદ્ધ શેઠની પાસે વાત કરવામાં હરકત નથી, એમ વિચારી વિશ્વાસ પામેલી

તે સુભદ્રા મહાસતીએ અથથી ઈતિ સુધી પોતાનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી દયાર્દ્ર હૃદયવાળા શેઠે કહ્યું કે 'હે બ્હેન! હું સર્વજ્ઞ પ્રભુનો ઉપાસક છું, શ્રાવકના બાર વ્રત મેં અંગીકાર કર્યા છે. સાધર્મિકોનું સન્માન કરવામાં મહાન ફળની પ્રાપ્તિ થાય છે એમ મેં સદ્ગુરૂના મુખેથી સાંભળ્યું છે, તો અકાલે વૃષ્ટિની જેમ આજ આપના દર્શનનો લાભ મળ્યો છે, તેમજ સેવા કરવાનો વખત આવ્યો છે, તો હે સુજ્ઞ શિરોમણી બ્હેન! નિઃશંકપણે આપ મ્હારા ઘેર પધારી મ્હારા આંગણાને પવિત્ર કરો, અને સુખેથી મારા ઘેર રહી આપના પુત્રનું પાલન કરો. તમે મારી ધર્મની બ્હેન છો, તો મારા પર બીજી કોઈ પણ જાતની કુશંકા લાવશો નહિ.'

અહો! પરોપકારી મહાન પુરૂષો બિન સ્વાર્થે પારકાના દુઃખ દૂર કરવા કેવા તત્પર હોય છે? ખરેખર સજ્જનના હાથમાં આવેલ વિદ્યા, ધન અને શક્તિ એ ત્રણેનો શુભ ઉપયોગ આવા જ કૃત્યોથી થાય છે. એજ ત્રણે વસ્તુઓ જો દુર્જનના હાથમાં ગઇ હોય તો દુર્યોધનની પેઠે કેવળ અનર્થને જ પેદા કરે છે. કહ્યું છે કે–

विद्या विवादाय धनं मदाय, शक्तिः परेषां परिपीडनाय
खलस्य साधोर्विपरीत मेतद्, ज्ञानाय दानाय च रक्षणाय ॥१॥

**ભાવાર્થ**–'શઠને પ્રાપ્ત થયેલી વિદ્યા વિવાદને માટે થાય છે, દ્રવ્ય મદને માટે થાય છે, શક્તિ બીજાઓને પીડવાને થાય છે, એ જ ત્રણે વસ્તુ સજ્જન પુરુષને વિપરીત રીતે પરિણમે છે. એટલે કે વિદ્યા જ્ઞાનને માટે, પૈસો દાનને માટે અને શક્તિ અનાથોના રક્ષણ માટે થાય છે.'

હવે તે મહારાણી શ્રેષ્ઠીના આવા આગ્રહ ભર્યાં વચનો સાંભળી વિચારવા લાગી કે 'આ મહાન પુરુષને ઘેર રહેતાં ધર્મની આરાધના, બ્રહ્મચર્યનું રક્ષણ અને પુત્રનું પાલન સુખેથી થશે.' એમ નિશ્ચય કરી તે મહાસતી સુભદ્રા, શ્રેષ્ઠીના ઘેર જવા તૈયાર થઇ, **શ્રીદત્ત** શેઠ પુત્ર સહિત તે સતીને ઘણા માનપૂર્વક પોતાના ઘેર લઈ ગયો. વાચકવૃંદ તે શેઠની પત્ની કેવી છે? તે જાણવા આતુર રહેતી હશે, સાથે સાથે જણાવી દઉં છું કે સુજ્ઞ શિરોમણિ તે શ્રેષ્ઠીને રૂપ વડે દેવાંગના સરખી, શીયળરૂપી આભુષણથી શોભતી, ધર્મકરણીમાં પતિને સહાય કરનારી, ધર્મનાં રહસ્યોને જાણનારી અને ચંદ્ર સરખા મુખવાળી **કમળા** નામની સ્ત્રી છે કહ્યું છે કે–

> मानुष्यं वरवंशजन्म विभवो दीर्घायुरारोग्यता,
> सन्मित्र सुसुतः सती प्रियतमा भक्तिश्च परमेश्वरे
> विद्वत्त्वं च सुजनत्वमिन्द्रिधजयः सत्पात्रदाने रति–
> स्ते पुण्येन बिना त्रयोदश गुणाः संसारिणां दुर्लभाः ॥१॥

**ભાવાર્થ**–"મનુષ્યપણું, ઉત્તમ વંશમાં જન્મ, વૈભવ, લાંબુ આયુષ્ય, રોગ રહિતપણું, શ્રેષ્ઠ મિત્ર, સુપુત્ર, સતી સ્ત્રી અને વીતરાગ દેવમાં ભક્તિ, વિદ્વાનપણું, સૌજન્ય, પાંચ ઈંદ્રિયોનું જીતવું, સુપાત્રે દાન દેવામાં પ્રીતિ, એ તેર ગુણો પુણ્ય વિના સંસારીઓને મળવા દુર્લભ છે."

ભાગ્યશાળી આત્માઓને સર્વ અનુકૂળ જ સાંપડે છે. પુણ્યશાળી તે શ્રેષ્ઠીને આવા જ પ્રકારનાં સુખો સાંપડેલા હતાં. હવે તે **કમળા** શેઠાણી પતિદેવની રાહ જોતી બારણાં સામે નજર કરી ઊભી છે,

તેટલામાં મહેમાન સહિત પોતાના પતિને આવતા જોઈ હાથ જોડી વિનય સાચવી તે મહારાણીને આદર સત્કાર આપી ઘરમાં લઈ જઈ આસન નાખી બેસાડયા. કુશલ વાર્તા પૂછયા બાદ પોતાના પતિના મુખથી તે મહારાણીની સર્વ બીના શેઠાણીએ જાણી. પરોપકાર કરવાનો સમય મળ્યો સમજી અત્યંત ખુશી થઈ.

હવે શેઠે તે બંનેનું ઉત્તમ રીતે રક્ષણ કરવા અને તેઓના મનને કોઇ રીતે ઓછું ન લાગે તેમ વર્તવા શેઠાણીને ભલામણ કરી. શેઠાણી પણ સમજુ, સદ્‌ગુણી અને ધર્મનિષ્ઠ હોવાથી ઘણી જ પ્રીતિ વડે તેઓની પોતાની બનતી સેવા કરવા લાગી. કહ્યું છે કે–

सानन्दं सदनं सुतास्तु सुधियः कान्ता न दुर्भाषिणी,
स्वेच्छापूर्णधनं स्वयोषिति रतिः स्वाज्ञापरा सेवकाः ।
आतिथ्यं प्रणुपुजनं प्रतिदिनं मिष्ठान्नपानं गृहे,
साधुसङ्गविलोकनेन सततं धन्यो गृहस्थाश्रमः ॥१॥

**ભાવાર્થ**–'આનંદવાળુ, ઘેર બુદ્ધિશાળી પુત્રો, મૃદુ–ભાષિણી સ્ત્રી, ઇચ્છાપૂર્ણ ધન, પોતાની પ્રિયામાં જ પ્રીતિ, આજ્ઞાધીન સેવકો, અતિથિને સેવા, પ્રભુપૂજન, હંમેશાં ઘેર ઉત્તમ ભોજન, અને દરરોજ સાધુ દર્શન (સત્સંગ) વડે જેના દિવસો પસાર થાય છે, તે જ ગૃહસ્થાશ્રમને ધન્ય છે.

આવાજ પ્રકારના જીવનવાળા તે શેઠ–શેઠાણી બન્ને તરફથી ઘરની અંદર મરજી મુજબ દાન પુણ્ય કરવાની છુટ આપી, અને ભંડારની ચાવી પણ મહારાણીને સુપ્રત કરી. હવે પ્રફુલ્લિત મનવાળી તે મહાસતી સુભદ્રા જાણે પોતાનો જ રાજમહેલ હોય નહિ ! તેમ પુત્ર સહિત આનંદથી ત્યાં રહેવા લાગી.

હવે પાછળ રાજ્યનું શું થયું ? તે જરા જોઈએ. મહારાણી **સુભદ્રા**ના નીકળ્યા પછી સવારમાં દુશ્મન રાજા સહિત સૈન્ય **સુરપુર** નગરમાં આવી ચડયું. પુત્ર અને રાણીની તપાસ કરતાં દેખાયાં નહિ. ચારે દિશાએ પોતાના માણસોને તપાસ કરવા માટે મોકલ્યા પણ તેમનો પત્તો ન જ મળ્યો. શાથી ન મળ્યો ? તે વાંચક પોતે જ વિચાર કરશે. દુશ્મન રાજાએ તે બન્ને મરી ગયાં હશે એમ માની સુરપુરનું રાજ્ય પોતાના હાથમાં લઇ, અને પોતાની આજ્ઞા સર્વ ઠેકાણે ફેલાવી સુખેથી તે રાજ્ય કરવા લાગ્યો.

**શ્રીદત્ત** શેઠના ઘેર રહેતો **વીરસેન** કુમાર શેઠની મદદથી વિદ્યાભ્યાસ કરવા લાગ્યો, પંદર વર્ષની ઉમ્મર થતાં બહોંતેર કળામાં પારંગત થયો. ત્યાર પછી **વીરસેન** કુમાર તે સ્વપ્નને યાદ લાવી પોતાની માતા પાસે આવી કહેવા લાગ્યો કે 'હે માતા ! અહીંયાં એક સોનીની કન્યા **ગુણમંજરી** છે, તેને મારે પરણવું છે.' માતાએ જાણ્યું કે 'વિદ્યાભ્યાસ કરતાં એણે કન્યાને જોઈ હશે, તે ઉપરથી કહે છે.' તેથી તેની માતાએ કહ્યું કે 'ભલે, પરણાવીશું.' એમ કરતાં બે વર્ષ નીકળી ગયા, પણ માતાએ તે વાત ધ્યાનમાં લીધી નહિ.

# પ્રકરણ ૩ જું

## વીરસેનકુમારના ગુણાવલી સાથે લગ્ન

એક દિવસ રાજકુમારે હઠ લીધી કે 'મને એ જ કન્યા પરણાવો.' ત્યારે માતાએ પૂછયું કે, તે કન્યા કોણ છે? શું તું ઓળખે છે? અને તે કયાં રહે છે? ત્યારે કુમાર બોલ્યો. 'એ કન્યાને હું ઓળખતો નથી, જોઇ પણ નથી, કયાં રહે છે તે પણ ખબર નથી. પણ મારે તેને પરણવું છે. જો નહીં પરણાવો તો હું આ ઘરમાં રહીશ નહીં.' આ સાંભળી સુભદ્રા રાણી વિચારમાં પડી કે 'ઓળખ્યા સિવાય તે કન્યાની શોધ કેવી રીતે કરવી? અને અન્ય દેશના હોઈ કદાચ તે કન્યા આપે કે નહિ. હવે મારે શું કરવું? આજ બે વર્ષ થયાં પુત્ર તો એની એજ જીદ્ લઇ બેઠો છે અહા! હું કેવી અભાગણી કે મારા એક પુત્રની ઇચ્છા પૂર્ણ કરવા પણ સમર્થ નથી. અરે! એના પિતા જીવતા હોત તો શું પુત્રની ઇચ્છાને પૂર્ણ ન કરત? તરત જ. હે પતિરાજ! આ સમયે તમે કયાં ગયા? આ આપના પુત્રની પણ દયા આપને ન આવી? કદાચ ઘણા સહવાસને લીધે મેં આપનો અપરાધ કર્યો હશે. પણ કોરા કાગળ જેવા સ્વચ્છ હ્રદયવાળા આ બાળકે આપનો શો અપરાધ કર્યો? કે જેનો ત્યાગ કરતાં આપને જરાએ દયા ન આવી અરે! રાજ્ય ગયું, કુટુંબ કબીલા દૂર રહ્યા, પતિ દેવ પરલોકે પહોંચ્યા અને પરદેશમાં પર ઘેર રહી દિવસો પસાર કરવાનો સમય આવ્યો. હવે હતભાગિની હું શું કરૂં? કઈ રીતિએ મારા પુત્રના મનોરથ પૂરા કરી શકું? અને શ્રેષ્ઠીને આ વાત કેમ જણાવવી?' આમ અનેક રીતે કલ્પાંતો કરતી અને ઘણા વખતથી રાજ્ય વૈભવના સુખોને ભૂલી ગયેલી તે મહારાણી

સર્વનું સ્મરણ થતાં આંખમાં આંસુ લાવી લમણે હાથ દઈ વિચાર વમળમાં નીચી દૃષ્ટિએ જમીનનું નિરીક્ષણ કરવા લાગી.

એટલામાં બહારથી શેઠ ઘેર આવ્યા, ત્યાં તો પોતાની ધર્મબ્હેનને ચિંતામગ્ન અને આંસુ સારતી જોઈ, દિલગીર થઇ ઘણીજ નમ્રતાથી શેઠ પૂછવા લાગ્યા કે 'હે સુજ્ઞ બ્હેન! આજ આપ કેમ આટલા ગમગીન દેખાઓ છો ? શું મારો કાંઈ અવિનય થયો છે? યા તો મારી પત્ની તરફથી આપનું મન દૂભાયું છે ? મારા ઘેર રહેતાં આપની ઇચ્છા અપૂર્ણ રહી ગઈ છે? અગર તો **વીરસેન** કુમારને કોઈ વસ્તુ જોઇએ છે ? જો હોય તે સત્ય જણાવી અધીરા થતા મારા મનને શાંત કરો. હું આપના ઉદાસીન મુખને જોઈ શકતો નથી. ખરેખર હું મને અધન્ય માનું છું કે, આપ જેવી સતીનું મન મારા આંગણે દૂભાય, એ ખેદજનક વાત છે. જો દરેક રીતિએ આપના મનને હું શાંત ન રાખી શકું તો ખરેખર હું અભાગીઓ ગણાઉં. એ પ્રમાણે શેઠને દિલગીર થતો જોઈ તે સતી સુભદ્રાએ પોતાના પુત્રની સર્વ બીના જણાવી. આ વાત સાંભળી શેઠ કહેવા લાગ્યો કે–' હે આત્મભગીની ! તમે કોઈ જાતની ચિંતા ન કરશો. આ પુત્રની ઇચ્છા હું પૂરી પાડીશ.' આમ કહી શેઠ તેજ વખતે કન્યાની શોધ માટે જ્યાં સોનીઓ રહે છે ત્યાં જવા નીકળ્યો. મોટા નગરમાં સોનીઓ પણ ઘણા હોય, અને **ગુણમંજરીઓ** પણ ઘણી હોય, કઈ **ગુણમંજરી** શોધવી ? એમ વિચાર કરતો તે દરેક સોનીને ઘેર જઈ કન્યાની તપાસ કરવા લાગ્યો, પણ એકે કન્યા શ્રેષ્ઠીની નજરમાં ન આવી. છેવટે એક **ગુણસેન** નામના સોનીની દુકાને શ્રેષ્ઠી આવી ચડયો, તે સોનીની પાસે

અપ્સરાના રૂપને પણ જીતનારી અને પદ્મિનીના લક્ષણને ધારણ કરનારી, યૌવનરૂપી સરોવરમાં બેઠેલી કન્યાને જોઈ, જોતાં જ શ્રેષ્ઠિને દિલમાં વસી ગયું કે 'આ કન્યા રાજકુમારને યોગ્ય છે' આમ અનેક પ્રકારના વિચાર કરતો શેઠ સોનીને કહેવા લાગ્યો કે–'આ કન્યા કોની છે? તેણીનું નામ શું છે? અને વિવાહિત છે કે અવિવાહિત?' સોનીએ જવાબ આપતાં જણાવ્યું કે–' હે શ્રેષ્ઠીન્ ? આ કન્યા મારી છે, તેણીનું નામ **ગુણમંજરી** છે, અને ચોસઠ કળામાં તે પારંગત થયેલી છે! તેણીનાં લગ્ન હજી થયાં નથી.'

શેઠે તે કન્યાનાં લક્ષણ જોઇ વિચાર્યું કે–'ખરેખર! રાજપુત્રને જે કન્યા પરણવાની ઇચ્છા થઈ છે તે જ કન્યા આ હોવી જોઈએ. ભાગ્યશાળીઓને સર્વ ઉત્તમ અને સારાની ઇચ્છા થાય છે. જો સોની આ કન્યા આપે તો કુમારનું જીવન સ્વર્ગીય બને' એવું વિચારી **વીરસેન** કુમાર માટે શ્રેષ્ઠીએ સોની પાસે કન્યાની માગણી કરી ત્યારે સોની વિચારવા લાગ્યો કે "આ મારી પુત્રી રાજાને આપી પુષ્કળ ધન લઈ મારું જીવન સુખી બનાવવા ચોસઠ કળામાં પારંગત કરેલી છે; તે કન્યા **વીરસેનને** કેમ અપાય? કારણ કે વાણિયો પુરેપુરૂં ધન મારી ઇચ્છા પ્રમાણે આપી શકશે નહિ. હવે શું કરવું? આ નગરશેઠ રાજાનો માનીતો છે, તો ના કેમ પડાય? જો ના પાડીશ તો મારા પર નારાજ થઈ વાણિયા બુદ્ધિ કેળવી મને હેરાન કરશે." આમ વિચારી **વાત રહે અને ઘર પણ બચે** તેવો ઉપાય શોધી કાઢી શેઠને જવાબ આપ્યો કે–"જે એક ટોપલો ભરી સોનામહોરો

આપે તેને મારે આ કન્યા આપવી છે. જો આપની મરજી હોય તો એક ટોપલો ભરી સોનામહોરો આપો અને કન્યા લ્યો નહિંતર તમારી મરજી.' આ અઘટિત વાત સાંભળી શેઠ ત્યાંથી ઉઠી ઘેર પાછા ફર્યા રસ્તામાં ચાલતાં પોતાની બધી મિલ્કતની ગણત્રી કરતાં તેટલું દ્રવ્ય થયુ નહિં, કેમકે એક સોનામહોરના રૂપીયા પંદર થાય, તે સોનામહોરોનો ટોપલો ભરી આપવો તે ક્યાંથી પુરું થાય? 'હવે શું કરવું?' એ વિચારમાં મગ્ન થયેલા શેઠ ઘેર આવી લમણા ઉપર હાથ દઇ બેઠા, ત્યારે મહારાણી **સુભદ્રા** શેઠની પાસે આવી કહેવા લાગ્યાં કે—'હે બંધુ ! કેમ કન્યાનો પત્તો મળ્યો કે નહિ? ત્યારે શેઠે જે બીના હતી તે કહી સાંભળાવી. અને કહ્યું કે–'બહેન! મારી બધી મિલ્કત એકઠી કરતાં તેટલી સોનામહોરો થતી નથી. તેથી જ મુંઝાયો છું. આ વાત સાંભળતા મહારાણીએ તરત જ પોતાના અંબોડામાં ગોઠવી રાખેલ એક અમૂલ્ય રત્ન કાઢી શેઠના હાથમાં આપ્યું. અને જણાવ્યું કે 'હે સુજ્ઞ બંધુ! આ રત્નને વેચી સોનીને જેટલું દ્રવ્ય જોઇએ તેટલું આપી સગપણ કરો. વાંચક રસિકો! તમો વિચારમાં પડયા હશો કે, તે મહાસતી રત્ન ક્યાંથી લાવી? પણ સાથે સાથે જણાવી દઉં છું કે, જયારે મહારાણી રાજ્ય છોડી નીકળ્યાં, તે પહેલાં ભંડારમાંથી ચાર અમૂલ્ય રત્નો લઇ અંબોડામાં ગોઠવી લીધાં હતાં, તે અત્યારે જરૂર પડતાં તુરત કામમાં આવ્યાં. **બુદ્ધિ કોઇના બાપની નથી** એ રત્ન એવી રીતે ગોઠવ્યાં. હતાં કે આજ દિવસ સુધી કોઇને પણ ખબર ન પડી કહો કળાનું કુશલપણું કેટલું ગણી શકાય.

રત્ન મળતાં નિશ્ચિંત થએલો શ્રેષ્ઠી તરત જ બજારમાં

ઝવેરીઓની દુકાને કિંમત કરાવવા ગયો. દરેક ઝવેરી પાસે કિંમત કરાવતા એજ ઉત્તર મળ્યો કે 'આ અમૂલ્ય રત્ન છે, એની કિંમત અમે આંકી શકતા નથી જો તમારી મરજી હોય તો આ દુકાનમાં રહેલું સર્વ ઝવેરાત લઇ જાઓ, અને રત્ન આપો.' બુદ્ધિશાળી વાણિયો એવી રીતે રત્ન આપી દે એમ ન હતું. તરત જ રાજ–દરબારમાં ગયો, અને રાજાને નમસ્કાર કરી રત્નની કિંમત કરાવી આપવા તે રત્ન રાજાના હાથમાં આપ્યું. રત્ન જોઈ રાજા વિચારમાં પડયાં કે 'આવું રત્ન તો મારા રાજ ભંડારમાં પણ નથી અરે ! આ શ્રેષ્ઠીના ઘેર આવું રત્ન કયાંથી ? ખરેખર હું ધન્ય છું કે મારા નગરમાં આવા ધનિક શ્રેષ્ઠીઓ વસે છે.' ત્યાર પછી જે જે રત્ન પરીક્ષકો હતા તેમને બોલાવી રત્નની કિંમત કરાવવા માંડી, પણ જેનું મૂલ્ય ન હોય તેની કિંમત કેમ થઈ શકે ? હવે બુદ્ધિના ભંડાર **રૂપસાગર** નામના મંત્રીને રાજાએ કહ્યું કે–'હે મંત્રીશ્વર ! આ રત્નની કિંમત કરો.' ત્યારે **રૂપસાગર** મંત્રી બુદ્ધિને આગળ ચલાવી રાજાને કહેવા લાગ્યો 'હે મહારાજા ! આ રત્નને રાજસભાની વચ્ચે મૂકો અને ભંડારમાંથી સોનામહોરો લાવી આ રત્ન ઉપર નાંખવી. જ્યારે સોનામહોરોથી આ રત્નનું તેજ ઢંકાય ત્યારે તેની તેટલી કિંમત જાણવી.' એ મત રાજાને પસંદ પડયો, અને સર્વ સમ્મત થતાં તેમ કરવું કબુલ કર્યું રત્નને સભાની વચમાં રાખી સોનામહોરો નાંખવી શરૂ કરી. સર્વ સોનામહોરો રત્ન ઉપર નાખી, રાજાનો ભંડાર ખાલી થઇ ગયો, પણ રત્નનું તેજ જરા પણ ઢંકાયું નહિ. આખરે થાકીને રાજાએ કહ્યું કે 'હે શેઠજી ! હવે મારી પાસે સોનામહોરો નથી. જો તારી ઇચ્છા હોય તો



ગુણમંજરી સાથે વીરસેનકુમાર નું મહોત્સવપૂર્વક થયેલું લગ્ન.

આ સોનામહોરો લઇ જા, અને રત્ન આપી જા.' પ્રીય પાઠકો! તમને શંકા ઉદ્‌ભવી હશે કે આટલી બધી સોનામહોરો રાજા પાસે ક્યાંથી? તેનો ખુલાસો એ છે કે-**વીજયસિંહ** રાજાને એક જાતનો શોખ હતો કે જે દ્રવ્ય આવે તેના બદલે સોનામહોરોનો સંગ્રહ કરી ભંડાર ભરાવતો હતો. છેવટે અન્ય ઉપાય ન હોવાથી **શ્રીદત્ત** શ્રેષ્ઠીએ તે રત્ન રાજાને આપી સોનામહોરો પોતાને ઘેર પહોંચતી કરી, અને તે સોનામહોરોમાંથી બે ટોપલા ભરી શેઠજી સીધા સોનીને ઘેર પહોંચ્યા. સોના-મહોરોના ટોપલા સોની આગળ મૂકી શેઠ કહેવા લાગ્યા કે-'હે સોની! આ સોનામહોરો લે અને તારી કન્યા આપ' આ જોઇ સોની તો હર્ષઘેલો બની ગયો પોતાની માંગણીથી પણ ડબલ દ્રવ્ય મળ્યું, એટલે કોને આનંદ ન થાય?

હવે **ગુણમંજરી**ની સાથે વીરસેન કુમારનું વેવિશાળ નક્કી થયું. ત્યાર બાદ તે બન્નેના લગ્નનું મુહુર્ત કાઢયું. કહે છે કે, પુણ્યશાળી આત્માઓને મુહુર્ત પણ નજીક જ આવે, તે જ હિસાબે એક મહિનાની અંદર લગ્નનું મુહુર્ત નીકળ્યું. શક્તિ અનુસારે બન્ને પક્ષવાળાએ ઉત્સવ મહોત્સવ કરી બન્નેનાં લગ્ન કર્યાં. **શ્રીદત્ત** શ્રેષ્ઠી કુમારને પરણાવી, વધૂ સહિત **વીરસેનને** પોતાના ઘેર તેડી લાવ્યો, અને આનંદ વર્તાયો.

**સુભદ્રા** સાસુ સુલક્ષણી વહૂને નિહાળી અત્યંત આનંદ પામી. હર્ષોત્કર્ષથી વિચારવા લાગી કે, 'રૂપ વડે દેવાંગનાને પણ જીતનારી, લાવણ્યરુપી અમૃતની વાવ સમાન, ઉત્તમ સ્ત્રીઓના સર્વ લક્ષણને ધારણ કરનારી પુત્ર વધૂ કુળને ઉજ્વળ

કરશે. ખચિત મારો પુત્ર ભાગ્યશાળી છે. નહિતર આવી વહુ ક્યાંથી સાંપડે ? કહે છે કે **પુત્રના પગ પારણામાં ને વહુના પગ બારણામાં.** ત્યાંથી જ સારા ખોટાની ખબર પડે છે.'

કેટલોક સમય વીત્યા બાદ મહારાણીએ **ગુણમંજરીને** વિનયી, વિવેકી અને સતી શિરોમણિ જાણી પોતાની પાસે એકાંતમાં બોલાવી પોતાના ગયેલા રાજ્યથી માંડી આપણે કોણ છીએ ? કઇ નગરીના છીએ ? અને કેવી રીતે આ શ્રેષ્ઠીના ઘેર આવ્યા ? અત્યાર સુધી શું શું થયું ? વિગેરે હકીકત વિસ્તારથી કહી સંભળાવી. છેવટે શિખામણ આપતી કહેવા લાગી—

સાસુ શુભ શીખ દેત હય, સુણ વહુઅર આ વાર;
મુજ પુત્રના સુખ દુઃખ વિષે, તુજ એક આધાર. ૧
તું કુલદીપિકા કુલમણિ, સાક્ષાત્ લક્ષ્મી અવતાર;
જાણું આ સમે જગતમાં, તુજ સદૃશ નહિ કો નાર. ૨
ઉત્તમ નારીથી ઉજ્વલ રહે, ધર્મ અને વ્યવહાર;
દુઃખ વમી સુખ પામશે, ખાંતિશ્રી કહેનાર. ૩

એ પ્રકારે અનેક સુવાક્યોથી શિખામણ આપતી કહેવા લાગી કે 'હે પુત્રી ! આ મારા પુત્રનું જીવન સુખી યા દુઃખી બનાવવું એ તારા હાથમાં છે, હું તો હવે થોડા દિવસની મહેમાન છું, મારો પુત્ર વ્યવહાર માર્ગમાં અકુશળ છે. જગતમાં મનુષ્યો કેવા વસે છે, અને ક્યા પ્રકારના છે ? તે બીલકુલ જાણતો નથી.'

## પ્રકરણ ૪ થું

### મહારાણી સુભદ્રાનું થયેલું સમાધિ મરણ

પછી **સુભદ્રા** મહારાણીને સહેજ બિમારી થઇ, શરીર અશક્ત થવા લાગ્યું. હવે પોતાના આયુષ્યનો અંત આવેલો જાણી વહુને ભલામણ આપી કે 'હે વહુ બેટા! મારૂં મરણ નજીક આવ્યું છે. મારા મરણ પછી **વીરસેન** કુમારને ઘરમાં ગમશે નહિ, કારણ કે આજ દિવસ સુધી મારાથી દૂર રહ્યો નથી, તેમજ કોઈ જાતનું દુઃખ તેણે દેખ્યું નથી. તેથી તેને આ ઘરમાં રહેવું મુશ્કેલ થશે. માટે તેની ઇચ્છા અનુસાર તમે બીજે જજો, પણ આ ઘરમાંથી એક પાઇ સરખી લેશો નહિ. આ શેઠે આપણા ઉપર ઘણો ઉપકાર કર્યો છે; તેનો ઉપકાર આપણાથી ભૂલાય તેમ નથી માટે આ ઘરમાંથી કાંઇ પણ લીધા સિવાય ચાલ્યા જવું.' ત્યાર પછી વયોવૃદ્ધા મહારાણી **સુભદ્રા** ચોરાસી લક્ષ જીવયોનિ સાથે ખમત ખામણાં કરી, ચાર શરણાં સ્વીકારી, ધર્મ ધ્યાનમાં દત્ત ચિત્તવાળી થઇ છતી નવકાર મંત્રના ઉચ્ચારણ સાથે આ ફાની દુનીયાનો ત્યાગ કરી સમાધિ મરણ પામી, દેવલોકે પહોંચી. જન્મ્યો તે જવાનો છે. પણ આવી રીતે ધર્મ આરાધના કરી જે મનુષ્ય મરણ પામે છે તે જ મરણ ઉત્તમ છે. આવા મોતે મરનારાઓનું ભવ ભ્રમણ ઓછું થાય છે મૃત્યુ પછી કોઇને પણ ઘડીભર રાખી શકાતું નથી, એ ન્યાયે મરણ પામેલ મહાસતી **સુભદ્રા**ની નનામી બાંધી સ્મશાનભૂમિ પ્રત્યે લઇ જતા જોઇ વ્યવહાર માર્ગથી અજ્ઞાન અને મહેલની સાતમી ભૂમિએ બેઠેલ **વીરસેન** કુમાર નીચે ઉતર્યો. બધા લોકોને રડતા જોઈ પૂછવા લાગ્યો તમે કેમ રડો છો? શું છે? મારી માતાને ક્યાં

લઈ જાઓ છો ?' એમ કહી નનામીને પકડી રાખી. ત્યારે લોકોએ કહ્યું–'ભાઈ! તારી માતા મરણ પામી છે' આ ઉત્તર સાંભળી દુઃખિત થયેલો અને જન્મ – મરણને નહિ જાણનારો કુમાર કહેવા લાગ્યો કે–'તમે બધા મરી જાઓ, મારી માતા શા માટે મરે ?' આવી રીતે ઘણી રકઝક થયા પછી લોકોએ તેને મહા મુસીબતે સમજાવી તેના હાથમાંથી નનામી છોડાવી **સ્મશાન** ભૂમિ પ્રત્યે લઈ જઈ અગ્નિ સંસ્કાર કર્યો.

હવે ઘરમાં માતાને નહિ દેખવાથી **વીરસેન** કુમારને રાત–દિવસ ચેન પડતું નથી. વખતો વખત ગુણમંજરીને કહેવા લાગ્યો 'માતા વિના આ ઘરમાં રહેવું મને ગમતું નથી. મારે તો પરદેશ જવું છે' તેથી **ગુણમંજરી** પતિની ઈચ્છાનુસાર પરદેશ જવા માટે તૈયાર થઈ, શેઠ–શેઠાણી પાસેથી રજા માગી. શેઠ–શેઠાણી રજાની માગણી સાંભળી ઘણા દુઃખિત થયા, અને રહેવા માટે ઘણું કર્યું. **ગુણમંજરીએ** જણાવ્યું કે–'તમારા પુત્રને ચેન પડતું નથી, તેથી થોડા દિવસ ફરી પાછા આવીશું.' શેઠ શેઠાણીએ કહ્યું 'તમારે જે વસ્તુ જોઇતી હોય તે લઈ જાઓ. આ ઘર તમારું છે.' આ પ્રમાણે ઘણો આગ્રહ કરવા છતાં માતાની શિખામણ ધ્યાનમાં રાખી કોઇપણ વસ્તુ લીધા સિવાય ત્રણ કપડાં સહિત તે પતિ–પત્ની નીકળી ગયાં.

મહાસતી **ગુણમંજરી** પતિની દરેક અનુકૂળતા સાચવતી. તેના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેતી. તેઓ એક ગામથી બીજે ગામ ચાલતાં ચાલતાં કેટલાક દિવસે **કાંતિપુર** નગરની નજીક આવી પહોંચ્યા. નગરના અજાણ્યા હોવાથી કયાં જવું ?

ક્યાં રહેવું ? કારણ કે નગરમાં દુર્જન પુરૂષો ઘણા હોય છે, સજ્જનો થોડા હોય છે. દુર્જન માણસો સજ્જન માણસોને સંતાપ્યા સિવાય રહેતા નથી. એમ વિચારી **ગુણમંજરી**એ શહેરમાં ન જવાનો વિચાર પોતાના પતિને જણાવ્યો. **વીરસેન** કુમારની તે મુજબ સમ્મતિ થતાં જંગલમાંથી ઘાસ લાવીને ગામની બહાર ઝુંપડી બાંધી દંપતી ત્યાં સુખ રૂપ રહેવા લાગ્યાં. પોતાના પિતાના ઘેરથી લાવેલા થોડા આભૂષણો વેચી બજારમાંથી જે વસ્તુઓ જોઇતી હતી તે **વીરસેન** પાસે મંગાવી આભૂષણો કેટલા દિવસ ચાલશે ? પેટને ભાડું આપવું જોઈએ, તો ઉદ્યમ કર્યા સિવાય કેમ ચાલે ? આમ વિચારી મહાસતીએ પતિને પૈસા આપી કંઈક વસ્તુઓ મંગાવી, આખો દિવસ રસોઈ—પાણી કરી પતિદેવની સેવા કરી પસાર કર્યો. રાત્રે **વીરસેન** નિદ્રાધીન થયો, ત્યારે મહાસતી જે ચીજો મંગાવેલ હતી તેની ટોપી ભરવા બેઠી. સવાર પડતાં ટોપી ભરીને તૈયાર કરી લીધી. રસોઈ કરી પતિને જમાડી તે ટોપી સ્વામીને આપી બજારમાં વેચવા માટે મોકલ્યો. અને ભલામણ કરી કે–' પચાસ રૂપીયાની કિંમતે આ ટોપી વેચવી, સાથે એટલું ધ્યાનમાં રાખવાનું કે પ્રધાન અને સોની તેઓ ગમે તેટલું દ્રવ્ય આપે તો પણ ટોપી આપવી નહિ.'

મહાશય ! **વીરસેન** કુમાર ટોપી લઈ બજારમાં વેચવા માટે ગયો. બજારની વચ્ચે બેસી જે આવે તેને કહે છે કે ' ભાઈ! તમારે ટોપી વેચાતી લેવી છે ? ' લેનાર માણસો ટોપી જુએ છે ત્યારે એકદમ ટોપી લેવાનું મન થાય છે. પણ જયારે કિંમત કરાવે ત્યારે **વીરસેન** કુમાર સ્ત્રીના કહ્યા મુજબ એક જ ભાવ (પચાસ રૂપિયા) કહે છે. એક ટોપીના પચાસ રૂપિયા આપતાં

**કોઇની** જીગર ચાલતી **નથી.** વાચકો ! **એક** ટોપીની **પચાસ** રૂપિયા કિંમત ! એ ટોપીમાં કાંઈ સોનું, રૂપુ, ઝવેરાત, **મણી, માણેક** કે કાંઈ પણ જડેલું નથી, ફક્ત રેશમની ભરેલી ટોપી **છે.** એ ત્રણ રૂપિયાનો માલ છે, છતાં પચાસ રૂપિયા કિંમત ! તો તે **કેવું** ભરત ભર્યું હશે ? તે તો ભરનારી **અને** જોનારા જ સમજી શકે. હરેક **સ્ત્રીએ હરેક કળામાં પ્રવીણ થવું જ જોઈએ.**

ટોપીની વાત શહેરમાં ચર્ચાતી રાજાના પ્રધાન ગુણ-**સાગરને** કાને પડી. એ પ્રધાન ટોપી જોવા માટે તરત બજારમાં ગયો. ટોપીને જોતાં જ ભરનારીનું કળા-કૌશલ્યપણું જોઈ સ્વસ્વાર્થમાં મુગ્ધ બનેલો પ્રધાન વિચારવા લાગ્યો કે “ આ ટોપીનો ભરનારી સ્ત્રી પદ્મિણી હોવી જોઇએ. જેના ઘરમાં આ સ્ત્રી હોય તે કદાચ ભીખારી હોય તો પણ અવશ્ય રાજા થાય, માટે આ ટોપી લઈ કોઈ પણ પ્રપંચથી તે સ્રીને હું મારા તાબામાં કરું તો હું આખા જગતની માલીકી ભોગવનારો થાઉં.’ એમ ચિંતવી પ્રધાન તે ટોપીની કિંમત પૂછી પચાસ રૂપિયા **વીરસેન** કુમારને આપવા લાગ્યો. કુમારે પૂછયું કે ‘ તમે કોણ છો ? ’ પ્રધાને જણાવ્યું કે ‘ હું રાજાનો મુખ્ય માનીતો પ્રધાન છું.’ ત્યારે ભદ્રિકભાવે કુમારે જણાવ્યું કે–‘રાજાના પ્રધાન હો તો ભલે હો, પણ મારી સ્ત્રીએ કહ્યું છે કે પ્રધાનને ટોપી આપવી નહિ; તેથી હું તમને આપીશ નહિ.’ પ્રધાને ઘણી આજીજી કરી, અને ડબ્બલ કિંમત આપવા લાગ્યો; પણ કુમારે તે ટોપી ન જ આપી **ધણીનો કોઇ ધણી છે.’** એટલે હતાશ થયેલો પ્રધાન દીલગીર થતો પાછો ફર્યો.

થોડી વાર થતાં તે વાત કોટયાધિપતિ સોનીના કાને પડી. તે પણ ટોપી જોવા માટે ત્યાં આવ્યો. ટોપી જોતાં જ જે વિચારો પ્રધાનને થયા હતા, તેજ વિચારો સોનીને થયા. ટોપીની કિંમત પૂછી વીરસેનકુમારે ટોપીના પચાસ રૂપિયા કહ્યા. સોનીએ તેના કહ્યા મુજબ પચાસ રૂપિયા વીરસેનકુમારના હાથમાં આપી તે સોની ટોપી લઈ ખુશી થતો પોતાના ઘેર ગયો. "સ્ત્રીને કેવી રીતે હું મારા કબજામાં કરું ? તેમજ આખા જગતની ક્યારે માલીકી ભોગવું ? તે સ્ત્રી ક્યાં રહેતી હશે ? તે ટોપી વેચનારને પૂછી બધી વાત તેની પાસેથી મેળવીશ." એમ સંકલ્પ વિકલ્પ કરતો તે કામાંધ થયેલા સોનીને ક્યાયે પણ ચેન પડતું નથી, અને આખી રાત્રી વર્ષ જેવી લાગી. કેમ કે તે સ્ત્રીને કેમ કબ્જે કરવી એનું જ તેને રટણ લાગી રહ્યું હતું. તેની ચિંતામાં તેને જાણે વધારે દુઃખ થતું હોય તેમ તેને નિંદ્રા પણ તજીને દૂર ભાગી ગઈ કહ્યું છે કે–

अर्थातुराणां न पिता न पुत्रः, कामातुराणां न भयं न लज्जा,
चिन्तातुराणां न सुखं न निद्रा, क्षुधातुराणां न बलं न तेजः.

**ભાવાર્થ**–"પૈસામાં આતુર થયેલા મનુષ્યને પિતા કે પુત્રપણું હોતું નથી, કામાંધ થયેલાઓને ભય કે લજ્જા રહેતી નથી, ચિંતાવાળા મનુષ્યોને સુખ કે નિદ્રા હોતી નથી, અને ક્ષુધિત થયેલાઓને બળ કે તેજ પણ હોતું નથી."

તેવી જ રીતે કામાંધ થયેલો તે સોની ચિંતા મગ્ન હોવાથી તેને નિંદ્રા આવી નહિ. મહા મુસીબતે રાત્રી પસાર કરી સવારમાં તૈયાર થઈ "તે ટોપી વેચનાર જરૂર આજે ટોપી વેચવા બજારમાં

આવશે, અને હું તેને છેતરી સર્વ વિગત પૂછી તે સ્રીને મારી પત્ની બનાવીશ" એ આશાથી કુમારની રાહ જોતો તે સોની બજારમાં આવી બેઠો.

સરળ સ્વભાવી અને વ્યવહારથી અજ્ઞાત તે રાજકુમાર વણિક જેવા વેશવાળા તે સોનીને વાણીયો સમજી કાંઇ પણ પુછપરછ કર્યા સિવાય તે રૂપિયા લઇ સાંજ પડતાં ઘેર ગયો. **ગુણમંજરી** પતિદેવની રાહ જોતી બેઠી હતી. સ્વામીને આવતા જોઈ ઉભી થઈ વિનય સાચવી ભોજન કરાવી 'ટોપી કોને આપી?' વિગેરે તેણીએ પૂછ્યું. ત્યારે **વીરસેને** કહ્યું–"એક પ્રધાન આવ્યો હતો, તેણે ઘણી આજીજી કરી, પણ મેં તેને ટોપી આપી નહિ. ત્યાર પછી એક શેઠ આવ્યો, તેણે ટોપી લીધી, અને પચાસ રૂપિયા આપ્યા." ગુણમંજરીએ કહ્યું કે 'તમોએ પૂછ્યું હતું કે તમે કોણ છો?' ત્યારે રાજપુત્રે જવાબ આપ્યો કે 'ના, મેં તેને પૂછ્યું નથી, કારણ કે તે વાણીયા જેવો લાગતો હતો. એમાં શું પૂછવું હતું? એ તો વાણીયો જ હતો,' આ પ્રમાણે પતિ પત્ની વાર્તાલાપ કરતાં **વીરસેનને** નિંદ્રા દેવીએ ઘેરી લીધો. પતિને નિંદ્રાધિન થયેલા જાણી **ગુણમંજરી** ટોપી ભરવા બેઠી, સવાર પડતાં ટોપી ભરી તૈયાર કરી લીધી. સવારમાં **વીરસેન** કુમાર ઉઠી પ્રાતઃ સમયની ક્રિયા કરી ભોજન કરી **ગુણમંજરીના** કહ્યા મુજબ ટોપી વેચવા બજારમાં ગયો.

આજે ટોપીનો ગ્રાહક પ્રથમથી જ તૈયાર થઈ બેઠો હતો, એટલે **વીરસેન** કુમાર આવ્યો કે તરત જ સોની તેની પાસે

ગયો; અને ટોપી લઈ પચાસ રૂપિયા આપી દીધા. ટોપી આજે વેળાસર વેચાઈ ગઈ, તેથી **વીરસેનને** બેસવાનો વખત મળ્યો, દુષ્ટાત્મા સોની પણ તેની પાસે બેસી મીઠી વાણીથી વાતો કરવા લાગ્યો 'તમે કોણ છો? કયાંથી આવ્યા છો? કયાં રહો છો? સાથે કોણ કોણ છે?' ત્યારે કુમારે પોતે શેઠના ઘેર રહેતા હતા, માતાના મરણ પછી અહીં આવેલા છીએ' વિગેરે જે જે વૃત્તાંત હતું તે સર્વ સોનીને કહી સંભળાવ્યું. પોતે રાજાનો પુત્ર છે, અને પોતાનું રાજ્ય દુશ્મનોના હાથમાં ગયું છે; તેની તેને ખબર નથી, માતાએ તે વાત તેને કહી નહોતી. કારણ કે જો કહી હોત તો આ પુત્ર કોઇને કહી દે, અને દુશ્મનોના કાને વાત જાય તો જીવવું પણ મુશ્કેલ થઇ પડે.

**વીરસેનની** વાતો સાંભળી સોની વિચારવા લાગ્યો કે- "આ તો ભોળો માણસ લાગે છે! એટલે મારા પાસા સીધા પડશે. હવે ગમે તેમ કરી આને વિશ્વાસ પમાડી મારૂં કાર્ય સાધું." એમ વિચારી પોતાની પ્રપંચ જાળ ખેલવા લાગ્યો.

કપટી મિત્ર ન કીજીએ, પેટ પેસી બુધ લેત,
પહેલી પ્રીત લગાયકે, પીછે ગોથાં દેત. ૧

"दुर्जनः परिहर्तव्यो, विद्ययाऽलंकृतोऽपिः सन् ॥
मणिना भूषितः सर्पः, किमसौ नः भयंकरः ? ॥१॥

**ભાવાર્થ**-"વિદ્યાથી-પરિપૂર્ણ હોય, છતાં પણ દુર્જન પુરૂષ ત્યાગ કરવા લાયક છે. મણિથી શોભિત એવો સર્પ શું ભયંકર નથી? અર્થાત્ છે જ."

"दुर्जनः प्रियवादी च, नैतद् विश्वासकारणम् ॥
मधु तिष्ठति जिव्हाग्रे, हृदये तु हलाहलम्" ॥१॥

**ભાવાર્થ**–"દુર્જન પ્રિય બોલનારો હોય છે, તેનો વિશ્વાસ કરવો નહિ. કારણ કે જીભ ઉપર મીઠાશ હોય છે, પણ હૃદયમાં હલાહલ ઝેર હોય છે."

આવા પ્રકારના મર્મને નહિ જાણનારા **વીરસેનને** તે સોની કહેવા લાગ્યો કે–" અરે ભાઈ! તમે આવા સુખી ઘરના હોવા છતાં જંગલમાં ઘાસની ઝુંપડીમાં રહો તે ઘણી ખેદની વાત કહેવાય. જો તમે ગામમાં આવો. હું તમને રહેવા માટે એક સુંદર મકાન આપીશ, અને જોઈતી સર્વ સગવડ કરી આપીશ. મને તમારા ઉપર બહુ પ્રેમ આવે છે. અને આપણી બેની મિત્રાઈ થશે. તો ઘણો આનંદ ઉપજશે. ગામમાં રહેવાથી લોકોની સાથે ઓળખાણ–પીછાણ થાય, ધંધો પણ ગામમાં સારી રીતે કરી શકાશે, તેમજ તમારા દિવસો સુખેથી પસાર થશે," એવા અનેક વચનોથી છેતરાએલ કુમાર કહેવા લાગ્યો કે 'હું તૈયાર છું, પણ મારી સ્ત્રી જો તે વાત કબુલ કરે તો' **જોઈતુ હતું ને વૈદે બતાવ્યું** એ કહેવત મુજબ પહેલેથી જ સોનીને તે સ્ત્રીને જોવાની અભિલાષા હતી. સોની આ લાગ જોઈ તરત કુમાર પ્રત્યે બોલ્યો કે –'શું તમારી સ્ત્રી તમારૂં કહ્યું નથી માનતી? ચાલો હું તેને સમજાવું.' કુમારે કહ્યું 'ભલે ચાલો.'

કુમાર સોનીને સાથે લઈ ઘર તરફ ચાલ્યો. રસ્તામાં ઘણી મીઠી વાણીથી કુમારને ભોળવી સોનીએ પોતાને કબજે કર્યો. ચાલતાં ઝુંપડી નજીક આવી પહોંચ્યા. પતિની રાહ જોતી

**ગુણ મંજરીએ** પતિની સાથે આવતા સોનીને જોઈ ખેદ પામતી એક ઉંડો નિસાસો નાખ્યો, તેટલામાં તે બન્ને જણા આવી પહોંચ્યા. **સજ્જનોએ ઘેર આવેલા દુશ્મનોનો પણ સત્કાર કરવો જોઇએ,** એ નીતિને લક્ષમાં રાખી સોનીને આસન વગેરે આપી તેઓનું માન સાચવ્યું. પહેલેથી જ સોનીની દુષ્ટ બુદ્ધિ હતી, તેમાં વળી **ગુણમંજરીનું** અથાગ રૂપ જોઈ કામાંધ બનેલા તે સોનીએ કુશળ સમાચાર પૂછ્યા. અને 'કયાંથી આવ્યા ?' વિગેરે અનેક પ્રશ્નો કરી છેવટે ગામમાં આવવા આગ્રહ કર્યો. અને કહ્યું કે "તમારે જંગલમાં રહેવું યોગ્ય નથી, જો કોઈ હેરાન કરે તો અહીંયા કોનો આધાર ? વળી તમારાં જેવા સુકુમાલને ઝુંપડીમાં રહેવાથી કેટલાં કષ્ટો વેઠવાં પડે ? માટે ગામમાં ચાલો તો તમારી દરેક જાતની સગવડ કરી આપીશ, અને રહેવાને મકાન પણ આપીશ. તમો નિર્ભય થઈ ખુશીથી મારી સાથે ચાલો."

**ગુણમંજરીએ** જણાવ્યું કે "હે ભાઈ ! તમોએ અમારા ઉપર ઉદારતા બતાવી તે ઠીક છે. સજ્જન પુરૂષો પોતાના વિવેકને ભૂલતા નથી. કહ્યું છે કે-

मित्ति परोवयारो, सुसीलया अखवं पियालवणं ।
दक्खिण्णं विणयवाया, सुयणाण गुण निसग्गेण ॥१॥

**ભાવાર્થ**– "મૈત્રી, પરોપકાર, સુશીલપણું, સરલતા, મીઠા બોલવાપણું, દાક્ષિણ્યતા અને વિનયશાળી વાણી, વિગેરે ગુણો સજ્જનોને સ્વભાવથી જ હોય છે."

"તમે કહ્યું તે યુક્ત છે, પરંતુ અમને અહીં ઠીક છે; અને અરિહંત પરમાત્માનો અમને આધાર છે, માટે તમારે અમારી કોઈ જાતની ચિંતા કરવી નહિ." એટલામાં અધીરો થતો **વીરસેન** બોલી ઉઠયો, "હવે આપણે અહીં રહેવું નથી પરોપકારી આ ભાઇ પોતાને ઘેર લઈ જાય છે, તો શા માટે ન જવું ? મારે તો જવું છે." આ સાંભળી મહાસતી સમજી ગઈ કે "સ્વામી છેતરાયા છે. જો ના પાડીશ તો માનશે નહિ, અને હા પાડું તો હેરાન થવું પડશે. હશે શું કરવું ? **એક બાજુ વાઘ ને બીજી બાજુ નદી,** એવો ન્યાય થયો છે. જો ન જાઉં તો પતિનું મન દૂભાય, ને જઈશ તો આ કામી સોની સતાવ્યા વગર રહેશે નહિ; ખેર ! જે થવાનું હશે તે થશે, પણ પતિનું મન ન દૂભાય એમ મારે કરવું જોઇએ." એમ વિચારી ભાવીના ભરોંસે આધાર રાખી મહાસતી **ગુણમંજરી** સોનીની સાથે ગામમાં જવા તૈયાર થઈ.

સોની તે બન્નેને સાથે લઈ પોતાને ઘેર આવ્યો. 'હવે પોતાનું કાર્ય સુખેથી સિદ્ધ થશે.' એમ વિચારી બાજુનું ઘર એમને રહેવા આપ્યું. એ ઘર એવું હતું કે સોનીને રહેવાનું ઘર અને એ ઘર એ બન્નેનાં બારણાં જુદાં અને વચલી ભીંત બન્ને ઘરની એક અને તે ભીંતમાં એક બારી હતી, તે બારી દ્વારા ઘરમાં શું શું થાય છે ? તે બધું દેખાય એમ હતું. હવે શંકાશીલ **ગુણમંજરીએ** આજીવિકા ચલાવવાની ખાતર રાત પડતાં ટોપી ભરવી શરૂ કરી સવાર પડતાં **વીરસેનને** ટોપી આપી બજારમાં વેચવા મોકલ્યો.

બ્હેનો! આ ઉપરથી તમો સમજી શક્યા હશો કે વિદ્યા અને કળા સંપન્ન સ્ત્રીઓ કેટલું કાર્ય કરે છે? અજ્ઞાનરૂપી અંધકારથી છવાએલા હૃદયવાળા આજના જમાનાના ડોસા અને ડોસીઓ કહે છે કે-બાયડીઓને ભણીને શું કરવું છે? શું દુકાનો ચલાવવી છે? સ્ત્રીઓ ભણે તો ફાટી જાય. પણ ફાટયાને સાંધી દે તેની ઘરડાઓને ક્યાંથી ખબર? જો મહાસતી **ગુણ-મંજરી** કળા અને વિદ્યા વિહીન હોત તો એ બન્નેની કઈ દશા થાત? પુરૂષોને જેટલી જ્ઞાનની જરૂર છે તેથી એ વધારે જ્ઞાનની સ્ત્રીઓને જરૂર છે, કારણ કે પુરૂષોને પેદા કરનાર સ્ત્રીઓ છે. અનેક સત્પુરુષો થઇ ગયા, તેમને જન્મ આપનારી માતાઓ સુસંસ્કારી જ હતી એ નક્કી છે. અત્યારે માતાઓ જડ છે એટલે સંતતિ જડ બને છે, કારણ કે બીજ સડેલું હોય તો ફળ સડેલાં થાય, અને પછી તો વંશ પરંપરાથી બધા જડ થાય છે. અને બધા જડ હોવાથી આપણે જોઇ શકીએ છીએ કે હજારો ઘરમાંથી કોઇ એકાદ ઘરમાં સંપ હશે, એ બધું અજ્ઞાનતાને આભારી છે હે આત્મ બંધુઓ! જરા વિચાર કરો કે આ કલેશનાં બી શાથી રોપાયાં? તમારા સ્ત્રીઓ પ્રત્યેના અનાદરથી જ. છતાં 'પુરૂષો સારા અને સ્ત્રીઓ ખોટી' એમ બોલી તમો તમારા હાથે જ તમોને લજવો છો. તમારું ચંચલ મન સ્થિર રાખી નથી શકતા, તેથી જ તમારાં દૂષણને છુપાવવાની ખાતર સ્ત્રીઓને નીચે દરજ્જે ઉતારવા જાઓ છો શાસ્ત્રમાં કહેલું છે કે-

હોય વિપાકે દશગણું રે, એક વાર કર્યું કર્મ;
શત સહસ્ત્ર કોડી ગમે રે, તીવ્ર ભાવના મર્મ રે પ્રાણી જિન૦

મર કહેતાં પણ દુઃખ થાય, એવી જ રીતે કોઇ ઉપર ખોટા આળ મૂકે તે મનુષ્યને તેનો બદલો કરોડો વાર ભોગવવો પડે છે. દાખલા તરીકે–કોઇને રાંડ કહી હોય કે ચંડાળ કહ્યો હોય, તો તેને રાંડ કે ચંડાળ થવું પડે છે. એવા એવા સેંકડો દાખલાઓ જૈન સિદ્ધાંતમાં મોજુદ છે તો પુરૂષો સ્રીઓને રાક્ષસી, પિશાચિની, ડાકણ, વ્યભિચારિણી, અસત્યવાદિની, ચૂડેલ, હત્યારી, હીચકારી, નિર્દય, પાપિણી, દાસી, લોભીણી વિગેરે ઉપમાઓ આપે છે, તે અત્રે લખતાં હૃદય રડી ઉઠે છે. રાક્ષસી વિગેરે ખોટા દોષો દેનાર પુરૂષોને રાક્ષસ, પિશાચ વિગેરેના કરોડો ભવો કરવા પડશે તેનો તેઓએ કાંઇ વિચાર કર્યો હોય તેમ લાગતું નથી. ઉપર મુજબ પુરૂષોએ જે કલંકો સ્રીઓ ઉપર દેતાં પહેલાં જરા વિચારી જુએ તો તરત જણાય કે પુરૂષો કરતાં સ્રીઓમાં દૂષણો ઓછાં છે, અને કદાચ દૂષણો જોવામાં આવે તો પુરૂષોને આભારી છે. સ્ત્રી–પુરુષોના ગુણ દોષની તુલના કરતાં ચોકખું જણાઇ આવશે કે, પુરુષોએ પોતાની સેવા કરાવવા ખાતર સ્ત્રીઓને નીચે દરજ્જે ઉતારેલી છે. દરેક લેખકો લખી દે છે કે–સ્ત્રીએ પોતાનો પતિ અંધ હોય, કોઢીયો હોય, વ્યભિચારી હોય કે નપુંસક હોય; તો પણ તેને દેવ તરીકે માનવો, અને પત્નીને દેવ તરીકે માનવાની ફરજ નથી શું? જુઓ–

નારી રત્નગર્ભા કહી, ઘરનું ઢાંકણ જાણ;
લાજ વધારે પતિ તણી, તો દેવી સમ તું માન. ૧

સ્રીમાં જેટલા ગુણ કે અવગુણની પરંપરા પુરુષોએ બહાર પાડી છે, તેટલા ગુણ કે અવગુણ પતિમાં હોય, તો

પણ પત્નીએ પતિને દેવ તરીકે માનવો. એમ જે ફરમાનો બહાર પાડેલ છે, તેવીજ રીતે તેટલા જ ગુણ કે અવગુણ પત્નીમાં હોય તો પણ પતિએ પત્નીને દેવી તરીકે માનવી પડશે જ. એમ માનશો તો જ પુરુષો ઉદાર, નિષ્કપટી, ઉત્તમ વિગેરે ગુણોને લાયક ગણાશે. તેમ જો પુરૂષો કબુલ કરવા તૈયાર ન હોય તો પુરૂષો લોભી, કપટી, નીચ વિગેરે દુર્ગુણોને પાત્ર ગણાશે, અને સ્ત્રીઓ ઉદાર, નિષ્કપટી વિગેરે ગુણોની ધારક ગણાશે, કારણ કે, જેટલી હદે પુરૂષો સ્ત્રીઓને નિંદે છે તેટલી હદે સ્ત્રીઓ પુરૂષોને નિંદતી નથી એ નિર્વિવાદ છે. વળી પુરૂષો સ્ત્રીઓને વશ કરવા માટે આભૂષણોના બહાનાથી હાથ પગ વિગેરે અંગોને બાંધી દેવાનો પ્રયત્ન કરે છે જુઓ–

## હરિગીત.

પગ હાથને બાંધ્યા અરે! કરી ખુવારી નારીની,  
ઘર કામ કરતી તોય પણ બિગાડી લાજ બિચારીની;  
અહો નાક કાન વિંધ્યા છતાં રહે ગદ્ધો ગાજતો,  
નિજ વશે રાખવા નારીને **ક્ષાંતિશ્રી** કહે આજ તો. ૧

હું પૂછું છું કે, પુરૂષોની જેમ સ્ત્રીઓએ પુરૂષોને વશ કરવા માટે આભૂષણોનાં બહાનાથી પુરૂષોના પગે કડલાં, હાથમાં ચૂડીઓ, વિગેરે બંધનોથી પુરૂષોના અંગને બાંધ્યા છે? આ બંધનો તૈયાર કોણે કર્યાં તે જરા કહેશો કે? કહો કે સોની લોકોએ, તે પણ પુરૂષો કે અન્ય?

એવી જ રીતે અનેક મહાસતીની પાયમાલી પુરૂષોના અવિચારથી જ થયેલી છે. મુનિશ્રી **નાનચંદ્ર** સ્વામી પોતાના એક પદમાં ચોકખું જણાવે છે કે–

## પુરૂષોના અવિચાર અને સતીઓના સંકટો.

### હરિગીત.

ન વિચાર્યું કંઈ મૂરખ સાસરે સુંદરીનું શું થશે,
આ ગર્ભવતી હદ બહાર કરતાં કઇ સ્થિતિમાં ક્યાં જશે ?
સતી સુંદરી મલયા તણી માથે ન રહી દુઃખની મણા,
પુરૂષો તણા અવિચારથી સંકટ સહ્યાં સતીએ ઘણાં. ૧
જે પૂર્ણ સ્નેહનું પાત્ર નળનાં નયન દમયંતી હતી,
નળ રાજ્ય હારી વન જતાં એ સ્વામી સાથ રહી સતી;
નિષ્ઠુર નળને નારી તજતાં ઘોર વન ના' વી ઘુણા,
પુરૂષો તણા અવિચારથી સંકટ સહ્યાં સતીએ ઘણાં. ૨
જોયું ન સત્યા સત્ય જેનું પીયર કે શ્વશુરાલયે,
નિર્દય થયા ઘર બ્હાર કરતાં અંજના ગર્ભિણી થયે;
અન્યાય કરીને **અંજના** પર રેડ્યા ગિરિ દુઃખ તણા,
પુરૂષો તણા અવિચારથી સંકટ સહ્યાં સતીએ ઘણાં. ૩
સતી કાજ મહા યુદ્ધો કરી રામે હજારોને હણ્યા,
તે ગર્ભિણી વનવાસ કરતાં ગુણ સતીના ના ગણ્યા;
ત્યાં ખ્યાલ બાંધી શુદ્ર વચને **રામ** ભયદ હુકમે ભણ્યા,
પુરૂષો તણા અવિચારથી સંકટ સહ્યાં સતીએ ઘણાં. ૪
રમતાં જુગારે રાજ્ય સ્ત્રી હય ગજ બધું હારી ગયા,
અતિ દુષ્ટ **દુર્યોધન** તણે સતી **દ્રૌપદી** કબજે થયા;

પતિઓ છતાં ખેંચ્યા સભામાં ચિર, સતી દ્રૌપદી તણા,
પુરૂષો તણા અવિચારથી, સંકટ સહ્યાં સતીએ પઘણાં.
કુર્ચક થયો મુનિ મસ્તકે, કણું કાઢતાં મુનિવર તણું,
અતિ અધમ આળ ચડાવીયું, કરીને સહજનું સો ગણું;
વિષ બાણુને વરસાવતા, જુલ્મી થયા સર્વે જણા,
પુરૂષો તણા અવિચારથી, સંકટ સહ્યાં સતીએ ઘણાં. ૬
એમ જ અનેક સ્થળે સતીજન, પુરૂષોના અવિચારથી,
અતિ કષ્ટ સહી પરિચય કરાવ્યો, શીયલના શણગારથી,
આવા ઘણા એ સંત શિષ્યે, દુઃખદ દષ્ટાંતો સુણ્યા;
પુરૂષો તણા અવિચારથી, સંકટ સહ્યાં સતીએ ઘણાં. ૭

તો હે ભાઇઓ ? કારણ વિનાનો સ્ત્રીઓ પ્રત્યેનો તિરસ્કાર છોડી દ્યો, અને આજથી એમ નક્કી કરો કે સ્ત્રી જાતને તમારાથી પણ વધારે જ્ઞાન મેળવવા માટે ભણાવવાની જરૂર જ છે. ભણાવશો, સુસંસ્કારી કરશો, તો જ તમે કંઈક ઉંચી પાયરીએ આવશો, જ્ઞાન એ મનુષ્યના હૃદયમાં કેવા પલટા કરાવે છે ? અને દુઃખના સમયમાં કેવી રીતે શાંતિ આપે છે ? તે આ જ્ઞાન મહિમા વાંચવાથી જણાશે.

(રાગ—આજ આનંદ અપાર, ભવિકા ! આજ આનંદ અપાર)

જ્ઞાન અખૂટ ભંડાર, અમારો જ્ઞાન અખૂટ ભંડાર;
બાંધે ન ખૂટે ચોર ન લૂંટે, આપે સરસ વિચાર. અમારો૦ ૧
ખરચે ખરચે ખૂબ વધે છે, આપે છે કીર્તિ અપાર,
દેશ વિદેશે સ્થાન અપાવે, અપાવે માન અપાર. અમારો૦ ૨

પૂજા અને સત્કાર અપાવે, અપાવે શુદ્ધ વિચાર;
પુત્ર પુત્રીઓને શુદ્ધ કરે છે, તજાવે છે દુષ્ટ આચાર. અમારો૦ ૩
નિર્બળને સબળ બનાવે, બતાવે સુગતિનાં દ્વાર;
અંધને પણ આનંદ આપે, આપે નિત્ય રોજગાર. અમારો૦ ૪
ધન હીનને ધનિક બનાવે, આપે અક્કલ અપાર;
નીચને પણ ઉચ્ચ બનાવે, આપે સુખ હજાર. અમારો૦ ૫
વેર ઝેરને દૂર કરાવે, વધારે સંપ હજાર;
જ્ઞાન એ શણગાર અમારો, બીજો શરીરનો ભાર. અમારો૦ ૬
જ્ઞાન વિણ જે નર ને નારી, ધિક ધિક તસ અવતાર;
જ્ઞાન એ અમૂલખ નાણું, રાખી ભરો ભંડાર. અમારો૦ ૭
અનંતા જીવો સિધ્ધિ પામ્યા, જ્ઞાનથી વર્યા શિવનાર;
જ્ઞાન દીપકથી ભવ સુધારો, શાંતિશ્રી કહે હિતકાર. અમારો૦ ૮

આવા અખૂટ જ્ઞાનરૂપી ધનને દરેક સ્ત્રી-પુરૂષોએ પોતાના હૃદયરૂપી ભંડારમાં ભરી રાખવું જોઈએ, કે જેથી ઉગતા અને આથમતા સૂર્યના દૃષ્ટાંતે ચઢતી ને પડતીમાં સુખે જીવન પસાર કરી શકાય. પ્રસંગોપાત આટલી ચર્ચા કરી, તેને સજ્જનો અસ્થાને તો નહિ જ ગણે.

હવે વાચકને જાણવાની આતુરતા થઈ હશે કે, વીરસેન ટોપી વેચવા ગયા પછી સતીનું શું થયું ! તો ચાલો આપણે તે જોઈએ.

સતીને એકલી પડેલી જોઈ કાગડાની પેઠે છિદ્રને જોતો નિર્લજ્જ સોની ગુણમંજરીના ઘરમાં પેઠો, ધિક્કાર, છે ફીટકાર છે તે કામી સોનીડાને, કે નિર્મળ હૃદયવાળી અને સતીઓમાં

શેખર સમાન નિર્દોષ ગુણમંજરી બાળાને આજે સતાવવા તૈયાર થયો. તે કામાંધ સોની ગુણમંજરીની નજીક જતો હસતો હસતો કહેવા લાગ્યો કે–'હે ચંદ્રાનને! તારા અથાગ રૂપ અને લાવણ્ય ઉપર હું ફીદા બન્યો છું. તારા વગર ખાન, પાન, ગાન, તાન આજે મને ગમતાં નથી. જો તું મારી ઇચ્છાને આધીન થાય તો આખાયે ઘરની સ્વામિની તને બનાવું, અને સર્વ ઘરની માલીકી તને જ સોંપું. એટલું જ નહિ પણ જીવન પર્યંત તારો દાસ થઇને રહીશ. નમાલા પાગલ આ તારા પતિમાં શું માલ છે? તેમાં કોઈ જાતની અક્કલ તો નથી. એ મૂરખ શું તારી ઇચ્છાને પૂર્ણ કરશે? આ ભિખારીની સાથે તારા જેવી સુંદરીએ રહેવું તે યોગ્ય નથી, માટે હે હૃદયેશ્વરિ? હું કોડાધિપતિ છું, મારે લક્ષ્મીની કમીના નથી, હું તારા સઘળા મનોરથો પૂરીશ હે મૃગાક્ષિ! ચાલ, મારા ઘેર ચાલ, અને મારી વહાલી થઈને રહે.' આમ કહીને સતીને દુઃખકારક વચનો બોલતો તે દુષ્ટ સોની ગુણમંજરીની નજીક નજીક આવવા લાગ્યો.

અત્યાર સુધી મૌન ધારણ કરી બેઠેલ ગુણમંજરીથી હવે રહેવાયું નહીં. તેણી શીયલરૂપ રત્નની રક્ષા કરવા ખાતર સિંહણની માફક ગાજી ઉઠી કે–'અરે દુષ્ટ કામાંધ! મારાથી દૂર રહેજે, એક ડગલું જો આગળ ભર્યું છે તો હમણાં હતો ન હતો થઇ જઇશ. પરનારીમાં પ્રેમ ધરાવનાર રાજા રાવણની કઈ દશા થઈ? તેનો તું વિચાર કર.

પર નારીના પ્રેમથી, રાવણુ રૂલીયો રાન,
ક્ષાંતિશ્રી કહે હેતથી, હૈયે રાખો સાન. ૧

અરે પાપિષ્ઠ! તારા કાળા મુખને લઈ પાછો ચાલ્યો જા." આવાં તેણીના વચનો સાંભળી ભય પામતો સોની પાછો ફર્યો કે તરત જ સોનીના ભયથી ગુણમંજરીએ કમાડ બંધ કરી દીધાં.

સોની પોતાને ઘેર જઈ વિચારવા લાગ્યો કે– "ખરેખર **પરાણે પ્રીત થતી નથી.** એ લોક કહેવત છે. તો હવે ધીરે ધીરે લલચાવી મીઠા શબ્દોથી તેણીને હું મારે વશ કરીશ. મારા ઘરમાંથી હવે એ કયાં જવાની હતી? આજ નહિ તો કાલે, પણ ગમે તેમ કરી મારી સ્ત્રી બનાવીશ ત્યારે જ જંપીશ" હે બ્હેનો! આવા જીવતા જમડાઓ અનેક નિર્દોષ સતીઓને સંતાપી હેરાન હેરાન કરી નાંખે છે. આવા કુકર્મ કરનારા પરપુરૂષોથી સાવચેત રહેજો, અને આ સ્ત્રી સદ્બોધને કંઠસ્થ કરી રાખજો–

## સ્ત્રી સદ્બોધ

**(અલી સાહેલી, જંગમ તીરથ જોવા ઉભી રહેને–એ દેશી)**

સખી સદ્ગુણી! વાત કહું તે સાંભળને તું પ્રેમ ધરી,
પર પુરૂષને દૂરથી પરહરજે, એ લંપટને ચિત્ત નવ ધરજે,
વિવેકરૂપ દીવો દિલ ધરજે; સખી૦ ૧
એ નાગ સરિખો પર નર છે; રાક્ષસ સમ તે દુઃખકર છે,
એ જીવતો જમડો જબ્બર છે; સખી૦ ૨

એ ગદ્ધો આખરે ગજબ કરશે, તને અપયશ દઈ ને સંચરશે,
પછી તારૂં રક્ષણ કોણ કરશે ? સખી૦ ૩

એ પરનર પિશાચ દુઃખદાઈ છે એ નકટાની ખોટી કમાઇ છે,
આંખ ફાટાની અતિ અદેખાઈ છે; સખી૦ ૪

એ નિર્લજ્જો જ્યાં ત્યાં આથડતા, કુત્તર સમ કુકર્મને કરતા,
નથી પાપ થકી તે કદી ડરતા, સખી૦ ૫

એ દુષ્ટો સતીઓને સંતાપે, તેના હઈડાંને દુઃખ દઈ કાપે,
તેના નિર્મળ મનને દુઃખ આપે; સખી૦ ૬

**મદનરેખા, દ્રૌપદી** જાણો, **મલયસુંદરી સીતા** વખાણો,
એનાં ચરિત્ર તુમ હૃદયે આણો; સખી૦ ૭

એવી અનેક સતીઓ જે શાણી, તેને ટલવલતી સ્વઘેર તાણી,
એને દુઃખ દેતાં દયા ન આણી; સખી૦ ૮

એ અધમો દિનરાતના અંધા, તેના કૂડા નિત્ય કરપીણ ધંધા,
છતાં માને અમે ગુણવાન બંદા; સખી૦ ૯

ભલે હોય પિતા કે ભાઈ, તેનો એકાંતવાસ છે દુઃખદાઈ,
એમ નિશ્ચે જાણજે ચિત્ત લાઇ; સખી૦ ૧૦

તને હલકી કરશે નાત જાતમાં, તારૂં નીચું મુખ રે'શે વાતવાતમાં,
ગઈ આબરૂ ન આવે હાથમાં; સખી૦ ૧૧

એ ચાખખો ચિત્તમાં ધારી, પર પુરૂષની પ્રીતિને નિવારી,
એને ધિક્કારજે વાર હજારી; સખી૦ ૧૨

શુદ્ધ શીયળ વ્રતને પાળી, ઉભય પક્ષના કુળ અજવાળી,
તમે પૂર્ણ બનોને ભાગ્યશાળી; સખી૦ ૧૩

જે શીયલ રત્નનું રક્ષણ કરશે, તે સતીઓ ભવસાગર તરશે,
તે મોક્ષનગરમાં જઈ ઠરશે, સખી૦ ૧૪

નાગોરી વડતપગચ્છ ગાછે, શ્રી ભ્રાતૃચંદ્રસુરીશ્વર રાજે,
કહે ક્ષાંતિશ્રી સહુ હિત કાજે. સખી૦ ૧૫

સ્ત્રીઓને અબળા સમજનારા અને પોતે સબળા છે એમ માની બેઠેલા પુરૂષો લાગ ફાવતાં સતીઓને સતાવવા પાછી પાની કરતા નથી, પણ કામાંધોને સતીઓના પ્રભાવની ક્યાંથી ખબર હોય? હવે સબળ સોની કેટલી હદે પહોંચે છે? અને અબળા ગુણમંજરી શું કરે છે? તે જોવાનું છે.

વાંચક મહાશય! તે દુરાત્મા સોની ગુણમંજરીને લલચાવવા ખાતર પોતાની સ્ત્રીનાં મહામૂલ્યવાળાં હીરા માણેક મોતીથી જડેલાં આભૂષણો તીજોરીમાંથી કાઢી બારી દ્વારા એ સતી ગુણમંજરી ઉપર ફેંકતો કહેવા લાગ્યો કે "મારી પાસે આવા કિંમતી અનેક આભૂષણો છે, જો તું મારી સ્ત્રી થઈ ને રહે તો આ સર્વ તારે સ્વાધિન કરું. મારી પ્રાર્થનાનો તું ભંગ ન કર. હે વહાલી! મારી સામું તો તું જો? હું તારો કિંકર છું. જેમ તું કહીશ તેમ હું કરવા તૈયાર છું." આમ અનેક પ્રકારના શબ્દોને બોલતાં સોનીએ સર્વ કિંમતી આભૂષણો અનુક્રમે ફેંક્યા. મહાસતી ગુણમંજરીએ તે દુષ્ટને એક પણ જવાબ ન આપ્યો, અને તેની સામું પણ જોયું નહિ. જેમ જેમ સોની ઘરેણાં નાખતો ગયો, તેમ તેમ મહાસતી ઘરેણાંઓને લઈ કરી પોતાના પગ નીચે રાખતી ગઈ.

હવે સૂર્ય અસ્ત થયો તો પણ ટોપી વેચવા ગયેલ વીરસેન કુમાર ઘેર આવ્યો નહિ. 'કયા કારણથી નહિ આવ્યા હોય ? અને કયાં ગયા હશે ? અરે તેમનું શું થયું હશે ? ' આમ અનેક પ્રકારે સંકલ્પ-વિકલ્પ કરતી મહાસતી ગુણમંજરી પોતાના પતિની રાહ જોતી બેઠી છે, હવે વીરસેન કુમારનું શું થયું ? તે આપણે જોઇએ.

આ બાજુ વીરસેન કુમાર મહા મુસીબતે છેક સાંજના સમયે ટોપી વેચી ઘેર આવે છે, ત્યાં તો પોતાના રહેઠાણવાળા ઘરને બંધ જોઇ આ ઘર મારૂં નથી, હું ભૂલી ગયો છું, એમ માની બોલ્યા-ચાલ્યા વગર ત્યાંથી પાછો ફર્યો. ગુણમંજરીએ સોનીના ભયથી બારણું બંધ કર્યું હતું, અને વિચાર્યું હતું કે મારા સ્વામીનાથ આવશે, અને બારણાને ધક્કો મારશે એટલે હું ઉઘાડીશ.' પણ કુમાર તો કમાડને અડકયો નહિ. બોલ્યા-ચાલ્યા વગર ત્યાંથી ચાલતો થયો, અને પોતાના ઘરની શોધ કરવા લાગ્યો. ફરી ફરી ચાર-પાંચ વખત તે ઘર પાસે આવ્યો, ને બંધ જોઇ પાછો ફર્યો. પછી તેને એમજ વિચાર થયો કે- 'મારી સ્ત્રી હંમેશાં રાહ જોતી બારણામાં જ બેઠી હોય, ઘર બંધ હોય જ નહિ તો આ ઘર મારૂં નથી, અને હું મારા રહેઠાણવાળા ઘરનું સ્થાન જરૂર ભૂલી ગયો છું.'

હવે તો રાત્રીને આગળ વધતી જોઇ અંધકારે પણ પોતાની સત્તા પૂર્ણ જમાવી દીધી જેથી દિગ્મૂઢ બનેલો રાજકુમાર એક શેરીએથી બીજી શેરીએ ભટકવા લાગ્યો. હવે ચોરાશી લાખ જીવયોનીમાં ફેરા ફરતાં જેમ આત્માને મનુષ્ય ભવ મળવો

દુર્લભ છે; તેમ તે કુમારને પણ એ ઘર મળવું દુર્લભ થઈ પડ્યું, કારણ કે આ શહેરનો તે ભોમીયો નથી, તેમ આજે જ નગરમાં આવેલો છે, તેથી તદ્દન અજાણ્યો છે. હવે તો તેને ભૂખ પણ ઘણી લાગી છે, ગુણમંજરીનો વિરહ પણ અથાગ પીડી રહ્યો છે, તેથી કુમાર બેભાન માણસની જેમ ગુણમંજરી ગુણમંજરી એમ પોકાર કરતો ફરી રહ્યો છે. હવે ગામના લોકો 'આ ગાંડો છે' એમ સમજી સેંકડો છોકરા હુડીએ હુડીએ કરતા અને ધુળ ઉડાડતા કાંકરા-પથરા ફેંકતા તેની પાછળ થયેલા છે, એવો વીરસેન કુમાર ગલીએ ગલીએ અને શેરીએ શેરીએ ભટકવા લાગ્યો અહા ! કર્મરાજા ! તારી ગતી ન્યારી છે. કહ્યું છે કે-

## કર્મની પ્રબળતા

**રાગ :- ગઝલ**

કરમ તારી કળા ન્યારી, હજારોને નચાવે છે;
ચડે જે ચાકડે તારા, તેહને તું ભમાવે છે.

હતો જે કાલ ભીખારી, બને ધનવાન તે આજે;
અહા ! ધનવાનને પલમાં, ભમી ભિક્ષા મંગાવે છે. કરમ૦ ૧

લગનનાં બાજમાં બાજાં, ગવાતાં ગીત વી'વાનાં,
અરે એ ઘેર તું પલમાં, મરણ પોકો પડાવે છે. કરમ૦ ૨

નહિ કોઈ બાતને સમજે, અભણ જ્યાં ત્યાં જ અથડાતો,
બનાવી વિદ્વાન હિ તેને, અતિ ઉંચે ચડાવે છે. કરમ૦ ૩

સુહાગણ હોય જે નારી, પતિને પ્રાણથી પ્યારી,
બનાવી વિધવા તેને, બિચારીને રડાવે છે. કરમ૦ ૪
બનાવે જોગીને ભોગી, કરે બલવાન ને રોગી,
નીચાની ઉંચના પાસે; ગુલામી તું કરાવે છે. કરમ૦ ૫

હરિશ્ચંદ્ર રાજાને ચંડાળ બનાવી સ્મશાન ભૂમિમાં મડદાં સાથે અર્ધ બળેલાં લાકડાને ખેંચતો કર્યો. મુંજ રાજાને ભીખ માંગતો કર્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તીની બંને આંખો ફોડાવી અંધ કર્યો, મહા બળવંત અને બુદ્ધિના ભંડાર ધર્મિષ્ઠ એવા પાંચ પાંડવોને વનમાં બાર વરસ સુધી રઝળતા કર્યા, તો ભોળા હૃદયવાળા બિચારા વીરસેન કુમારની એવી દશા કરે તેમાં નવાઈ નથી. કુમારને આપણે અહિં રાખી સતી શિરોમણી ગુણમંજરીનું શું થયું ? તે જોઈએ.

રાત્રી ગઈ, બીજો દિવસ પૂર્ણ થયો, પણ પતિ ન આવ્યો તે ન જ આવ્યો. સોનીના ભયથી કમાડ પણ ઉઘાડવાં નહિ, તેમજ સોનીની સતામણી પણ ચાલુ જ રહી.

હવે રાત પડતાં ગુણમંજરી પતિના વિરહથી અત્યંત દુઃખને ધારણ કરતી કલ્પાંત કરવા લાગી કે "હે વીતરાગ દેવ ! પૂર્વ ભવે મેં આપની આજ્ઞાનો લોપ કર્યો હશે, ધર્મનો અનાદર કર્યો હશે, દેવ, ગુરુ, ધર્મની નિંદા કરી હશે, જીવદયા પાળી નહિ જ હોય, શોક્ય પ્રત્યે દ્વેષ ધરી પતિ વિયોગ કરાવ્યો હશે, અને સતીઓને કુડાં કલંક આપ્યા હશે, તેથી જ આજે મારી આ દશા થઇ છે અરે ! આ દુષ્ટ સોનીના પંજામાં સપડાયેલી હું મારા શીયળ રત્નનું કેવી રીતે રક્ષણ કરીશ ?

હે સ્વામીનાથ! આવા દુઃખમાં મૂકી તમે ક્યાં ચાલ્યા ગયા? અહા! હવે હું શું કરૂં? ક્યાં જાઉં? અને આ મારૂં દુઃખ કોને કહું?

આજ દુઃખ આવ્યું મારે શીર, હવે શું કરવું રે;
દુષ્ટ સોનીડાથી આજ, કેમ ઉગરવું રે, ૧
માત પિતા રહ્યા પણ દૂર, દુઃખી દૈવે કીધી રે;
સાસુજી ગયા દેવલોક, રૂડી શીખ જેણે દીધી રે. ૨
પતિદેવ ગયા ક્યાં આજ, ભોળા થઇને રે,
લેશ ન કર્યો વિચાર, ક્યાં કહેવું જઇને રે. ૩
પૂર્વે ન કીધાં સુકૃત, હૈયે રહેમ ન આણી રે;
તેથી સહેવા સંતાપ, શાંતિશ્રી વદે વાણી રે. ૪

અહો પ્રભુ! હવે તો તુજ એક મારો આધાર છે. હું તારા શરણે છું, મારૂં રક્ષણ હે નાથ! તું કરજે' એમ અનેક રીતે કલ્પાંતો કરી છેવટ 'પોતાનાં કરેલાં કર્મ પોતાને જ ભોગવવાનાં છે,' એમ માની મનને ધીરજ આપતી ગુણમંજરીએ રાત્રિ પૂર્ણ કરી.

હવે થોડો દિવસ ચઢતાં વીરસેન કુમાર સેંકડો છોકરાઓથી ઘેરાએલો ગુણમંજરીના પોકારો કરતો તે ઘરના પાછળના રસ્તે થઈ નીકળ્યો. આ પોકાર ગુણમંજરીના કાને અથડાતાં તુરત ઉભી થઈ બારીએથી જુએ છે તો પોતાના સ્વામીને દુઃસહ દશામાં જોયા, હર્ષ-શોકને ધારણ કરતી તેણીએ એક કાગળ લીધો, અને એક મીનીટમાં લખી બારી દ્વારા એ વીરસેન કુમાર ઉપર ફેંકયો, અને ચૂપ રહેવાની ઈશારત

ફરી નીચે બેસી ગઈ. વીરસેન કુમાર કાગળ જરા દૂર લઈ જઈ વાંચવા લાગ્યો.–

" પ્રાણપ્રિય સ્વામિની સેવામાં–

આ ઘર આપણું છે, આપ ભૂલા પડયા લાગો છો. વ્હાલા! આપના ગયા બાદ સોનીએ મને ઘણી જ વિડંબના પમાડી છે. સોનીના ભયથી મેં બારણાં બંધ કર્યાં છે. પણ ઘર તે જ છે. તો હવે સોનીના પંજામાંથી મુક્ત થવા માટે તમારી પાસે વીંટી છે તે વેચીને તથા ટોપીના જે રૂપીયા મળ્યા હોય, તેનાથી એક સરસમાં સરસ ઉંટડી ખરીદી લેશો અને રાત્રિએ બાર વાગે સોની ન જાણે તેવી રીતે અહીંયા આવી સાંકળ ખખ–ડાવજો, પણ કાંઇ બોલશો નહીં. એ વખતે હું કમાડ ઉઘાડીશ. અને આપણે બન્ને જણ ઉંટડી ઉપર બેસી પલાયન થઈ જઇશું. પછી બધાં સારાં વાના થશે એજ.

લી: આપનું રટણ કરતી વિયોગીની–
" ગુણમંજરી. "

જગતમાં દુષ્ટ આત્માઓ વસે છે? તેની જેને લેશ પણ ખબર નથી, એવો તે વીરસેન કુમાર પત્ર ખુલ્લો વાંચતો હતો, તેવામાં તેની પાછળ રહી એક ચોરે એ પત્ર વાંચી લીધો. વાચક! આપને શંકા થઇ હશે કે 'ચોર ક્યાંથી આવ્યો?' પણ છોકરાઓની સાથે મળી જઈ તે ચોર લોકોનાં ઘર જોતો હતો કે 'કઈ રીતિએ આ ઘરમાં જવાય છે? કોણ શેઠીયા ક્યાં ક્યાં રહે છે?' તે બધું જોવા માટે છોકરાઓની સાથે મળી જઇ વીરસેન કુમારની પાછળ પાછળ ફરતો હતો.

## પ્રકરણ ૫ મું

### ગુણમંજરી ચોરના કબજામાં

'આ ચોરી ઠીક હાથમાં આવી છે' આમ વિચારી તે દુષ્ટાત્મા ચોર છોકરાઓના ટોળામાંથી છુટો પડી બજારમાં જઈ એક કલાકમાં બાર ગાઉ કાપે એવી સરસમાં સરસ ઉંટડી લઈ જે રસ્તે વીરસેન કુમાર ઉંટડીની શોધ કરતો ચાલ્યો આવે છે. તે રસ્તામાં સામે આવી ઉંટડી સહિત ઉભો રહ્યો. કર્મયોગે કુમાર પણ તેની પાસે આવી ઉંટડી વેચાતી આપવા તેને કહ્યું. ત્યારે ચોરે કહ્યું કે 'ઉંટડી વેચાતી આપીશ નહિ. પણ જો તમારે ખપ હોય તો તમારી મરજીમાં આવે તે ભાડું આપજો, અને હું તમારી ઇચ્છા હોય ત્યાં પહોંચાડીશ.' ત્યારે વીરસેન કુમારે પણ તે પ્રમાણે કબુલ રાખ્યું. ચોર કહેવા લાગ્યો કે–'ચાલો તમારે ક્યાં જવું છે?' ત્યારે વીરસેને કહ્યું કે–'ભાઈ? અત્યારે નહિ, પણ રાત્રે જવાનું છે ત્યાર પછી રાત્રિ પડતાં વીરસેન ઉંટડી સહિત ચોરને સાથે લઈ ઘરથી થોડેક દૂર એક ઓટલા ઉપર બન્ને જણા બેઠા. ચોરે કહ્યું કે 'ભાઈ! હવે ચાલો, મોડી રાત્રિ થઈ છે. વીરસેન કુમારે કહ્યું; કે ભાઇ! અમારે બાર વાગે અહીંયાથી જવાનું છે, માટે ધીરજ રાખો; હજી તો દસ વાગ્યા છે.' થોડીવાર થઇ એટલે ચોર કહેવા લાગ્યો કે–'હવે તો મને ઉંઘ આવે છે. કોણ જાણે તમારા બાર તો ક્યારે વાગશે? માટે ચાલો આપણે બીડી ફુંકીએ તો ઉંઘ ઉડી જાય.' વીરસેને કહ્યું 'ભાઈ! મને બીડી પીવાની મુફ્ત ટેવ નથી, હજી સુધી મેં બીડી પીધી પણ નથી, માટે તમે જ પીઓ. મને કાંઈ ઉંઘ આવતી નથી.' જ્યારે

ચોરે ઘણી ઘણી રીતે કહ્યું ત્યારે વીરસેન કુમારે શરમા-શરમે તે ચોર પાસેથી બીડી લીધી, અને પીવા લાગ્યો. જ્યાં એક ફુંક મારી ત્યાં વીરસેનને બગાસાં આવવા લાગ્યાં, બીજી ફુંક મારતાં આંખો ઘેરાવા લાગી, અને ત્રીજી ફુંક મારતાં મૂર્છા-વશ થઇ કુમાર મડદાની જેમ લાંબો થઈ ઓટલા ઉપર પડયો, અને બેભાન અવસ્થામાં સૂઈ ગયો.

પ્રિય પાઠક ! તે ચોરે પહેલેથી જ પોતાનો સ્વાર્થ સાધવા માટે એક બીડી એવી તૈયાર કરાવી રાખી હતી, કે જેની અંદર ભાંગ સાથે મૂર્છાને લાવનાર કોઈ કેફી વસ્તુ ભેળવી હતી. અને તે બીડી પીવાથી એટલું ઘેન ચડે કે છ કલાક સુધી તે જાગે જ નહિ, એટલું જ નહિ પરંતુ કોઈ ઉપાડી સમુદ્રમાં ફેંકી દે તો પણ તે જાગૃત થાય નહીં આવી બીડી પીવાથી વીરસેન કુમાર ઘેનમાં ઘેરાઇ ગયો. તે દશામાં કુમારને મૂકી કારણ વિનાના વેરી તે ચોરે વખત થતાં સતી ગુણમંજરી રહેતી હતી તે ઘરની સાંકળ ખખડાવી. સતીએ જાણ્યું કે 'પત્રમાં લખવા મુજબ મારા સ્વામીનાથ આવી પહોંચ્યા છે.' એમ માની અગાઉથી તૈયાર થઇ બેઠેલી તે મહાસતી તરત જ ઉભી થઈ, અને હાથમાં પોતાની વસ્તુઓ અને સોનીએ ફેંકેલાં સર્વ આભૂષણોની પોટકી લઈ કમાડ ઉઘાડી મૌનપણે બહાર નીકળી ઉંટડી પાસે આવી. સોનીના ભયથી પૂછપરછ કર્યા સિવાય ઉંટડી પર ચડી બેઠી. અધમ ચોરે પણ ઉંટડી ઉપર આરૂઢ થઇ સ્વનગર તરફ ઉંટડીને હંકારી મૂકી.

હાથની હથેળી પણ સૂજતી નથી, એવી ઘોર અંધારી રાત્રિમાં 'પોતાનો પતિ છે કે બીજો કોઇ?' તેની જેણીને બીલકુલ ખબર નથી એવી મહાસતી તે અધમને 'પોતાનો પતિ છે' એમ માની સોનીના ઘરની વીતક વાત જણાવી કહેવા લાગી કે-' હે સ્વામિન્ હવે આપ આપનું ભોળપણું છોડી દ્યો, અને હોશિયારી રાખો. આ સંસારમાં અનેક દુષ્ટ માણસો વસે છે, કપટ-પ્રપંચથી લોકોને છેતરે છે, તો એવા માણસોનો એકદમ વિશ્વાસ તમારે ન કરવો જોઈએ' આમ અનેક પ્રકારે તેને પતિ જાણી સમજાવવા લાગી. પણ તે દુષ્ટ ચોર હુંકારા સિવાય કાંઇ જ બોલતો નથી, અને ઉત્તર પણ આપતો નથી. મહાસતી ગુણમંજરીએ જાણ્યું કે-મારા પતિએ આજ ત્રણ દિવસ થયા ભોજન કર્યું નથી. તેમ ઘર ભૂલી જવાથી શરમાઇ ગયા લાગે છે, તેથી કાંઇ બોલતા નથી' આમ ચાલતાં અરૂણોદય થયો. સહેજ પ્રકાશ થતાં જ્યાં તેના ઉપર દૃષ્ટિ નાખે છે ત્યાં તો પતિને ઠેકાણે ભયંકર આકૃતિવાળો કાળા ભીલડા સરખો લુંટારો તેણીએ જોયો.

'અહો! આ શું? મારા સ્વામીનાથ ક્યાં ગયા? આ દુષ્ટ ક્યાંથી આવ્યો? અરે! આ અધમે મારા પતિનું શું કર્યું હશે? હાય હાય! હવે તેમનું શું થયું હશે? મારા બ્રહ્મચર્યનું રક્ષણ કેવી રીતે કરીશ? જ્યારે નસીબ અવળા હોય ત્યારે બધું અવળું જ થાય, કહ્યું છે કે-

અકૃતપુણીઓ ઈચ્છે ઘણું, પુણ્ય ન પહોંચે પૂરવતણું;
વલોવે નીર ને વંછે શેર, સાંધે નવ ને ત્રુટે તેર. ૧

અકૃતપુણીઓ પરદેશ જાય, નોકરી કરે તોય જુત્તાં ખાય,
અકૃતપુણીઓ જમવા જાય, ભાણું ખોય કાં માખી ખાય. ૨
અકૃતપુણીઓ ખેતી કરે, બળદ મરે કાં દુકાળ પડે,
અકૃતપુણીઓ સોબત કરે, માણસ મળતાં હીજડો મળે. ૩

અરેરે ! એકથી છુટી તો બીજાના હાથમાં પકડાઇ, હવે હું શું કરું ?' એવાં અનેક પ્રકારે કલ્પાંતો કરતી મહાસતી વિચારવા લાગી કે-'હે જીવ ! તેં કર્યાં છે ને તારે ભોગવવાનાં છે, તો હવે કાયરપણું તજી ધીરજ ધરી કામ ન બગડે તેવો ઉપાય તું શોધી લે.

જો મત પીછે ઉપજે, સો મત પહેલી હોય;
કામ ન બિગડે આપણો, ને દુર્જન ન હસે કોય. ૧

આવી રીતે મનને મજબુત કરી હૃદયમાં રડતી પેલા નીચને કહેવા લાગી કે-'અરે ભાઇ ! તમો કોણ છો ? અને મારા સ્વામી ક્યાં ગયા ? અમારી વાત તમે કેવી રીતે જાણી' ? એ સાંભળી ચોર કહેવા લાગ્યો કે 'હવે મને ભાઈ કહીશ નહીં. હું તો તને મારી બાયડી બનાવીશ. માટે મને સ્વામીનાથ કહીને બોલાવ. હું ચોર છું.' ચોરે જાણ્યું કે- હવે મારા હાથમાં સપડાએલી ક્યાં જશે ? એમ વિચારી ચોરે છોકરાઓની સાથે શા માટે ફરતો હતો ? કાગળ કેવી રીતે વાંચ્યો ? અને વીરસેનને કેવી રીતે મૂર્ચ્છાવશ કરી તેણીને ઉપાડી લાવ્યો ? એ સર્વ વાત અથથી ઈતિ સુધી ગુણમંજરીને કહી સંભળાવી, અને છેવટે કહ્યું-'તારો પતિ સૂર્યોદય થતાં જાગૃત થશે, તે પહેલાં જાગશે નહિ.

'મારો પતિ જીવતો છે' એમ સાંભળી ગુણમંજરી કાંઈક આશ્વાસન પામી, કારણ કે–**જીવતો નર સેંકડો કલ્યાણોને જુએ છે.** આ વખતે 'ગમે તેમ કરી મારે મારો બચાવ કરવો જોઇએ' આ પ્રમાણે વિચારી, જાણે કોઈ દેવનાં દર્શન થયાં ન હોય! તેમ આનંદ બતાવતી બહારથી હસતી છતી કહેવા લાગી કે 'હે મહાભાગ ! તમે મારા ઉપર બહુ જ ઉપકાર કર્યો છે મારા પાગલ પતિથી મને આજે બચાવી, નહિ તો મારી આખી જીંદગી ધૂળધાણી થઈ જાત હું તો કયારની તમારા જેવા બાહોશ નરની શોધમાં હતી, આજે એ મારી શોધ અને મહેનત સફળ થઇ. મારા પતિમાં કાંઈ માલ ન હતો, તેથી હવે તો હું તમારી સ્ત્રી થઈને જ રહીશ. પણ કહો તો ખરા ! કે તમે મને ક્યાં લઇ જાઓ છો ?' આવા પ્રકારનાં વચનો વડે વિશ્વાસ પામેલ તે તસ્કર તેણીને 'પોતાની થઇ ગઇ છે' એમ માની તેની છાતી ગજ ગજ ઉંચે ઉછળી રહી છે એવો થઈને બોલ્યો–'તને મારા ઘેર લઈ જઇશ અને મારી પ્રાણ પ્યારી બનાવીશ. આ સામે વડલાની પેલી બાજુ ગામ દેખાય છે એ **નવીનપુર** નામનું મારૂં ગામ છે.' આ પ્રમાણે સાંભળી ગુણમંજરીએ જણાવ્યું 'તમારા કુટુંબમાં તમે એક જ છો કે બીજા કોઇ છે ?' ત્યારે હર્ષ ઘેલો બનેલો પારકાના સુખને લુંટનારો તે કહેવા લાગ્યો કે–'મારા મા – બાપ હયાત છે. અમે ચાર ભાઇઓ છીએ, તેમાં ત્રણ ભાઈઓ પરણેલા છે.' ગુણમંજરી બોલી 'તમારાથી મોટા છે કે નાના !' 'ચોર કહે બધા મારાથી મોટા છે.' ગુણમંજરી કહે 'તમે બધા ભેગા છો કે જુદા ?'–ચોર કહે 'અમે તો બધા ભેગા છીએ.' ગુણમંજરી



મહાસતી ગુણમંજરી ને અંધારી રાત્રીએ દુષ્ટ મંછલો ચોર ઊંટડી
ઉપર બેસારી ને તેણે સ્વનગર તરફ હંકારી જાયછે.

તમે પરણેલા છો કે કુંવારા ? ચોર-'હું કુંવારો છું, પણ આજે અપછરા સરખી તું મને બાયડી મળી, તેથી હું કુંવારો છું એમ માનતો નથી. મારા ભાઈઓની બાયડીઓ તો કાળી કાળી બિલાડા સરખી છે.'

આવો તેનો બકવાદ સાંભળી 'પોતાના પ્રત્યે પૂર્ણ તેને વિશ્વાસ આવી ગયો છે' તેમ જાણી ગુણમંજરી તસ્કરને કહેવા લાગી-'હું તમારી સ્ત્રી થવા તૈયાર છું, એમાં જરા પણ ખોટું માનશો નહિ. પણ મને એક શંકા રહે છે કે- તમે મને આમને આમ જ ઘેર લઇ જશો; તો મારા રૂપ ઉપર તમારા ભાઈઓ મોહિત થશે, અને મને પોતાને કબજે કરશે તો તમે શું કરશો ? કારણ કે તમારા ભાઈઓ પણ તમારા જેવા જબરા હોવા જોઈએ ! તેથી મને પણ જેની સાથે ઠીક લાગે તેની હું સ્ત્રી થાઉં.'

એ સાંભળી ચોર વિચારમાં પડયો-'વાત તો સાચી છે, મારા ભાઈ ઓ મારાથી ઘણા જબરા છે, તેઓ કદાચ પડાવી લે તો શું થાય ? વળી આ પણ કહે છે-મને ગમે તેની સાથે હું રહું. જો આમ બને તો પછી આને હું કેમ રોકી શકું ? વળી મને મદદ પણ કોણ કરે ? ખરેખર આમ થાય તો હું આવી અપછરા સરખી બાયડી ગુમાવી બેસું ? હવે મારે શું કરવું ? તે લેને આને જ પૂછું, તો કોઈ રસ્તો બતાવશે.' પછી ગુણમંજરીને પૂછવા લાગ્યો,-ત્યારે હવે મારે કરવું શું ! આપણા બેનો વિયોગ ન થાય એવો કોઈ રસ્તો તું બતાવીશ ?' બગડેલ બાજી સુધારવાનો સમય આવેલો જાણી મહાસતીએ ઉંચા સ્વરે

જણાવ્યું–'હા, મારું કહ્યું કરો તો બધું સીધું ને સટ થઈ જાય તેમ છે ને કોઈ વખત વિયોગનો સમય ન આવે.' ચોર કહે હા, તો તું કહે તે કરવા હું તૈયાર છું.'

ગુણમંજરી–'ત્યારે સાંભળો, જુઓ તમારા ગામની નજીક આ મોટો વડ દેખાય છે ત્યાં મને મૂકી તમે તમારા ગામમાં જાઓ, અને તમારા મા–બાપ, ભાઈ, બ્હેનો અને બીજા સગા–સંબંધીઓને ભેગા કરી મારી સાથે પરણવાની વાત જણાવી પરણવાની સર્વ સામગ્રી તૈયાર કરી સોળ શણગાર સજી ઘોડા ઉપર બેસી વરઘોડો કાઢી આડંબર સહિત વાજતે ગાજતે અહીં આવી અને ગામના લોકો પણ જાણે તેવી રીતે સર્વની સાક્ષીએ મને પરણો. ખર્ચ ભલે ગમે તેટલો થાય, તેની જરા પણ પરવા કરશો નહિ. કારણ કે મારી પાસે પુષ્કળ ધન છે તે ધન આખી જીંદગી સુધી ખૂટે તેમ નથી. જો આવી રીતે મને પરણશો તો પછી તમારા ભાઈઓ કાંઈ કરી શકશે નહિ, અને કાંઈ ખટપટ કરશે તો બધા તેઓને ધિક્કારશે. કારણ કે જગ જાહેર આપણાં લગ્ન થાય તો બધા કહી શકે. વળી હું પણ બીજે ન જ જઈ શકું.'

વાહ સતી વાહ! તારી બુદ્ધિ આગળ બૃહસ્પતિ પણ પાણી ભરે તેમ છે, તો બિચારા આ રંકનું શું ગજું કે તને છેતરી શકે? કહ્યું કે–

તાત વેંતના સર્વ જણ, કિંમત અક્કલ તુલ્ય;<br>
સરખા કાગળ હુંડીના, આંક પ્રમાણે મૂલ્ય. ૧

આવા સમયે બુદ્ધિ અને વચનને સંકોચી રાખવા ન જોઈએ. વાક્‌ચાતુરી એ સાચો વશીકરણ મંત્ર છે. કહ્યું છે કે–

સબસે મીઠુ બોલીએ, સુખ ઉપજે સબ ઠોર;
વશીકરણ એ મંત્ર હે, તજીએ વચન કઠોર. ૧

प्रियवाकघप्रदानेन, सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मादप्रियं मा वदः वचने किं दरिद्रता? ॥ १ ॥

ભાવાર્થ–"મીઠાં વચન બોલવાથી સર્વ પ્રાણીઓ ખુશી થાય છે, તે કારણથી હે ભવ્ય! અપ્રિયને બોલ નહીં કારણ કે વચનમાં શા માટે દરિદ્રપણું રાખવું જોઇએ...?"

વચન વડે વિશ્વાસ પામેલ તે તસ્કરે વડ આવતાં ઉંટડી સહિત થોડું-ઘણું ચોરી લાવેલ ધન ગુણમંજરીને સોંપી કહ્યું કે – "તું આ વડલાની નીચે બેસજે, અને હું મારા સર્વ સંબંધીઓને ભેગા કરી મોટા ઠાઠમાઠથી વરઘોડે ચડી તને પરણવા આવું છું" ગુણમંજરી બોલી – 'ફીકર કરશો નહીં, હું અહીંયાં જ બેસીશ; પણ તમો તૈયારી કરી જલ્દીથી પધારજો." ત્યાર પછી દુષ્ટાત્મા ચોર પરણવાના અનેક પ્રકારે કોડ કરતો રાજી થતો થતો ગામ તરફ હરખભેર ગયો. તેણે ગામમાં પ્રવેશ કર્યો કે તુરતજ ગુણમંજરીએ સર્વ માલ ઉંટડી ઉપર નાખી તેના ઉપર આરૂઢ થઈ દક્ષિણ દિક્ષા તરફ ઉંટડીને હંકારી દીધી.

આ તરફ ઉત્તર દિશામાં ગયેલ તે ચોર પોતાના ઘરે જઇ માબાપ અને ભાઇઓને કહેવા લાગ્યો કે – "અનર્ગલ ધનની

સાથે એક દેવાંગનાના રૂપને પણ હઠાવનારી સ્રીને હું ઉપાડી લાવ્યો છું, માટે જલ્દી પરણવાની સામગ્રી તૈયાર કરો, સગાં-વહાલાંઓને એકઠાં કરો, અને વરઘોડો મોટા આડંબરથી કાઢી મને તેની સાથે પરણાવો. ગમે તેટલો ખરચ થાય, પણ રાજકુમાર પરણે એવાં ઉત્સવથી મારાં લગ્ન કરો. બધો ખરચ હું પૂરણ કરીશ." આવાં તે ચોરનાં વચન સાંભળી સર્વને સત્ય લાગ્યું. કારણ કે **ચોરનાં કામ ચોર જ જાણે.** પછી બધાંએ પૂછ્યું કે -'ભાઈ! તે સ્ત્રી ક્યાં છે? ચોર-'ગામની બહાર વડલા નીચે મૂકી આવ્યો છું, માટે ઝટ તૈયારી કરો, અને મને પરણાવો,' મા-બાપે પણ વિચાર કર્યો કે - "આ આપણો છેલ્લો પુત્ર છે, માટે આપણે પણ બરાબર લ્હાવો લઈએ. કારણ કે, હવે આપણે બીજા છોકરા પરણાવવાના નથી, માટે વિવાહ-મહોત્સવ સારી રીતે કરી લ્હાવો લઈએ." પછી સગાં-કુટુંબીઓને એકઠાં કરી તે ચોરના કીધા પ્રમાણે વિવાહની સમગ્ર તૈયારી કરી, સેંકડો મનુષ્યો સહિત ચોરને સોળે શણગાર સજાવી, તુરંગ પર બેસાડી ઢોલ-વાજિંત્રના અવાજોની સાથે તે **મંછલા** ચોરનો વરઘોડો ચઢાવવામાં આવ્યો. આ બધી સામગ્રી તૈયાર કરતાં **ત્રણ કલાક** જેટલો સમય વ્યતીત થઈ ગયો.

હવે **મંછલા** ચોરનો વરઘોઢો આગળ ચાલ્યો, અને સોહાગણ નારીઓ આ પ્રમાણે ગીત ગાવા લાગી-

લાડણો પાન ચાવે ને રેસ ઢોળે,
લાડણો વળી વળી પાછું જોવે,
જાણે મારી માતા સાથે આવે,
જાણે મારી સાસુનો રંગ રાખે. ૧

અને ઢોલના અવાજો આ પ્રમાણે સૂચવતા હતા કે–

ઢમ ઢમ ધામલા પદં ગામ ગધેડે ચડયું,
ઢમ ઢમ ધમાલા પદં ગામ ગધેડે ચડયું.

આ પ્રમાણે ઠાઠ જોઈ મંછલા વરજી તો મૂછને ઉંચે ચડાવતા અભિમાનથી ઉંચું મુખ રાખી જાણે આખા જગતનું રાજ્ય એના હાથમાં આવી ગયું હોય નહિ શું ! તેમ આનંદમાં ને આનંદમાં આગળ ચાલવા લાગ્યો. ત્યારે તેની સરખી વયવાળા મિત્રો પૂછવા લાગ્યા– 'અરે મંછલાભાઇ ! તમારી સ્ત્રી કયાં છે ?' મંછલાભાઈ તો આંગળી ઉંચી કરી બોલ્યા– "પેલા વડલા નીચે મૂકી આવ્યો છું. અરે અભાગીયાઓ ! જો જો તો ખરા, મારી બાયડીના રૂપ આગળ તમારી બાયડીઓ પાણી ભરે, એવી તે રૂપાળી છે." આમ વાતો કરતાં વડ નજીક આવવા લાગ્યો. સર્વની આંખો ત્યાં જોવા લાગી, પણ કોઈ મંછલા ચોરની વહુને દેખતું નથી. ત્યારે ફરીથી તેના મિત્રોએ પૂછયું–'અરે મંછલા ! તારી બાયડી કયાં છે ?' ભાઈ સાહેબે રૂવાબથી જવાબ આપ્યો કે– 'અરે ! આમ શું બકબક કરો છો ? વડલા પાસે તો ચાલો !' એમ કરતાં વડ પાસે જાન આવી પહોંચી પણ જેમ દુર્ભાગી દોલતને ન દેખે, તેમ ઉંટડી સહિત ગુણમંજરી ન જ દેખાઈ. હવે તો મંછલાજી મૂંઝાવા લાગ્યા– અરે ! તે સ્ત્રી કયાં ગઈ ? જરૂર મને છેતરી ચાલી ગઇ છે. હાય ! હવે હું શું કરૂં ?' એમ વિચારે છે તેટલામાં તો તેના મા–બાપ અને ભાઇઓ પાસે આવી પૂછવા લાગ્યા–'તારી સ્ત્રી કયાં છે ?' હૃદયથી રડતો

મંદ સ્વરે મંછલો ચોર બોલ્યો 'મેં તો અહિંયા બેસાડી હતી. ક્યાં ગઇ તેની મને ખબર નથી.' આ વાત સાંભળતાં મા-બાપ ને ભાઈઓ ખેદ કરવા લાગ્યા-"અરે! આ કુલ-ખાંપણે તો આપણી મશ્કરી કરી, ને બધાને ફજેત કર્યા. ઓય બાપ! લાખની આબરૂ કાખની કરી નાખી." એમ બોલતા ઘોડા ઉપરથી મંછલાભાઇને ટાંટીયો પકડી જમીન ઉપર પછાડી લાકડીઓ તથા ગડદા-પાટુથી ખૂબ માર મારી અધમુવો કરી બિચારા બધા જણ વીલે મોઢે ઘર ભેગા થયા. પાછળ મંછલાભાઇ મરણ દશાને ભોગવતા પસ્તાવો કરવા લાગ્યા, પણ ગઇ બાજી હાથમાં આવે તેમ તો હતી જ નહિ.

હે સજ્જનો! ખ્યાલ રાખજો કે સતીઓને સતાવનારાને એથીયે બુરી દશા ભોગવવી પડે છે. આ ભવમાં આવી ભવાઈ થાય છે અને પરભવમાં નરકમાં ઉત્પન્ન થઈ અપાર દુઃખો ભોગવવાં પડે છે; તે આ લલિત છંદ વાંચી વિચારી જોશો તો ચોખ્ખું જણાઇ આવશે.

## લલિત છંદ

ફિકર છોડીને ફેલમાં ફર્યો, નફટ રે! નહિ દિલમાં ડર્યો,
કરીજ દુષ્ટ કામો ઘણા અરે! કરમની ન રાખી મણા ખરે. ૧
પરની પ્યારીમાં પ્રેમ બાંધીને, અરર હાય રે માર ખાધી તેં;
જરૂર જાણજે પાપ તાહરાં, નરકમાં અરે નાખશે ખરા. ૨
તરડ તોડશે ચામ તાહરૂં, કરડ કાપશે દેહને અરૂ,
નરકનાં દુઃખો દેખી તું લવે, અરર બાપ રે શું થશે હવે? ૩

સમજ સાનમાં માનને તજી, મરણ નોબતો રે રહી ગજી;
ઝડપશે અરે કાળ કો સમે, ખબર ના પડે તેહની તને. ૪
ચતુર ચેતીને ચાલજે જરી, નફ્ટ ના થજે તું ફરી ફરી;
ધરમ ધ્યાનમાં જો રહે સદા, દુઃખ ન પામશે તો સહી કદા. ૫
વચન સાંભળી શીખ જો ધરે, ભક્તિ ભાવથી દેવની કરે;
કપટ કૂડના પંકથી ડરે, જરૂર **ખાંતિશ્રી** એમ તું તરે. ૬

પરનારીમાં આસક્ત બનનારા ધન–માલની પાયમાલી કરે છે, ગરમી આદિના રોગથી પીડાય છે, વિષયાંધો આ ભવ કે પરભવની જરાએ પરવા કરતા નથી. કૂતરા જેવા તુચ્છ વાસનાની તૃપ્તિ માટે જે જે સ્ત્રીઓને દેખે છે તેમની સામે ફાટી આંખે જોયા કરે છે, તેણીના ઉપર બળજબરી વાપરે છે, સીતમ ગુજારે છે, છેવટે નરકના કીડા બની અપાર દુઃખના ભાગીદાર થાય છે, આવા નરોને શાસ્ત્રકારો ગધેડાની જ ઉપમા આપે છે–

પર પ્યારીમાં પ્રેમ રસ, મરદા બોલ કબોલ;
કદર વિનાનો કંથડો, એ ત્રણે ગદ્ધા તોલ. ૧

હે સુજ્ઞ બ્હેનો ! પરનારીમાં પ્રેમ રાખનાર પુરુષોની જે દશા થાય છે, તેવી જ બલ્કે તેથી પણ અધિક દશા પરપુરુષમાં આસક્તિ ધરાવનાર સ્ત્રીઓની પણ થાય છે; અને તે તે ઉપમાને લાયક સ્ત્રીઓ પણ થાય છે તો તમો તમારા ધર્મને ન ભૂલો એમ ભાર દઈ હું તમોને કહું છું. જો તમારે શીયલની રક્ષા કરવી હોય, મોક્ષ સુખની અભિલાષા હોય તો ગૃહસ્થોને તો શું ? પણ એકલા વિહારી વેશ વિડંબક સાધુઓની સંગત

પણ ન કરશો. તેમ એકલા હોય કે ઘણા હોય, તો પણ એકાંતમાં તેઓની સાથે પરિચય પણ ન રાખશો. જેમ નાગથી ડરતા મનુષ્યો દૂર જ રહે છે, તેમ તમારે પણ સદા તેવાઓથી દૂર જ રહેવું. હે ભગિનીઓ! આ મારા શબ્દોને વિરૂદ્ધરૂપે નહિ માનતાં હિતકારી સમજી જેમ બ્રહ્મચર્યની રક્ષા થાય, અને સુયશ ફેલાય તેવી રીતે વર્તી તમારા જીવનને સુયશસ્વી બનાવી પૂર્વની મહાસતીઓની ગણત્રીમાં આવો એમ જ હું ઇચ્છું છું. સ્વચ્છંદાચારી સ્ત્રીઓ કોઈ રીતે શુદ્ધ રહી શકતી જ નથી, એમ તમે નિશ્ચે માનજો. સ્વપતિને દેવ તરીકે માની સંકટમાં પણ મહાસતી ગુણમંજરીની જેમ અખંડ બ્રહ્મચારિણી રહેજો. કેટલીક વ્યભિચારિણી સ્ત્રીઓનાં પાપે આજે આખોએ સ્ત્રી સમાજ ભંડાઈ રહ્યો છે, એટલું જ નહિ, પણ પરમ પવિત્ર મોક્ષદાતા એવો જૈન **ધર્મ** પણ આજે વગોવાઇ રહ્યો છે. માટે હે બ્હેનો! હે વીર બાલાઓ! તમો તમારા ધર્મમાં ચુસ્ત થાઓ, અને અખંડ બ્રહ્મચારિણી બની ગુમાવેલી કીર્તિને પાછી પ્રાપ્ત કરો, તો જ **સ્ત્રી સમાજ** ઊંચો આવી શકશે. પ્રસંગોપાત આટલી સુચના કરી હવે હું મુખ્ય વિષય ઉપર આવું છું.

હવે મંછલો ચોર ગધેડાની જેમ કૂટાએલો પોતાની મૂર્ખતાને ધિક્કારતો મહા મુસીબતે ઘર ભેગો થયો. પણ ઘરની અંદર કે ગામની અંદર કોઇ તેના બોલવા ઉપર વિશ્વાસ કરતું નથી, અને મંછલો મટીને જુઠાના નામથી ઓળખાવા લાગ્યો. તેનાં કરેલાં પાપ તેને ભોગવવા દ્યો. હવે મહાસતી ગુણમંજરીનું શું થયું? તે જોઇએ.

## પ્રકરણ ૬ ઠું

## ચાર લુંટારાના હાથમાં સપડાયેલ સતી ગુણમંજરી

આ તરફ ઉંટડીને ચલાવતી સતી ગુણમંજરીએ જેટલામાં આઠેક કોશ પંથ કાપ્યો, તેટલામાં તો સામેથી દોડયા આવતા ચોરને તેણીએ જોયા. ચોરોની દૃષ્ટિ પણ ગુણમંજરી ઉપર પડી. દૃષ્ટિ પડતાંની સાથે તેણીના રૂપ ઉપર મોહિત થઈ ગયા, અને એકદમ આવી ગુણમંજરી સહિત ઉંટડીને ઘેરી લીધી. આ જોઇ ગુણમંજરીએ તેઓને પૂછયું – 'ભાઇઓ! તમે કોણ છો? કયાંથી આવો છો? અને ઉંટડીને શા માટે અટકાવી છે?' ઉત્તરમાં ચોરોએ જણાવ્યું– "અમે ચોર છીએ, અને સામેના ગામના રાજાનો ભંડાર તોડી હીરા ઝવેરાત વિગેરે લુંટી અમે અમારા ગામ જતા હતા; ત્યાં હે સુંદરી! અમોએ દૂરથી તને જોઈ તારા રૂપ ઉપર ફીદા થયેલા, અમોએ તને અમારી બાયડી કરવા માટે ઉંટડીને અટકાવી છે, માટે ચાલ અમારા ઘેર." આવા પ્રકારનાં ચોરોનાં વચનો સાંભળી ગુણમંજરી બોલી, પણ તમે ચારને હું એક, તેનો કાંઇ વિચાર કર્યો?' આ વાત સાંભળી ચારે જણા એક બીજા ઉપર દ્વેષિલા થઈ આપસ–આપસમાં લડવા લાગ્યાં. એક કહે– 'આ સ્ત્રીને પહેલી મેં દેખી છે, માટે મારી બાયડી થાય' બીજા કહે બેસ બેસ હવે! બતાવી તો મેં હતી, તો મારી જ બાયડી થાય' ત્રીજો કહે, મારા જીવતાં તમો તમારી બાયડી કેવી રીતે કરો છો? તે હું જોઇ લઇશ. એ તો મારી બાયડી જ થવાની' ચોથો કહે 'મેં વીરવલય પહેરેલાં છે, હું તમારાથી જબરો છું, માટે તમો બધાને મારી નાખી મારી જ સ્ત્રી કરીશ.'

એમ પરસ્પર બોલતા અને લડતા બાથોબાથ આવી ગયા. આ જોઈ મહાસતી ગુણમંજરી વિચારવા લાગી. 'અહો ! ધિક્કાર છે મારા રૂપને કે જે અનર્થ કરવાવાળું છે અરે મારા નિમિત્તે કેટલા અનર્થ થાય છે ? આવા સંકટોમાં હું મારા બ્રહ્મચર્યની કેવી રીતે રક્ષા કરીશ ! અહા કર્મરાજા ! આટલો કોપ આ એક બાળા ઉપર શા માટે ? અરે ? એકમાંથી છુટી તો ચારમાં સપડાઈ, હવે શું કરૂં ? ભલે ગમે તેમ થાય પણ હું મારા શીયલનું ખંડન કરવાની નથી. ખરેખર પહેલાં પણ મહાન પુરૂષોને સંકટો પડયાં છે, છતાં પોતાના વ્રત ને નીતિથી કે કર્તવ્યથી ડગ્યા નથી.' એમ વિચારતી મહાન્ પુરૂષોને સંભાળવા લાગી–

### ભુજંગી છંદ

હતા રામ મોટા મહા રાજવી જી.
સદા લોકને રાખતા રીઝવી જી;
નહિ દુઃખ દેતા કદી કો જનોને,
અરે સજ્જનો શું કહું હું તમોને. ૧.

નીતિ ને વળી ન્યાયથી રાજ્ય પાળે,
પડી આપદા તેહને એક કાળે;
ઘણો કાળ રહ્યા વનોમાં ભરાયે,
છતાં ના દૂભાયા દુઃખોથી જરાયે. ૨.

પડે સંકટો એહવાં તો હજારો,
છતાં ન તજે સજ્જનો માર્ગ સારો;
ભજે ભાવથી જે પ્રભુ પ્રેમ આણી,
કહે ખાંતિશ્રી તે સુખી થાય પ્રાણી.'' ૩

''એવા મહાન પુરૂષોને પણ અનેક દુ:ખો ભોગવવાં પડયાં છે, છતાં હિમ્મત હાર્યા નથી, અને સમભાવે સહન કર્યા છે, તો હે જીવ! તું શા માટે ધીરજને તજી દે છે? તારી બુદ્ધિ કેળવ અને તારો બચવાનો માર્ગ શોધી લે.'' એમ વિચારી તત્કાલ જેણીને માર્ગ સૂઝયો છે એવી સતી ગુણમંજરી ચોરો પ્રત્યે બોલી–'અરે ભાઈઓ! આમ મૂર્ખની જેમ શા માટે લડી મરો છો? હું એકની બાયડી થઈશ, કાંઈ બધાની થઇશ નહીં–'તો તમારે એક–બીજાને લડવું તે યુક્ત નથી.' ચોરોએ કહ્યું–'ત્યારે શું કરીએ? તેનો માર્ગ બતાવ.' ગુણમંજરી બોલી–'જો તમે મારૂં કહ્યું કરો તો એક રસ્તો બતાવું.' ચોરો કહે 'તું કહીશ તે અમારે કબુલ છે....'' ગુણમંજરી કહે તમે ચારે જણા એક–બીજાથી ઉતરો તેમ નથી, આમ લડતાં એક–બીજાનું ખુન થઇ જશે, અને સર્વથી રહેશો. માટે તમારી પાસે જે તીર છે એ મને આપો. અને હું એ તીર ફેકું, જે પહેલો એ તીરને લઇ આવે તેની હું સ્ત્રી થઇશ. જો આમ કરશો તો કલહ પણ મટી જશે, અને કાર્યની સિદ્ધિ થશે. પછી જેવી તમારી મરજી.'

આ સલાહ ચારે ચોરોને ગમી ને ચારે જણાયે કબુલ કર્યું. કારણ કે સહુ પોતપોતાને જાણતા હતા કે 'હું સહુથી

જબરો છું તો તીર લઇ આવીશ, ને મારી સ્ત્રી બનાવીશ.' પછી એક તીર ગુણમંજરીના હાથમાં આપ્યું, ને ચારે જણ તીર લાવવા માટે તૈયાર થઇ ગયા. ઉંટડી ઉપર બેઠેલી અને સર્વ કલાને જાણતી એવી ગુણમંજરીએ તીર એવા જોરથી છોડયું કે તે તીર ચાર ગાઉ છેટે જઈ પડયું. તીર ફેંકતાંની સાથે ચોરીનો સર્વ માલ ત્યાંજ છોડી જે દિશાએ તીર ફેંકયું હતું તે દિશાએ ચારે ચોરોએ એકી સાથે દોટ મૂકી પાછું વળી જોવાની પણ કોઈએ હિંમત ન કરી. કારણ કે પાછું વળી જોવા જાય તો બીજાથી એક ડગલું પાછળ રહી જાય. હવે ચોરોને તીર લેવા દોડતા કરી ગુણમંજરીએ ચારે ચોરોનાં પોટકાંને ઉંટડી પર લાદી ત્યાંથી ઉન્માર્ગે ઉંટડીને હંકારી મૂકી

**અક્કલ બડી કે ભેંસ ?**

શાબાશ સતી શાબાશ ! ઠીક કર્યું. આવા નર રાક્ષસોને એવી જ શીક્ષા કરવી જોઈએ.

તે નર રાક્ષસ સમ કહ્યો, જે વંઠેલ જ હોય;
નિજ કુલનો નાશ જ કરે, લક્ષ્મીને વળી ખોય. ૧

હે વ્હાલી બ્હેનો ! તમે ભૂલે ચૂકે પણ આવા પરનરનો વિશ્વાસ ન કરશો, અને સતી ગુણમંજરીની જેમ અક્કલવાન બની બ્રહ્મચર્યની રક્ષા કરજો. હવે તે ચાર તસ્કરો ચોરી કરી રાજાના ભયથી દોડી દોડી થાકી તો ગયા જ હતા, તેમાં વળી રમાની સાથે રામનો પણ લાભ લેવાની અંશાએ તીર લેવા દોડયા તીર જતાં દેખ્યું, પણ કયાં પડયું તે કોણે દેખ્યું

હતું ? છતાં આશામાં ને આશામાં કોઈ પણ જાતનો વિચાર કર્યા સિવાય છેક સાંજ પડતાં સુધી દોડયા, પણ તીર કોઇના હાથમાં આવ્યું નહીં, છેવટે ઘણો પંથ કરવાથી થાકી જઈ પૃથ્વી ઉપર પડયા, અને પસ્તાવો કરવા લાગ્યા કે-" અરે ! તીર તો મળ્યું નહીં ધન પણ આપણે ત્યાં જ મૂકી આવ્યા. કોણ જાણે તે સ્ત્રી આપણને છેતરી ધન લઈ ચાલી ગઈ હશે તો ? અરે મિત્રો ! ઝટ પાછા ફરો, નહિ તો ચોરમાં પડયા મોર જેવું થશે." એમ કહી સર્વ પાછા ફર્યા. ચાલવાની શક્તિ જેઓમાં રહી નથી એવા તે ચોરો પગ નાંખે છે આગળ અને પડે છે પાછળ. મહા મુશીબતે અર્ધ રાત્રિ જતાં જ્યાં ધન સહિત ગુણમંજરીને મૂકી ગયા હતા ત્યાં આવ્યા જુવે છે તો કોઈ ન મળે. ધન નહિ, તેમ સ્ત્રીને પણ ન જોઇ.

આથી વધારે દુ:ખને ધારણ કરતા ચારે જણા ધબાક દેતા પૃથ્વી પર પડયા. ભૂખ, તૃષા, થાક, ભય, એમ એકી સાથે અનેક દુ:ખોથી પીડાયેલા તેઓ મોઢા ઉપર ખેસ નાખી પોતાના બાપના બાપને યાદ કરતા પોકે પોક મૂકી રડાય તેટલું રડયા, પણ હવે કાંઈ વળે તેમ નહોતું. હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. આખર પોતાની મૂર્ખતાનો વિચાર કરતા પોતપોતાને ઠેકાણે ચાલ્યા ગયા.

ભાઇઓ ! ખ્યાલ રાખજો, પર સ્ત્રીના પ્રેમની આશા રાખનારા અધમ પુરૂષોની શી દશા થાય છે ? તેવા પાપી પુરૂષો આ લોક અને પરલોક બન્નેમાંથી પતિત થઈ મહા વેદના પામ્યા છે, તો હે પ્રિયબંધુઓ ! તમે પર નારી તરફ માતૃબુદ્ધિ અને ભગિનીબુદ્ધિ રાખજો કારણ કે શીયલ વ્રત એ મોટામાં મોટો ગુણ છે.

આ બાજુ સતી મત્તલિકા ગુણમંજરી ઉંટડીને દોડાવતી સાંજ પડતાં એક સમુદ્ર કાંઠે આવી પહોંચી. નજર કરી જુવે છે તો ચારે બાજુ જવાનો ક્યાંય રસ્તો દેખાયો નહિ. હવે શું કરવું ? ક્યાં જવું ? વળી રાત્રિ પણ પડવા આવી છે એમ ચિંતાતુર થઈ થકી 'ભાગ્યમાં હશે તેમ બનશે' એમ નિશ્ચય કરી રાત્રિ ત્યાંજ પસાર કરવાનો વિચાર કર્યો. ઉંટડી પરથી સર્વ માલ નીચે ઉતારી લઈ ઉંટડીને વનમાં ચરતી મૂકી દીધી. અને સર્વ માલનું એક પોટકું બાંધ્યું. પછી એક વૃક્ષ નીચે જમીન સાફ કરી પોતાની પાસે રહેલ વસ્ત્ર પાથરી પોટકાને ઓશીકે મૂકી પથારી પર બેસી બે હાથ લલાટે લગાડી મન, વચન અને કાયા એ ત્રણ યોગે નવકાર મંત્રનું સ્મરણ કરતી છતી ચાર શરણાને ગ્રહણ કર્યા. ત્યાર પછી ચોરાશી લક્ષ જીવાયોની સાથે ખમાવતી છતી કહેવા લાગી કે–'હે જગતના પ્રાણીઓ! મેં તમારી સાથે આ ભવે કે પરભવે હજારો અપરાધો કર્યા હશે, તો મને રાંક સમજીને હે પ્રાણીઓ! મને ક્ષમા આપશો.'

એ પ્રમાણે સર્વ જીવોને ખમાવી નવકાર મંત્રનું સ્મરણ કરતી સાગારિક અણસણને ગ્રહણ કરી નિદ્રાધિન થઈ.

## સાગારિક અણસણની ગાથા.

આહાર શરીર ને ઉપાધિ, પચ્ચખું પાપ અઢાર;
મરણ આવે તો વોસિરે, ને જીવું તો આગાર. ૧

હવે કાંતિપુર નગરમાં રહેલ વીરસેનકુમાર સવારમાં જાગૃત થતાં જુએ છે તો ઉંટડી સહિત તે માણસને ન જોયો, તેમ પોતે રહેતો હતો તે ઘરમાં જોયું તો ગુણમંજરી પણ ન

દેખાઈ. 'અરે ! મારી સ્ત્રી ક્યાં ગઈ ? ઉંટડીવાળો પણ દેખાતો નથી' આમ ભ્રાન્તિમાં પડી જઈ અત્યંત દુઃખને ધારણ કરતા અને પહેલાંની માફક ગુણમંજરીના પોકાર કરતા એવા વીરસેન કુમારને વિધાતાએ રખડતો કરી દીધો. નગરની અંદર કોઈ દયાળુ ખાવા આપે તે ખાય, અને ગુણમંજરીના પોકાર કરતો ગાંડાની જેમ નગરમાં ભટકવા લાગ્યો.

## પ્રકરણ ૭ મું

### સતી ગુણમંજરી પર ધનદત્ત શેઠની અપારકૃપા

સતી ગુણમંજરીને શીયલના પ્રભાવથી અને ધર્મની શ્રદ્ધાથી જંગલમાં હિંસક પ્રાણીઓએ કાંઈ પણ હરકત પહોંચાડી નહિ. આખી રાત્રિ શાંતિથી પસાર થઈ ગઈ. સતીના દર્શન કરવા જાણે ઇચ્છતો ન હોય ! તેમ સૂર્ય દેવ પૂર્વાચલ પર આરૂઢ થયો. બે ઘડી દિવસ ચડયા છતાં ભૂખ, તૃષા, થાક અને જંગલના શીતલ વાયુના યોગે સતી ગુણમંજરી જાગૃત ન થઈ. આવા સમયે ત્રંબાવતી નગરીનો રહીશ ધનદત્ત નામે શ્રેષ્ઠી પરદેશ વેપાર કરવા ગયેલ, તે શ્રેષ્ઠી અનગલ દ્રવ્ય મેળવી પોતાના વતને જવા પાછો ફર્યો. તેનાં વહાણ ચાલતાં ચાલતાં આજે અહીં આવી પહોંચ્યાં છે, ભવિતવ્યતાના યોગે ત્યાંજ સમુદ્રના કાંઠે વહાણોને થોભાવવા ધનદત્ત શ્રેષ્ઠીની ઈચ્છા થઈ. વહાણો ત્યાં થોભાવ્યા, વહાણના કેટલાક લોકો ભોજન કરવાની તૈયારીમાં રોકાયા, કેટલાક જંગલમાં લાકડાં એકઠાં કરવા ગયા, અને શેઠજી જંગલ જવા નીકળ્યા, વનની શોભાને જોતા આગળ ચાલે છે. તેટલામાં ત્યાં ચરતી ઉંટડીને જોઇ, ઉંટડીને જોઈ શેઠ વિચારમાં પડયા કે–' મનુષ્ય વિનાના આ જંગલમાં

ઉંટડી કયાંથી ? તો જરૂર કોઈ મનુષ્ય હોવો જોઇએ.' એમ ચિંતવતો શેઠ વનની ચારે બાજુએ દૃષ્ટિ કરી જોવા લાગ્યો, ત્યાં તો એક વૃક્ષની નીચે સતીને નિર્ભયપણે સૂતેલી જોઇ. વળી એક આશ્ચર્ય તો તેણે એ જોયું કે, સવાર થવા છતાં વૃક્ષની છાયા જાણે તેણીનું રક્ષણ ન કરતી હોય ! તેમ તેણીના શરીર ઉપરજ થંભાઇ ગઈ હતી. આ જોઈ ચિત્તમાં ચમત્કાર પામેલો શેઠ સતી ગુણમંજરીની નજીક આવ્યો. તેણીના શરીરની અપાર તેજસ્વી કાંતિ જોઈ શેઠ વિચારે છે-'શું આ વન દેવી છે ? કોઈ નાગ કન્યા છે ? કે કોઇ દેવી છે ? અથવા તો મનુષ્યણી છે ?'

પૃથ્વી ઉપર શયન, વિગેરે ચિન્હો જોઈ શેઠે નિશ્ચય કર્યો કે 'છે તો કોઈ જરૂર મનુષ્યણી, પણ કાંઈ કારણવશાત્ અત્રે આવેલી જણાય છે. તો હું તેણીને જાગૃત કરી સર્વ વાત પૂછું. પણ તે કેમ બને ? શાસ્ત્રમાં કહ્યું છે કે-

धर्मनिन्दी पंक्तिभेदी, निद्राच्छेदी निरर्थकः ।
कथाभङ्गी गुणद्वेषी, पञ्चते परमाधमाः ॥ १ ॥

**ભાવાર્થ**-'ધર્મની નિન્દા કરનાર, પંક્તિનો ભેદ કરનાર ફોગટ નિદ્રાનો છેદ કરનાર, કથાનો ભંગ કરનાર અને ગુણોનો દ્વેષી એ પાંચેને શાસ્ત્રકારોએ અધમ કહેલા છે.'

તેથી મારે તેણીને જાગૃત કરવી તે યોગ્ય નથી. તો હવે શું કરૂં ? મારે અહીં મૂકીને જવું તે પણ ઠીક નથી, તો આને હમણાં મારા વહાણમાં મુકાવી દઉં, જાગૃત થયા પછી સર્વ પૂછીશ, અને તેણીના ઈચ્છિત સ્થાને પહોંચાડીશ.' એમ નિરધારી પોતાના સેવકોને હુકમ કર્યો કે 'જે વહાણમાં મારો

સર્વ માલ ભર્યો છે, ને જેની અંદર લાખ રૂપિયાનો પોપટ છે, તે વહાણમાં આ સ્ત્રીને કોઈ પણ પ્રકારે હરકત ન પહોંચે તેમ ઉપાડીને મૂકી દ્યો.” શેઠનો હુકમ થતાં આજ્ઞાધિન સેવકોએ પોટકા સહિત ગુણમંજરીને વહાણમાં મૂકી દીધી, છતાં તે જાગૃત ન થઈ.

હવે સર્વ કાર્ય પતાવી દઇ શેઠ બીજા વહાણમાં બેઠા ને વહાણ ચલાવવામાં આવ્યાં. શેઠનું અને ગુણમંજરીવાળું વહાણ બરાબર લગોલગ ચાલતાં. જ્યાં વહાણો થોડેક દૂર ચાલ્યાં કે પાણીના અવાજથી તે બાળા એકદમ જાગૃત થઈ ગઈ અને જુએ છે તો વનને બદલે પોતે વહાણમાં છે. પોતાનું કોઈ હરણ કરી જાય છે.’ એમ માની ભયભ્રાંત થઈ થકી વિવિધ રીતે વિલાપ કરવા લાગી. તે વખતે તેણીને આશ્વાસન આપતાં શ્રેષ્ઠીએ કહ્યું—‘હે ધર્મભગિની! તમે ભયને ત્યજી દ્યો, શાંત થાઓ અને મને કહો કે આપ કોણ છો? ક્યા કારણને લઈએ નિર્જન વનમાં, કયા નિર્દય મનુષ્યે આપનો ત્યાગ કર્યો હતો? અથવા ક્યા કારણથી આપ સ્વજનથી વિયોગિત થઇ એ વનમાં આવેલાં હતાં? જો હરકત ન હોય તો કહો, આપનું સર્વ વૃતાંત જાણવા ઇચ્છું છું. મારા તરફની આપ જરાએ શંકા રાખશો નહિ. હું શ્રાવક છું, મેં સદ્ગુરુ પાસેથી શ્રાવકના બાર વ્રત ઉચ્ચરેલાં છે. યાવત્ જીવિત પર સ્ત્રી સહોદર રહેવું એ મહા વ્રત મેં મારા જીવનમાં અંગીકાર કર્યું છે. આ જગતની બધી બાળાઓ મારી બહેનો છે, અને બધી વૃદ્ધાઓ મારી માતાઓ છે.

પરનારી મુજ બહેનડી, પરનારી મુજ માત;
હું બાંધવ પરનારીનો, સાચી માનો વાત. ૧

ફક્ત પરોપકાર બુદ્ધિએ આપનું રક્ષણ કરવાની ખાતર જ તે ભયંકર વનમાંથી આપને ઉપડાવી મારા વહાણમાં મૂકાવ્યા છે. માટે હે આત્મભગિની ! હે સુશીલ ! શંકા રહિત બની આપની સર્વ વાત મને જણાવો.

તે નરવીરના આવા અમૃતમય વચનો સાંભળી કાંઈક આશ્વાસન પામેલી સતીશેખર ગુણમંજરીએ એક આંખે શ્રાવણ અને બીજી આંખે ભાદરવો વરસાવતી મૂળથી માંડી અત્યાર સુધીની સર્વ બીના તે શેઠને જણાવી. એ બીના સાંભળતાં જ દયાળુ **ધનદત્ત** શેઠ વચ વચમાં કંપી ઉઠતો, કયારેક તો તે કામાંધ નર–પિશાચોને ધિક્કારતો. વળી આ મહાસતીની બહાદૂરી, હિંમત, બ્રહ્મચર્યની દઢતા ને અક્કલથી અજાયબ થતો તે સતીને ધન્યવાદ આપતો છતો બોલી ઉઠતો હતો કે 'વાહ સતી વાહ ! તમારા જેવી સતી શિરોમણીના પ્રતાપે જ ગૃહસ્થાશ્રમ સ્વર્ગીય બને છે ને જગતમાં ધર્મ સચવાય છે.' બધી વાત સાંભળી શેઠે કહ્યું કે 'હે બહેન ! હવે તમે જરા પણ ચિંતા કરશો નહિ. તમારા પતિની ગમે ત્યાંથી શોધ કરાવી આપીશ, ધર્મના પ્રતાપે સર્વ સારૂં થાય છે હવે તમારૂં દુઃખ વધારે દિવસ રહે તેમ નથી. ખરેખર મને પણ આજે સ્વધર્મીની સેવા કરવાનો લાભ મળ્યો છે. કહ્યું છે કે–

'સ્વામીના સગપણ સમું, અવર ન સગપણ કોય;
ભક્તિ કરો સ્વામી તણી, સમકિત નિર્મળ હોય.' ૧

આ પ્રકારે સુખ-દુઃખની વાતો અને ધાર્મિક ચર્ચા કરતાં સમુદ્રમાં અરધેક આવ્યા, ત્યાં તો કર્મના યોગે પ્રતિકૂલ વાયુનું જોર જામ્યું. જાણે વૈરીના અર્થને સાધતો ન હોય શું! તેમ તે પવન વહાણોને ચારે બાજુ વિખેરવા લાગ્યો, ઘણા પ્રયાસો કરવા છતાં શેઠનું અને ગુણમંજરીનું વહાણ ભેગું ન જ ચાલી શક્યું. બંને વહાણો જુદી જુદી દિશાએ જોસભેર ઘસડાવા લાગ્યાં, અને બંને વચ્ચે અંતર પડી ગયું. આ જોઇ ગુણમંજરી પિતા સરખા પરોપકારી શ્રેષ્ઠીના વિયોગથી જળચર પ્રાણીઓને પણ રડાવતી હોય તેમ રૂદન કરવા લાગી. અને પોપટને શેઠના કુશળ સમાચાર પૂછવા મોકલે છે, શેઠ પણ ધીરજના વચનો વડે આશ્વાસન આપવા પાછો પોપટને ગુણમંજરી પાસે મોકલે છે. એમ બે ત્રણ વખત આકાશ માર્ગે પોપટે જઈ આવી એકબીજાના સમાચાર આપ્યા. હવે વહાણો વચ્ચે મોટું અંતર પડયું. શેઠ બોલ્યા, 'હે ઉત્તમ કીર! તું સતી ગુણમંજરી પાસે જા, અને તેણીના દુઃખમાં મદદ કરવાવાળો થા વળી તું ચતુર છે, માટે વધારે ભલામણ કરવાની જરૂર રહેતી નથી તો જેમ તે મહાસતીને શાંતિ થાય, સુખ થાય, તે પ્રમાણે વર્તજે. હવે તું સતીની પાસે રહેજે. જા વહાલા કીર! જા, તું જલદી જા, તે સતીને આશ્વાસન આપ; નહિંતર એ બિચારીનું શું થશે' એમ કહી શેઠે પોપટને રજા આપી. પોપટ પણ શેઠને છેલ્લી સલામ કરી પોતાના શેઠના વિયોગથી દુઃખિત થયેલો સતી ગુણમંજરીના વહાણમાં આવ્યો.

આ બાજુ **ધનદત્ત** શેઠ પોતાની માલ-મિલ્કતની જરાએ પરવા કરતો નથી. તેને એમ પણ થતું નથી કે મારી મિલ્કત બધી ગઇ. પણ એજ ચિંતા કરે છે કે-'અરે! તે સતીનું શું થશે? હું તેનું રક્ષણ ન કરી શકયો, તેની એકે આશા મેં પૂરી કરી નહિ. ખરેખર! અમૂલ્ય સાધર્મિક બ્હેનનો ઉદ્ધાર કરવાનો વખત ચાલ્યો ગયો.' એમ અનેક પ્રકારે તેણીના દુઃખે દુઃખી થતો શ્રેષ્ઠી અનુક્રમે પોતાના વતને પહોંચ્યો, પણ તે ગુણમંજરી તેના હૃદયમાંથી ખસી નહિ. ગુણમંજરીના ગુણોનું સ્મરણ કરતો 'ફરીથી કયારે મળશે? એવી વિચારણાથી શ્રેષ્ઠી પોતાના દિવસો દુઃખપૂર્વક વ્યતીત કરવા લાગ્યો, હે મહાશયો! પ્રિય પાઠકો! તમે પણ તમારા સ્વધર્મી પર આટલો જ પ્રેમ રાખજો, વખત મળે સ્વામીભાઈની ભક્તિ-સેવા કરી ઉપકારી બનજો અને મનુષ્ય ભવને સફળ કરજો.

શ્રેષ્ઠીના વિયોગથી કલ્પાંત કરતી ગુણમંજરી પોતાના પૂર્વકૃત કર્મોને ધિક્કારવા લાગી, અને કર્મની વિચિત્ર ગતિથી ચોરાશી લક્ષ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં કોઈ પણ જીવોને કોઈ પણ ગતિમાં જરાયે સુખ નથી, એમ ચાર ગતિના સ્વરૂપનું ચિંતવન કરવા લાગી-

ત્રોટક છંદ

ગતિ ચાર તણાં દુઃખ છેજ ઘણાં,
દુઃખ ભોગવવાં પશુ પંખી તણાં;
વળી નરકમાં દુઃખ તેથી ઘણાં;
નર-નાર પણે દુઃખ શોક તણાં. ૧

ગતિ દેવ તણી પણ તેમ મલી,
પર ઋદ્ધિ તણી ઈર્ષાજ વલી;
ભવમાં ભમતો દુઃખને ખમતો,
પણ પામર રે હજી ના ડરતો. ૨

હરિ રામ હતા બલવંત ઘણા,
સુખ ભોગવતા સુરરાજ તણા;
પણ આખર ખાખજ તેજ થયા,
યમરાજ તણા કરમાં જ ગયા. ૩

તજ કામ કષાય અરે ! મનથી,
જપ જાપ ટળે અઘ આ તનથી;
ભજ ભક્તિ વડે પ્રભુને દિલથી,
**ખાંતિશ્રી** છૂટ છેદન ભેદનથી. ૪

"અહા ! આવા મહાન આત્માઓની પણ કર્મરાજાએ દુર્દશા કરી દીધી છે, તો મારા જેવાની થાય તેમાં શું નવાઇ ? ખરેખર, સર્વજ્ઞ પ્રભુના પ્રકાશેલા ધર્મ સિવાય જીવાત્માઓનું રક્ષણ કરનાર આ જગતમાં કોઈ નથી, મેં તે ધર્મ વિરાધ્યો હશે, તેથી જ ઉત્તરોત્તર દુઃખની શ્રેણીઓ મારા ઉપર આવે છે. બીજું તો ઠીક, પણ હું મારા બ્રહ્મચર્યનું કેવી રીતે પાલન કરી શકીશ ? પરોપકારી **ધનદત્ત** શેઠની મિલ્કત પણ મારી પાસે રહી તે શ્રેષ્ઠીનું શું થશે ?" આમ ઝુરતી તે મહાસતીને ચતુર પોપટ કહેવા લાગ્યો – "હે બ્હેન ! આમ શા માટે કલ્પાંતો કરો છો ? જે ભાવીમાં બનવાનું હોય તે બન્યા કરે છે, કરેલાં કર્મ ભોગવવાં પડે છે, એમ સમજવા છતાં તમારા

જેવી સમજુને આ કલ્પાંતો કરવા યોગ્ય નથી.” ગુણમંજરી બોલી–‘હે કીર ! મને બીજું કાંઈ દુઃખ થતું નથી, પણ મને એક જ ચિંતા થયા કરે છે કે, હું મારા શીયલનું રક્ષણ કેવી રીતે કરીશ ? કોણ જાણે આ વહાણ ક્યાં લઈ જશે ?’ બુદ્ધિનો ભંડાર પોપટ બોલ્યો–“હે ભગિની ! તમે ચિંતા કરશો નહીં. તમારા દુઃખમાં મદદ કરવા માટે મને શેઠે અહીંયાં મોકલેલો છે, તો હું તમને બનતી મદદ જરૂરી કરીશ. આ વહાણમાં મારા શ્રેષ્ઠીનો રાજસભામાં જવાનો પોશાક રહેલો છે તે તમે પહેરી લ્યો. વળી કોઈ જોગીએ દયાળુ શ્રેષ્ઠી ઉપર પ્રસન્ન થઈ એક ગુટિકા આપેલી છે, તે ગુટિકા જો પુરૂષ બાંધે તો સ્ત્રી રૂપે થાય છે, અને સ્ત્રી બાંધે તો પુરૂષ રૂપે થાય છે તે ગુટિકા કોટના ખીસામાં છે, તે તમે તમારી જમણી ભુજાએ બાંધી લ્યો, આથી પુરૂષરૂપે તમારા બ્રહ્મચર્યનું સારી રીતે રક્ષણ થશે.” પોપટના કહ્યા મુજબ ગુણમંજરીએ કર્યું, અને તેણીના સર્વ ભય નાશ પામ્યા.

## પ્રકરણ ૮ મું

### પુરૂષ વેષે ગુણમંજરી સતીનું કંપિલપુર બંદરે ઉતરવું અને પોપટે કરાવેલ રાજપુત્ર સાથે અપૂર્વ ભેટો.

હવે વહાણ ચાલતાં **કંપિલપુર** નગરના કાંઠે આવી પહોંચ્યા. પોપટની સલાહ મુજબ પુરૂષ વેષે મહાસતી ગુણ-મંજરીએ **કંપિલપુર** બંદર ઉપર વહાણ થંભાવ્યાં. સર્વ માલ વહાણમાંથી ઉતરાવી તે બંદર ઉપર એક મોટું મકાન વેચાતું લઈ સર્વ માલ તેમાં ભરાવ્યો. જોઇતા નોકરો રાખ્યા, રાજપુત્ર જેવું તેનું સર્વ કામ થવા લાગ્યું. ગરીબોને છૂટે હાથે

દાન દેવા લાગી. જે કોઇ આવે તેનું સારી રીતે માન સાચવતી, આથી સારાએ શહેરમાં તેણીની કીર્તિ ફેલાવા લાગી. લોકો કહેવા લાગ્યાં-' કોઇ પરદેશી રાજકુમાર બંદર પર રહેલો છે, ને દાન-પુણ્ય કરતા દેવકુમારની જેમ લીલા કરી રહ્યો છે.'

ચતુર પોપટ દિવસે આકાશમાં ઉડી તે નગરમાં જઈ અહીંનો રાજા કેવો છે? નગરના લોકો કેવા છે? રાજ્ય કેવી રીતે ચાલે છે? વિગેરે જોવા માટે જાય છે અને રાત્રે ગુણ-મંજરીની પાસે સર્વ બીના કહી સંભળાવે છે કે-"આ નગરમાં **નરવીર** નામે રાજા રાજ્ય કરે છે, ન્યાયવાન નીતિજ્ઞ તેમજ ઘણો બાહોશ છે તે રાજાને **નરભાનુ** નામે કુમાર છે તે કુમાર બહોંતેર કળામાં પારંગત છે, ને હંમેશાં ઘોડેસ્વાર થઈ પૂર્વ દિશામાં રમવા જાય છે. માટે બ્હેન! તમે પણ ઘોડેસ્વાર થઇ નરભાનુ કુમારથી થોડે દૂર રમવા જાઓ. કારણ કે હજી તમારે ઘણું કામ કરવાનું છે, તમારા સસરાનું ગયેલું રાજ્ય પણ તમારે જ લેવાનું છે. જો એ કુમાર સાથે મિત્રતા થાય તો સર્વ કાર્ય સિદ્ધ થાય" પછી ગુણમંજરી પોપટના કહ્યા પ્રમાણે દરરોજ ત્યાં રમવા જાય છે. બે ત્રણ દિવસ થયા, ત્યાં નરભાનુ કુમાર તેજસ્વી તે યુવકને જોઈ વિચારવા લાગ્યો-નગરમાં જે રાજપુત્રની વાતો થાય છે તે આજ કુમાર હોવો જોઈએ, તો હું તેને બોલાવું" એમ વિચારી તે નરભાનુ કુમાર ગુણમંજરીની પાસે આવી કુશળ સમાચાર પૂર્વક પૂછયું-'આપ કયા દેશથી અહિં પધાર્યા છો? આપનું નામ શું છે?' ઉત્તરમાં ગુણમંજરીએ જણાવ્યું કે 'હું રાજપુત્ર છું, મારૂં નામ ગુણસેન છે, અને દેશ-પરદેશ જોવાની ખાતર હું નીકળેલો

છું. અહીં મને આનંદ ઉપજતો હોવાથી કેટલાક દિવસોથી અહિં રહેલો છું.' આ પ્રમાણે વાતચીત કરી બંને કુમાર છુટા પડી, પોતપોતાને સ્થાને ગયા. ફરી બીજે દિવસે અશ્વ ખેલાવવા માટે ગયા, અને ત્યાં પાછા ભેગા થયા. એક-બીજા પોતાની અશ્વકળા બતાવવા લાગ્યા. બે ચાર દિવસમાં **નરભાનુ** કુમારનું મન ગુણ-સેન સાથે મળી ગયું. હવે તો એક બીજામાં વિશેષ પ્રીતિ થઈ જે જે બાબતો બને છે તે ગુણમંજરી પોપટને કહે છે.

એક વખત **નરભાનુ**કુમારે ગુણસેનકુમારને રાજસભામાં આવવા આગ્રહ કર્યો. ગુણસેનકુમારે હસીને કહ્યું-'હે મિત્ર હું આવતી કાલે જરૂર આવીશ, અત્યારે મોડું થયું છે, માટે હું આજે આવી શકીશ નહીં.' એમ કહી બંને કુમારો પોતપોતાના સ્થાને ગયા. પુરૂષ વેશને ધારણ કરનાર ગુણમંજરીએ ઘરે આવી પોપટને બધી વાત કરી. પોપટે જણાવ્યું-"હે બ્હેન ! તમે ખુશીથી રાજસભામાં જાઓ પણ એટલો ખ્યાલ રાખજો કે તમારે કોઇ વખત ત્યાં રાત રહેવું નહિં, અને રાજસભામાં જતાં રસ્તામાં એક સરોવર આવે છે તે સરોવરમાં તમારે જતાં કે આવતાં ભૂલેચૂકે પણ સ્નાન કરવું નહિ, તેટલું ધ્યાનમાં રાખજો." પોપટની આ શિખામણ ગુણમંજરીએ બરાબર ધારી રાખી, બીજે દિવસે ફરી બંને કુમારો ભેગા થયા. **નરભાનુ** કુમારે રાજસભામાં આવવા આગ્રહ કર્યો, કુમારના વચનને માન આપી ગુણસેનકુમાર **નરભાનુ**ની સાથે રાજસભામાં ગયો.

**નરવીર** રાજાને સલામ કરી બંને કુમારો યોગ્ય સ્થાને બેઠા. રાજાની દૃષ્ટિ ચાલાક તેજસ્વી એવા ગુણસેન ઉપર પડી.

સ્વરૂપવંત તે ગુણસેનને જોઈ નરવીર રાજાએ પોતાના પુત્ર નરભાનુને પૂછ્યું આ ભાગ્યશાળી નરોત્તમકુમાર કોણ છે?' ઉત્તરમાં હસતા મુખે કુમારે જે પ્રમાણે ગુણસેને કહ્યું હતું તે જણાવ્યું. તે સાંભળી રાજા અત્યંત આનંદ પામ્યો. આનંદિત ચહેરે ગુણસેનકુમારને પોતાના પુત્રની જેમ સ્નેહ બતાવતા રાજાએ હંમેશાં રાજસભામાં આવવા માટે આગ્રહ કર્યો. સમય જતાં ગુણસેનકુમાર પોતાના મહેલે આવી પહોંચ્યો, અને ત્યાં બનેલી સર્વ બીના પોપટને કહી સંભળાવી.

ફરી બીજે દિવસે ગુણસેન રાજસભામાં ગયો. ત્યાં રાજાની પાસે ચાર માણસો ન્યાય કરાવવા આવેલા હતા, પણ તે ન્યાય રાજા કે પ્રધાન કોઈ કરી શકતા નહોતા. આ જોઈ બુદ્ધિનો ભંડાર ગુણસેન બોલ્યો 'હે રાજન! ખીલતા કમલ જેવું આપનું મુખ સદા આનંદીત રહે છે, છતાં કઈ ચિંતાએ આજે કરમાવી દીધું છે?' ત્યારે રાજાએ જણાવ્યું–

**રતિપુર** ગામના રહીશ **લક્ષ્મીચંદ, લાલચંદ, લાભચંદ ને લલ્લુભાઈ,** આ ચારે શેઠીયાઓએ **રૂનો** વેપાર કરવાની ઇચ્છાથી દરેક જણે રૂપિયા દસ–દસ હજારની રકમ કાઢી. રૂપિયા ચાલીશ હજાર ભેગા કરી તેનું રૂ લીધું. રૂ લીધા પછી કર્મવશાત એકદમ રૂનો ભાવ ઘટી ગયો. આથી પોતાને લાભને બદલે ટોટો આવતો હોવાથી ચારે જણે વિચાર કર્યો કે–સારો ભાવ આવશે ત્યારે વેચશું એમ વિચારી વિશાળ એક મકાન લઇ તેમાં બધું રૂ ભરી દીધું. પણ ત્યાં ઉંદરો થયા, અને રૂને થોડે થોડે ખેંચી જતા જોઇ ચારે જણે વિચાર કર્યો કે હવે શું કરવું? થોડા દિવસમાં કેટલુંએ રૂ ખેંચાઇ જશે ને બગડી

જશે એમ વિચારી તેના રક્ષણની ખાતર એક બિલાડી ત્યાં રાખી. પણ ખોરાક વિના મરી જાય, તેથી એક રસોઇયો રાખ્યો. તે હંમેશાં રસોઇ કરી બિલાડીને ખવરાવે છે. બિલાડી માંદી પડે તો તેની સારવાર કોણ કરે? માલ બધાનો ભેગો છે તેથી એક જણ સેવા કરે તે કેમ પાલવે? આથી ચારે શેઠીયાઓએ બિલાડીના એક એક પગની સાથે તેના ભાગમાં આવતા અંગની સારવાર કરવાનું માથે લીધું. અને બીજો પણ એ ઠરાવ કર્યો કે, બિલાડીનો જે પગ રૂની નુકસાની કરે તે પગનો માલિક જે નુકશાન થયું હોય તે ભરી આપે. એક દિવસ કુદાકુદ કરતાં બિલાડીના એક પગે વાગ્યું, ને લોહી નીકળ્યું. તે પગ **લલ્લુભાઈના** ભાગે આવેલો હતો, એટલે સેવા કરવાનું તેને જ હતું. લલ્લુભાઈએ લોહી બંધ કરવા માટે બિલાડીને પગે ગ્યાસતેલનો પાટો બાંધ્યો.

હવે રસોઈયો રસોઈ કરે છે ત્યાં ચૂલાની આસપાસ બિલ્લીબાઈ આંટા મારે છે. એટલામાં અગ્નિ જાળ પગ ઉપર બાંધેલાં કપડાને લાગવાથી સળગ્યું, અને ભયથી બિલ્લીબાઈ કુદતા કુદતા હંમેશના રિવાજ મુજબ રૂના ઢગલામાં જઈ ભરાયા કે તુરત રૂ સળગ્યું. બિલાડીના પગે અગ્નિ લાગી ત્યારે રસોઈયાને ધ્યાન હતું નહિ, પણ જ્યારે રૂ સળગ્યું ને ભડકા થયા ત્યારે એકદમ રસોઈયો ત્યાં આવી પહોંચ્યો, અને બિલાડીને બચાવી પણ રૂ તો બધું ભસ્મીભૂત થઇ ગયું. આ વાતની શેઠીઆઓને ખબર પડી, ચારે જણા ભેગા થયા, અને કરેલા કરાર મુજબ લલ્લુશેઠની પાસેથી થયેલી નુકસાની બદલ રૂપિયા ત્રીશ હજાર ત્રણે જણાએ માગ્યા. અને કહ્યું કે ભાઇ તમારા

ભાગમાં આવેલા પગે નુકસાની કરી છે, તો જલ્દીથી રૂપિયા આપો. પણ લલ્લુભાઈ તો ત્રણેથી પૈસે-ટકે ઉતરતા છે. મહાન લાભની આશાએ જેમ તેમ કરી રૂપિયા દસ હજાર આપેલ હતા. હવે તેના ઘરમાં કાંઈ છે નહી, તેથી તે આપતો નથી. તેને લઇ ન્યાય કરાવવા ત્રણે જણ આવ્યા છે, અને કરેલા ઠરાવ મુજબ લલ્લુશેઠવાળા પગે જ નુકસાની પહોંચાડી છે, તેથી લલ્લુશેઠે જ રકમ ભરી દેવી જોઈએ. હવે તેટલી રકમ ભરવા જતાં આ બિચારો ગરીબ માર્યો જાય છે આ સંબંધમાં શું કરવું ? એ ચિંતાએ અમો બધાને મુંઝવી દીધા છે.'

આ પ્રમાણે બીના સાંભળી ગુણસેનકુમારે તે બિલાડીને રાજસભામાં મંગાવી. તુરત જ ત્યાં બિલાડી હાજર કરવામાં આવી. બિલાડીને જોઇ ગુણસેનકુમારે ન્યાય કર્યો કે-'હે રાજેન્દ્ર ! આ લલ્લુશેઠ બીલકુલ ગુન્હેગાર નથી, કારણ કે તેના ભાગમાં આવેલ પગમાં દોડી શકવાની જરાએ તાકાત નથી તે પગ લંગડો થયેલો છે. પણ સાચા ગુન્હેગાર પેલા ત્રણે સાજા-તાજા પગ જ છે. જો એ પગો જોરથી દોડયા તો જ આ લુલો થયેલ પગ ત્યાં જઇ શકયો. તો આ ત્રણ પગોએ નુકસાની કરી છે. જો એ ત્રણે પગ ચાલ્યા ન હોત તો આ પગ કદી ત્યાં જઈ શકત નહી, અને રૂ પણ બળત નહી. માટે તેના માલિકોએ લલ્લુશેઠની રકમ લલ્લુશેઠને ભરી આપવી જોઈએ.'

આ પ્રમાણે ગુણસેને કરેલો ન્યાય રાજાને ગમ્યો, ને સર્વ સભાએ પણ કહ્યું-'હે મહારાજ ! જે આ ગુણસેન કુમારે ન્યાય કર્યો છે તે બરાબર છે' પછી રાજાએ ત્રણેને

હુકમ કરી દીધો કે–'અરે શેઠીયાઓ ! આ લલ્લુશેઠને તેની દસ હજારની રકમ ભરી આપો, કારણ કે તમારા પગોએ જ નુકસાની કરી છે. આ પ્રમાણેના રાજાના વચનો સાંભળી ત્રણે જણા વિલખા થઈ ગયા. અને હુકમ પ્રમાણે ત્રણે જણાએ મળી દસ હજાર રૂપિયા લલ્લુભાઈને આપી દઈ સર્વ પોત-પોતાના સ્થાને ચાલ્યા ગયા. સર્વ સભા પણ ગુણસેનકુમારની બુદ્ધિની તારીફ કરતી વિસર્જન થઇ.

## પ્રકરણ ૯ મું

### ગુણસેન (ગુણમંજરી) ની બુદ્ધિથી રંજીત થયેલ રાજાએ ગુણસેન સાથે રાજપુત્રીના કરેલાં લગ્ન

કુમારની તીક્ષ્ણ બુદ્ધિ જોઈ રાજા ચકિત થઇ ગયો. તેના મનમાં બીજી એક રમત સુઝી આવી. **નરવીર** રાજાને એક **રતિસુંદરી** નામે ચોસઠ કળાને જાણનારી અને યૌવન અવસ્થાને પામેલી પુત્રી છે. તેના યોગ્ય વર ઘણી તપાસ કરવા છતાં મળતો નથી, તેથી રાજાને હંમેશાં ચિંતા રહ્યા કરે છે આજે તે કન્યા ગુણસેનકુમારને આપવા રાજાની ઇચ્છા થઈ. પોતાના પુત્ર નરભાનુકુમારને એકાંતમાં બોલાવી રાજાએ પોતાનો વિચાર જણાવી કહ્યું–'પુત્ર ! તું ગમે તેમ કરી આ કુમારની સાથે તારી બ્હેનનો સબંધ થાય તેમ કર, ફરીને આવો જમાઈ મળવો મુશ્કેલ છે. આ નરરત્ન હાથમાં આવેલ ચાલ્યો ન જાય તેમ કરજે-' કુમારને પણ આ વાત ગમી અને તે વાત બરાબર ધ્યાનમાં લીધી.

હવે દરરોજ ગુણસેનકુમાર રાજસભામાં જાય છે, અને રાજકુમાર તેની સાથે આનંદ કરે છે. એક વખત બન્ને રાજપુત્રો ચોપાટ રમે છે, તે વખતે ગુણસેનને આનંદમાં જોઈ

પિતાની શિખામણને ધ્યાનમાં લઈ નરભાનુકુમાર બોલ્યો–હે મિત્ર ! હું તમારો સ્નેહ જીવન પર્યંત ભૂલનાર નથી, પણ તમે તે સ્નેહ નભાવશો કે કેમ ! તેની મને શંકા થાય છે. કારણ કે તમે દેશમાં જશો ત્યારે પહેલાના મિત્રોના સ્નેહમાં પડી જશો તો હું ક્યાંથી યાદ આવું ?' નરભાનુના આ વચનો સાંભળી ગુણસેનકુમાર આશ્ચર્ય પામી બોલ્યો–'હે સખે ! આટલા દિવસોના પરિચયથી પણ મારા હૃદયને આપ પારખી ન શક્યા ? હે વહાલા મિત્ર ! હું નિશ્ચયથી કહું છું કે પ્રાણાંતે પણ આ પ્રેમ તૂટવાનો નથી,' બરાબર રંગ જામ્યો જાણી નરભાનુએ કહ્યું–'તે બધું સાચું પણ એ હું ત્યારે માનું કે જો આપ મને કોલ આપો કે, તું કહે તે કરવા તૈયાર છું.' ગુણસેન હસીને બોલ્યો. 'અરે મિત્ર ! આટલો ભેદ શો ? જ્યાં પ્રેમ હોય ત્યાં એકબીજાનું કામ હોંશથી જ કરે' નરભાનુ–'પણ આપ મને વચન આપો કે તું કહે તે કરવા તૈયાર છું,' પ્રેમ જાળવવાની ખાતર તેના મનના પ્રપંચને નહિ જાણતા એવા ગુણસેનકુમારે વચન આપ્યું કે–'તમે કહો તે મારે કબુલ છે.' બસ, નરભાનુનું કામ સિદ્ધ થઈ ગયું. ગુણસેન બોલ્યો – 'કહો મિત્ર ! તમારૂં કયું કામ છે ?' અત્યંત હર્ષવંત બનેલા નરભાનુએ જણાવ્યું–'પ્રિય મિત્ર ! મારા પિતાજી મારી બહેન રતિસુંદરીના લગ્ન તમારી સાથે કરવા ઇચ્છે છે. તો તેણીને પરણી મારા પિતાજીની ચિંતાને દૂર કરો, અને તમારા વચનની સિદ્ધિ કરો,' આ સાંભળતાં જ ગુણસેનકુમાર ફિક્કો પડી ગયો, પણ વચન અપાઈ ગયું છે તેથી શું થાય ? ગુણસેનને વિચારમાં પડેલો જોઈ નરભાનુએ પૂછ્યું– 'કેમ મિત્ર ! ક્યા

વિચારમાં પડયા ?' ગુણસેન મંદ સ્વરે બોલ્યો – 'ભાઈ! મારા પિતાજીની રજા સિવાય આ કામ બને તેમ નથી તે વાત મારાથી બનવી અશકય છે માટે તે વાત મુકી દ્યો, અને બીજું કોઈ કાર્ય બતાવો, તે કરવા હું તયાર છું.' આવા તેનાં વચનો સાંભળી રાજપુત્ર બોલ્યો–'અરે મિત્ર ! શું તમારા વચનને તમે નહિ પાળો ? સજ્જન પુરૂષો કોઇ દિવસ બોલીને ફરતા નથી' કહ્યું છે કે–

વા ફરે વાદળ ફરે, ફરે નદીયાંકા પૂર;
ઉત્તમ બોલ્યા નવ ફરે, પશ્ચિમ ઊગે સૂર. ૧

હે મિત્રે ! તમારા જેવા બોલીને કોઇ દિવસ ફરતા નથી. તમે વચન આપી ચૂકયા છો. હવે તમારી મરજીમાં આવે તેમ કરો." આ પ્રમાણે કહી રાજકુમાર ત્યાંથી ઉઠી મહેલમાં ગયો, અને ગુણસેન પોતાના આવાસમાં આવ્યો.

ત્યાર પછી ગુણસેને પોપટને બનેલી હકીકત કહી સંભળાવી. પોપટ બોલ્યો – 'બહેન ! ખુશીથી તે વાત સ્વીકારો. કારણ કે તમારા પતિ જીવતા છે, તો તમારા પતિને બે સ્રીઓ થશે.' બીજી પણ યુક્તિઓ પોપટે શીખવાડી. બીજે દિવસે ગુણસેનકુમાર નરભાનુ પાસે ગયો. નરભાનુએ એ જ વાત ખડી કરીને વચન પાળવા જણાવ્યું. ગુણસેન– 'હે મિત્ર ! તે વાત મારે માનવી જોઇએ. પણ મારે છ મહિના સુધી બ્રહ્મચર્ય પાળવાનું વ્રત છે, તેથી એ વાત સ્વીકારી શકતો નથી.' રાજપુત્રે તુરત પોતાના પિતાજીને બોલાવી સર્વ વાત જણાવી

રાજાએ કહ્યુ–'ભલે છ માસનું વ્રત હોય, પણ રતિસુંદરીના લગ્ન એની સાથે કરવા છે' તેટલામાં નરભાનુ બોલી ઊઠયો. 'પિતાજી! જો એમ છે તો આપણા મનને હરણ કરી છટકી જતા આ મારા મિત્ર ગુણસેન ચોરને મેં મહા મુસીબતે પકડી રાખ્યો છે. તો મારી ભગીની રતિસુંદરી રૂપી–સાંકળથી આને જલ્દી બાંધી લ્યો.' આ પ્રમાણે પુત્રનાં વચનો સાંભળી આનંદિત થયેલા રાજાએ તુરત જોષીને બોલાવી લગ્નનું મુહુર્ત પૂછતાં તે જ દિવસે ઉત્તમ મુહુર્ત આવ્યું. રાજાએ તુરત લગ્નની સામગ્રી સજ્જ કરી મહાન ઉત્સવથી રતિસુંદરીને ગુણસેનકુમારની સાથે પરણાવી. કરમોચનમાં મણિ, માણેક, હાથી, રથ, પાયદળ, દાસ, દાસી એમ અપાર માલ આપી જમાઇ રાજને રાજી કર્યાં.

હવે તે કન્યાને લઇ ગુણસેન પોતાના આવાસે આવ્યો, ને આનંદથી રહેવા લાગ્યો. રાજ જમાઇ થવાથી આખા નગરવાસી લોકોનો માનીતો થયો. આટઆટલું થયા છતાં કોઇ જાણી ન શકયું કે આ પુરુષ નથી, પણ સ્ત્રી છે. રતિસુંદરીને પહેલેથી જ તેના પિતાએ જણાવ્યું હતું કે–'તારા પતિને છ માસ સુધી બ્રહ્મચર્યનું વ્રત છે.' આથી તે પણ કયાંથી જાણી શકે ?

હવે રાજા, નગરવાસી લોકો અને ગુણસેનકુમારના દિવસો આનંદમાં જાય છે. પણ તે રાજાના મુખ્ય પ્રધાન ચતુરસાગરના દિવસો ખેદ અને ચિંતામાં વ્યતીત થાય છે. રાજાથી માંડી સર્વજનોને ગુણસેન જેવો ગુણવંત જમાઈ

મળવાથી આનંદ થાય છે, ને ચતુરસાગર મંત્રીને કેમ ખેદ થતો હશે? તે સાથે સાથે જણાવી દઉં છું કે–ગુણમંજરી ઉર્ફે ગુણસેનના પગલાં જ્યારથી રાજસભામાં થયાં, ત્યારથી ગુણસેનની ચાલ ઉપરથી તે ચતુરસાગર મંત્રીને શંકા થઈ હતી કે આ પુરૂષ નથી. પણ સ્ત્રી છે.' પણ જ્યાં બધાની એક જ માન્યતા હોય ત્યાં એકનું શું ચાલે? આ વિચારથી તે મૌન પકડી બેસી રહ્યો હતો. પણ હવે તો રાજ કન્યાને પરણી, આ અન્યાયથી તેનું હૃદય બળી જવા લાગ્યું. એ વાત એવી થઇ કે કહી શકાતી નથી ને જોઈ શકાતી નથી. જો રાજાને કહે તો પોતે માર્યો જાય છે. કારણ કે રાજાને કહે તો ઉલટો પ્રધાનને જ દંડે કે 'જો તું જાણતો હતો તો પહેલેથી જ કેમ ન કહ્યું?' આ મુંઝવણથી ચિંતાતુર થયેલો પ્રધાન ગુણસેનના છિદ્રો જોતો તેની પાછળ–પાછળ ફર્યા કરે છે. તેને એ જ લગની લાગી રહી છે કે-'આ ગુણસેનનું ચરિત્ર કયારે ઉગાડું પાડું, અને ફજેત કરૂં.' આ લાગને શોધતો ગુપ્તપણે પ્રધાન ફરી રહ્યો છે.

## પ્રકરણ ૧૦ મું

### પ્રધાનના સકંજામાં ગુણનસે (સતી ગુણમંજરી)

ભાવીના યોગે એક વખત ગુણસેનકુમાર બપોરના ટાઈમે રાજસભામાંથી નીકળી પોતાના મહેલે આવવા નીકળ્યો. ઉનાળાનો ટાઈમ ને સખ્ત ગરમી, જેથી ગુણસેનને રસ્તામાં આવતા તળાવમાં સ્નાન કરવાનું મન થયું, ચારે બાજુ નજર કરી તો કોઈ મનુષ્ય તેના જોવામાં ન આવ્યો. ગુણમંજરી (ગુણસેન) ઘોડા પરથી ઉતરી તળાવમાં સ્નાન કરવા પેઠી.

કે તુરત વૃક્ષની પાછળ સંતાઈ રહેલા પ્રધાને આવી ગુણમંજરીનો હાથ પકડયો. પ્રધાન રૂવાબથી બોલ્યો – 'અરે દુષ્ટે! હવે તું ક્યાં જઈશ? જ્યારથી તારા પગલાં રાજસભામાં થયાં ત્યારથી મેં તને ઓળખી છે કે તું સ્ત્રી છે. પણ પુરૂષ નથી. પરંતુ આખરે તારા પાપનો ઘડો ફૂટયો. ગુણમંજરી આ જોઈ છક બની ગઈ. ભયથી તેણીનું હૃદય કંપવા લાગ્યું પોપટની શિખામણ તેણીને યાદ આવી, પણ હવે શું થાય? તેણીને તુરત જ એક યુક્તિ સૂઝી આવી પછી ખડ ખડ હસતી ગુણમંજરી બોલી– 'અરે પ્રધાનજી! હું માનતી હતી કે તમારા જેવા અક્કલવાન કોઈ જ નથી, પણ આજે એ મારી માન્યતા ઉપર પાણી ફરી ગયું. મને સમજાય છે કે તમારા જેવો મૂર્ખ પણ કોઈ નથી' પ્રધાન બોલ્યો–હું મૂર્ખ કેવી રીતે? તને સ્ત્રી પણે ઓળખી, છતાં તું મને મૂર્ખ કેવી રીતે બનાવે છે?' ગુણમંજરી – 'પ્રધાનજી? તમે એટલો પણ વિચાર ન કર્યો કે, સ્ત્રી છતાં પુરૂષ વેષે કેમ ફરતી હશે? સાંભળો, મારા પિતાને હું એક જ પુત્રી છું. મને યૌવનાવસ્થાંમાં જોઈ મારા પિતાને મારા માટે યોગ્ય વરની ચિંતા થઈ. તે જોઈ મેં મારા પિતાને કહ્યું–હે પિતાજી! આપ મને રજા આપો તો હું પુરૂષ વેષે દેશ–પરદેશ ફરી મારા લાયક પતિની શોધ કરી લઈશ. મારા પિતાએ તેમ કરવા રજા આપી. પુરૂષ વેષે રહેતી અને અનેક ઠેકાણે રાજપુત્રોને જોતી હું કોઈ પસંદ નહિ પડવાથી ફરતી ફરતી અહીંયા આવી, અને જ્યારથી તમોને જોયા ત્યારથી હું મારા મનથી તમને વરી ચૂકી છું. પણ

અવસર નહિ મળવાથી કાંઈ વાત થઈ નથી, તેથી જ આટલા દિવસ થયા અહીંયાં રહેલી છું પણ અરેરે ! મેં ભૂલ કરી તમને ડાહ્યા અને હુશીયાર ધારતી હતી, આજે તે જણાઈ આવ્યું ! પણ હવે શું થાય ? કારણ કે ઉત્તમ કુલીન સ્ત્રીઓ એક જ પતિનો સ્વીકાર કરે છે.' આ વાત સાંભળી પ્રધાનની છાતી ગજગજ ઉછળવા લાગી.

ગુણમંજરીના રૂપ ઉપર મોહિત થયેલો પ્રધાન બોલ્યો– હે સુંદરી ! તું કદાચ સાચું કહેતી હોઈશ. પરંતુ જો તેમ હોય તો પછી તું રાજાને પણ છેતરી રાજ કન્યાને શા માટે પરણી ? તે કન્યા તું શું કરીશ ?' પ્રધાનનાં આવા પ્રકારનાં વચન સાંભળી શોચ કરતી ગુણમંજરીએ જણાવ્યું– 'રે મંત્રી ખરેખર તમે તો ગધેડા જેવા લાગો છો પણ તેમાં તમારો દોષ નથી, ભૂલ મારી જ કે તમારા જેવા પાગલ પતિને વરી મારું જીવન મેં ધૂળમાં ભેળવી દીધું. ગધેડા એ શબ્દ સાંભળતાં જ પ્રધાન ચમકી ઉઠયો–' શું હું ગધેડો ? કેવી રીતે ગધેડો તે જલ્દી કહે. ગુણમંજરી બોલી–'હે પ્રધાનજી ! રાજપુત્રીને પરણી મેં શું ખોટું કર્યું ? હું જેમ જેમ તમારૂં સારૂં કરૂં છું. તેમ તેમ તમને વિપરીત લાગે છે, સાંભળો એક તો તમારે સ્ત્રી હશે, બીજી હું, અને ત્રીજી લાખોની મિલ્કત સહિત રાજકન્યા; એમ તમારે ત્રણ સ્ત્રીઓ થશે, અને અનર્ગલ ધન પણ મળશે. છતાં કહો છો કે રાજ કન્યાને કેમ પરણી ? ખરેખર તમોને ગુણ તે અવગુણ રૂપે જ પરિણમે છે.' તેણીનાં આવા પ્રકારનાં વચન સાંભળી

પ્રધાનજીએ કબુલ કર્યું કે–'હું સાચે ગધેડા જ ઠર્યો.' હવે પ્રધાનના આનંદનો પાર રહ્યો નહીં તે વિચારવા લાગ્યા કે–'ત્રણ ત્રણ સ્ત્રીઓના હું પતિ અરે! અભાગીયા એવા મને રાજ કન્યા મળે કયાંથી? પણ આજે મારા પુણ્ય પ્રગટ થયા છે, ત્યારે સુખ ભોગવવાના સમય આવ્યા છે' આમ અત્યંત હર્ષઘેલા બનેલા પ્રધાન બોલ્યા–'હે ચંદ્રાનનોં જો તું આ બધું સાચુંજ કહેતી હોય તો રાજ પુત્રીને લઈ મારા ઘેર ચાલ, અને મારી સ્ત્રી થઇને રહે.' પ્રધાનના બકવાદ સાંભળી ગુણમંજરી આક્ષેપ પૂર્વક બોલી –'પ્રધાનજી! હું તમને શું કહું એજ મને સમજાતું નથી આટ–આટલું કહ્યા છતાં તમને સમજ ન આવી વિચાર તો કરો કે અમે તમારા ઘરે આવી તમારી સ્ત્રી થઈને રહીએ અને તે વાતની રાજાને ખબર પડે તો તમને કે અમને જીવતા રહેવા દેશે? એ તો એમ જ માની લેશે કે, આ બધાં કામ પ્રધાનના છે. જેથી આ તમારા વચનથી તમે હાથે કરી મરણને માગો છો.'

આજે ચતુરસાગર મંત્રી સ્ત્રી લોલુપ બની ગયો છે, તેની ચતુરાઇ આજે ચૂલામાં પડી છે. તેની ધીરજ આજ ખુટી ગઇ છે. ખરેખર વિષયમાં અંધ બનેલાઓને કોઈપણ જાતના વિચાર હોતો નથી, ડાહ્યો હોય છતાં તેનું ડહાપણુ ત્યારે ચાલ્યું જાય છે. વિષયાંધ બનેલા પ્રધાને પૂછ્યું–'ત્યારે હવે આપણે શું કરશું?' ગુણમંજરી–'એક રસ્તો છે કે, આપણે બધા પરદેશ ચાલ્યા જઇએ. ધન ખૂટે તેમ નથી, તો પરદેશમાં જઈ આનંદમાં રહેશું, અને મળેલાં સુખો સારી રીતે ભોગવીશું. માટે

જલ્દી તમે ઘેર જઇ તમારી માલ-મિલ્કત, બાયડી, છોકરાં સર્વ એક વહાણમાં ભરાવી દ્યો કોઇને ખબર ન પડે તેમ રાતો-રાત કામ પતાવી દેજો, ને કાલે જ આપણે અહીયાંથી જઇશું. હવે અહીં રહેવું યોગ્ય નથી. પૂર્વના પુણ્યથી આપણી મનોકામનાઓ સર્વ સિદ્ધ થઇ છે, તો હવે વિલંબ કરવો યુક્ત નથી, હું પણ જઇને રાજાને કહેવરાવું છું કે, આવતી કાલે મારે મારા દેશમાં જવું છે, ને સર્વ માલ પણ વહાણમાં ભરાવી દઇશ' ગુણ-મંજરીનાં વચનો પ્રધાનને સાચાં લાગ્યાં. બધું સાચું માની ગુણમંજરીને કહ્યું આ તારી વાત સાચી છે, માટે ઘેર જઈ હું સર્વ તારા કહ્યા પ્રમાણે કરૂં છું. તે તું જલ્દીથી તૈયારી કરજે.' આમ કહી ચતુરસાગર મંત્રી પોતાને ઘેર ગયો.

પ્રધાનના પંજામાંથી મુક્ત થએલી ગુણમંજરી પણ ઘોડા ઉપર ચડી પોતાના મહેલે આવી, અને સર્વ બીના પોપટને કહી સંભળાવી, પોપટ બોલ્યો-'બ્હેન? જે થાય તે સારાને માટે તમારી બુદ્ધિથી તમે છુટી શક્યા છો, પછી ગુણસેને રતિસુંદરીને કહ્યું-'ગારા માતા-પિતા મને આજે એકાએક યાદ આવ્યા છે, માટે આવતી કાલે હું મારા દેશ જવા ઈચ્છું છું, જો તારે આવવું હોય તો તારા પિતાજીની રજા લઈ લે. અને કહેજે કે તમારા જમાઈ આવતી કાલે સવારમાં જવાના છે, માટે તમારી રજા માગે છે જો રજા આપશો તો પણ જશે, ને નહિ આપો તો પણ જશે, હવે રહેવાના નથી.' પતિના આવા પ્રકારનાં વચનો સાંભળી રતિસુંદરીએ તુરત પોતાના પિતા પાસે જઇ સર્વ હકીકત કહી. રાજાએ વિચાર્યું કે-જમાઈ કેટલા દિવસ રહે? હવે અટકાયત કરવી ખોટી છે.

હાથી કાને ઝાલ્યા રહેતા નથી.' એમ વિચારી નરવીર રાજાએ જવા માટે રજા આપી. જમાઈ ને અનેક જાતનાં આભૂષણો, અપાર દોલત સાથે દાસ દાસીઓ, અને દશ હજાર હથીયારબંધી સુભટો આપ્યા. આ બધો માલ વહાણોમાં ભરાવા લાગ્યો.

આ તરફ ચતુરસાગર મંત્રી અનેક મનોરથોને સેવતો ઘેર જઈ પોતાની સર્વ મિલ્કત એકઠી કરવા લાગ્યો, આ ધમાલ જોઇ તેની સ્રીએ પૂછ્યું 'સ્વામીનાથ ! આટલી બધી ધમાલ શી ? અને શું છે ? ' ત્યારે દિલગીરી બતાવતો પ્રધાન પોતાનો બચાવ કરતો બોલ્યો "અરે ભોળી ! તને દિવસ કે રાત્રીની ક્યાં ખબર છે ? કોણ જાણે કોઈ ચુગલીખોરે રાજાને ખોટું ખોટું ભરાવ્યું છે, તેથી રાજા આપણા ઉપર એકાએક કોપાયમાન થયા છે, જેથી હું નથી જાણતો કે રાજા આપણને શું કરશે ? માટે હવે આપણે પરદેશ ચાલ્યા જવાનું છે. કોઇને તું આ વાત કરતી નહિ, અને જવા માટે તૈયાર થઇ જા" વાંચક ! જો પ્રધાન 'મારે બીજી બે સ્રીઓ થવાની છે' વિગેરે સાચી વાત કરે તો તેની શોકયના વૈર ભાવને લીધે ફજેતી કરી મૂકે, તેથી પ્રધાનજીએ આ કલ્પિત વાત કરી. બિચારી તે સ્ત્રીને પ્રધાનના પ્રપંચની કયાંથી ખબર હોય ? પતિના વચનમાં વિશ્વાસુ તેમની સાથે જવા માટે બાલ બચ્ચાં સહિત તૈયાર થઈ. પ્રધાને કોઇને ખબર ન પડે તેમ રાતોરાત જલ્દીથી સર્વ માલ વહાણમાં ભરી દીધો. બૈરી છોકરાઓને પણ વહાણમાં બેસાડી દીધા. આનંદમાં ને આનંદમાં રાત્રિ વ્યતીત થઈ ને સવાર પડી.

હવે સવારમાં પ્રજા સહિત રાજા ઘણા જ આડંબર સાથે જમાઈ અને દીકરીને વળાવવા નગરની બહાર નીકળ્યો. પ્રધાન પણ સાથે જ હતો. કારણ કે પ્રધાનને પણ તે વખતે સાથે જ રહેવું જોઇએ. સર્વ સમુદ્ર કાંઠે આવ્યા. માતા અને પિતાએ પુત્રીને ભેટી સ્નેહથી આંસુ સારતા કેટલીક હિત-શિખામણ આપી. જમાઇ રાજને પણ કહ્યું-'હે જમાઇ રાજ ! અમોને આ પુત્રી પ્રાણથી પણ અધિક વહાલી છે, તેને હવે તમારા હાથમાં સોંપીએ છીએ. તમે બીજી સ્ત્રીઓ પરણો તો પણ રતિસુંદરીને છેહ ન દેશો.' પછી કુમાર રતિસુંદરી સહિત વહાણમાં બેઠો. રાજા વિગેરે કુમારને પ્રણામ કરી 'પાછા વહેલા પધારજો' એમ કહી પાછા ફર્યા. રાજાના મનને શાંત પાડવા પ્રધાન પણ સાથે ગયો કોઈ ન જાણે તેવી રીતે હાથના ઈશારાથી ગુણસેન કુમારને તેણે જણાવ્યું કે-થોડી વાર થોભજો, હું હમણાં આવું છું.' એમ સૂચવી સર્વની સાથે પ્રધાનજીએ નગરમાં પ્રવેશ કર્યો. આ તરફ ગુણસેન કુમારે સર્વ વહાણોને ઉતાવળી ગતિએ હંકારાવ્યા.

## પ્રકરણ ૧૧ મું

### સતી ગુણમંજરીને પોતાની સ્ત્રી બનાવવા જતાં સર્વ મિલ્કત સાથે બૈરી છોકરાઓને ખોઈ બેઠેલો પ્રધાન

પુત્રી અને જમાઈના વિયોગથી દુઃખિત થયેલા રાજાને ધીરજ આપી પ્રધાનજીને આવતાં કલાક થઇ ગયો. પ્રધાન રાજાને જેમ તેમ સમજાવી જલ્દીથી સમુદ્ર કાંઠે આવી જુએ છે તો કોઇ ન મળે. વહાણ પણ જતા દેખાતા નથી. પ્રધાન હતાશ બની ગયો. વિચારની ધૂનમાં ઘડીભર તો તેને કાંઈ સૂઝયું જ નહિ, સાવચેત થતાં પ્રધાનજી પોકેપોક મૂકી રડવા લાગ્યો



ચતુરસાગર પ્રધાન સમુદ્રકિનારે આવી સતી ગુણમંજરી ને
દેખાવાથી હતાસ થઈ પ્રશ્ચાત્તાપ સાથે કલ્પાંત કરવા લાગ્યો.

અને પશ્ચાત્તાપ સાથે કલ્પાંત કરવા લાગ્યો કે "અરે ! તે સ્ત્રી મને પણ છેતરીને ચાલી ગઈ. બીજું તો ઠીક, પણ મને ઘરબાર વગરનો કરી ગઈ. હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? અને મારા દુ:ખની વાત કોની આગળ કરૂં ? અરે ! હું માનતો હતો કે, મારા જેવો બુદ્ધિશાળી કોઇ આ જગતમાં નથી, પણ એક સ્ત્રી સરખી મને છેતરી ગઇ. **હાથનાં કર્યાં હૈયે વાગ્યા.** વ્યાજ ખાવા જતાં મૂડી ખોઈ બેઠો. પણ હવે કહું કોને ?" આવી રીતે પાપનાં ફળને સંભારતો પ્રધાન પાછો નગરમાં ગયો, પણ ક્યાં જઇ બેસે ? કારણ કે તેણે ઘર પણ વેચી નાખ્યું હતું. ફરીથી પ્રધાનજીને ક્યાં ઘરે આવવું હતું કે ઘર પણ રાખે ?

હવે ચતુરસાગરની આંખ ઉઘડી કે—"સ્ત્રીઓ નિબંળ નથી પણ સબળ છે. હું માનતો હતો કે બાયડીઓથી શું થઈ શકે ? પણ જે પુરૂષોથી ન થાય તે સ્ત્રીઓ કરે છે શેર ઉપર સવાશેર મળી તો ખરી જ." મંત્રી આજ દિવસ સુધી 'મારા જેવો કોઈ નથી' એમ અભિમાનથી છાતી કાઢી ચાલતો હતો તે આજે નિરાભિમાની બની લાચારી ભોગવતો બની ગયો. આડોશી પાડોશી પૂછવા લાગ્યા— 'અરે પ્રધાનજી ! ઘર કેમ વેચી નાખ્યું ? બાયડી—છોકરાંને ક્યાં મોકલી દીધાં ? અને આમ ઉદાસ થઇ કેમ ફરો છો ?' બિચારો શું ઉત્તર આપે ? છતાં પોતાનો બચાવ તો કરવો જોઈએ. તેથી પ્રધાન બોલ્યો—"પૈસાની જરૂર પડવાથી ઘર વેચવું પડ્યું. વળી છોકરાંઓએ મોસાળ આજ દિવસ સુધી જોયું ન હતું અને ઘરવાળી પણ કેટલાય વર્ષ થયાં પીયર ગઈ ન હતી એના ભાઈના અવાર નવાર

પત્રો આવતા, તેથી ત્યાં મોકલ્યાં છે" હવે મંત્રી જ્યાં ત્યાં ભોજન કરે છે, ને બાયલાની જેમ બ્હાવરો બનેલો પોતાના કરેલાં કર્મના ફળને ભોગવતો દુઃખ પૂર્વક દિવસો વીતાવી રહ્યો છે.

આ તરફ ગુણસેનના (સતી ગુણમંજરીનાં) વહાણો ચાલતાં ચાલતાં અનુક્રમે સુખપૂર્વક સુરપુર નગરના દરિયા કાંઠે આવ્યાં. ત્યાં વહાણ થોભાવ્યા, સર્વ માલ ઉતરાવ્યો, અને સમુદ્રના કાંઠા ઉપર એક મોટો મહેલ લઇ તેમાં સર્વ માલ ભરાવી દીધો. પૂર્વની જેમ ગુણસેન લોકોને ઇચ્છિત વસ્તુઓ આપતો અને દાન કરતો રહેવા લાગ્યો. નગરમાં વાત ફેલાઈ કે–'કોઈ પરદેશી રાજપુત્ર દરિયા કાંઠે આવી રહેલ છે. ને ઇચ્છિત વસ્તુઓ સહુ કોઈ ને આપે છે.' પછી તે કુમારનું માન સાચવવા શેઠ–શાહુકારો તથા રાજ્યના અમલદારો વિગેરે સારાં સારાં ભેટણા લઈ આવવા લાગ્યા, કુમાર પણ તે દરેકનું સારૂં માન સાચવવા લાગ્યો. સિપાઇ વગેરેને ડબલ પગાર આપી પોતે રાખી લીધા, બીજા કેટલાક માણસોને પુષ્કળ દ્રવ્ય આપીને પોતાને તાબે કર્યા.

## પ્રકરણ ૧૨ મું

### ચતુરસાગર પ્રધાનને થાપ આપી સતી ગુણમંજરી ગુણસેનનું સુરપુર બંદરે આવવું

હવે સારાએ નગરવાસી લોકોની લાગણી પોતાના ઉપર પૂર્ણ જામી ગયેલી જાણી, એક દિવસ ગુણસેન કુમારે મુખ્ય પ્રધાન તથા નગરશેઠ વિગેરે મોટા મોટા માણસોને બોલાવી એકાંતમાં પૂછયું–'આ તમારો મૂળ રાજા છે કે બીજો?'

ત્યારે બધાએ જે જે બીના હતી તે કહી સંભળાવી. ને સાથે કહ્યું કે–'સુરસેન રાજાના મરણ પછી શત્રુના ભયથી વીરસેન કુમારને લઈ મહારાણી સુભદ્રા નાસી ગયા છે. પણ તે બન્નેનું શું થયું ? તેની અમોને બીલકુલ ખબર નથી.' એમ કહેતાની સાથે સર્વની આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં. તેઓને મૂળ રાજા ઉપર વિશેષ પ્રેમવાળા જોઈ ગુણસેને કહ્યું–' તે કુમાર અહીં આવી પિતાના ગયેલા રાજ્યને પાછું લે તો તમે રાજી છો કે નહિ ?' આ સાંભળતાં હર્ષાવેશથી સર્વ બોલી ઉઠયા–' અહા ! એવાં અમારા ભાગ્ય ક્યાંથી હોય કે સુરસેન રાજાનો પુત્ર વીરસેન અહીં આવી આ વૈરીને મારી નાખી પિતાનું રાજ્ય લઈ અમારા બળતા હૃદયને શાંતિ આપે ! ' તે સાંભળી ગુણસેન બોલ્યો– ' સુરસેન રાજાનો હું પુત્ર છું, અને મારા પિતાના રાજ્યને લેવા માટે આવેલો છું, માટે હે સજ્જનો ! તમે શાંત થાઓ. તમારા જોતાં આ દુશ્મનની પાસેથી રાજ્ય લઈ તેને કઇ દશાએ પહોંચાડું છું તે જોઈ લેજો. ફક્ત તમારી લાગણી જોવા માટે જ આ પ્રશ્નો મેં કર્યા હતા.' આ પ્રમાણે કુમારના અમૃતમય વચનો સાંભળી એકી અવાજે અત્યંત સ્નેહ ને આનંદથી પ્રધાન વિગેરે કુમારને ભેટી પડયા પછી કુમારે બધાને રજા આપી.

ત્યારબાદ ગુણમંજરીએ એક દૂતને મોકલી દુશ્મન રાજાને કહેવરાવ્યું 'હે સિંહગુપ્ત રાજા ! સુરસેન રાજાના પુત્ર વીરસેનને જે તેં પરદેશ ભણવા માટે મોકલ્યો હતો, તે સર્વ કળામાં પ્રવીણ થઈ તારા ખભા ઉપરથી રાજ્યધુરાનો

ભાર ઉતારવા આવ્યો છે, તો હવે સાનમાં સમજી રાજ્ય છોડી ચાલ્યો જા, અથવા મારી સામે લડવા તૈયાર થા,' દૂતનાં આવાં વચન સાંભળી ક્રોધાતુર થઇ સિંહગુપ્ત એકદમ બોલી ઉઠ્યો–' અરે દૂત ! જા તારા રાજાને કહેજે કે, બાળક જાણી તારા ઉપર દયા લાવી તે વખતે જીવતો રાખ્યો હતો. પણ હવે તું પોતે જ સૂતેલા સિંહને જગાડવા તૈયાર થયો છે. તો તેનાં ફળ ભોગવજે. હું તારી સાથે યુદ્ધ કરવા તૈયાર છું, અને તું પણ તૈયાર થજે.' એમ કહી દૂતને વિસર્જન કર્યો.

## પ્રકરણ ૧૩ મું

## સિંહગુપ્ત રાજાનો પરાજય અને વીરસેનકુમાર [ગુણમંજરી]નો રાજ્યાભિષેક અને સ્વપતિ મિલન

પછી ચતુરંગી સેના લઇ સિંહગુપ્ત રાજા બહાર નીકળ્યો. આ બાજુ ગુણમંજરી પણ લડવા માટે તૈયાર થઇ, અરસ પરસ યુદ્ધ જામ્યું. થોડીવારમાં જ સિંહગુપ્ત રાજા હારી ગયો, કારણ કે સર્વ સૈનિકોને ગુણમંજરીએ પોતાને વશ કરી લીધા હતા તેથી બધા તેણીની તરફેણમાં હતા. હારેલો સિંહગુપ્ત રાજા જીવ બચાવવા ત્યાંથી નાસી છૂટયો. કુમારની જીતથી આનંદ મંગળ વર્તાયો. અનેક વાજિંત્રોના નાદ સાથે વીરસેનકુમાર (ગુણમંજરી) ને હાથી ઉપર બેસાડી મોટા ઉત્સવથી નગરવાસી લોકો તથા પ્રધાન પુરૂષોએ નગરમાં પ્રવેશ કરાવી કુમારનો રાજ્યાભિષેક કર્યો. વીરસેન ( ગુણમંજરી ) રાજયાસને આવતાં લોકોના આનંદનો પાર રહ્યો નહિ. સર્વનાં દુઃખ–સંકટોને સાંભળી કુમાર તે સર્વ અગવડો દૂર કરી પ્રજાનું સારી રીતે રક્ષણ કરવા લાગ્યો.

ત્યાર પછી એક દિવસે એક ચિત્રકારને એકાંતમાં બોલાવી ગુણમંજરીએ સ્ત્રી વેષ પહેરી પોતાનો ફોટો ચીતરાવ્યો, અને હોંશીયાર સુભટોને બોલાવી પોતાની છબી આપી કહ્યું–'જે કોઇ આ ફોટાને ઓળખે તેને તમારે પકડી અહિંયા લાવવા' એ પ્રમાણે ભલામણ કરી જે જે ગામમાં પોતે ગઇ હતી, અને સપડાઇ હતીં તે તે ગામોમાં સુભટોને મોકલ્યા.

હવે **કંપિલપુર** નગરના બજારમાં ફોટો લઇ સુભટો બેઠા છે. ત્યાં વીરસેનકુમાર ગુણમંજરીના પોકાર કરતો ફાટયા–તૂટયા કપડા જેના શરીર ઉપર રહેલા છે, દાઢી અને માથાના વાળ જેના વધી ગયા છે, એવો બેહાલ સ્થિતિમાં ત્યાંથી નીકળ્યો. તેની નજર પેલા ફોટા ઉપર પડી કે તુરત ઓળખીને 'આતો મારી સ્ત્રી ગુણમંજરી' એમ કહેતો ફોટાને વળગી પડયો. સુભટોએ પૂછયું – 'શું તું આ સ્ત્રીને ઓળખે છે?' વીરસેન – 'હા, એ તો મારી સ્ત્રી છે,' પછી સુભટોએ તેને પકડી સુરપુર મોકલી દીધો. થોડીવાર પછી પેલો દુષ્ટ સોની પણ બજારમાં આવ્યો, ને ફોટાને જોઈ બોલી ઉઠયો – અરે! આ તો પેલી સ્ત્રી કે જે મારાં બધાં કિંમતી આભૂષણો લઈ ગઇ છે. આ પ્રમાણે બોલતા તે સોનીને પણ પકડી સુરપુર નગરમાં પહોંચતો કર્યો. તેવી જ રીતે ગામે ગામ ફરતા નવીનપુરથી મંછલા ચોરને, ત્રંબાવટીથી ધનદત્ત શ્રેષ્ઠીને, કંપિલપુરથી ચતુરસાગર મંત્રીને અને ચાર ચોરો એ બધાને પકડી વીરસેનકુમારનું નામ ધરીને રહેલી ગુણમંજરીને સોંપ્યા.

વીરસેન નામને ધારણ કરતી ગુણમંજરી પોતાના પતિને ઓળખી આનંદિત થઇ પછી હજામને બોલાવી પતિની હજામત કરાવી પછી દાસ-દાસીઓ દ્વારા તેને ન્હવરાવી સારાં કપડાં આભૂષણો પહેરાવી ખાન-પાનાદિ વડે ઉત્તમ પ્રકારે પતિની સેવા કરાવતી ગુણમંજરીએ વીરસેનકુમારને એક જુદા મહેલમાં રાખ્યો; અને બીજા બધાને જેલમાં પૂરી દીધા એક માસ થતાં વીરસેનકુમારનું શરીર બરાબર થઇ ગયું.

ત્યારબાદ પુરૂષ વેષને ધારણ કરનારી ગુણમંજરીએ એકાંતમાં જઈ પોતાના સ્ત્રી વેષનાં કપડાં પહેરી સોળે શણગાર સજ્યા. પછી દાસી મારફતે વીરસેન કુમારને ખાનગી રીતે મહેલમાં તેડાવી રત્નજડીત સિંહાસન પર બેસાડી પોતે ત્યાં આવી પતિના ચરણે પોતાનું મસ્તક નમાવ્યું. કુમાર એકાએક ગુણમંજરીને જોતાં જ તેણીને ભેટી પડયો.

ત્યાર પછી રાજપુત્રી રતિસુંદરીને ત્યાં બોલાવી, રતિસુંદરી ત્યાં આવી. આ બંને પતિ-પત્નીને જોતાં જ ચક્તિ થઈ ગઇ, અને વિચારવા લાગી – 'અરે! મારા પતિ કયાં ગયા? અને આ બંને કોણ છે?' એ પ્રમાણે તેણીને જોઇ ગુણમંજરીએ રતિસુંદરીનો હાથ પકડી પોતાની પાસે બેસાડી કહેવા લાગી બ્હેન! આપણા બન્નેના પતિ આ છે, માટે તું જરા પણ દીલગીર થઇશ નહિ, અને સાવધાન થઇ અમારી સર્વ હકીકત તું સાંભળ.' પછી વીરસેનના પૂછવાથી ગુણમંજરીએ સોનીના ઘરથી નીકળી આજ દિવસ સુધી શું શું થયું તે સર્વ કહી સંભળાવ્યું. હવે તે ગુન્હેગારોને કેવી રીતે



વીરસેન કુમારને સીંહાસન પર બેસાડી, સતી ગુણમંજરી એ
રતિસુંદરી ને કહ્યું 'બ્હેન! આપણા બન્નેના પતિ આ છે.

રીતે શિક્ષા કરવી ? અને શું શું કરવું ? તે સર્વ વીરસેન કુમારને સમજાવ્યું.

'આ બધી વાત સાંભળી રતિસુંદરી તો આશ્ચર્ય પામી, હર્ષથી જણાવ્યું 'હે વડીલ ભગિની! તમારી બુદ્ધિ અને ચાતુરી જોઈ હું આનંદ પામી છું. તમારા જેવી સતિઓ આ જગતમાં થોડી જ હશે ખરેખર, તમારો સહવાસ મારા જીવનને ઉજ્વલ બનાવશે. પતિદેવ પણ ઉત્તમ કુળના હોઈ મારી સર્વ ચિંતાઓ દૂર થઈ છે. તમારા પતિને પણ મારા પતિ તરીકે સ્વીકાર્યા છે' આ પ્રમાણે ત્રણેના મન એક થઈ ગયાં, અને અરસપરસ સ્નેહ વરસાવતાં વાતો કરવા લાગ્યાં.

હવે રાજસભામાં જવાનો સમય થતા વીરસેનકુમાર બન્ને રાણીઓ યુક્ત સભામાં ગયો. વચમાં વીરસેનકુમાર અને બન્ને બાજુએ રાણીઓ બેઠી. આ જોઈ રાજસભા ચકિત થઈ વિચારવા લાગી કે આપણો રાજા તો જુદી આકૃતિવાળો હતો, અને આ રાજા તો કોઇ જુદો જ જણાય છે! તે શું રાજકુમાર બહુરૂપી છે? અથવા કોઇ દિવ્ય શક્તિને ધારણ કરનારો છે?' એમ વિચાર કરતા લોકો એક-બીજાના મુખ સામું જોવા લાગ્યા તેટલામાં વીરસેન રાજાએ સિપાઇ દ્વારા પેલા દુષ્ટ સોનીને બોલાવી પૂછયું – 'અરે સોની! (ગુણમંજરી તરફ આંગળી કરીને) આ સ્ત્રીને તું ઓળખે છે! સોની તરતજ તે બંનેને ઓળખી ગયો, 'હવે શું થશે?' એમ ભયભ્રાંત થતો ધ્રુજવા લાગ્યો. 'અસત્ય કહીશ તો માર્યો જઇશ એમ વિચારી સોનીએ રડતે હૃદયે ઝુંપડીમાંથી પોતાને ઘેર કેવી રીતે

લઈ ગયો ? વિગેરે સર્વ સત્ય કહી દીધું, અને જણાવ્યું –"હે મહારાજા ! મેં આપ બંનેને ઘણા દુઃખી કર્યા છે, તેનો બદલો મને મહારાણીએ મારા કરોડો રૂપિયાના દાગીના લઈ જઈ આપ્યો છે તે ઉપરાંત હું તમારા શરણે આવેલો છું, તો હવે મારો કે જીવાડો તે આપ અન્નદાતાના હાથમાં છે.' પછી ગુણમંજરીના કહેવા મુજબ વીરસેન રાજાએ સોનીનો સર્વ માલ મંગાવી મહાજનને સોંપી સાત ક્ષેત્રમાં વાપરવા કહ્યું, અને સોનીને છ માસની જેલ આપી. ત્યાર પછી મંછલા ચોરને બોલાવવામાં આવ્યો, મંછલો ચોર હાજર થયો, અને રાજા-રાણી ઉપર દૃષ્ટિ પડતાં તેના હોશકોશ ઉડી ગયા, દુઃખના દરિયામાં ડુબી ગયો. વીરસેન રાજાએ પૂર્વની માફક ચોરને પૂછ્યું અને સત્ય કહેવા જણાવ્યું. ચોરે પણ પોતે જે પ્રપંચો કર્યા હતા, અને કેવી રીતે ગુણમંજરીનું હરણ કરી દુઃખી થયો ? તે સર્વ કહી સંભળાવ્યું. ફરી બોલ્યો ' હે મહારાજા ! મારા પાપના ફળ મને મળી ચૂકયાં છે, અને ભોગવું છું છતાં આ સેવકને જે શિક્ષા કરવી હોય તે ખુશીથી જણાવો" વીરસેન રાજાએ તે ચોરને બાર મહિનાની સજા કરી અને તેની મિલ્કત ધર્મમાં આપી દીધી.

આ બધી બીના સાંભળી રાજસભા આશ્ચર્ય પામી, અને પછી શું થયું ? તે જાણવા આતુર થઈ. ત્યારબાદ ચાર ચોરોને ત્યાં હાજર કરી પૂછવામાં આવ્યું. ચોરોએ કહ્યું-"હે રાજન્ ! આજ નગરના રાજાનો ભંડાર તોડી ચોરી કરી અમો અમારા ગામે જતા હતા અને રસ્તામાં આ સ્ત્રી અમને મળી, તેમાં અમે લુબ્ધ બન્યા. પછી તે સ્ત્રીએ અમને પૂરી શિક્ષા

કરી છે" ઈત્યાદિ જે બીના હતી તે કહી સંભળાવી. વીરસેને પોતાના જ ભંડારની મિલ્કત જાણી પાછી ભંડારમાં ભરાવી દીધી અને ચારે ચોરોને પોતાના સેનાપતિ બનાવ્યા. કારણ કે તે ઘણા બાહોશ ને બલવંત હતા, એવા બલવંતોથી જ રાજ્ય ટકી શકે છે એમ વિચારી વીરસેને સેનાપતિ તરીકે રાખ્યા. બાકીની વચમાં બનેલી બીના ગુણમંજરીએ કહી તે પછી ધનદત્ત શ્રેષ્ઠીને બોલાવી પૂછયું– 'હે શેઠજી! આ સ્રીને તમે ક્યાંયે દીઠી હતી? જે હોય તે સત્ય કહો.' શેઠ સતી ગુણ-મંજરીને જોઇ અત્યંત આનંદ પામ્યા, અને સર્વ હકીકત સભા સમક્ષ રાજાને કહી સંભળાવી. તે સાંભળી વીરસેન રાજાએ પોપટ અને સર્વ ઋદ્ધિ રાજસભામાં મંગાવી. એ બધું શ્રેષ્ઠીને સુપ્રત કર્યું અને નગરશેઠની પદવી આપી પોતાના શહેરમાં રાખ્યો.

ત્યાર પછી વીરસેન રાજાએ પોપટને કહ્યું– "હે સજ્જન શિરોમણી કીર! વહાણ છુટા પડયા પછી તમે કયાં ગયા? અને શું આશ્ચર્યકારી વાત બની? તે કહી મારા તથા સભાજનોના મનને આનંદિત કર" ત્યારે પોપટે પણ રતિસુંદરી પરણ્યા સુધીની વાત કહી સંભળાવી, આ પ્રમાણે સાંભળી સભાજનોના આનંદનો પાર રહ્યો નહિ, અને પછી શું થયું? તે સાંભળવા સર્વ સાવધાન થયા.

ત્યાર બાદ ચતુરસાગર મંત્રીને બોલાવવામાં આવ્યો. ચતુરસાગર મંત્રી સભામાં હાજર થયો કે તરત મહારાણી ગુણમંજરી પર તેની દૃષ્ટિ પડી. સમજી ગયો કે "જરૂર, મને છેતરી ગઈ છે તે જ આ સ્રી છે. અરે! આતો રાજરાણી

છે, તો હવે મારા શા હાલ કરશે ? મને ઘર, બાયડી અને છોકરાં વિનાનો તો કર્યો છે, પણ આજે તો મારૂં મોત નજીક આવ્યું દેખાય છે.” આવા પ્રકારના વિચાર કરતા મંત્રીને રાજાએ પૂછ્યું – ‘ તમે આ સ્ત્રીને ઓળખો છો ? જે વાત હોય તે સાચી કહો, નહિતર સજા કરવામાં આવશે માટે સાચે સાચું જે હોય તે કહો,’ પ્રધાનજીએ જાણ્યું કે-“ વાત તો બધી જાણે છે, હવે હું ખોટું બોલીશ તો ડબ્બલ ગુન્હેગાર ઠરીશ વળી નીતિકારો પણ કહે છે કે–नृपं प्रति सत्यं ब्रूयात् । એમ વિચારી પ્રધાને જે વાત હતી તે કહી, વળી પોતાના કેવા હાલ થયા ! તે પણ જણાવી કહ્યું – ‘ હે સ્વામીન્ ! મેં મહારાણીને કાંઈ પણ દુઃખ આપ્યું નથી, ને મારા આવા હાલ થયા છે, હવે આપને જે સજા કરવી હોય તે આ સેવક ઉઠાવવા તૈયાર છે, ’ તે સાંભળી દયાળુ રાજાએ પ્રધાનના બૈરી-છોકરાંને સર્વ મિલ્કત સાથે સભા સમક્ષ તેને સોંપી દીધી. વળી તે પ્રધાનને ઘણો બુદ્ધિશાળી, ચાલાક ને બાહોશ જાણી વીરસેનકુમારે સર્વ પ્રધાનોમાં અગ્રેસર પ્રધાન કરી પોતાને ત્યાં રાખ્યો. કારણ કે તેવા પ્રધાનોથી જ રાજ્યની વૃદ્ધિ થાય છે, રાજ્ય બરાબર ચાલી શકે છે.

પછી વીરસેન રાજાએ સભાજનોને જણાવ્યું – “ હે પ્રજાજનો ! ત્યાર પછી મહારાણીએ અહીં આવી રાજ્ય લીધું તે તમારા જાણવામાં છે, પણ તીર્થ સ્વરૂપ માતાજી મને લઈ રાજ્ય છોડી નીકળ્યાં, તે પછી શું થયું ? તે સાવધાન થઈ સાંભળો ” પછી વીરસેન રાજાએ પ્રથમથી માંડીને સોનીના ઘરે આવ્યા ત્યાં સુધી કહી સંભળાવ્યું, ને સાથે જણાવ્યું કે,

આ રાજ્યની ફરીથી મને પ્રાપ્તિ થઇ તે આ મહાસતીનો પ્રભાવ છે."

હે ભાઇઓ ! આ ઉપરથી આપણે સમજવું જોઇએ કે, બાલપણથી કેળવાયેલી બાળાઓ ભવિષ્યમાં **ગુણમંજરીની જેમ કેવાં** ઉત્તમ કાર્યો કરી શકે છે. અને પિતૃપક્ષ તથા શ્વસુરપક્ષને કેવાં ઉજ્વલ બનાવે છે, તો તમારી ફરજ છે કે, પુત્રની જેમ પુત્રીઓને પણ સત્‌શિક્ષણ આપી તૈયાર કરવી જોઇએ. કેટલાક વખતથી સ્ત્રીઓ માટે પુરૂષોની અવળી દૃષ્ટિ થઈ છે.

(૧) સ્ત્રી પુરૂષ કરતાં શરીર અને બુદ્ધિની શક્તિમાં ઉતરતી છે. તે અબળા, નરકની ખાણ, દુષ્ટ સ્વભાવની, ચંચલ, દાસી અને અવિશ્વાસ પાત્ર છે, તેનું રક્ષણ અને પોષણ પુરૂષો જ કરી શકે છે.

(૨) સ્ત્રી એ પુરૂષની છાયામાત્ર છે, તેનો ધર્મ મોટે ભાગે પતિવ્રત્યમાં સમાપ્ત થાય છે.

(૩) સ્ત્રી ગૃહ કાર્યને માટે જ સરજાએલી છે.

(૪) સમાજમાં અને કુટુંબમાં સ્ત્રી કરતાં પુરૂષનું મહત્ત્વ ઘણું વધારે છે.

આવા પ્રકારની તમારી અવળી બુદ્ધિને ટુંકી દૃષ્ટિથી સ્ત્રી જાતિનું વ્યક્તિત્વ એક વખત સારી રીતે વિકસેલું હોવા છતાં આ યુગમાં તદ્દન નીચું ગયેલું છે. આ યુગના બે મહાન્ સિદ્ધાંતો સમાનતા અને સ્વતંત્રતા ગણાય છે, અને સમાજ જીવનના

દરેક ક્ષેત્રમાં તેને લાગુ પાડવામાં આવે છે. એ સિદ્ધાંતોને વાસ્તવિક રીતે ન્યાય આપીએ તો જરા પણ સંકોચ વગર કહેવું જોઈએ કે, મનુષ્ય જાતિમાં સ્ત્રી એ પુરૂષની સમાન છે, જરાય ઉતરતી નથી. પુરૂષની તે છાયા નહિ પરંતુ તેનું પણ પુરૂષ જેવું જ વ્યક્તિત્વ છે તેના આ વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ કરવા તેને પુરૂષ જેટલી સ્વતંત્રતા હોવી જોઈએ. પણ આજે એ ભાન ભૂલાઈ ગયું છે. સ્ત્રી એટલે ઘરની ચાર દિવાલ વચ્ચે પૂરાઈ રહેનારૂં પ્રાણી, અને પુરૂષ એટલે પૃથ્વીના પટ પર ગમે ત્યાં આથડનાર સ્વતંત્ર મનુષ્ય. પુરૂષને અનેક વિશાળ ક્ષેત્રોમાં ઘુમવાનું, અને સ્ત્રીને ભાગે ચૂલો ને ઘોડીયું. પુરૂષને પુસ્તકાલય, કલબ, ભાઈબંધોનાં ઘર, મેળાવડા, નાટક, સીનેમા વિગેરે જ્ઞાન ને ગમ્મતનાં ક્ષેત્રોમાં લહેરથી વિહરવાનું, આથી ઉલટું સ્ત્રીને આખા દિવસની નોકરી અને રાત્રે પણ બાળકોની નોકરી માટે ઉજાગરા, એના કામમાંથી એ કદિ ઉંચી જ ન આવે. સ્ત્રીને ઘડીક આરામ, વિનોદ, બહાર ફરવું કે જ્ઞાનની વૃદ્ધિ કરવી, એવી એને જાણે જરૂર જ ન હોય! એટલું જ નહિ, પણ જો સ્ત્રી કાંઈ બાબત પૂછે તો તરતજ તેનો પતિ ઉત્તર આપે કે 'તું એમાં શું સમજે ? તારે એ પંચાતમાં પડવાની શી જરૂર છે ? એ તો અમારાં કામ છે ?' આવી રીતે બોલી સ્ત્રીની છતી શક્તિને પુરૂષો દબાવી દે છે. પણ ભાઈઓ ! આવા સડેલા વિચારો તમારા મગજમાંથી કાઢી નાખો. સ્ત્રીઓએ શું શું કામ કર્યાં છે ? તે તમો શાસ્ત્રથી જાણી શકશો. અનેક સંકટોમાં સ્ત્રીઓએ પોતાનું રક્ષણ અને પોષણ કર્યું છે, તેમ જ અનેક લાલચો સામે ટકી રહેવાનુ

નૈતિક બળ દાખવ્યું છે. સ્ત્રીઓ પણ કવિ થઈ શકે છે, કારણ કે શિક્ષણ–સંસ્કાર આત્મામાં ઉતરે છે, તે સ્ત્રીજાતિ કે પુરૂષ-જાતિના ભેદની પરવાહ નથી કરતો. આપણે જોઈ શકીએ છીએ અને સાંભળીએ પણ છીએ કે રાજપુત્રીઓ, મહામંત્રીની પુત્રીઓ, વેશ્યાઓ, ગણિકાઓ અને નટભાર્યાઓ શાસ્ત્રજ્ઞ, પંડીત અને કવી હતી. કેળવાયેલા અને સારા સંસ્કાર પામેલી સ્ત્રી ઉંચી ડીગ્રીએ ચડી શકે છે, માટે તેણીને તમે કેળવો, એ આશયથી આ લખ્યું છે. ખરૂં ઘર સ્ત્રી છે, ભીંત કે છાપરૂં વગેરે નથી.

આમ મધ્યસ્થ ભાવપૂર્વક સ્ત્રી જાતિ ને પુરૂષ જાતિ સમાન ગણવાના અસંખ્ય દાખલાઓ જૈન સાહિત્યમાં વેરાયેલા પડયા છે. સ્ત્રી જાતિ પુરૂષ જાતિ કરતાં પણ ઉંચી પદવી પ્રાપ્ત કરી શકે છે. એ બતાવવા માટે ચોવીશ તીર્થંકરોમાં ઓગણીશમાં તીર્થંકર **શ્રી મલ્લિનાથ** *દીવા દાંડી રૂપ છે. મલ્લિ સ્ત્રીપુરૂષ હતા, છતાં તેમણે આત્માનો ઉદ્ધાર કરી અજરામરત્વ મેળવ્યું હતું. અત્યારે* આપણે તેમને હૃદયપૂર્વક વાંદીએ છીએ. ઉપરાંત સ્તુતિમાં **ચક્રેશ્વરી, પદ્માવતી, શ્રુતીદેવી, રોહીણી** તથા **પ્રજ્ઞપ્તિ** વિગેરે સોળ વિદ્યાદેવીઓ, ભરહેસર બાહુબલિની સજ્ઝાયમાં આવતી પવિત્ર સ્ત્રીઓ, મહાસતીઓ વિગેરે સ્ત્રી સંઘનાં જ અંગ છે. અને તે અંગને પુરૂષ વર્ગ આજે ભાવ પૂર્વક વાંદે છે. એ વસ્તુ સ્ત્રી વર્ગની મહત્તા જ સૂચવે છે. આમ સ્ત્રી માત્ર સ્ત્રી હોવાને કારણે ન્યુન શક્તિશાળી કે ન્યુન અધિકારવાળી નથી. અનુકૂળતા હોય તો પુરૂષની પેઠે તે પોતાનો સંપૂર્ણ વિકાસ સાધી શકે છે અલબત્ત, અનેક જમાનાઓ થયાં સ્ત્રી શક્તિને

કચડી નાખવામાં આવી છે, તેથી પુરૂષના જેટલી અનુકૂળતા આપવાથી પણ કદાચ સ્ત્રીનો વિકાસ તુરત આપણે પૂરતો ન જોઇ શકીએ. સ્ત્રીઓને પુરૂષ જાતિએ જે અન્યાયો કર્યા છે તે ભરપાઈ કરવાને માટે તો પુરૂષોના કરતાં પણ ઘણા વિશેષ પ્રમાણમાં સ્ત્રીઓને તેમના વિકાસ માટે અનુકુળતા કરી આપવી જોઈ શે. અને ત્યારે જ તમે સ્ત્રીમાં રહેલી શક્તિનો યથાર્થ અનુભવ કરી શકશો. જ્યાં જ્યાં સ્ત્રીઓને વિકાસ માટે યોગ્ય સ્વાતંત્ર્ય મળ્યું છે ત્યાં ત્યાં એકેય ક્ષેત્ર એવું નથી કે જ્યાં સ્ત્રીઓએ પોતાનો પ્રભાવ ન પાડયો હોય માટે સ્ત્રીઓને વ્યવહારિક શિક્ષણની સાથે ધાર્મિક શિક્ષણ સંપૂર્ણતાએ આપવાની આવશ્યકતા છે, તો જ પૂર્વની મહાસતીઓની કોટીએ પહોંચી શકશે, અને ગૃહસ્થાશ્રમ સ્વર્ગીય બનશે. માટે હું પુરૂષ વર્ગને સૂચવું છું કે વિના કારણે ગેરસમજથી સ્ત્રીઓનો અનાદર ન કરશો તો કુસંપથી કારાગાર સરખો થયેલો તમારો સંસાર સદ્ જ્ઞાનથી અને સુસંપ વધવાથી સ્વર્ગીય બનશે તેમાં જરાએ શંકા નથી. પતિ અને પત્નીએ એક બીજા પ્રત્યે કેવી રીતે વર્તવું! વિગેરે માર્ગો સમજી લેવા જોઈએ. પત્ની પતિને દેવ તરીકે અને પતિ પત્નીને દેવી તરીકે માનની દૃષ્ટિથી જોશે તો હું માનુ છું કે તેઓનો ગૃહસ્થાશ્રમ સુખમય નીવડશે સુજ્ઞેષુ કિં બહુના ?

**સમજુ સમજે** સાનથી, મૂકી દેતા હઠ;
શઠ શઠતા છોડે નહિ, લાગે સો કદિ લઠ્ઠ. ૧

હવે હું મૂળ વાત ઉપર આવું છું.

## પ્રકરણ ૧૪ મું

## સતી ગુણમંજરી પર શાસન દેવે કરેલી પુષ્પ વૃષ્ટિ

વીરસેન રાજા હજુ કાંઈક આગળ બોલે છે તેટલામાં સતી ગુણમંજરીના શીયલનો પ્રભાવ કરતા આકાશમાંથી શાસન દેવે ગુણમંજરી ઉપર ફુલ વૃષ્ટિ કરીને 'સતી જય પામો, જય પામો.' એ પ્રમાણે સ્તુતિ કરી દેવ પોતાને સ્થાને ગયો. આથી મહાસતી ગુણમંજરીનો સુશય ચારે દિશામાં ફેલાયો અને સતીના ગુણગાન થવા લાગ્યાં.

હવે નિષ્કંટક રાજ્યને પાળતો વીરસેન રાજા બન્ને સ્ત્રીઓને સાથે સુખપૂર્વક રહેવા લાગ્યો. સતી ગુણમંજરીને દેવવિમાનથી સૂચિત દેવસેન નામે પુત્ર થયો, અને રતિસુંદરીને ચંદ્રસ્વપ્નથી સૂચિત ચંદ્રસેન નામે પુત્ર થયો. પાંચ ધાવમાતાથી લાલન—પાલન કરાતા તે બંને કુમારો બીજના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યા અનુક્રમે બહોંતેર કળાઓમાં પારંગત થઈ યૌવન અવસ્થાને પામ્યા. દેવસેનને ઉત્તમ કુળની અને સારૂં શિક્ષણ પામેલી પ્રિયમંજરી સાથે અને ચંદ્રસેનને ચંદ્રાવતી સાથે પરણાવ્યા. તે બંને કુમારોને રાજ્યધુરા વહન કરવામાં સમર્થ જાણી વીરસેન રાજાએ મોટા દેવસેન કુમારને રાજ્યાસન પર સ્થાપિત કર્યો. અને ચંદ્રસેન· કુમારને યુવરાજ પદે સ્થાપી પોતે સર્વ ઉપાધિઓથી મુક્ત થઇ બન્ને મહારાણીઓ સાથે વિશેષ પ્રકારે ધર્મ ધ્યાનમાં જોડાયો.

કેટલોક કાળ વીત્યા બાદ પૂર્ણચંદ્ર નામના સૂરીશ્વર ગુરુ મહારાજ સુરપુર નગરમાં પધાર્યા. વન પાલકે આવી

વીરસેન રાજાને વધામણી આપી કે–'હે–સ્વામીન્! આપના ઉદ્યાનમાં પૂર્ણચંદ્ર મુનીશ્વર પધારેલા છે.' તે સાંભળી અત્યંત હર્ષ પામેલ વીરસેન રાજા વન પાલકને ઘણું દાન આપી ચતુરંગી સેના સજ્જ કરી પરિવારથી યુક્ત બની ગુરુ મહારાજને વંદન કરવા નીકળ્યો. પાંચ અભિગમ સાચવી ગુરુ મહારાજને ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કરી યોગ્ય સ્થાને બેઠો. ગુરુ મહારાજે પણ ધર્મ લાભરૂપી આશિષ આપી કર્મરૂપ પાણીને શોષાવનારી ધર્મ દેશના આપી. દેશનાંતે વીરસેન રાજાએ બે હાથ જોડી વિનય સહિત પૂછ્યું–'હે પરમતારક ગુરુવર્ય! ક્યા કર્મને લઈ મારે મહિના સુધી ભિખારીની જેમ એકાકિપણે ભટકવું પડયું? અને દેવી ગુણમંજરી પર આટલી આફતો આવી? વળી ક્યા સુકૃત વડે સર્વ વિઘ્નમાંથી બચી શકી, તેમજ સર્વ ઇચ્છિત સંપત્તિઓ મળી?'

## પ્રકરણ ૧૫ મું

## વીરસેનકુમારના પૂર્વભવનું વૃત્તાંત

ચાર જ્ઞાનને ધારણ કરનારા મુનીશ્વરે જણાવ્યું–"કે રાજેન્દ્ર! તમારા પૂર્વ ભવને તમે સાંભળો. આ ભરતક્ષેત્રને વિષે સુપ્રતિષ્ઠિત નામનું નગર હતું. તે નગરમાં મહેન્દ્રસેન રાજા રાજ્ય કરતો હતો, અને તેને મહિમાવતી નામે પટ્ટરાણી હતી. તે બન્ને જૈન ધર્મના ઉપાસકો હતા, છતાં એક વખત પરિણામની વિચિત્રતાને લઈ જૈન મુનિને ગોચરીએ ફરતા જોઈ મનમાં દ્વેષ લાવી તે મુનિને બાર ઘડી સુધી પોતાના મહેલમાં પૂરી રાખ્યા, અને ગુરુથી વિયોગિત કરી

આહાર પાણીમાં અંતરાય કર્યો. રાજા-રાણી બંનેની અનુમતિ હોવાથી બન્નેએ નિકાચિત કર્મ બાંધ્યું. પછી દયા ઉત્પન્ન થવાથી મુનિને મુક્ત કરી પોતાના કરેલા અપરાધની મુનિ પાસે ક્ષમા માગી, અને કરેલા પાપનો પસ્તાવો કરવા લાગ્યાં. ત્યાર બાદ વ્રત, તપ, જપ, ઇંદ્રિય દમન, દયા, પરોપકાર વિગેરે ધર્મમાં રક્ત રહી આયુક્ષયે મહેન્દ્રસેન રાજા મરીને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. અને મહિમાવતી તેની દેવીપણે ઉત્પન્ન થઈ સુરસુખને ભોગવી આયુષ્યને અંતે ત્યાંથી ચ્યવીને હે રાજેન્દ્ર ! તે મહેન્દ્રસેન દેવનો જીવ તમે વીરસેન રાજા થયા, અને પૂર્વના સ્નેહથી મહિમાવતી દેવીપણાનો જીવ તમારી રાણી ગુણમંજરી થઇ. કુલમદના કારણે તેણીને સોનીને ઘેર જન્મ લેવો પડયો. હે નરેન્દ્ર ! મુનિને બાર ઘડી સુધી ગુરૂથી વિયોજિત કરી આહાર-પાણીમાં અંતરાય કર્યો, તે નિકાચિત કર્મના ઉદયથી તમારે રાજ્ય ભ્રષ્ટ થઈ બાર મહિના સુધી ભીખારીની જેમ ભટકવું પડયું અને મહારાણી ગુણમંજરીને પણ બાર મહિના સુધી વિવિધ સંકટો સહન કરવાં પડયાં. અને પછી ધર્મની આરાધના કરવાથી સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થઇ કહ્યું છે કે-

> कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।
> अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम्. ॥ १ ॥

હે ભવ્યાત્માઓ ! કર્મ કરતાં જીવને ભાન હોતું નથી, પણ જ્યારે ઉદયમાં આવે છે અને ભોગવવાં પડે છે ત્યારે તે આત્મા રડવા બેસે છે. પણ રડતાં તે કર્મો છૂટી જતાં નથી.

જો તમારે સુખ જોઈતું હોય, દુઃખ ન જોઇતું હોય, તો કોઈ પણ જીવાત્માને દૂભવશો નહિ, અને શ્રી જિનેશ્વર પ્રભુએ પ્રરૂપેલા એવા ધર્મને વિષે તમે પ્રયત્નશીલ થજો.'

આ પ્રમાણે ગુરુ મહારાજના મુખથી પોતાના પૂર્વભવને સાંભળી વીરસેન રાજા વૈરાગ્યવાન બની દીક્ષા લેવા માટે તૈયાર થયો. તેમજ સતી ગુણમંજરી અને રતિસુંદરી પણ સંસાર વિરક્ત બની દીક્ષા લેવા માટે ઉત્સુક થઈ. પછી બન્ને રાણીઓથી યુક્ત વીરસેન રાજાએ તે જ પૂર્ણચંદ્ર મુનીશ્વર પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ત્રણે આત્માઓ નિરતિચાર પણે ચારિત્રનું પાલન કરતા અનેક આત્માઓને પ્રતિબોધતા પૃથ્વી પર વિહરવા લાગ્યા. ત્યાર બાદ આયુષ્યને અંતે સમાધિપૂર્વક કાળ કરી ત્રણે આત્માઓ સદ્ગતિને પામ્યા.

## સ્ત્રી વર્ગની પ્રતિષ્ઠા.

સ્ત્રી સન્માનની ભાવના ભારત વર્ષમાં બહુ પ્રાચીન કાળથી ચાલી આવે છે. એક જ ઉદાહરણ જુઓ—સીતા—રામ, રાધા-કૃષ્ણ વિગેરે શબ્દો દેશમાં ઘણા જુના વખતથી બોલવામાં પ્રસિદ્ધ છે, તેમાં પહેલું સ્ત્રીનું નામ ઉચ્ચારવામાં આવે છે, અને એ પછી પુરૂષનું. પ્રાચીન ઋષિનું વાકય પણ પ્રસિદ્ધ છે કે–

यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः.

અર્થાત્ જ્યાં સ્ત્રીનું સન્માન છે તે સ્થળ દેવતાઓની ક્રીડા ભૂમિ બને છે.



ઉદ્યાનમાં પૂર્ણચંદ્ર મુનીશ્વર પાસે વીરસેનકુમાર પોતાના રસાલા સાથે ધર્મોપદેશ શાંભળે છે.

આ ઉક્તિમાં સ્ત્રીનું મહત્ત્વ કઇ હદ સુધી વર્ણવાયું છે તેનો વાચક–વાચિકાઓ ખ્યાલ કરશે.

સ્ત્રીઓની ધાર્મિક ભાવના પુરૂષો કરતાં પ્રાયઃ વિશેષ રૂપ જોવામાં આવે છે. જે આચારો કે નિયમોના સંસ્કારો સ્ત્રીઓના દિલમાં નંખાય છે, તેમને તેઓ ખૂબ જ ચુસ્તપણે વળગી રહે છે.

જૈન શાસ્ત્રોમાં અને જૈન પ્રાચીન આગમોમાં જ્યાં તીર્થંકર ભગવંતોના સંઘ–પરિવારનું વર્ણન આવે છે. ત્યાં સાધુઓ કરતાં સાધ્વીઓની, અને શ્રાવકો કરતાં શ્રાવિકાઓની સંખ્યા વિશેષ નોંધાએલી મળે છે.

સામાન્યતઃ સ્ત્રીની મનોવૃત્તિ સહેજે કોમળ હોય છે. તેનું એ જ કારણ છે કે, ધાર્મિક ભાવનાના વાતાવરણને તે શીઘ્ર સ્પર્શે છે; અને જે જે આચાર, તપ, વ્રત કે નિયમ માટે તેના હૃદય પર અસર થાય છે તેને પાળવામાં તે હંમેશાં મક્કમ રહે છે. મુશ્કેલીઓને સહન કરવાની ધીરજ ખરેજ તેની વખાણવા લાયક હોય છે. અને આફતના વખતમાં જયારે પુરૂષ એકદમ ગભરાઈ ઉઠે છે, ત્યારે સ્ત્રીનું ધૈર્યબળ તેને એક બોધદાયક પાઠ રૂપ થઇ પડે છે.

બુદ્ધિ, ડહાપણ, ધૈર્ય, સહિષ્ણુતા, તપ કે શિક્ષણમાં જેટલી ઉન્નતિ પુરૂષ કરી શકે છે, તેટલી સ્ત્રી પણ કરી શકે છે. એટલે મનુષ્યતાના કલાસમાં સ્ત્રીનું સ્થાન પુરૂષ કરતાં જરા પણ ઉતરતું નથી. બન્ને સમાજ રૂપ રથનાં ચક્રો છે, બન્ને એક બીજા વગર અપૂર્ણ છે, અને બન્નેના સુસહયોગે જ બન્નેનો ઉત્કર્ષ છે, તેમ જ ગૃહસ્થાશ્રમની શોભા છે; અને એ

વડે જ સમાજનું જીવન સમૃદ્ધ બને છે, તેમ જ દેશ અને ધર્મની ઉન્નતિ સધાય છે.

આ વસ્તુ સ્થિતિ છે, છતાં બીજી બાજુ સ્ત્રીઓ માટે હલકા શબ્દો પણ વપરાતા આવ્યા છે. આ ખૂબ જ નવાઇની વાત છે, અને સાથે જ ખેદજનક પણ છે. પરંતુ વર્તમાન યુગના પત્રકાર આગળ એ એકદેશીય પક્ષપાતનું ગુંજન પલાયન કરી જાય છે તે આ પ્રકારની ઉક્તિઓ છે–

भवस्य बीजं नरक–द्वार मार्गस्य दीपिका ।
शुचां कन्दः कलेर्मूलं, दुखानां खनिरङ्गना ॥ १ ॥

અર્થાત્–સ્ત્રી સંસારનું બીજ છે, નરકના દ્વાર માર્ગની દીવાદાંડી છે, શોકનું કેન્દ્ર છે, કજીયાનું મૂળ છે, અને દુઃખોની ખાણ છે.

આ ઉક્તિ સામે નવયુગનો જવાબ છે કે–

भवस्य बीजं नरक–द्वारमार्गस्य दीपकः ।
शुचां कन्दः कलेर्मूलं, दुखखानिश्च पूरुष ॥ १ ॥

અર્થાત્–પુરૂષ સંસારનું બીજ છે. નરકના દ્વાર માર્ગનો દીવો, શોકનું કેન્દ્ર, ઝગડાનું મૂળ અને દુઃખની ખાણ છે.

आपदामाकरो नारी, नारी नरकवर्तनी ॥
विनाशकारणं नारी, नारी प्रत्यक्षराक्षसि ॥ १ ॥

આવા આક્ષેપ સામે વર્તમાન યુગનું સ્ત્રી જગત ધારે તો ચોખ્ખું સંભળાવી શકે તેમ છે કે–

पुरूषो विपदा खानिः, पुमान नरकपद्धतिः ।
षुरूषः पाप्मनां मूलं, पुमान् प्रत्यक्षराक्षसः ॥ १ ॥

અર્થાત્-પુરૂષ વિપત્તિની ખાણ છે, પુરૂષ નરકનો રસ્તો છે, પુરૂષ પાપનું મૂળ છે, પુરૂષ પ્રત્યક્ષ રાક્ષસ છે.

પણ આમ એક-બીજાને ભાંડવાથી શું ? વાસ્તવિકમાં નથી સ્ત્રી નરકની ખાણ કે નથી પુરૂષ નરકની ખાણ. નરકની ખાણ એક માત્ર પોતાની મલિન ભાવના અને પાપ વાસના છે. પુરૂષને સ્ત્રી પરથી વૈરાગ્ય થાય એટલા ખાતર જો સ્ત્રીને માટે હલકા શબ્દો વપરાયા હોય તો સ્ત્રીને પુરૂષ પરથી વૈરાગ્ય થાય એટલા માટે પુરૂષ માટે પણ હલકા શબ્દો નહિ વપરાય કે? માટે પોતાની દુર્બળતાનો રોષ બીજા પર નાખવા કરતાં પોતાની જ નબળાઈનું અવલોકન કરી તેનું સંશોધન કરવું એ જ ડહાપણ ભર્યું છે.

આજની કન્યાઓ એ આવતી કાલની માતાઓ છે, એટલે તેમને પુસ્તકીય જ્ઞાનની તો જરૂર છે; પણ ગૃહ શિક્ષણની, માતૃત્વ શિક્ષણની અને સદાચાર શિક્ષણની એથીય વધારે જરૂર છે. વિદ્યા શિક્ષણ અને સદાચાર, શીલ સંયમ અને લજ્જા, બળ હિંમત અને વિવેક, પતિ ભક્તિ સેવા અને ડહાપણ એ રમણીની રમણીય વિભૂતિ છે, લલનાનું લલિત લાવણ્ય છે, સુંદરીનું સુંદર સૌંદર્ય છે, અને સતીત્વનું સરસ સૌરભ છે. આવી ગૃહિણી એ ગૃહનો દીવો છે, એ જ ગૃહ છે.

આવી ઉચ્ચાત્મા ગૃહિણીને ઉદ્દેશીને જૈનાચાર્ય **શ્રી અમરચંદ્રસૂરિજી** એ કહ્યું હતું કે-

अस्मिन्नपारे संसारे, सारं सारङ्गलोचनाः ॥
यत्कुक्षिप्रभवा एते, वस्तुपाल ! भवादृशाः ॥१॥

અર્થાત્- આ અસાર સંસારમાં ગૃહિણીનું સ્થાન મહત્વ પૂર્ણ છે, કે જેની કુક્ષિમાંથી હે વસ્તુપાલ! આપના જેવા રત્નો પેદા થાય છે.

મુનિરાજ શ્રી જિનસૂરિ લખે છે કે-

संसारभारखिन्नानां, तिस्रो विश्रामभूमयः ॥
अपत्य च कलत्रं च, सतां सङ्गतिरेव च ॥१॥

અર્થાત્-સંસાર ભારથી ખિન્ન થયેલાઓને ત્રણ વિશ્રામ-ભૂમિઓ છે-સુસંતાન, સુકલત્ર અને સત્સંગ.

શ્રાદ્ધગુણ વિવરણમાં શ્રી **જિનમંડનગણિ** લખે છે કે-

दक्षा तुष्टा प्रियालापा, पतिचित्तानुवर्तिनी ॥
कुलौचित्याद व्ययकरी, सा लक्ष्मीरिव नापरा ॥१॥

અર્થાત્-ડાહી, સંતોષવતી, મધુરભાષિણી પતિના ચિત્તને અનુસરનારી અને ઉચિત રીતે ખર્ચ કરનારી એવી ગૃહિણી લક્ષ્મી છે.

જે કૈકેયીએ સમરાંગણમાં દશરથ રાજાના રથની ધરી એકાએક તુટી જતાં પોતાની આંગળીને તે ધરીની જગ્યાએ ગોઠવીને પોતાના સ્વામિનાથને નિરાશામાંથી ઉગારી લીધો હતો, જે સીતા રાવણ જેવા ભયંકર મદોન્મત્ત રાક્ષસથી પણ જરાય ભયભીત નોતી થઈ, અને જે દ્રૌપદીએ જયદ્રથ રાજાને ધક્કો મારી નીચે પાડી દીધો હતો; તેમના પરાક્રમ કેવાં હશે? બહેનો! તમે પણ એજ માતાઓની પુત્રીઓ છો પછી

તમારામાં નબળાઈ શું ? એ ચારિત્રવતી માતાઓનું આત્મ તેજ તમારી અંદર પણ ભર્યું છે. ફક્ત ઉત્સાહ અને હિંમત જે તમારામાં મૃતપ્રાય બની ગયાં છે તેને જ પુનઃ સજીવન કરવાની જરૂર છે. ઉઠો, અને તમારી ફરજ વિચારો.

દેશ—કચ્છ ગામ કોડાયમાં મહાસતી ગુણમંજરીનું
આદર્શ ચરિત્ર વિક્રમ સંવત ૧૯૯૩ ના આસો
સુદિ પૂર્ણિમા ને મંગળવારના મંગળ
પ્રભાતે પૂર્ણ કર્યું. એ ચરિત્રનું પઠન
પાઠન કરનારા દરેક આત્માઓના
કલ્યાણમાં વૃદ્ધિ થાઓ, એમ
ઈચ્છી વિરમું છું.

सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥१॥

લેખિકા-સાધ્વી ખાંતિશ્રી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

卐

શ્રી

ક્ષાંત્યાનંદ

# પુષ્પ વાટિકા

卐

: લેખિકા :

શ્રી પાર્શ્વચન્દ્ર ગચ્છીય

પૂ. પ્રવર્તિની, વિદુષી સાધ્વી શ્રી ખાંતિશ્રી મ. સા.

# કુકર્મનું ફળ

## પ્રકરણ પહેલું

### ભવ્ય ભૂમિ

ભારત ખંડના મગધ દેશના મધ્ય ભાગમાં સુરમ્ય સુંદરપુર નામે ગામ વસેલું હતું. શશીના શીતલ કિરણોથી સભર અને સવિતાના સંતપ્ત તેજોમય કિરણોથી વ્યાપ્ત, વનવગડાની વિવિધ વનરાજીની ખુશબોથી આહલાદક, તળાવ નદીના જળથી આર્દ્ર, તે ગામની શોભામાં અભિવૃદ્ધિ કરી રહેલ હોવાથી મનોહર લાગતું હતું. ગામ તો નાનું છતાં બેઠાં મકાનની બાંધણીથી અને તે ચુના તેમજ રંગરોગાનથી ગઠારેલા અને સામ સામે આવેલા મકાનોની હારમાળાથી તેની સુંદરતામાં ઓર વધારો થયો દેખાતો હતો. વચ્ચે ધોરી રસ્તાઓ હોવાથી સ્ત્રી–પુરૂષોની કાયમ અવરજવર રહેતી હોવાના કારણે કયાંય પણ લુચ્ચા લફંગા ડાકુઓનો લેશ માત્ર પણ ભય ન હતો. ગ્રામ્ય જીવન જીવનાર સુંદરપુરના વતનીઓનાં હૈયામાં જે આનંદ અને શરીરનું જોમ થનગની રહ્યાં હતાં તેવો આનંદ, ઉલ્લાસ અને જોમ આજના શહેરીઓનાં ટાપટીપ ભર્યા પોષાકમાં કયાંએ શોધ્યા મળતા નથી.

એ સુંદરપુર ગામમાં ભવ્ય જીવોના ભાગ્યોદયની સાક્ષી પૂરતું એક નાનકડું પણ ભવ્ય જિનાલય હતું, જેમાં બાળ–બ્રહ્મચારી મલ્લિનાથ પ્રભુજીની શાંત રસના પાનનો બોધ કરતી

એક જ મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. છતાં ગ્રામ-વાસીઓ આબાલ-વૃદ્ધ દરેક ઘણી જ સહેલાઈથી સવાર અને સાંજ પ્રભુની પૂજા અને ભક્તિ કરી માનવ જીવનને ધન્ય કરી રહ્યા હતા. ત્યાં ન કંઈ ધમાલ, કે ન કંઈ હુંસાતુંસી. પ્રભુના દરબારમાં સૌ સરખા !

એ ગામમાં એક શિવાલય પણ હતું. સૌ પોતપોતાના ધર્મમાં મશગુલ રહેતાં. જૈન અને જૈનેતરોમાં સંપ તો એવા કે દરેક ધાર્મિક પ્રસંગોમાં એક સાથે હળીમળીને મહોત્સવો ઉજવતા. જેથી અધર્મીઓના હૈયામાં સદ્‌ભાવ ઉત્પન્ન થતો. અનાચારનું નામ નહી. સૌ એક બીજાના સુખ દુઃખમાં ભૂખે પેટે ભાગ લે. ઉંચ-નીચના તો રજમાત્ર પણ ભેદ-ભાવ જોવા મળતા નહીં. એકંદરે ગ્રામ્યવાસીઓના તન મન નિરોગી હતાં, સંપીલા અને સુખી હતા !

સાધુ સંતના સમાગમે પુણ્ય-પાપના ભેદને જાણી, દગા, ફટકા કે ઈર્ષ્યા અદેખાઈથી પર રહેનારા હતા. કોઈ પ્રકારની ગરબડ, ઘોંઘાટ કે ધમાલ વિહોણું શાંત જીવન જીવી રહ્યા હતા.

સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, દેરાણી-જેઠાણીના હેત અરસપરસ હૈયાને હર્ષથી પ્રફુલ્લિત બનાવી દેતાં. તેઓના ઘેર ઘેર નિત્ય દિવાળી હતી.

ભવ્ય માનવીના પ્રભાવે ભૂમિ પણ ભવ્ય બની જાય છે. જ્યારે વર્તમાન કાલના માનવ જીવનમાં જોવા જઈએ તો ઘેર ઘેર હોળી પ્રકટતી દેખાય છે. કજીયા-કંકાસ કે મારફાડ જાણે કશું જ આ ગામમાં દેખાતું નથી. સરિતાના

સરતા જલ પ્રવાહની જેમ સુંદરપુર ગામના વતનીઓના દિવસો પ્રવાહના વહેણમાં વહી રહ્યાં હતાં.

*

## પ્રકરણ બીજું

### ધન્ય જીવન

એ સુંદરપુર ગામમાં શ્રીમંત હસમુખ નામે શેઠ રહેતા હતાં. તે સદા કાળે હસમુખા જ રહેતા, દયાળુ પણ એવા કે કોઈને દુઃખી જોઇને રડી પડતા અને તેનું દુઃખ દુર કર્યા વિના પાણી પણ પીતા નહિં. પારકાના દુઃખનો અનુભવ કરવા માટે પોતે શિયાળામાં ઝીણાં કપડાં અને ઉનાળામાં જાડાં કપડાં પહેરી બહાર ફરતા હતાં. તેથી ઠંડી અને તાપના દુઃખને, સાધન વિનાના માણસો કેવા ભોગવતા હશે, તેનું એ શેઠને ભાન થતું હતું. જેથી સાધન વિહોણા માણસોને શોધી શોધી જેને જેની જરૂરિઆત હોય તેઓને તે આપી તેઓના દુઃખ દૂર કરી દુઃખીઓના સાચા બેલી બનતા હતાં.

છતાં ગ્રામ્ય–વાસીઓને શેઠ કેટલું આપે છે તેની ગંધ સરખી પણ આવતી નહીં. આવા તો એ ગુપ્ત દાનેશ્વરી હતાં. પોતે લક્ષાધિપતિ હોવાં છતાં તેમના હૈયામાં ધનનો ઉન્માદ ન હતો, કીર્તિની લાલસા ન હતી. હું કંઈક છું એવી ખુમારી ન હતી. જે કાંઇ પરોપકારનાં કાર્યો કરતાં તે પોતાની ફરજ સમજીને જ કરતાં. ન્યાત–જાતનો ભેદભાવ તેમનાં અંતરે ઉગ્યો જ ન હતો. હીરા શેઠાણી પણ એવા જ દયાળુ હતા. ઘેર ભેંશ રાખતા હતા. જે છાશ લેવા

આવે તે જો ગરીબ હોય તો તેના લોટામાં પાંચ–પચીસ સરકાવી દેતા. લોટાની છાશ ખાલી કરતાં લઈ જનારાને સમજાતું. આ રીતે ઘણાં ગુપ્ત દાનો આપી તેઓ અનેક ગરીબોનાં સાચા બેલી બન્યા હતાં. ખરેખર એ દંપતિ ધન્ય જીવન જીવી રહ્યાં હતાં, ક્યાં એ જીવન અને ક્યાં આજના શ્રીમંતોનું જીવન !

પારકાના ધને ધનવંત બનેલા, (એક પેઢી તુટે તો હજારો રડતા જાય) અનેક હિંસામય ધંધાથી ધનવંત બનેલા, વૈભવ વિલાસોમાં મસ્ત બનેલા, સદાચારને દેશવટો દેનારા, દુઃખીઓના દુઃખ જોઈ હસનારા; હોટલ, નાટક, અને સિનેમાના, નખરામાં ફક્કડ થઇ ફરનારાઓ શ્રીમંતો ! જરા પાછું વળીને જુઓ તો ખરા કે, તમે ખરેખર ક્યાં જઈ રહ્યાં છો ? તમારા જીવનમાં ક્યાંય માનવતા જણાય છે ? તમારા તનમાં કે, મનમાં ક્યાંય ઉજ્જવલતા જણાય છે ? કરેલા અપ કૃત્યોને ઢાંકવા કે કીર્તિની ભૂખ સંતોષવા પાંચ–પચીસ હજાર આપી ઉદારતાની ધન્યતા મેળવનારા બંધુઓ ! જરા વિચારો કે ધન તમે કેવી રીતે મેળવ્યું ? શું એ ઉદારતા તમને તારી દેશે ? એ દાન તમને દેવ બનાવી શકશે ? કીર્તિ દાનમાં લાખો કે હજારો ખર્ચ કરનારાઓની પાસે કોઈ, જેને લુખા–સુકકા પેટ પૂરતા રોટલાના પણ સાંસા છે. તેવા કોઈ મનુષ્ય કંઈ મળ–વાની આશાએ માંગણી કરશે તો તેને પાંચ–પચીસ આપતાં કેટલી ટાઢ વાય છે ? તેને આ શ્રીમંતોના કેવા કડવા વેણ સાંભળવા પડે છે ? જેને અનુભવ થયો હશે તે જ સમજી શકશે. ખરેખર આજની તો આવી જ કફોડી પરિસ્થિતિ છે.

દાતા દાતા ચલે ગયે, રહ ગયે મખ્ખીચુસ;
દાન દયા સમજત નહીં, લડનેમેં મજબુત. ૧

જો કે बहुरत्ना वसुंधरा ? એ કથનની સત્યતા કેટલાક ભાગ્યવાનોના હૈયા અને હાથમાં દેખાય છે. પણ પ્રમાણ ઘણું અલ્પ ગણાય. વીરા જરા સમજો.! તમારા ભૂખે મરતાં ભાઈ-બહેનોને સાચા ઉદાર દીલથી યોગ્ય મદદ આપી પડતાંને ઉભા કરો, પડતાને પાટું ન મારો. સમાજ સેવાને બહાને સમાજ પાસેથી ધન લુંટી ઘર ભરનારા ભાગ્યવાનો ! શું તમને એમ નથી લાગતું કે આ અણુઘટતું છે ? આ રીતે છડેચોક સમાજનો દ્રોહ કરાઈ રહ્યો છે.

કળિયુગના છે દેવ, મુખમાં ભાષા ઉંચી;
ખાંતિશ્રી સમજ્યા કંઈ, નજર રાખે નીચી. ૧

બંધુઓ ! ભૂખ્યાને અન્ન, નગ્નને વસ્ત્ર, અને રોજગાર વગરનાને રોજગાર આપી સાચી સમાજ સેવા બજાવી ધન્ય બનો એવી શુભેચ્છા !

હસમુખ શેઠ અને હીરા શેઠાણીનું ગૃહ જીવન ખરેખર મંત્રીશ્વર તેજપાલ અને અનુપમા દેવીની ઝાંખી કરાવે તેવું હતું. તે દંપતિને ક્રમાનુસાર સંસારમાં સુખના ફળરૂપ બે પુત્ર-રત્ન પ્રાપ્ત થયાં. મોટાનું નામ હરસુખ અને નાનાનું નામ હરદુઃખ. માતા - પિતાના હેતાળ હૈયે વૃદ્ધિ પામતા વિદ્યા ગ્રહણ કરવા માટે તેમને એક ગામઠી શાળામાં દાખલ કરવામાં આવ્યા.

*

# પ્રકરણ ત્રીજું
## શીતલતામાં એક અંગારો

હરસુખ બાલપણથી જ મહા તોફાની અને–ક્રૂર સ્વભાવનો હોવાથી નાના ભાઇ હરદુઃખને ત્રાસ આપતો. ઘરમાં પણ ભાંગફોડ કરી તોફાન મચાવતો, સાથે રમતા છોકરાઓને માર્યા વગર રહેતો નહીં. નાના ભાઈ ઉપર અતિશય અદેખાઈ કરતો. તેના ભાગમાં આવેલી વસ્તુને ઝુંટવી લઇ પોતે ખાઈ જતો, નિશાળમાં પણ તેને ભણવા દેતો નહીં. તેની પેનપાટી ભાંગી નાખતો. ઝીણીઝીણી ચુંટલીઓ ખણી તેને રડાવતો ઘરે પણ પજવતો અને નિશાળમાં પણ પજવતો, નિશાળમાંથી છુટયા પછી ગામના છોકરાઓને રસ્તામાં ધક્કા મુક્કી કરી કજિયા કરતો અને એની કોઈ ફરિયાદ એના મા–બાપ પાસે કરે તો તેને ગળે પડતો ને કહેતો કે મને તેઓ મારે છે. એ મારે તો હું એને શા માટે ન મારૂં ? એમ બોલી છટકી જતો. આમ જેમ–જેમ મોટો થતો ગયો તેમ તેમ તેના તોફાનો વધતા ગયા. મા–બાપ જરા ઠપકો આપે તો તેના સામે પણ પથ્થરા લઈ છુટા ઘા કરતો. આથી મા–બાપ પણ તેનાથી ત્રાહી ત્રાહી થઈ ગયા. માતાએ અર્પેલા સુંસસ્કારોની કશી જ અસર તેને ન થઈ. નાનો હરદુઃખ માતાના સુસંસ્કારોથી અતિ વિનયવંત અને નમ્ર બન્યો. નિશાળે સિદ્ધા જવું ને સિધ્ધા આવવું. કજીયા–ટંટામાં સમજે જ નહીં. મોટાભાઇથી તો એવો બીએ કે તેને જુએ ત્યાં ધ્રુજી ઉઠે. એક જ માતાના ઉદરે પેદા થયેલા બન્ને ભાઈઓ વચ્ચે આસમાન ને જમીન જેટલો અંતર પડયો. મોટો પવિત્ર કુળમાં અંગારા સરખો પાકયો અને નાનો કુળ દીપક નીવડયો.

હરસુખની સોળ વર્ષની ઉમ્મર થતાં તે એક ડાકુ જેવા અધમ કર્મો કરવામાં પાવરધો બની ગયો. સ્વચ્છંદપણે જ્યાં ત્યાં ભટકવા લાગ્યો, અને ગામ-લોકોને પણ ત્રાસદાયક થયો. આ કુપુત્રના આચરણે સજ્જન માતા-પિતાના હૃદયો ઘવાયા. સુખી જીવન દુઃખમયક બનતું દેખાયું. તેઓએ વિચાર કર્યો કે, જો તેના લગ્ન કરી નાખીએ ને વહુ ઘરે આવે તો કાંઇક ઠેકાણે પડે. એમ વિચારી કન્યાની શોધ ચલાવી, પણ આ કુપાત્રને કન્યા આપવા કોઈ તૈયાર થતું નથી. એક લોભી મગન નામના ગૃહસ્થે પૈસા લઈ પોતાની પુત્રી કનકલતાનુ સગપણ હરસુખ સાથે કર્યું.તેની સાથે લગ્ન કરી વહુને ઘેર લાવ્યા. વહુ ઘણીજ ઉછાંછળા સ્વભાવની અને નિષ્ઠુર હૃદયવાળી નીકળી. સાસુએ તેનામાં સુંદર સંસ્કારો રેડવા ઘણાં જ પ્રયાસો કર્યા પરંતુ પાડાની પીઠ પર પાણી રેડયા જેવું થયું. દિવસે દિવસે વાત વાતમાં દરેકની સાથે કજિયા-કંકાસ વધારવા લાગી. કોઈ દુઃખી-સુખી ઘર આંગણે આવે તો તેને હડધુત કરી કાઢી મૂકતી. હરસુખ પણ કોઈને ઉંબરે ચડવા દેતો નહીં. વહુના પનોતા પગલા થતાની સાથે એ દાનેશ્વરી શેઠના દાન આપવા માટે દ્વાર બંધ થઈ ગયા, હસમુખ શેઠ કોઇને કાંઈ આપવા જાય તો હરસુખ તેના હાથમાંથી જે હોય તે ઝુંટવી લેતો, હડધુત કરતો અને ધમકાવતો કે, મારૂં ઘર ખાલી કરવા બેઠા છો. ખબરદાર છો ! કે, જો કોઈને કાંઈ આપ્યું છે તો, અને આવનારને પણ ગાળો દઇ ધક્કા મારી ઘરમાંથી કાઢી મુકતો. હીરા શેઠાણીની પણ દીકરો વહુ એ જ દશા કરતાં. આવા ત્રાસથી માત-પિતા ખોબે આંસુએ રડતાં. બિચારાઓનું કંઇક ચાલતું નહીં. માણસોની આવ-જાવ પણ બંધ થઈ ગઈ. મોટા દિકરાને પરણાવ્યાને બે વર્ષ થઇ ગયા પછી નાના દિકરા હરદુઃખના લગ્ન અમીચંદ શેઠની

સુશીલા નામે પુત્રીની સાથે કર્યાં. સુશીલા સુસંસ્કારી ક્ષમાશીલ અને વિનયવાન હોવાથી સાસુ હીરા શેઠાણીના હૈયામાં ટાઢ વળી. પોતાના સુપુત્રને સદ્ગુણી વહુ સાંપડવાથી શેઠ–શેઠાણીને ખૂબ જ આનંદ થયો.

*

## પ્રકરણ ચોથું
### હત્યારો

સુશીલા સતી સાસુ–સસરા, જેઠ–જેઠાણીની સેવા બજાવવામાં પુરૂં ધ્યાન આપતી. કામકાજમાં પણ પૂરતી કાળજી રાખી કોઈની રાહ જોયા વિના બધું જ કરી લેતી. જેથી સાસુનો સ્નેહ તેણીના ઉપર અધિક રહેતો. આથી જેઠાણી તેના ઉપર દ્વેષ રાખતી, અને પોતે માંદી ન હોવા છતાં યે આજે પેટ દુઃખે છે, આજે માથું દુઃખે છે, એમ ખોટા બહાના કાઢી સૂઈ રહેતી અને કામમાં જરા મોડું વહેલું થાય તો દેરાણીને ધમકાવી નાખતી, દિયર ઉપર પણ અતિ ઈર્ષ્યા કરતી. જમવાના સમયે જરા મોડો વહેલો આવે તો પણ વધ્યું ઘટ્યુ, ટાઢું તેને ખાવા આપતી. દેરાણી અને દિયરની ખોટે ખોટી વાતો ધણીને સંભળાવતી. તે પહેલેથી જ ક્રૂર સ્વભાવનો તો હતો જ. તેમાં પોતાની સ્ત્રીની વાતને ખોટી છતાં સાચી માની નાનાભાઈને ત્રાસ આપવામાં બાકી રાખતો નહી. આમ કરતાં બે વર્ષ પસાર થઇ ગયા ત્યાં મહાસતી સુશીલાને એક પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ. આથી અગ્નિમાં ઘી હોમાયાની જેમ કનકલતા જેઠાણીનું હૈયું ઈર્ષાથી સળગી ઉઠ્યું.

પોતાને સંતતિમાં કાંઇ ન હોવાથી અને દેરાણીને પુત્ર સાંપડવાથી તે વધારે ઝેરીલી બની પોતે ઘરની માલિક હોય તેમ શેઠાણી પદ ભોગવવા લાગી અને દેરાણી ઉપર હુકમો છોડયા કરતી. લઘુ પુત્ર અને વહુના આવા દુઃખને જોઇને શેઠ-શેઠાણીએ વિચાર્યું કે આપણા જીવતાં બંને જણાં આને આવો ત્રાસ આપે છે તો આપણા મૃત્યુ પછી એના શા હાલ કરશે ! આપણા નાના પુત્રને જુદો કરી દઇએ તો ઠીક !

હવે એક દિવસ સાંજના સમયે બધા બેઠા હતાં ત્યારે અવસર જોઇને હસમુખ શેઠે મોટા પુત્ર હરસુખને કહ્યું કે તારા નાના ભાઇને એના ભાગમાં આવે તે મુજબ ઘર વખરી અને માલ-મિલકત વહેંચી આપી જુદો કરી નાખવા વિચાર છે. અમારી હૈયાતીમાં બન્ને ભાઇઓ જુદા થઈ જાઓ તો સારૂં. આ સાંભળતાની સાથે આંખના ભવાં ચઢાવી ક્રોધથી ધમધમતો હાથ પછાડી બોલી ઉઠયો કે આ ઘરમાંથી એક પાઇ પણ મળી નહીં શકે. બધી જ માલ-મિલકતનો હક્કદાર હું છું. કોઈ પણ વસ્તુને જો હાથ લગાડયો છે તો પુરેપુરી ખબર લઈ લઇશ. એ દીકરો બહુ વહાલો હોય તો તેને લઇને આ ઘરમાંથી પહેરેલે કપડે નીકળી જાઓ. શેઠે તે સાંભળીને જવાબ આપ્યો કે, આ બધું મારૂં કમાયેલું છે. તેં હજી સુધી એક પાઇ પણ પેદા કરી નથી છતાં હજારો રૂપિયા તેં ઉડાડી મૂક્યા છે. આ સાંભળી હરસુખ તાડુકી ઉઠયો કે, ખબરદાર છે, એકપણ શબ્દ આગળ વધ્યો તો, તમારૂં કાંઇ પણ સાંભળવા હું તૈયાર નથી. એમ કહી પિતાને ચાર લાફા લગાવી ધક્કો મારી નીચે પછાડી બહાર ચાલ્યો ગયો.

આ કુલાંગારના અપમાનથી શેઠ ને શેઠાણીના હૈયામાં કારી ઘા પડયો. બોબે આંસુએ રડયા જેના હૈયામાંથી સ્નેહ ઝરણું સૂકાઈ ગયું છે, આસુરી વૃત્તિમાં જે ધમધમી રહ્યો છે, ભયાનક પાપના ધુમ્મસ વચ્ચે જે ઘુમી રહ્યો છે, તેના હૈયામાં દયાનું નામ પણ ક્યાંથી હોય ? અને એના હાથે અકલ્યાણના કાળા ઓળા પથરાય એમાં નવાઈ નહિ !

સમક્તિ વિનાનાં જીવડાં, રાચે વૈભવ માંય;
પડે માખી જેમ કસ મલે, એમાં આશ્ચર્ય નાય.

લોભી માનવીને ધનની લાલસા સીમા વગરની હોય છે. શાસ્ત્રકારોએ લવણ સમુદ્રનું માપ બે લાખ જોજન, અને સ્વયંભૂરમણનું અસંખ્યાતા જોજન પ્રમાણનું માપ કાઢયું. પણ માનવના હૈયામાં રહેલી ધન–લાલસાનું માપ ક્યાંય કાઢયું હોય તેમ દેખાતું નથી. અનેક આશાઓના ઝંઝા-વાતોમાં–સપડાયેલ લોભાંધ કુતર્કોની કાતિલ છરીથી પળેપળે કપાતો–ઘસાતો જાય છે અને બીજાને પણ એ હાલ બનાવે છે. તેની દરેક કાર્યવાહી કમકમાટી ઉપજાવે એવી હોય છે. તેને માત–પિતા–ભાઇ, ભગિની કોઇપણ ગમતાં નથી. એમની પાસેથી પણ છીનવી લેવાની બુદ્ધિ રાખે છે. દારૂણ લોભ, અપાર તૃષ્ણા અને મોહનો ઉગ્ર અંધાપો ભયંકરતા સર્જે છે. જ્યાં કામ અને લોભનો વાસ હોય; ઇર્ષ્યા અને અદેખાઇ ભર્યા હોય; ત્યાં સત્યાનાશને નોંતરા હોતા નથી. સત્યનો સહારો ધર્મ છે. દુ:ખીયાનાં દુ:ખને ભાંગનાર ધર્મ છે, પુણ્ય છે, એવું સમજનાર જે માત–પિતા દીન અનાથના બેલી હતા, છુટે હાથે દાન આપી અનેક જીવોને શાંતિ ઉપજાવનાર હતા. ધાર્મિક કાર્યોમાં પણ ખૂબ સારી સખાવતો

કરતા હતાં. જૈન શાસનના દીપક સમાન હતાં, અને ભર્યા ભાણે પોતે જેમ જમે તેમ બીજાઓને પણ પેટ ભરી જમાડનાર હતાં. તે જ માત-પિતા કુલાંગર એવા પુત્રના પાપે આજે ઢીલા ઢફ બની ગયા, દાન પુણ્ય કરવાનાં તમામ દ્વાર બંધ થઈ ગયા, એટલું જ નહિ પણ પોતાની ઇચ્છા પ્રમાણે ભોજન પણ મળવામાં સાંસા પડવા લાગ્યા. અંતે કુપુત્રે ઇર્ષ્યાના અંગારા એવા વેર્યા કે, એ તણખાની જ્વાલામાં પવિત્ર માત-પિતાના હૈયાં ભસ્મી ભુત થઈ ગયા. એની વરાળમાં હસમુખ શેઠ વધારે જીવી ન શકયાં. થોડા જ સમયમાં મૃત્યુને શરણ થયા.

*

## પ્રકરણ પાંચમું
## નિર્દયતાની પરાકાષ્ટા

પિતાની ઉત્તર ક્રિયા જેમ તેમ પતાવ્યા પછી હરસુખે ઘર તેમ જ દુકાન ઉપર પોતાનો ઝંડો ફરકાવી જાણે હું જ છું એમ બાદશાહનો પણ બાદશાહ બની રહેવા લાગ્યો. દુકાને રાત દિન કાળી મજુરી કરતાં એવા પોતાના નાના ભાઈ દુઃખને નાની નાની બાબતોમાં પણ હડધુત કરી વારંવાર ધમકાવી નાખતો અને વખત આવ્યે હાથ ઉપાડી મારી પણ લેતો.

કનકલતા પણ ધણીની માનીતી હોવાથી ઘરની શેઠાણીની જેમ અંદરની ઇર્ષ્યાથી દેરાણી સુશીલા ઉપર હુકમો છોડી ઘરના દરેક કાર્યો મજુરની જેમ કરાવતી. તે પણ

બિચારી સવારે ચાર વાગ્યે ઉઠતી, ત્યારથી માંડીને આખો દિવસ ઢસરડા કરી રાત્રે અગીયાર વાગે સૂવા પામતી. ગમે તેટલી થાકેલી હોય કે, શરીરમાં દર્દ થતું હોય તો પણ શેઠાણીની સામે એક અક્ષર પણ ઉચ્ચારતી નહીં. કોઈક વાર પોતાની નિર્દોષતા જણાવવા કંઈ બોલે તો જેઠાણી વેલણ લઈને મારવા ઉઠતી. હરસુખ કે કનકલતાને જો કોઈ પડોશી કહેવા જાય તો તેને કુતરાની જેમ બટકાં ભરતાં.

શેરી પરશેરીની જેમ, નાના મોટા નવ ગણતાં;
જેને જ્યાં દેખે ત્યાં, ઝેરી બટકાં ભરતા. (૧)

કુટુંબ કબીલા સાથે રગડે, નાત જાતમાં પણ ઝગડે;
કારેલાંની કડવાસ ભરી જ્યાં, કહે ખાંતિશ્રી
જીવન એનું બગડે (૨)

મોટા પુત્ર અને તેની વહુના સીતમ અત્યાચારથી ત્રાસી ગયેલા બિચારા કમળ સમ કોમલ હૃદયવાળા સાસુ હીરા શેઠાણી ખોબે આંસુએ રડતાં, એમનાથી નાની વહુનું દુઃખ જોયું જતું ન હતું. એના માટે જો એક અક્ષર પણ બોલે તો બિચારાના બાર વાગી જતાં, અને ન સાંભળવાનું પણ એમને સંભળાવતાં.

એક દિવસની વાત છે. જેઠાણી બહાર ગઈ હતી પુત્રને નિશાળે જવાનું હોવાથી મોડું થતું હતું એટલે સુશીલાએ પોતાના પુત્ર દલસુખને દૂધનો પ્યાલો પીવા માટે આપ્યો. બાળક જેવો પ્યાલો હાથમાં લઈ પીવા જાય છે ત્યાં કનકલત્તા બહારથી આવીને છોકરાને દૂધ પીતો જોઈ એકદમ ક્રોધથી ધમધમી ઉઠી અને બાળકના ગાલ ઉપર જોરથી એક

તમાચો લગાવી દીધો. પ્યાલો દૂર જઈ પડયો અને દૂધ ચારે તરફ ઢોળાઈ ગયું. રડતા બાળકનો હાથ પકડી મારતી મારતી બહાર આવી તેને ફેંકી દીધો. ત્યાં તેનો પતિ હરસુખ આવી પહોંચ્યો. ઢોળાઇ ગયેલ દૂધને બતાવી કનકલતાએ પોતાના પતિને કહ્યું કે જુઓ સ્વામિનાથ! આવા જુલમ મારાથી કેમ સહન થાય? દીકરાને બહુ મોઢે ચઢાવ્યો તે. દરરોજ આવી ઢોળફોડ કરી નુકશાન કરે છે. તોબા ભગવાન! હું તો આ લોકોથી ખૂબજ કંટાળી ગઈ છું. ખાવાપીવાની કોણ ના પાડે છે, પણ આમ નુકશાન કરે તે કેમ પાલવે? એના મા–બાપને તો એક શબ્દ પણ ન કહેવાય. "પોતાની પત્નીનાં આવા વચન સાંભળી ઇર્ષ્યા અને ક્રોધથી ધમધમતો એ ત્રણેયને નજીક બોલાવી લાકડી લઈ ને તેમના પર તૂટી પડયો. સખત માર મારીને ત્રણેને ધક્કા મારી બહાર કાઢયાં અને ગાળોનો વરસાદ વર્ષાવતો બોલ્યો. જાઓ તમારૂં ગમે ત્યાં ફોડી ખાઓ. આજથી મારા ઘર કે મારી દુકાનમાં જો ભૂલેચૂકે પગ મૂકયો છે તો જાનથી મારી નાખીશ. હીરા શેઠાણી તો આ બધું જોઈ જેમ પોષ મહિનાની ઠંડીમાં વસ્ત્ર હીન માણસ ઠંડીથી ધ્રુજે તેમ ધ્રુજવા લાગ્યા. એક શબ્દ પણ બોલે તો તેના પણ સો વર્ષ પૂરા જ થઇ જાય. આંખેથી ધોધમાર આંસુ વર્ષાવતા મૌન રાખીને નાના પુત્રની દુર્દશા જોઈ રહ્યાં. મનો–વેદનાનો પાર ન હતો, નિર્દોષ એવા પુત્રના કુટુંબની બેહાલ હાલત જોઈ ન શકયા અને બેભાન થઈ પૃથ્વી પર પટકાઇ પડયાં છતાં પણ નિર્દય, અધમ એવા મોટા પુત્રને જરાપણ દયા ન આવી. આખા ગામમાં હાહાકાર વર્તાઈ ગયો. હરસુખે નાના ભાઇને કુટુંબ સહિત ઘરની બહાર કાઢી મૂકી પોતાની માતાને બેભાન સ્થિતિમાં એમને એમ મૂકી દુકાને ચાલ્યો ગયો આવું અઘટીત કાર્ય કરતાં તેને લજ્જા પણ ન આવી. ઉલ્ટાનો મનમાં મલકાતો

ખુશી થઇ વિચારવા લાગ્યો કે સાલાઓને કેવા કાઢી મૂકયા ! મારી આગળ મોટા કલેકટરનું પણ નહી ચાલે, તો આ બાપડાનું શું ગજું ! આ ડોસી પણ તેના વ્હાલા પુત્ર પાછળ ગાંડી થઈ ગઈ છે. પણ એનીય સાન ઠેકાણે લાવીશ. દુનિયા જખ મારે છે. કોની મગદૂર છે કે મારી સામે એક અક્ષર પણ ઉચ્ચારે ! તો બોલનારને ઉભા જ ચીરી નાખું. મને નહિ ઓળખતા હોય કે હું કેવો છું. આમ પોતાની સત્તા, લક્ષ્મી અને બળ પર મુસ્તાક (મગ્ન) બની મુછને વળ દેતો હરખવા લાગ્યો.

નિર્લજ્જ નર લાજે નહિ, કોટિ પડો ધિક્કાર;
નાક કપાયું તોય કહે, અંગે ઓછો ભાર. (૧)

પિતાની લાખની આબરૂ ધૂળમાં મેળવી દીધી. હજારો સહ ધાર્મિક બંધુ જ્યાં મીઠાં આશ્વાસન મેળવતા, દીન દુઃખીઓના જે ઘરમાં ઉદ્ધાર થતાં તે ઘરમાં આજે સગા ભાઈને પણ પાણી પીવાનું કે, ઉભા રહેવાનું સ્થાન ન રહ્યું એ કુલાંગારે કુળમાં અંગારો ચાંપી છિન્નભિન્ન કરી નાખ્યું. ઘરમાંથી ત્રણ કપડાં વરાણ કાઢી મુકેલા હરદુઃખની દશા શેરીએ શેરીએ ભટકતા ભિખારી કરતા પણ ભૂંડી થઈ ગઇ. મોટાભાઇના ભયથી નગરવાસી લોકોએ પણ કાંઈ મદદ ન કરી, કારણ કે જો કોઈપણ તેને મદદ કરશે તો હું તેની પણ ખબર લઈ નાખીશ, એમ હરસુખે જાહેરાત કરી દીધી હતી. માથા ભારે માણસોથી સહુ બીયે. કુટુંબ સહિત ભૂખ્યા, તરસ્યા રખડતા હરદુઃખને ગામમાં ભાડે જગ્યા પણ ક્યાંય ન મળી છેવટે હતાશ બની સાંજ પડતાં ગામ બહાર આવ્યાં, ત્યાં ન ધણીયાતી પડી ગયેલી એક જગ્યા જોઈ, જ્યાં કુતરા અને

રખડતા ઢોરો બેસતાં હતાં તે જગ્યામાં રહેવાનું નક્કી કર્યું. મહાદેવી સુશીલાએ પોતાના અંગ ઉપર રહેલા સૌભાગ્ય ચિહ્ન ઉતારી આપતા કહ્યું કે, સ્વામિન્ ! ચાલો અને ગામમાં થોડાં માટીના વાસણો તથા ખીચડી રાંધવાનું સીધુ સામાન લઇ આવો. હું ત્યાં સુધી અહીં બેસવા યોગ્ય વ્યવસ્થા કરી લઉં. હરદુઃખ ગામમાંથી ઘરેણાં વેચી જોઇતી વસ્તુઓ લઈ આવ્યો. તેટલામાં મહાસતીએ જંગલમાંથી બળતણ વિગેરે વીણી લાવીને મકાનમાંથી પત્થરા, કચરો, વગેરે કાઢી બેસવા જેવી જગ્યા તૈયાર કરી લીધી. પત્થરા માંડી ખીચડી રાંધી લીધી. પછી આખા દિવસના ભૂખ્યા ત્રણે જણાએ ભાવ્યું તે ખાઈ લીધું. હવે બન્ને જણ વિચારવા લાગ્યા કે આપણો નિર્વાહ કેવી રીતે કરવો ? ધન પાસે નથી. હરદુઃખે પત્નીને કહ્યું કે હે સુંદરી ! હું કેવો દુર્ભાગી છું કે, તારા જેવી સતીને મારે પનારે પડી કેવા અસહ્ય દુઃખો ભોગવવાનો સમય આવ્યો. હવે હું ક્યાં જાઉ ? પોતાના સદ્‌ગુણી પતિને આમ શોચ કરતો ને રડતો જોઇ મહાસતી સુશીલાએ તેને આશ્વાસન આપતાં કહ્યું કે, હે આરાધ્ય દેવ ! આપ ના હિમ્મત ન બનો. ભગવાને આપણને પણ હાથ પગ આપ્યા છે તો ધંધો કરીને આપણું જીવન આપણે નભાવશું. હાથમાંથી કોઇપણ લઈ લેશે પણ ભાગ્યમાંથી લેવાની કોઈની પણ તાકાત નથી.

## પ્રકરણ છઠ્ઠું

### ...ધન્ય નારી...

હે આરાધ્ય દેવ' કોઈની નોકરી કે ધંધો કરવામાં આપણે હીણવત સમજવી નહીં. જીવનમાં કોઈ ખરાબ બદીઓ પેસી જાય એ જ લાંછન છે. પણ નોકરી કરવામાં લાંછન નથી. કોઈની પણ મફત મળતી પાઈ આપણે હરામ છે. ભુલેચુકે પણ કોઈ પાસે લાંબો હાથ ન કરવો પડે તેમાં જ આપણાં કુળની આબરૂ છે. આપણી એ આબરૂ પ્રાણાંતે પણ જાળવી રાખવાની છે.

આ સાંભળીને હરદુઃખનું હૈયું સંતાપ રહિત થયું. સતી અને સદ્‌ગુણી પત્ની ઉપર ઇષ્ટ દેવની જેમ સ્નેહ ઉભરાયો. અનેક ધન્યવાદ સાથે તે બોલ્યો કે હે દેવી! ખરેખર પૂર્વ જન્મે અનેક પાપો કરતાં મેં કંઇ પૂંઠ વાળેલી કે, જેથી આવા કારમા દુઃખ સમયે ભાંગેલા હૈયામાં હિંમત ભરનાર, અખૂટ ધીરજ અને શ્રદ્ધા ઉપજાવનાર તારા જેવી ગૃહિણીને પામી હું ધન્ય ધન્ય બન્યો છું.

आपदे मित्र परीक्षा, सूर परीक्षा रणांगणे भातिः,
विनये वंश परीक्षा, स्त्री परीक्षा तु निर्धने पुंसि ( १ )

દુઃખને સમયે મિત્રની પરીક્ષા થાય છે. શૂરવીરની પરીક્ષા યુદ્ધ ભૂમિ પર થાય છે. વંશની પરીક્ષા વિનયથી થાય છે અને સ્ત્રીની પરીક્ષા નિર્ધન અવસ્થાથી જ થાય છે.

જેમ સૂર્યોદયથી અંધકાર અદૃશ્ય થઈ જાય છે તેમ સત્યશીલ સુશીલાથી હરદુઃખના તન–મનના તાપ અદૃશ્ય થઈ ગયા. એના હૃદયને કંઇક શાંતિ વળી. સર્વ પ્રકારના દુઃખોને ત્યજી દઈ ને બીજે દિવસે સવારે પોતાના ગામની બહાર એક વણિકની દુકાને માસિક રૂપિયા પંદરના પગારે નોકરી કરવા રહી ગયો. સાચા દિલથી અને નીતિથી તનતોડ મહેનત કરવા લાગ્યો. આ બાજુ સુશીલા પણ કોઇના પાપડ, ખાખરા, વગેરે બનાવવાનું કાર્ય કરવા લાગી, કૂળની આબરૂ સાચવી કામો કરી કરકસરથી ઘર સંસાર ચલાવવા લાગી. કોઈ દયાથી વધુ પૈસા આપે તો તે લેતી નહીં. જાત મહેનત ઝિંદાબાદ એ કથનને જીવનનો મંત્ર બનાવ્યો. આવી સદ્ગુણી પત્નીના સંયોગે હરદુઃખનું જીવન પાવન બની ગયું. ધન વગર પણ તેઓ ધન્ય બની રહ્યાં હતાં. બટકાંમાંથી બટકું પણ તે ભૂખ્યાઓને આપી પછી જ જમતાં એથી એમનું જીવન સંતોષી બન્યું હતું. ધનની ધખના એમના હૈયાને કદીપણ સ્પર્શી શકી નહી. માન, ઈર્ષ્યા, વગેરે દોષો જન્મથી જ તેમનામાં ન હતાં. ધારણા અનુસાર દાન આપી ન શકવાથી એમનું મન સદા દુભાતું હતું. સુખરૂપ સંસાર વ્યવહારને ચલાવતાં.એમને પાંચ પુત્ર રત્નોની પ્રાપ્તિ થઈ. ધર્મરૂપ ધનને સાચવતાં શાંતિ પૂર્વક કાળ નિર્ગમન કરતાં હતાં.

વાંચક મહાશયો ! એ દંપતિના જીવન તરફ જરા દૃષ્ટિ કરજો ને તમારા જીવન માટે વિચારજો. આજના દાનેશ્વરી કેવા હોય છે ? આપણે જાણીએ છીએ. દાતાને હૈયે કીર્તિની લાલસા હોય છે. લેનારના હૈયે પ્રમાદે ભીડો ઘાલ્યો હોય છે. હાડકાં હરામ બન્યા હોય છે. જેથી લેનાર કે દેનાર કોઇનું હિત સધાતું નથી. અને સાચું કલ્યાણ થતું નથી. જો સાચા કલ્યાણ સાધક બનવું હોય તો આ દંપતિની જેમ અછતમાં પણ છત કરીને તમારા તન–મનને કેળવો.

## પ્રકરણ સાતમું
## પાપાત્માના પ્રતાપે વંશ વિચ્છેદ

એક વાર હરદુઃખ બિમાર પડયો. પેટના દુઃખાવા સાથે પાંચ પાંચ ડીગ્રી તાવ બિમારીએ ભયંકર સ્વરૂપ પકડયું અનેક જાતના ઉપચારો કર્યા. કરકસરથી કરેલી બચત દવાખાને ખરચાઇ ગઈ. આવક બંધ થઇ ગઈ. બરોબર એક મહિને માંડ માંડ સાજો થયો. હજી ચાલવાની તાકાત ન હતી છતાં મનને મજબુત કરી શેઠની દુકાને ગયો, પોતાની સઘળી હકીકત જણાવી થોડા પૈસાની માંગણી કરી. શેઠ તેની પરિસ્થિતિ જાણતો હતો. પણ એવો મખ્ખીચૂસ હતો કે તેને જરાપણ દયા ન આવી. મદદ કરવાને બદલે મહિનાની રજાનો પગાર કાપી નાખ્યો અને કહ્યું કે, આજથી નોકરી ઉપર ચડી જા, તારી સ્થિતિ જોઈ મેં હજી બીજો માણસ રાખ્યો નથી. આજથી નોકરી ચાલુ થઈ એટલે મહિનો પૂરો થયે પગાર મળશે. હરદુઃખ બિચારો લાચાર બની ગયો. જો નોકરી છોડે તો બીજે જવું કયાં? એ વિચારે મનમાં જ સમસમી કામ ઉપર ચડી ગયો.

વાંચક મહાશય ! અહીં તમે જો દુકાનદાર હો તો તમારા દુઃખી નોકર પર આવો જુલ્મ ગુજારતા નથી ને ? તે તમારા આત્માને પૂછી જોશો. અરે ! આજે તો સેંકડો દાખલા મોજુદ છે. પોતાની પત્ની, પુત્ર કે મા–બાપ બિમાર હોય તો તેમને મળવાની કે, ચાકરી કરવા એકાદ દિવસની રજા ન આપે. કેટલાક શેઠ પોતાના નોકરોની ભલાઇ ચાહતા હશે ! પણ તે જવલ્લે જ. કોઈ ભાગ્યશાળી શેઠ હશે કે, પોતાના આશ્રિત નોકરોના કલ્યાણનો વિચાર કરતાં હોય. કેટલાક તો પેટવડીએ નોકરોને મોટી મોટી આશાઓ આપી તનતોડ મજુરી કરાવી લે,

અને પગાર માગતાં કામમાં ભલીવાર નથી એમ કહી રવાના કરી દે છે. આવી રીતે બાર મહિના સુધી સખત મજુરી કરાવી બિચારાને કાઢી મૂકે છે અને પોતે મફતમાં બીજા માણસો પાસેથી કામ કરાવી. શ્રીમંત બને છે. હજારોની કમાણી આવા ભલા ભોળા માણસો મારફતે મેળવી લે છે. સ્વાર્થાંધ આવા માણસો ગરીબોને સતાવવામાં લેશ માત્ર કચાશ રાખતાં નથી પર દુઃખે સુખી થનારા સ્વાર્થી અને માનવતા ખોઈ બેઠેલા મોટા શહેરના અનેક મનુષ્યો જીવતા–જાગતા છે. તમારો નંબર એવાઓની ગણતરીમાં તો નથી ને? હરદુઃખના ઘરમાં કંઈ પણ રહ્યું નથી. ઉપરથી એક મહિનાનો પુરો પગાર કપાઈ ગયો. હવે તો એક મહિનો પૂરો થાય ત્યારે જ પગાર મળે તેમ છે. મહાદેવી સુશીલા પણ પતિની સેવામાં રોકાઇ જવાથી તે પણ પુરૂં કામ કરી શકી ન હતી હવે ઘરમાં એક ટંકનું પણ ખાવાનું ન હોવાથી મહાસતી સુશીલાની ચિંતાનો પાર ન રહ્યો. નોકરીથી ઘેર આવતાં ભૂખ્યા–તરસ્યા મારા પતિને હું ખાવા શું આપીશ. બાળકો પણ ભૂખે ટળવળે છે. ઘણાં ઘણાં વિચાર કરીને અંતે એક ટંક ચાલે એટલું સાસુ પાસે લેવા માટે ગઈ. સાસુને બધી વાત કહી અને "એક ટંક ચાલે એટલું ખાવાનું આપો તો તમારી ભલાઇ." સાસુને અતિશય દયા આવવાથી મોટી વહુની બીક હોવા છતાં પાંચ રોટલા થાય તેટલો બાજરીનો લોટ ઘરમાંથી લઇને નાની વહુને આપ્યો. સુશીલા મહાસતી ઘેર જઈ રોટલા કરવા બેઠી. ચાર રોટલા ઉતર્યા અને પાંચમો રોટલો તાવડીમાં નાખે છે ત્યાં તેણીનો જેઠ ગાળોનો વરસાદ વર્ષાવતો, ક્રોધથી ધમધમતો ઘરમાં પેઠો, અને બોલ્યો કે હે પાપિણી? ઘરમાંથી કાઢી મુક્યા તો પણ અમારો છાલ છોડતી નથી. છાનીમાની સાસુ પાસેથી રોજ કંઈને કંઈ લઈ જાય

છે. અમારૂં ઘર લુંટવા બેઠી છો. એમ કહીને છોકરાને પીરસેલા રોટલાના ટુકડા સહિત ચારે રોટલા અને પાંચમો તાવડીમાં શેકાતો રોટલો તેને પણ લઈ બહાર કૂતરાઓને ફેંકી દીધા અને પાછો ઘરમાં આવી છોકરાઓને બે બે તમાચા મારી તથા મહાસતી સુશીલાને પણ રાંડ ! ફરીનો મારા ઘરમાં પગ મૂકયો તો ટાંટીયા જ તોડી નાખીશ એમ કહીને જોરથી બે લાતો મારી ત્યાંથી ચાલ્યો ગયો. મહાસતી સુશીલા સાસુ પાસેથી લોટ લઈ ગઈ તે જેઠાણીએ રસોડામાંથી જોઇ લીધું હતું. ઘરે આવતા વેંત વણીને વાતો કરી. વધારામાં ઉમેર્યું કે, આ તમારી મા રોજ રોજ સુશીલાને તપેલા ભરીને ઘરમાંથી કાઢીને આપે છે. કોઈ દિવસ ઘી, કોઈ દિવસ ખાંડ, અને કોઈ દિવસ દૂધ, દહીં અને કોઇ દિવસ અનાજ એમ બધું ઉપાડીને આપી દે છે, એ બંનેને હું એકલી કેવી રીતે પહોંચું. કામકાજ કરવા બહાર પણ જાવું પડે ને ઘરે પાછી આવીને જોઉ તો તપેલા ખાલી જ પડયાં હોય. મારાથી હવે સહન થતું નથી. આમ બાયડીની વાતોથી ઉશ્કેરાઇ સુશીલાના ઘરે આવી ભૂખે ટળવળતાં બાળકોના હાથમાંથી રોટલાના ટુકડા ઝુંટવી લઈ, કૂતરાને નાખી દેતાં તે નિષ્ઠુરને જરા પણ દયા ન આવી.

જેઠના ચાલ્યા ગયા પછી મહાસતી સુશીલાને દુખનો પાર ન રહ્યો, સહનશીલતાની પણ હદ હોય છે ને ? હવે તેણીને ભૂખથી રીબાતા અને બુમો મારતા પુત્રોને ખાવાનું આપવા માટે કોઇ રસ્તો ન દેખાયો. છેવટે હતાશ બનીને જીવનનો અંત આણવા માટે તૈયાર થઈ ગઈ. દુઃખને હૃદયમાં દબાવી દઈ ભૂખથી પીડાતા ચોધાર આંસુએ રડતા પાંચે બાળકોને કહ્યું કે ચાલો બેટા ! તમને ખાવાનું બહારથી અપાવું એમ કહી હૈયાના હાર સમાન પાંચે પુત્રોને સાથે લઈ ગામ બહાર

થોડે દૂર કુવા કાંઠે આવી પહોંચી. બપોરનો સમય હોવાથી ત્યાં કોઈ પણ માણસની હાજરી ન હતી. પાંચેય પુત્રને લાઈન બંધ કૂવાની પાળ પર ઉભા રાખ્યાં "नमो अरिहंताणं" શબ્દની સાથે પાંચે પુત્રોને કૂવામાં ધકેલી દઇ પાછળથી પોતે પણ કૂવામાં પડતું મૂક્યું, અને જીવનનો અંત આણ્યો. આ વાત ગામના કોઈ માણસે જાણી લેતા દોડી જઇ દુકાન ઉપર કામ કરતા તેણીના પતિ હરદુઃખને બધી વાત જણાવી. તે સાંભળી હૈયાફાટ રૂદન કરતો કૂવા ઉપર દોડી જઈ જુએ છે તો પાંચ પુત્રો સહિત સતી નારીને કૂવામાં ડુબકીઓ ખાતી જોઇ એ અસહ્ય દુઃખ જોઇને તેણે પણ કૂવામાં પડતું મૂક્યું અને જીવનનો અંત આણ્યો. વાતની વાયુ વેગે ગામ લોકોને જાણ થતાં આખા ગામમાં હાહાકાર મચી ગયો. આખું ગામ હરદુઃખના કુટુંબ સહિત નાશને જોઈ તે પવિત્ર આત્માઓના સદ્ગુણોને સંભારી ચોધાર આંસુએ રડતા, નગરવાસી લોકો મોટાભાઈ હરસુખને ફીટકારવા લાગ્યા. તેનું કાળુ મુખ જોવાને પણ કોઈ ઈચ્છતું નહીં. પવિત્ર કૂળમાં આ એક અંગારાએ અવતરીને આખાયે વંશનો વિચ્છેદ કર્યો. માણસ ધનથી નહીં પણ ગુણથી પૂજાય છે. આપણે ધનને ચાહતા નથી પણ તેના સદ્ગુણોને ચાહીયે છીએ. હરસુખ પાસે ધનની તો ખામી ન હતી. પણ એ ધન હકનું ન હતું. એટલે તેની બુદ્ધિ ભ્રષ્ટ થયા વગર કેમ રહે.? પોતાના ભાઇનો પણ ભાગ હજમ કરી ગયો હતો. વળી તે સાથે દાન, ધર્મ, દયા વગેરેને તેણે દેશવટો જ દીધો હતો. પછી એના જીવનમાં શાંતિને સ્થાન ક્યાંથી હોય ? જાતે ભલે વણિક હતો. પણ આચરણમાં તે રાક્ષસથી પણ ઉતરે તેવો ન હતો એના એકલાના પાપે દયાળુ શેઠની આબરૂ ઉપર પાણી ફર્યું અને વળી આખા કુટુંબના

અન્ય માણસોમાં માત્ર હરસુખ દુર્ગુણી નીવડયો અને તેથી આખા ઘરની બલ્કે વંશની ખાના ખરાબી કરી નાખી.

માણસ ભલે ભણ્યો ગણ્યો ન હોય, ધન સમૃદ્ધિથી સાધન સંપન્ન ન હોય, શરીર પુષ્ટ ન હોય પણ જો તે ગુણથી ધનવાન હોય તો જરૂર તેને માન સન્માન અને ઇજ્જત આબરૂ સામા આવી મળશે. જેવી મતિ તેવી ગતિ થાય છે.

*

## પ્રકરણ આઠમું

### કર્મ ચંડાલનો અંતિમ અંજામ :

દો નર જગમાં જાણીયે, એક રત્ન દુજો કાચ;
એક લાખોહી તારક બને, બીજો કરત વિનાશ. ૧
બની કુટુંબનો હત્યારો, માનવતામાં આગ લગાડી છે;
લઈ ફિટકાર હજારો, જીવન જ્યોત બુઝાવી છે. ૨

આ જગતની અંદર બે પ્રકારના મનુષ્યો કહ્યા છે. એક રત્ન સમાન અને બીજો કાચ સમાન. હસમુખ શેઠ અનેકોને શાંતિ આપનાર હતા અને તેનો જ પુત્ર હરસુખ સગાભાઇના કુટુંબનો વિનાશક બન્યો. એ બંને પિતા પુત્રે સજ્જન અને દુર્જન નામને સિદ્ધ કરીને બતાવ્યું. હસમુખ શેઠના ગુણ ગાતા નહીં થાકનાર લોકો, હરસુખના દુર્ગુણો ગાતા થાકી ગયા છે. એનું

નામ માત્ર સાંભળતા લોકો અવળું મુખ કરી નાખતાં. નાના ભાઈના કુટુંબનો નાશક હરસુખ લોકોના મુખથી હજારો ધિક્કાર-ફિટકાર મેળવી અનેક ગરીબોને બતાવીને માનવતામાં આગ લગાડી મહાન અપયશને પામ્યો.

કર્મ ચંડાલના બિરૂદને મેળવી જીવન પસાર કરવા લાગ્યો. ઘરમાં સંપૂર્ણ સમૃદ્ધિ હોવા છતાં અસહ્ય પાપથી પામર બનેલો ક્યાંય સુખ પ્રાપ્ત કરી ન શક્યો. દુકાને કંઈપણ ચીજ લેવા કોઇ જતું નહીં. એટલે વેપાર ચાલતો ન હતો. સાવ નિવૃત્ત હોવા છતાં ન તો દેવ-દર્શન કે ભક્તિ પાઠ તેને સૂઝયાં કે નવકાર મંત્ર પણ ન સૂઝયો.

દુર્જન દુઃખ દાતા કહ્યો, સજ્જન સુખકી ખાન;
એક રડાવે બીજો હસાવે, જાણે ચતુર સુજાન.

જેના હૃદયમાં સ્વાર્થાંધતા ભરી હોય, ઇર્ષ્યા અદેખાઈ ભરપૂર હોય તેના હૃદયમાં ધર્મ ભાવનાને સ્થાન જ ક્યાંથી હોઈ શકે? દાન-પુણ્ય તો પિતાજીના ગયા પછી સાવ બંધ જ હતાં. તેમાં નિર્દોષ અને કિલ્લોલ કરતું એવું ધર્મવાન કુટુંબ એનાથી સાવ નાશ પામવાથી પાપ એકદમ વધી ગયું. ચોવીસે કલાક આર્ત-રૌદ્ર ધ્યાનને ધરતો હતો અને પાપવૃક્ષને વિસ્તારતો સમય ગાળવા લાગ્યો.

પાપની રાશિ એકદમ વધી જવાથી એક દિવસ એવો આવ્યો કે એને દુષ્કૃત્યનું ફળ મળી ગયું. એક દિવસ સાંજે રસોડામાં રાખેલા બળતણમાં એક સળગતો કોલસો ઉડીને પડયો તે એની પત્ની કનકલતાને ખબર ન રહી. આ સાધારણ ભૂલથી રાતે લાકડાં સળગી ઉઠયાં ને ભયાનક આગ ફાટી નીકળી, આગ વધતી વધતી તેમના શયન ખંડ સુધી પહોંચી બંને સફાળા ઉઠયાં અને બૂમ પાડી ઉઠયાં. પોતાના ઘરને

બચાવવા મદદ માટે ઘણી બૂમાબૂમ કરી પણ કટુ કર્મના કડવાં ફળ પ્રમાણે કોઈપણ આ સળગતી આગને બુઝાવવા તત્પર ન થયાં. જીવ બચાવવા ખાતર એ દંપતિ ઘણી મુશ્કેલીએ બહાર નીકળ્યા. સવાર થતાં પહેલાં આખું ઘર ભસ્મી ભૂત થઈ ગયું. કનકલતાના શરીર ઉપર પહેરેલાં કિંમતી ઘરેણાં આગથી બચી ગયાં. એને વેચીને એક નાનકડું અને જુનું મકાન ભાડે લઈ રહેવા લાગ્યાં. પણ હજી એને કર્મરાજા ક્યાં છોડે તેમ હતાં, તીવ્ર અશુભ-ભાવથી ઉપાર્જેલું કર્મ અને શુભ-ભાવનાથી ઉપાર્જેલ શુભ-કર્મ એના કર્તાને વ્યાજ સહિત બદલો આપે છે.

ભૂખે મરતાં એવા બાળકોના હાથમાંથી ઝુંટવેલા રોટલાના બટકાંને દ્વેષથી કૂતરાને નાખી, તીવ્રતર દ્વેષથી કટુ વચનો સંભળાવી એનો નાશ કરે એવું તો અશુભ-કર્મ ઉપાર્જ્યું કે, તેને ગળામાં કેન્સરનો રોગ ઉત્પન્ન થયો.

કારણ કે બે દિવસના ભૂખ્યાં બાળકોના કોળિયા ખેંચ્યા જેથી મુખ રોગ ઉત્પન્ન થયો.

પાસે પૈસા રહ્યા ન હોવાથી અને પાપના દુષ્કૃત્યોની કૂડી છાપ પડેલી હોવાથી કોઈ પણ દાકતર તેને સારવાર આપવા તૈયાર ન થયો, અને લોકોથી તો પહેલાં ત્યજાયેલો જ હતો. કોઈની દયા પાત્ર રહ્યો ન હતો. કેન્સરની વ્યાધિથી પીડાતો એવો તે ભૂખ્યો-તરસ્યો દિવસો મહા પરાણે પસાર કરતો હતો. તેટલામાં અધૂરામાં પૂરૂં કરવાની જેમ તેની સેવા કરનાર સ્ત્રી અચાનક હૃદય રોગથી મૃત્યુ પામી. તેને બાળવા માટે સ્મશાને લઈ જનાર કોઇ તૈયાર ન હતું. ભાડુતી મજુરો વડે તેનો અગ્નિ સંસ્કાર કરાવવો પડયો. હવે તે તદ્દન એકલો બની ગયેલો હરસુખ મહા વ્યાધિ ભોગવતો કરૂણ સ્વરે રૂદન કરી

રડતો હતો, તેને કોઇ દિલાસો આપનાર ન હતું છતાં થઈ ગયેલા પાપ કે, પરમ-પવિત્ર નવકાર મંત્ર યાદ નથી આવતાં.

પ્રવાહી જેવું ગળા નીચે ઉતરતું નથી છતાં કોઇ તેની સામે જોનાર ન મળ્યું. સૌ કહેતાં કે તે પોતાના પાપનું ફળ ભોગવી રહ્યો છે.

લોકોનો અનાદર પામેલો ને દિન-પ્રતિદિન વધારે વ્યાધિથી ઘેરાતો ચોધાર આંસુ સારતો એવો હરસુખ એક બાજુ ગંદા ગોદડામાં પડેલા કૂતરાની જેમ મૃત્યુ પામી દુર્ગતિમાં ગયો.

અંત સમયે એને કોઇ નવકાર સંભળાવનાર પણ ન મળ્યું ત્યારે એના જીવનમાં કેટલી પાપની ભરતી આવી હશે?

વાંચક મહાશયો! આ ઉપરથી સાર ગ્રહણ કરવાનો કે ટુંકી જિંદગીમાં સ્વાર્થાંધ બની, વિષય કષાયમાં અંધ બની, ઈર્ષ્યા-અદેખાઈથી પરને હેરાન કરી, ગરીબ જીવોની હાય લઇ અમૂલ્ય એવા માનવ જીવનને વેડફી સંસાર ચક્રમાં પટકાઈ હરસુખની જેમ દુઃખી થઈ જાય છે એના મર્યા પછી પણ એના નામથી દુનિયા ત્રાસી ઉઠે છે. હસમુખ શેઠ જેવાં સજ્જન પુરૂષનું નામ સાંભળતાં લોકોના હૈયા હસી ઉઠે છે. એ સજ્જન સ્વ-પરના કલ્યાણી બની, અનાથના નાથ બની એ શેઠ-શેઠાણીની જેમ સદ્‌ગતિના ભાજન બને છે તેઓ મર્યા છતાં પણ જીવતાં હોય છે. એનું નામ યાદ કરી દુનિયા આંસુ સારે છે. હવે તમારે હસમુખ શેઠ જેવા બનવું છે. કે પછી હરસુખ જેવા કુટુંબ દ્રોહી? તે તમારા હૃદયમાં વિચારીને જે યોગ્ય લાગે તેવા બનો. આ કથામાંથી સાર ગ્રહણ કરી જે ભાવિ જીવન સુધારશે તે આત્મ લક્ષ્મીને પ્રાપ્ત કરશે. આ સત્ય ઘટનાને કલ્પિત માનશો નહી. **અસ્તુ.**

લે. પ્રખરવક્તા, પ્રવચનપટુ પાર્શ્વચંદ્ર ગચ્છીયા પૂજ્યા પ્રતિર્વની સાધ્વી શ્રી ખાંતિશ્રીજી મહારાજ સાહેબા.

સ્થળ–ગામ નવાવાસ–દુર્ગાપુર કચ્છ દેશ. વિક્રમ સંવત ૨૦૨૪ ના કાર્તક વદ પાંચમના આ કથા સંપૂર્ણ કરી ગામ મેરાઉમાં લખાઇ. ઈતિ..

## શ્રી કચ્છ મેરાઉ ગામે શ્રી સિધ્ધચક્ર બૃહત્ પૂજન "અઠ્ઠાઇ મહોત્સવ નિમિત્તે"

(તર્જ–જનનીની જોડ સખી નહી જડે રે લોલ)

મેરાઉ ગામ કચ્છ દેશમાં રે લોલ, માંડવી શહેર સાન્નિધ્ય જો;
ઉત્સવ અઠ્ઠાઈ અમે ઉજવ્યો રે લોલ,

પૂજ્ય પ્રવર્તિનીશ્રીના ઉપદેશથી રે લોલ,
તપ જપ થયા અનેક જો. ઉ૦

અષાઢ વદ ચૌદશ શનિવારના રે લોલ,
આયંબિલ એકસો દસ થાય જો. ઉત્સવ૦

શ્રાવણ સુદ ચૌદશ શનિવારના રે લોલ,
નિવિ એકસો પંચોતર થાય જો. ઉત્સવ૦

ભવોભવ પુદ્ગલ વોસરાવતા રે લોલ,
ક્રિયા કરી કરે ભવ્ય જીવ જો. ઉત્સવ૦

ૐકારશ્રીએ નવ ઉપવાસ કર્યા રે લોલ,
સાથે અઠ્ઠમ તપવાળા અઢાર જો. ઉત્સવ૦
લખમશી અને ગાંગજીભાઈએ ઉમંગથી રે લોલ,
પારણાં કરાવી લાભ લીધો જો. ઉત્સવ૦
પર્યુષણ પર્વ આવ્યા ભલા રે લોલ,
ઘણા અઠ્ઠાઈ, અઠ્ઠમના તપ થાય જો ઉત્સવ૦
પૂજ્ય પ્રવર્તિની ખાંતિશ્રી ગુરૂણી બીરાજતા રે લોલ,
પ્રીત ધરી પ્રતિબોધતા નિત્ય જો. ઉત્સવ૦
ચાતુર્માસ છે ઠાણા ચારનો રે લોલ,
બે હજાર તેવીસની સાલ જો, ઉત્સવ૦
ઉત્સવવંતા ૐકારશ્રી રે લોલ,
પ્રેમ પંકજશ્રીનો અપાર જો. ઉત્સવ૦
નિજાનંદે નિજાનંદશ્રી રહે રે લોલ,
કરી ગુરૂ આજ્ઞા શિરોધાર જો. ઉત્સવ૦
સહુ સંઘે સત્કાર ગુરૂનો કર્યો રે લોલ,
નરનારી હૈયે હરખાય જો. ઉત્સવ૦
પૂજ્ય પ્રવર્તિનીશ્રી ઉપદેશતા રે લોલ,
પુણ્યવંતા જીવો જાગી જાય જો. ઉત્સવ૦
ધર્મધારક શ્રી ધારશીભાઈના રે લોલ,
ભલા ભોળા ભચીબાઈ માત જો. ઉત્સવ૦
જેના વેદની કર્મો ખપાવવા રે લોલ,
સિદ્ધચક્ર પૂજન કરે સાર જો. ઉત્સવ૦
પૌત્ર માવજીભાઈ એ મોહ મૂકયો રે લોલ,
મળી લક્ષ્મીનો લીધો લાભ જો. ઉત્સવ૦

આઠ દિવસ અઠ્ઠાઇ પૂજા ભાવના રે લોલ,
ઉમરશીભાઈ આંગીના કરે ઠાઠ જો. ઉત્સવ૦
પ્રેમજીભાઈ ને દેવચંદભાઇ સાથમાં રે લોલ,
મુલચંદભાઈ નવીનભાઈ નામ જો. ઉત્સવ૦
અતિ ઉત્સાહ છે એમના અંગમાં રે લોલ,
સતત સેવાના કરતા કામ જો. ઉત્સવ૦
રૂડી રચનાએ મંડપ શણગારીયા રે લોલ,
નાચ વાજીંત્ર ગીત અને ગાન જો. ઉત્સવ૦
સ્નાત્ર-મહોત્સવ ઉજવ્યો ભલા ઠાઠથી રે લોલ,
લીધા માવજીભાઈએ પચ્ચકખાણ જો. ઉત્સવ૦
માત-પિતા વ્રત ચોથું ઉચ્ચરે રે લોલ,
ધન્ય ધન્ય બનાવી નિજ જાત જો. ઉત્સવ૦
પુત્ર વધૂઓ નિજ પતિ સાથમાં રે લોલ,
દીધો પૂજનમાં સુંદર સાથ જો. ઉત્સવ૦
વરઘોડાના વખાણ મુખે શું કરૂં રે લોલ,
સ્વામી ભક્તિમાં સઘળું ગામ જો. ઉત્સવ૦
નવપદનું પૂજન કર્યું નેહથી રે લોલ,
ખૂબ રાખી હૈયામાં હામ જો. ઉત્સવ૦
દેવ-ગુરૂ ને સંઘ સાન્નિધ્યમાં રે લોલ,
જે કોઇ કરશે પૂણ્યનું કામ જો. ઉત્સવ૦
નમી વંદીને પ્રેમચંદ વિનવે રે લોલ,
રહે અવનીમાં અમર નામ જો. ઉત્સવ૦
સુ-કવિ ચંદુભા સાન્નિધ્યમાં રે લોલ,
મારા અંતરની એજ અભિલાષા જો. ઉત્સવ૦

*

## પ્રકરણ પહેલું

### ભવ બંધન

#### દુહા

પરમાતમ પદ પામવા, સેવુ પરમેષ્ટિ પંથ;
શ્રી જગતગુરૂ ત્રિભુવન પતિ, ટાળે સકલ પ્રપંચ. ૧

લાભશ્રીજી ગુરૂણી ભણી, કરબદ્ધ લાગું પાય;
સંયમ પંથ સમર્પીને, આપ્યું જ્ઞાન સુખદાય. ૨

શારદા માતા દયા કરી, આપો વચન વિલાસ;
કથા રચવા સતી તણી, ખાંતિશ્રી ધરે ઉલ્લાસ. ૩

શ્રી પંકપુર નગર વિષે, શ્રાવક પરમાનંદ;
તેની પત્ની પદ્માવતી, પામ્યા સુખ અમંદ. ૪

પ્રગુણા નામે પુત્રી ભલી, માત-પિતા હેત અપાર;
પ્રમોદ સહુને આપતી, ખાંતિશ્રી સદ્‌ગુણ ધાર. ૫

એક કાળની આ સત્ય ઘટના છે. વાંચક વૃંદ સહ સ્નેહે તેનું પુરૂં વાંચન કરે એમ યોગ્ય ગણું છું.

શ્રી પંકપુરમાં પરમાનંદ નામે શ્રાવક. પદમાવતી નામે પત્ની સાથે સુખ પૂર્વક સંસાર વ્યવહાર ચલાવતો હતો. વર્ષો બાદ સુસ્વપ્ન-સુચિત પ્રગુણા નામની એક પુત્રી રત્નની પ્રાપ્તિ થઇ. માત-પિતાના હૈયાના હાર સમી તે પુત્રી અતિ લાડકોડથી, લાલન-પાલનથી ઉછરતી કલ્પવેલીની માફક વૃદ્ધિ પામતી સૌને આનંદ પમાડતી હતી. સુસંસ્કારી માતાના અર્પેલા સુસંસ્કાર વડે વિનય, વિવેક, સહિષ્ણુતા

ગુણોથી દીપિકા સમાન દીપવા લાગી. ખંતપૂર્વક વિદ્યાભ્યાસ કરતા ટુંક સમયમાં વ્યવહારિક જ્ઞાન સાથે ધાર્મિક જ્ઞાન પણ ઠીક ઠીક મેળવી લીધું.

સતેજ બુદ્ધિ હૈયે ખંત, વિનય વિવેક ધરે ઉમંગ,
ખાંતિશ્રી કહે તે સદા, જીતે સઘળો જંગ. ૧

ઉપર કહેલ ગુણધારક પ્રગુણા સુંદરી જે કામ હાથમાં લે તે પુરૂં કરીને જ જંપે. દરેક કાર્યમાં ચીવટ એવી રાખે કે ફરી તેને જોવાની જરૂર જ ન રહે. બધાં ઘરકામો પોતાના હાથે જ કરે. નોકર-ચાકર હોવા છતાં પોતાની એકની એક વહાલી પુત્રીને જાતે જ બધાં જ કામ કરતી જોઇ પરમાનંદ શેઠે પ્રેમથી પુત્રીને કહ્યું, બેટા ! તારે આવા કામ ન કરવાં. આપણા નોકરો જાતે જ કરી લેશે, તારે તો ફક્ત દેખરેખ જ રાખવી. જે કાર્યો કરવાના હોય તે નોકરો પાસે કરાવી લેવા.

પિતાના સ્નેહાળ વચનો સાંભળી પ્રફુલ્લ વદના પ્રગુણા સુંદરીએ નમ્રતાથી જણાવ્યું પિતાજી ! હું આપની લાગણી માટે ખૂબ જ આભારી છું. આપનું કહેવું કદાચ વ્યાજબી પણ હશે. છતાં હું મારા વિચારો આપની સમક્ષ રજુ કરૂં છું તે કદાચ આપશ્રીને યોગ્ય લાગશે એમ હું માનું છું.

નોકરો ચીઠ્ઠીના ચાકર કહેવાય છે, જે બતાવ્યું જ કામ કરે. ને તેને તે પ્રમાણે કરવું પણ પડે, પણ આપણા હૈયામાં જે કાર્યની કાળજી હોય તેવી કાળજી તેઓના હૈયામાં ન જ હોય. વળી સર્વજ્ઞ ભગવતો ગૃહસ્થાશ્રમીઓને જીવોની રક્ષા કરવાનું ફરમાવેલ છે, તે જીવોની રક્ષા ઉમળકા પૂર્વક આપણે જાતે જ કરીએ તો જ થઇ શકે. શરીરની છતી શક્તિએ કામ ન કરીએ તો એદીપણું આવી જાય. ખાધું પીધું

પણ ન પચે અને હજારો દર્દો શરીરમાં દાખલ થાય. પછી તો એવી હાલત થાય કે મરવાની આળસે ભલે જીવીએ. વ્યવહારિક કે ધાર્મિક કોઈપણ કામ સ્ફૂર્તિથી કે ઉમંગથી થઈ જ શકે. પછી તો ધોબીના કૂતરા જેવી સ્થિતિ સર્જાઇ જાય. ન ઘરનો કે ન ઘાટનો.

બીજી એક વાત પણ વિચારવા જેવી છે કે, આજે આપણા સંયોગો બધા જ સારાં છે. પણ કદાચ ભવિષ્યમાં અશુભ કર્મનો ઉદય થાય, સંયોગો ફરે ને બંધુ જ કામ હાથે કરવું પડે ત્યારે આપણી શી દશા થાય? કેટલું કઠીન લાગે?

આ સાંભળી શેઠ તો ચુપ જ થઈ ગયા. ઉત્તર ન જ આપી શક્યા. પુત્રીની બુદ્ધિ અને વિચાર શક્તિ જોઈ શેઠ તો આફરિન બની ગયા, પુત્રીને ધન્યવાદ આપ્યો. આવી ગુણીયલ પુત્રી રત્નની પ્રાપ્તિથી શેઠ પ્રચુર પ્રમોદ પામ્યા. જો કે પ્રગુણા સુંદરી સુશીલ, સદગુણી, પ્રિયભાષી વગેરે અનેક ગુણ સંપન્ન હતી પણ તે વાને જરા શ્યામ હતી.

તેણીના લગ્ન કનકપુરના શ્રેષ્ટિ પુત્ર કનકસેન સાથે કરવામાં આવ્યા. લગ્ન વખતે તેના પતિની આર્થિક સ્થિતિ સાધારણ હતી. બાપ સ્વર્ગે ગયા પછી આર્થિક સંયોગો બદલાયા હતા. પોતાને આવી ઉત્તમ પત્ની મળવાથી તે રાજીરાજી થઈ ગયો અને પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. તેનો ગૃહ સંસાર સુસંસ્કારી પત્નીના પ્રતાપે સ્વર્ગ સમાન બની ગયો. પિતાના વિયોગનું દુઃખ તે હવે તદન ભૂલી ગયો હતો.

*

## પ્રકરણ બીજું
## કર્કશા સાસુ

પ્રગુણા સુંદરીને પતિ તરફથી પુરું સુખ હતું, પણ કર્કશા સાસુ કડવીનો ભારે સંતાપ હતો. ધીરેધીરે વહુ સામે સાસુ વાઘણ બની સાસુપણું બતાવવા લાગી. પ્રગુણા સુંદરી સવારમાં સહુ પહેલાં ઉઠતી, ઘરના તમામ કાર્યો ચીવટથી પોતે જ કરતી, સવારથી સાંજ સુધી કામ, કામ ને કામ. નાનકડું ઘર છતાં સામાન વિગેરે ગોઠવવાની કુશળતા એવી કે, જાણે મોટું ઘર દેખાય. દર્પણને જુઓ કે એના ઘરની સ્વચ્છતા જોઇ આફરિન બન્યા વગર ન રહે. આવનારથી સહજ બોલાઈ જવાય કે, વાહ ! પ્રગુણા વહુ આવ્યા પછી તો ઘરની રોનક જ ફરી ગઈ છે. ખરેખર ! આ વહુ તો સાક્ષાત કળાનો અવાતાર જ ન હોય ! કડવીબેન વહુમાં તો ખાટી ગયા હો ! આવનાર સૌ આમ વહુની પ્રશંસા કરતા ને બધા ખુશી થતાં. વહુની આ પ્રશંસાથી કડવી સાસુનું કાળજુ બળી જતું હતું. સાસુના ઝેરીલા સ્વભાવે શાંત પુત્ર વધુના હૈયામાં અશાંતિ પેદા કરવાના રસ્તા ખુલ્લા કર્યા. તેણી વાતવાતમાં વહુને છણકા કરવા લાગી.

એક દિવસ પ્રગુણા સુંદરી હંમેશની જેમ સવારના પાણી ભરવા ગઈ, બેડું ભરીને આવી ત્યાં કડવી સાસુએ કડવી વાણી ઉચ્ચારી. 'દુષ્ટા ! આટલી બધી વાર ક્યાં મૂઇતી ? કદી નહી સાંભળેલ કટુ વચન સાંભળી પ્રગુણા સુંદરી તો હેબતાઈ ગઈ. ધ્રુજતે અવાજે જવાબ આપ્યો; 'બાઇજી ! આજે કુવા કાંઠે ભીડ બહુ હોવાથી જરા વિલંબ થયો.' આ ઉત્તર સાંભળતાં

કડવીબાઇ ધૂડૂકયા; 'ઓ કાલકા ! ડાકણ ! મારી સામે બોલતાં શરમાતી નથી ? તું કયા જાય છે ને શું કરે છે તે હું બધું જાણું છું. તું મારી આંખમાં ધૂળ નાખવા માગે છે ? પણ હું તારા કાળજાને કોરી ખાઉં તેવી છું તેની તને ખબર નહિ હોય ! ખબરદાર જો એક અક્ષર પણ સામે બોલી છે તો ? તારી જીભ જ ખેંચી કાઢીશ. અધૂરામાં પૂરૂં કરવા તેની નણંદ ટોમી માતાજીનું ઉપરાણું લેતી ત્યાં દોડી આવી ને બોલી "ભાભી ! સાસુની સામે બોલતા શરમાતા નથી ? જરા શરમ રાખો શરમ ! મારા ભાઈએ બહુ મોઢે ચડાવી દીધી છે તે અહીં નહી ચાલે, સમજ્યા ને ?" આમ ને આમ કંઈ ને કંઈ બહાનું કાઢી સાસુ કંકાસ વધારવા લાગી. છતાં પ્રગુણા સુંદરી પૃથ્વીની જેમ મૌનપણે બધું જ સહી લેતી. જાણે કાંઈ જ બન્યું નથી તેમ આનંદથી રહેવા લાગી. રોજ આમ જ ચાલ્યા કરે છતાં સાસુ કે નણંદની ફરિયાદ પતિના કાને કદી પણ પહોંચાડતી નહીં અને મોઢું પણ કોઇદિ ચડાવતી નહિ.

સુખમાં દુઃખમાં સમવૃત્તિ છે જેની, સજે સદ્‌ગુણ શણગાર;
મધુર વચન છે મુખમાં જેને, ધન્ય પ્રગુણા સુનાર, ૧

આમ પાંચ પાંચ વરસના વહાણા વહી ગયા. કંકાસથી ધંધામાં જરા પણ બરકત ન આવી. દરેક કામ હાથે કરવા છતાં પરાણે પુરૂં થાય તેથી પ્રગુણા સુંદરી નિત્ય પતિને ભાગ્ય અજમાવવા પરદેશ જવાની પ્રેરણા આપતી હતી. રોજની પત્નીની પ્રેરણાથી ઉત્સાહિત બની, કનકસેન ધન કમાવવા પરદેશ જવા તૈયાર થયો. પ્રેમાળ પત્ની અને બે વરસનો પુત્ર મૂકી વિદેશે જઈ વસ્યો. ત્યાં તેણે રૂનો વેપાર કર્યો. ભાગ્ય ખુલ્યાં. પાંચ વરસમાં રૂપીઆ પચાસ હજાર કમાયો અને પત્નીનો આભાર માનવા લાગ્યો. પૈસા વધ્યા એટલે મિત્રો

પણ વધ્યા. વાહ-વાહ થવા લાગી. કનકસેને પોતાના કુટુંબને ત્યાં બોલાવી લીધું. ઘર ભર્યું ભર્યું કિલ્લોલ કરતું થઈ ગયું.

બધી વાતે સુખી હોતાં પ્રગુણા સુંદરીએ એક પણ નોકર કે ચાકર ન રાખ્યો. બધું કામ હાથે જ કરતી. કારણ કે તે સમજતી હતી કે હાથની રસોઈમાં ભારોભાર સ્નેહની સરિતા ભરી હોય. પતિ ભક્તિની છોળો ઉછળતી હોય. એમાં જ લાગણી અને પ્રેમ-રસના ઝરા વહેતા હોય. તેમાંના એક અંશનો ભાગ પણ રસોઇઆના હાથે બનાવેલી રસવતીઓમાં ક્યાંયે શોધ્યો પણ ન મળે. હાથની રસોઈ પોતાના હાથે જ પતિ-પુત્રને જમાડવામાં તેણી સાચી તંદુરસ્તી અને સુખ સમજતી હતી.

આ વાત આજના સુખશીલીયા જમાનાના માનવીઓમાં સદંતર ભૂલાઈ ગઇ છે. એના જ પ્રતાપે ડોક્ટર ને દવા વિનાનું એકે ઘર જોવા મળતું નથી. કામ ન થાય ને ચેવડા ચટણી વિના ના ચાલે. દૂધને બદલે ચા-દેવીની પૂજા થાય. સવારમાં ઉઠતાં જ પુરૂષ વર્ગ મોં કાળા કરે અને સ્ત્રી વર્ગ હાથ કાળા કરે. પાણી વિના પથારી બહાર પગ પણ ન મૂકાય. શરીરની સ્થિતિ જુઓ તો જાણે છ મહીનાનો મંદવાડ.

મન મોળા ના તનમાં તેજી, ઘડી ઘડીમાં ઊઠે ખીજી;
બૈરી છોકરાંને છણકા કરે, ધણી પણ ધોકો સામે ધરે. ૧
સવાર સાજ લગી ચાલે આમ, ફૂટી દમડીનું ન થાય કામ;
સામસામી આંખો તાણે, ખાંતિશ્રી તે ક્યાંથી સુખ માણે. ૨
ખાવામાં ફેશન, બોલવામાં ફેશન, ચાલવામાં ફેશન જોર;
પહેરવામાં ફેશન, લખવામાં ફેશન, ફેશન ફેશન ચારે કોર. ૩

પેટમાં ખાડા મોંઢાના ચાળા, કરતાં શોર-બકોર;
સુખ ને શાંતિ છીનવાઇ ગઇ, તોયે હૈયામાં ફેશન ચોર. ૪

ખાંતિશ્રી વિનય, વિવેકને મૂકયા, મૂકયા માત પિતાના માન;
મૂંછ વિનાના કુંછ ફરે છે, અહંભાવે કરતા તાન. ૫

સાંજે ગપાટા મારી બાર વાગે સુવું ને સવારમાં આઠ વાગે ઉઠવું તેમાં પણ જાણે મોઢાં પર બેઠેલી માખીને ઉડાડવાની શક્તિ ન હોય. શું જમાનો આવ્યો છે ને?

*

## પ્રકરણ ત્રીજું
## કાળા રંગે સર્જેલી અનાદરતા

ગરીબાઈ જતા અને શ્રીમંતાઈ આવતાં કનકસેનના મિત્રો વધ્યા, સાથે સ્વચ્છંદતા વધી. દુષ્ટ મિત્રો પોતાની પાશવી વૃત્તિઓને પોષવા માટે કનકસેનને હરવખત કહેવા લાગ્યા કે મિત્ર! તું રાજાના બેટા જેવો દીપતો દેવકુમાર જેવો છો. તને લજવે તેવી આ કાલકા સ્ત્રી કયાંથી મળી? તને તેની સાથે બોલવું કેમ ગમે છે? અરેરે મિત્ર! તારો તો ભવ જ બગડયો. આમ રોજ-બરોજ કનકસેનને ઉશ્કેરવા લાગ્યા. ધીરે ધીરે સતી પ્રગુણા સુંદરી ઉપરનો કનકસેનના કાલજામાંથી સ્નેહ ઘટવા લાગ્યો. સ્નેહાળ પત્નીના હાથની રસોઈ પણ હવે તેને ભાવતી નથી. વાત-વાતમાં પત્નીનું અપમાન કરવા લાગ્યો.

આ જોઇ મિત્રો ખુશી થયા. પોતાના પાસા સીધા પડયા જાણી, નટીઓના નાચ–ગાન સાથે અનાચારમાં પોતાની સાથે કનકસેનને રક્ત બનાવ્યો. કનકસેન પત્નીનો અનાદર સાથે, વારે ઘડીએ તિરસ્કાર કરતો જોઇ કડવી સાસુના કાલજામાં પહેલા કરતા પણ ચાર ગણો સત્તાનો દોર વધ્યો. નણંદ ટોમી પણ ભાભીને ભયંકર રીતે સતાવવા લાગી. સાત વરસના પુત્ર કમલના હૈયામાં પણ ઝેર રેડાવા લાગ્યું ને કમળને કહે છે કે તારી બા પાસે તું જતો નહી. જો જઇશ ને ! તો તું પણ એ કાલકા જેવો કાળો થઈ જઇશ !

જો તારી બાના કપડાં કેવાં ગંધાતા છે. તારે એને અડવું પણ નહી હો ? આમ બાલકના મગજમાં સ્નેહાળ માતા પ્રત્યે અભાવ પેદા કરાવવા લાગ્યું. આથી પુત્ર કમલ વાત્સલ્યપૂર્ણ માતા પાસે પણ જતો બંધ થયો. એટલું જ નહીં પણ પુત્ર વાત્સલ્યા માતા પોતાના જીવનના આધાર રૂપ એકના એક પુત્રને ભેટવા કોઈ વખતે તેની નજીક જાય તો તે દૂર ખસી જતાં બોલી ઉઠતો કે ઓ કાલિકા ! તું મને અડીશ નહી. "થુ થુ" તારા કપડાં કેવા ગંદા છે જો તો ખરી ? કાલકા ભીખારણ આઘી જા તું મને અડીશ નહી, નહી તો હું પણ કાળો થઇ જઈશ. આમ બોલતો ભાગી જતો હતો.

ખરેખર મહાસતી પ્રગુણા સુંદરી પર દુઃખના ડુંગરો તુટી પડયા. પતિએ તજી, પુત્રે તજી અને સાસુ નણંદે તો દુઃખની સૂડી સજી.

પતિ પરાયો પુત્ર હરાયો, સાસુના કડવા વેણ;
ટોમી નણંદ ટકટક કરે, જીવવું સતીને કેમ.

ઘરમાં ધન વધ્યું પણ માન ગયું. પ્રગુણા સતીના માટે તો સુખ–શાંતિ–સંપત્તિ–સ્નેહ બધા જ ચાલ્યા ગયા. એના માટે તો રહ્યું માત્ર હડધુત થવાનું ને કામ–કામ ને કામ કરવાનું. સવામાં ચાર વાગે ઉઠે. ઘરમાં કાજો–પુંજો કાઢી સાફસુફ કરે, પછી સાત–આઠ બેડા પાણી ભરે. દળણું દળે, પછી બધા માટે રસોઈ કરે, બધા જમી ગયા પછી વધ્યું ઘટ્યું શંખણી સાસુ તેણીને ખાવા આપે, પછી એઠવાડ કાઢે. આમ એક પછી એક કામ છેક રાતના દશ વાગ્યા સુધી કરે જ જાય. કોઇ બોલાવે નહી. કોઇ મીઠી નજરથી જુએ નહીં. જરા મોડું વહેલું કામમાં થઇ જાય તો તો તેનું આવી જ બન્યું સમજો.

કામ કરે હૈયું રડે, દુઃખનો નહી પાર;<br>
છતાં પ્રભુ નામ સ્મરતી, કરતી વંદન હજાર. ૧

ચાર શરણા ચિત્ત ધારતી, વારતી વૈર વિરોધ;<br>
નિજ દોષને નિહાળતી, કરતી કર્મનો રોધ. ૨

મારા દુશ્મન કોઈ નથી, દુશ્મન છે કર્મ કઠોર;<br>
ખાંતિશ્રી કહે એ સતી, વિચારતી ચારે કોર. ૩

ઉપર મુજબ મહાસતી પ્રગુણા સુંદરી અનાદર–અપમાન આદિ અનેક સંતાપોને ભોગવતી નોકરડીની જેમ કુટાતી પીટાતી હતી. છતાં સ્વ–દોષને જોતી હતી. પોતાના કરેલા કર્મથી જ મારી આ દશા થઈ છે. બીજા કોઇનો દોષ નથી. એમ વિચારતી સાચા સુખદાતા ચાર શરણાનુ ધ્યાન ધરતી દિવસો વિતાવવા લાગી.

*

## પ્રકરણ ચોથું
## સહન શીલતાની પરાકાષ્ટા ?

જે પ્રભુ પ્રભુ સદા સમરે, નિત્ય જપે નવકાર;
પ્રગુણા સતી ખરેખર, ધરતી શુભ વિચાર.
સાસરે સુખ રહયું નહી, પીયર પણ રહ્યા દૂર;
ખાંતિશ્રી કહે તો પણ સતી, દુઃખ ન ધરે કદિ ઉર.

સર્વ કુટુંબીજનોથી તજાયેલી મહાસતી જરા માત્ર પણ કોઇના પર દોષારોપણ કરતી નથી. દરેકની હોંશથી સેવા ચાકરી કરે છે. મનમાં વિચારે છે કે, જીવ અનાદિ કાળથી કર્મવશ બની રૌરવ નર્કાદિના દુઃખો ભોગવતો આવ્યો છે. તો તેની આગળ આ દુઃખ શા હિસાબમાં ? ખાવા રોટલો મળે છે, રહેવા જગ્યા મળે છે, સુવા પથારી મળે છે. ઇંદ્રિયો ખરોખર છે મને કોઇ જ દુઃખ નથી. મારો કોઈ શત્રુ નથી. જેના ભયંકરમાં ભયંકર શત્રુ હતાં તેવાઓને પણ મહાસતી દ્રૌપદીએ ક્ષમા અને ધીરજ ધારણ કરી ક્ષમા આપી જીવતા છોડાવી મુકયા. ધન્ય છે સતી દ્રૌપદીને ! એમ વિચારતી સતી દ્રોપદીના ગુણ ગાવા લાગી.

(તર્જ)

(સખી સુખીયા જગતમાં સંત, દૂર્જન દુઃખીયા રે.)
સતી દ્રૌપદી કરે વિલાપ, વહે આંખે આંસુ ધારા રે,
મારા કલૈયા કુમારનો નાશ, કર્યો કોણે અસિધારા રે;
સતી દ્રૌપદી કરે વિલાપ, વહે આંખે આંસુ ધારા રે. ૧
મારા હૈયા કેરો જે હાર, મારી આંખોનાં તારા રે;
મારા જીવનના આધાર, પાંચ પુત્ર મારા પ્યારા રે. સ૦ ૨

કેળ સમ કોમલ કાય, ફૂટી નથી મુછની દોર રે;
આશા ભર્યા એ પુત્ર રતન, મારી ટુટે કાલજાની કોર રે. સ૦૩
એક ક્ષણ ન રાખતી દૂર, ક્યાં શોધું હવે તમને રે;
મારૂં જીવન બન્યું ઝેર, કેમ સમજાવું મનને રે. સ૦૪
છાતી ફાટ રડતી એમ, ત્યાં ભીમસેનજી આવ્યા રે;
જાણી તેણે સઘલી એ વાત, દુશ્મનને પકડી લાવ્યા રે. સ૦૫
કહો સતી શી ઈચ્છા છે તુજ, પુત્ર ખૂનીને લાવ્યો રે;
કહો તો કરવતે વેરૂં શિશ, તમારી સન્મુખ રે. સ૦૬
કહો તો એહના રૂધિરથી આજ, સ્નાન કરાવું તુજને રે,
કહો તો શીલા ઉપર ધોબીની જેમ, પછાડી મારૂં એહને રે. સ૦૭
તારા નિર્દોષ બાલુડા પાંચ, માર્યા એણે દુષ્ટે રે;
ન કર્યો કંઈ દીર્ઘ વિચાર, કર્મચંડાલ એ ધૃષ્ટે રે. સ૦૮
કહો તો સતી રાઈ રાઈ જેવડા, કટકા કરૂં એહના રે;
જેમ શાંતિ થાય મન તુજ, તેહવા કરૂં હાલ તેહના રે. સ૦૯
સાંભળી સ્વામી ભીમના વેણુ, સતી દ્રૌપદીજી ધ્રુજી રે;
બે કર જોડી વિનવે એમ, પિયુ ચરણને પૂજી રે. સ૦૧૦
સ્વામી શક્તિવંત છો આપ, પણ વેરથી વેર ન છીપે રે;
જૈન ધર્મનો એહ છે સાર, ક્રોધ રિપુને જીપે રે. સ૦૧૧
અશ્વથામાએ માર્યા પુત્ર, રડતી કરી મુજને રે;
તેમ એ દુષ્ટનો કરાવી નાશ, ઈચ્છા નથી વિનવું તુજને રે. સ૦૧૨
હું પુત્રોના ખૂનથી ઝુરૂં દિનરાત, તેમ એમની માતા ઝુરે રે;
એ દુઃખ જોયું મુજ નવ જાય, છોડી મુકો મારી હજુરે રે. સ૦૧૩
ધન્ય સતી દ્રૌપદી સતી નાર, ક્ષમા ગુણ ભંડારી રે;
ધન્ય ધન્ય તસ અવતાર, વંદન હોજો હમારી રે. સ૦૧૪

ખાંતિશ્રી ધીરજ ધાર, સમય લઈ શુદ્ધ પાલે રે;
પાર્શ્વચંદ્ર સૂરિ સુપસાય, અક્ષય સુખમાં મહાલે રે. સ૦૧૫.

મહાસતી કુટુંબીઓ તરફથી અતિ ત્રાસ હોવા છતાં પૃથ્વીની માફક બધું સમભાવે સહન કરતી. પૂર્વે થઈ ગયેલી દ્રૌપદી આદિ મહાસતીઓના ગુણોને સંભારતી, મનને સમજાવતી વર્ષો વિતાવવા લાગી.

હવે પુત્ર કમલ વીસ વરસનો થતાં જયપુર નગરના જયશેખર શેઠની પુત્રી જયકળાની સાથે તેનું વેવિશાળ થયું. લગ્ન લેવાયા. તેના માટે અનેકવિધ તૈયારીઓ થવા લાગી.

*

## પ્રકરણ પાંચમું

## અપમાનની પરાકાષ્ટા

અસાર આ સંસારમાં, સુખ નથી લવલેશ;
છતાં જીવ સુખ ભ્રાંતિ ધરે, પામે અતિશે ક્લેશ. ૧.

માત પિતા સુત બાંધવા, સર્વ સ્વાર્થી સંબંધ;
છતાં મમતા મનમાં ધરે, મોહમાં બની અંધ. ૨.

રે જીવ અભાગીયા, કેમ ધરે તું ખેદ;
ખાંતિશ્રી ભગવંત ભજી, કર્મની વેલી છેદ. ૩.

કનકસેનને ત્યાં આજે પુર બહારમાં વસંત ઋતુ ખીલી રહી હતી. તેના ખાઉધરા મિત્રોની ખુશામતે માઝા મૂકી હતી. લગ્નના બહાને નટીઓના નાચગાન ચાલુ થઈ ગયા. મિત્રો ખોબે-ખોબે ધન ખરચાવી પોતાની પાશવી વૃત્તિઓને તૃપ્ત કરવા લાગ્યા. જેમ હજામને અસ્ત્રા વિના, પખાલીને પાડા વિના, ગધેડાને રાખમાં આળોટયા વિના ન ચાલે તેમ કનકસેનને એ ઉલ્લંઠ મિત્રો વિના ન ચાલે. તેઓ જેમ નચાવે તેમ નાચે છે, સારૂં-નરસું, ખરૂં-ખોટું, કર્તવ્ય અને અને અકર્તવ્ય શું છે. તે સમજવાની શક્તિ ગુમાવી બેઠો હતો. લગ્ન મહોત્સવ ઉજવવામાં બધા આનંદ વિભોર બની કલ્લોલ કરી રહ્યા હતા. ત્યારે પ્રગુણા સતી માટે તો પાનખર ઋતુ બેઠી હતી. સગી જનેતાને પુત્રના લગ્ન સંબંધે કાંઇ પણ પૂછવામાં આવ્યું નહિ એટલું જ નહી, તેણીને અપશુકનિયાળ ગણી દરેક કાર્યથી દૂર રાખવામાં આવી. ઘરમાં પગ મૂકવાનો પણ તેણીને હક ન હતો. આમ કરવામાં વાંક માત્ર જો કોઇ હોય તો તેણીના શરીરનો રંગ જરા શ્યામ હતો. પોતાનું અસહ્ય અપમાન થતું જાણી તેણી વિચારે ચડી, આ જગતમાં શું હું એકલી જ દુઃખી છું? ના, ના. ભારત વર્ષમાં કરોડો અબળાઓ મારી પેઠે જ દુઃખમાં દિવસો નિર્ગમન કરે છે. એક સુજ્ઞે ઠીક જ કહ્યું છે :

વરવલ્લી સો ઘરવલ્લી, ઘરવલ્લી સો ગામવલ્લી;
ગામવલ્લી સો રાજવલ્લી, રાજવલ્લી સો દેશવલ્લી.

જેના ઉપર પતિનો પ્રેમ હોય તે સ્ત્રી દરેકને વહાલી લાગે છે; પણ જો પતિ પોતાની પત્નીનો અનાદર કરતો હોય તો તે સ્ત્રી સુશીલ હોય, સદ્ગુણી હોય તો પણ દરેક તેનો અનાદર જ કરે છે. તે સ્ત્રીનો કોઇ રણી-ધણી હોતો

નથી. મહાસતી અંજના તદ્દન નિર્દોષ હોવા છતાં પતિના મનની શંકાના અનાદરે સર્વ સ્થળે અનાદર પામી, ભયંકર યાતનાઓ તેણીને બાવીશ-બાવીશ વર્ષો સુધી ભોગવવી પડી. એવી રીતે લાખો સન્નારીઓ દુઃખના દાવાનળમાં ભડકે બળી જવા પામી છે. છેવટે તો સત્યનો જ જય થયો છે.

પ્રેમ વિનાનો પ્રીતમ, મરદાં બોલ કબોલ;
કદર વિનાનો કંથડો, ત્રણે ગધા તોલ. ૧

આજે વિશ્વમાં દ્રષ્ટિ કરી જોઇએ છીએ તો ચારે કોર આવું જ જોવા મળે છે, પોતાનો રંગ ભલે ને તાવડીના તળિયા જેવો હોય છતાં સેંકડો કન્યાને જોવા જાય અને આ તો કાળી છે, આ તો જાડી છે, આ તો ઉંચી છે, આ તો નીચી છે, આની આંખો બરોબર નથી. આમ સેંકડોના દોષો બતાવી છેવટે એકાદ કોઇને પસંદ કરે. એમાં મા કે બાપનું કોઈનું એ ન ચાલે. પોતે પસંદ કરેલ કન્યા સાથે લગ્ન કરે, ચારેક મહિના ગયા હોય ત્યાં તેણીની સાથે અખાડા માંડે. મારફાડ ચાલુ થઇ જાય. છેવટે તેને કાઢી મૂકે કે મારી નાખે. પોતાના હાથે અગ્નિ ચાંપી દે, છતાં શાહુકારનો દીકરો થવા "એ તો પ્રાઇમસ સળગાવતાં બળી મૂઇ" કહી નિર્દોષ થવા જાય. કદાચ સપડાઈ જાય તો કાળા કર્મો કરી મેળવેલા પૈસાથી લાંચીઆ અમલદારોના મોઢા ભરી મૂંગા બનાવી દે. નિર્દોષ ઠરાવી શકનો લાભ આપી છોડી મૂકે.

નિર્દોષ બિચારી આશાભરી અબળાઓના ખૂન કરી નાખતાં એ કાફરોને જરા પણ કંપારી છૂટતી નથી. યુવાન પત્નીઓને મારી નાખવામાં મુખ્ય ત્રણ કારણો હોય છે. કાં તો પોતે રંડીબાજ કે દારૂડીયો હોય, કાં તો ફરી ફરી

પુષ્કળ દાયજા લેવાની લાલસા જાગી હોય અને કાં તો ખૂબસુરત લલના મેળવવા લલચાયો હોય, તેથી નિર્દોષ પત્નીના ખૂન કરતાં હોય છે. આ વીસમી સદીના સ્વચ્છંદી શ્રીમંતના નબિરાઓએ આ ત્રણમાંથી કોઈ પણ કારણે કરેલા ખૂનનો ૧૬૭૭૭૭૫૬નો આંકડો આજ સુધીમાં બહાર આવ્યો છે. જો કે એથી એ વધારે આંકડો હશે. પણ કેટલાક ખૂન તો અદ્ધર જ ઉડી ગયેલા હોય છે. સહજ રીતે કોઇ સાથે વાત કરી તો તેના શિયળ માટે શંકાશીલ બની, તેણીનું ખૂન કરી નાખવામાં આવે છે. છરી ભોંકાવી મારી નાખવી, ઘાસલેટ છાંટી દીવાસળી ચાંપી દેવી. તેમાં સાસુ કે નણંદનો સાથ તો હોય જ. આવી જાતનાં ખૂન વગરનું ભાગ્યે જ કોઇ ગામ કોરૂં રહ્યું હશે છાપામાં આવે કે ફલાણાએ ફલાણીનું ખૂન કર્યું તે વાંચી જાણે બીજાને શૂરાતન ચડતું હોય તેની હરીફાઇમાં ઉતરતો હોય તેમ બીજા દિવસે પેપરમાં બીજા બે ખૂનની વાત આવી જ હોય. એ છાપા વાંચનારાઓથી અજાણ્યું તો નથી જ. હે આર્યપુત્રો ! જરા તો વિચારો. આવા કાળા કર્મો શું તમને છોડી દેશે ? કદી જ નહી છોડે. આ સંબંધે લખતાં હાથ કંપે છે, હૈયું ધ્રુજે છે. બિચારી નિર્દોષ અબળાઓના ખૂનથી આ ભારત-ભૂમિને રંગી એવા નરાધમો સુખી થવાના કોડ સેવતાં શું નહી શરમાતા હોય ?

આજે આવા કર્મો દુનિયામાં ચાલી રહ્યાં છે તે સમાજ સારી રીતે જાણે છે. તેથી વધારે લખવાની જરૂર નથી. બંધુઓ ? આવા અધમ કૃત્યોથી અટકો. સર્વને સુખી થવાને જીવવા દો.

સત્‌યુગની સીતાને તો બધા જાણે છે, પણ આ કળીયુગની સીતાને પણ ઓળખવાની જરૂર છે. ૧૯૬૨ના જુલાઈ માસની

તા. ૨૦ના "જુલાઈ" "મુંબઈ સમાચાર" ગુજરાત સમાચારમાં આ કળીયુગની સતી સીતાની વાત પ્રસિદ્ધ થયેલ :

નાસિક : તા. ૨૦ મી જુલાઈના નાસિક ગામ પાસે આ સત્ય ઘટના બનવા પામી છે. હડહડતાં કળીયુગમાં એક ખેડુત સ્ત્રીએ ઉકળતા તેલમાંથી પૈસા કાઢીને પોતાની પવિત્રતા સાબિત કરી બતાવ્યાની ઘટના બની છે. નાસિક પાસે આવેલ સિન્નર ગામની આ સ્ત્રી પર તેના પતિએ ચારિત્ર્ય-ભ્રષ્ટતાનો આક્ષેપ મૂકયો હતો. સ્ત્રીએ આનો જોરદાર વિરોધ કરવાથી પતિરાજ તેને મંદિરમાં પૂજારી પાસે લઈ ગયો. પૂજારીએ ઉકળતા તેલમાંથી પૈસા કાઢીને પોતાનું શુદ્ધ ચારિત્ર સાબિત કરવાનો તે સ્ત્રીને પડકાર કર્યો. સ્ત્રીએ એ પડકારને ઝીલી લીધો. અને હજાર નર–નારીઓની હાજરીમાં ઉકળતા તેલની કઢાઈમાં કોઈ પણ જાતના ખચકાટ વગર હાથ નાખી પૈસો કાઢી આપ્યો હતો. તે સ્ત્રીને કોઇ પણ ઇજા થઈ ન હતી. આ વાતની વાયુવેગે ગામમાં ખબર પડતાં ગામવાસીઓ કળીયુગની સીતાને સરઘસાકારે મંદિરથી ગામમાં લઈ ગયા હતાં અને સીતામાનાં આશીર્વાદ માંગ્યા હતાં.

આવી સતી નારીઓ લાખોની સંખ્યામાં આજે પણ જીવી રહી છે. ને આ ભવ્ય ભારત ભૂમિને પાવન કરી રહી છે. છતાં તેની કદર આજના હૃદય વિહુણા વિલાસી રાવણ રાક્ષસોને કયાંથી હોય? પોતાની પત્ની પર શંકાશીલ બની જે દશા તેણીની કરી, તે સ્ત્રી જો તેના જેવી નિષ્ઠુર બની હોત તો બધાંની વચ્ચે પતિને કહેત કે "ઉકળતા તેલની કઢાઈમાંથી હાથ નાખી મેં પૈસો વગર દાઝે કાઢી આપ્યો છે ને મારા સતીત્વની ખાતરી કરી આપી છે, તો હવે આપ

કેવા સતા છો તેની ખાતરી પૂરવાર કરવા માટે આ ઉકળતા તેલમાંથી હાથ નાખીને પૈસો કાઢી આપો.

સ્ત્રી તો ખરેખર પૃથ્વીની માફક સર્વ સહી લેતી આવી છે. તે કદી અનઉદાર બની નથી. પોતે સાતે વ્યસને પૂરો હોવા છતાં આવી સુંદર પતિ ભક્ત પરાયણ પ્રત્યે શંકાની દ્રષ્ટિથી જોતો હોય, ને વાત વાતમાં તેણીની સાથે ચેડાં કરતો હોય છે. સત્‌યુગમાં પણ આવા ભયંકર પારખાં કરવા સજ્જનોને માટે વાજબી ન હતાં. તો આ હળહળતા કલિકાલમાં ઉકળતા તેલમાં હાથ નંખાવી પૈસો કાઢવા જેવા પારખાં કરતાં જો કદાચ તે સતી જ હોય છતાં પણ બળી જ મરે. આ બાઇના પુણ્ય બલ જબરા હોવાના કારણે કાંઈ ન થયું. પણ બધાના માટે તેમ બનતું નથી. પૂર્વ કાલમાં લાખો સતીઓએ પોતાના શિયળના રક્ષણ ખાતર પ્રાણો આપી દીધાં છે. ઝેરના પારખાં ન હોય એ વાત આજના કીચક અને રાવણોએ સમજી લેવી જોઇએ. આ વાત લંબાવવામાં આવે તો એક જાતનું રામાયણ બની જવા પામે. પણ એ મહાસતીની જેમ ઉદારતા વાપરી આ વાત આટલેથી જ અટકાવી મૂલ વાત પર લક્ષ આપવું યોગ્ય ધારૂં છું.

ચામડીના શ્યામ રંગના કારણે તે દેવીસમ પ્રગુણા સતીને હડધુત કરી તેણીને નોકરડીની જેમ ગણી સર્વ કાર્યોમાં દૂર રાખવામાં આવી છે. જાન જયપુર જવાની હતી. જાનમાં જવા સહુ શણગાર સજી તૈયાર થઈ ગયા. જાન ઉપડવાની તૈયારી થઈ ત્યારે માનું હૈયું હાથ ન રહ્યું. પુત્રને ભેટવા ઉછાળા મારવા લાગ્યું, તે કમાડની નજીક ગઇ અને બોલી "બેટા મારા કમળ! આજે તો મારા

આનંદનો દિવસ છે બેટા! એક વાર આજે મને તું ભેટવા દે, ફરી કદી હું તને નહીં કહું. મારા કલૈયા કુંવર, મારા હૈયાના હાર! મારૂં આટલું કહ્યું તું માન.

ત્યાં કમળ તો આઘો ખસતો બૂમ મારી ઊઠયો, અરે! આઘી રહે આઘી! અત્યારે તું ક્યાંથી આવી ચઢી! તું કદરૂપી છે તારા કપડાં તો જો! ફાટયા તૂટ્યા ને મેલાં ગંધાતા! ત્યારે સ્નેહાલ માતાએ કહ્યું કે, બેટા! હુ ગમે તેવી તોય તારી જનેતા–મા છું? ત્યારે કમળે છણકો કરી મોઢું મરડીને કહ્યું: હવે જોઇ મા ને બા. તુ ન હોત તો શું અમે મોટા ન થાત? તારાં કપડાં પર તો માંજેલા વાસણની રાખ અને ધૂળ ચોંટેલી છે. અને મને ભેટવા દોડી આવી? આ મારો નવો શૂટ બગાડતાં તને વિચાર નથી થતો? ચાલ હવે આઘી ખસ, મને અપશુકન થાય છે? એમ કહીને કમલ માતાને અડકયા વિના ત્યાંથી ચાલતો થઇ ગયો. જાન રવાના થઈ ગઈ. માતાને આશા હતી કે પુત્ર હવે સમજણો થઈ ગયો છે. આજે જરૂર મારી સાથે પ્રેમથી વાતો કરશે પણ એ તો જનેતાનું ભારોભાર અપમાન કરી ચાલતો થઇ ગયો. કારણ નાનપણથી નંખાયેલા અવળા સંસ્કાર તેના મગજ પર મજબુત થઈ ગયા હતા. મારા આવા વર્તનથી મારી જનેતાને કેટલુ દુઃખ થશે તેનો વિચાર સરખો પણ તેને ન આવ્યો. આ છે અપમાનની પરાકાષ્ટા. સ્વચ્છંદી પતિના પનારે પડેલી આવી સન્નારીઓ આજે કેટલીયે રીબાતી હશે.

*

# પ્રકરણ છઠ્ઠું
## આત્મ સમર્પણ

જાન ગઈ, પાછળ ઘેર ત્રણ રહ્યા, પ્રગુણાબેન, તેની સાસુ અને વિધવા નણંદ, સાસુ નણંદ ઘરમાં સુતા હતા અને અપમાનીત પ્રગુણાબેન ઘર બહાર ઓસરીના ઓટલા પર હતાશ બની આળોટતી વિચારી રહી છે કે, ધણીએ તો મારો ચામડીનો શ્યામ રંગના કારણે ત્યાગ કર્યો. મારા આશાના દોર સમા પુત્રે પણ મારો તિરસ્કાર કર્યો તો આ જીવનમાં જીવવા જેવું શું છે?

હે જીવ! તું ખોટો ખેદ શા માટે કરે છે? મહાસતી મલયા સુંદરીને કેવા ભયંકર દુઃખો સહન કરવા પડયા. જગદંબા અંબા સતીને સાંભરતાયે કંપારી છુટે એવાં દુઃખ પડયા. મહાદેવી મયણા સુંદરી, દમયંતી સતી જગત માતા સીતા દેવી, અરે! કલિકાલની સતી મીરાંબાઈને ઝેરના પ્યાલા પીવડાવવામાં આવ્યા. આમ અસંખ્ય સતીઓને સીતમગાર નરાધમોના ભયંકર સીતમોની અનેક યાતનાઓ ભોગવવી પડી છે. છતાં છેવટે તો સત્યનો અને સદ્‌ગુણનો જ જય થયો છે, માટે હે આત્મન્! તું ધીરજ ધર! દુઃખી ના થા! આમ પોતાના મનને સમજાવતી રાત્રી પસાર કરી રહી છે.

નગરવાસીઓ સૌ નિદ્રાદેવીને ખોળે પોઢી ગયા છે. નિરવ શાંતિ પ્રસરી રહી છે તેવે સમયે એકાએક ઘરને આગ લાગી. ઘર ભડકે બળી રહ્યું છે. સાસુ નણંદને આગના ભડકા ઘેરી વળ્યા. બચાવો બચાવોની કારમી ચીસો સાસુ નણંદની સંભળાઈ. પ્રગુણા બ્હેને નિર્ણય કર્યો કે આ કાયાને બધા કદરૂપી કહી તિરસ્કારે છે....ખુદ દીકરો પણ મોઢું જોવા

નથી ઇચ્છતો, તો હવે આ કાયાથી જેટલો ઉપકાર થાય તેટલો તો કરી લઉં. આમ નિશ્ચય કરી સર્વભક્ષી ભડકે બળતી આગની જ્વાલાઓ પાસે આવી ને બોલી! હે અગ્નિદેવી! તમે ભલે આ કાયાને જલાવી દો. હું મારા માતા તુલ્ય આ સાસુ અને નણંદને બચાવી લઈને જ જંપીશ! એ રીતે અંતરમાં સમર્પણની ભાવના સભર આગમાં ઝંપલાવી દીધું. ભડકા સામે બાથ ભીડતી પ્રગુણાબ્હેન સાસુ પાસે પહોંચી ગઈ ને સાસુને બાથમાં લઈ ઘરની બહાર લઇ આવી. સાસુને બહાર મૂકી ફરી નણંદને બચાવી લેવા આગમાં ઝંપલાવા દોડી. આગે પ્રચંડ રૂપ ધારણ કર્યું હતું. આ વખતે આજુબાજુના સેંકડો માણસો ત્યાં આવી ગયાં હતા. તે બધા ફરી આગમાં નહી પડવા માટે પ્રગુણાબ્હેનને બૂમો પાડવા લાગ્યા પણ તેઓના પરવા ન કરતાં પ્રગુણા-બ્હેને તો અગ્નિમાં ઝંપલાવી જ દીધું. ત્યાં હાહાકાર મચી ગયો. લોકો બોલવા લાગ્યા. અરેરે! જગદંબા જેવી આ સદ્‌ગુણી મહાસતી, આ ભડકે બળતી આગમાં ભરખાઈ જશે! હે પ્રભુ તું એ મહાસતીનું રક્ષણ કરજે! રક્ષણ કરજે! એમ લોકો બોલતા હતા. ત્યાં તો નણંદને ઊંચકી લઇ તેણી બહાર આવી. પણ અગ્નિ જ્વાળાએ આ વખતે પ્રગુણાબહેનના શરીરને ઘણી જગ્યાએ પોતાની ક્રુર જ્વાલા વડે બાળી અને તેણીના આખાએ મોઢાની ચામડીને બાળી ભસ્મ કરી નાખેલી. સાસુ નણંદને તો પોતાના પ્રાણના ભોગે બચાવી લીધા પણ પોતે ખૂબ દાઝી જવાથી બેહોશ બની પૃથ્વી પર પટકાઈ ગઇ. બધા એને વીંટળાઈ વળ્યા, અને તેની સારવાર માટે તુરત હોસ્પીટલમાં લઇ ગયા. સીતમગાર સાસુ નણંદના અવગુણને ન જોતાં પોતાના દેહના સમર્પણ વડે સાસુ નણંદને બચાવી લીધા.

ધન્ય છે સતી શેખર આર્યા સન્નારીને. એને અમારા કોડો ભાવ ભીના નમસ્કાર હો. માનવ ભવની જે આત્માઓ મહત્તા સમજ્યા છે, પોતાના કર્તવ્યનું જેને ભાન છે અને માનવ દેહે કંઈ પણ સુકૃત કરી લેવાની તમન્ના છે, સાચા ધર્મને જેઓ પામ્યા છે તેવા ભવ્ય જીવો પ્રાણાંતે પણ અન્યનું શ્રેય કર્યા વગર રહેતા નથી આનું જ નામ છે માનવતા અને આત્મ સમર્પણની શ્રેષ્ઠતા. મહાદેવી પ્રગુણાબહેન જેવી સન્નારીઓ અગરબત્તીની જેમ પોતે બળીને પણ બીજાને સુગંધ આપે છે. ચંદનની જેમ ઘસાઈ જઇને પણ બીજાઓને શીતલતા સમર્પે છે. તેણીઓનો મન પરનો કાબુ પણ કોઈ અજબ કેળવેલો હોય છે. દૂધપાક, પુરી, બાસુંદી, ભજીયા, ચેવડો, ચવાણું એમ અનેક રસવતીઓને પોતાના જ હાથે બનાવી સર્વ કુટુંબીઓને જમાડે છે, તે પાછી કોઈ કહે કે હવે તમે જમી લો ત્યારે તે કહે છે કે મારે તો આજે ઉપવાસ છે, ખાવું નથી, આવી આર્ય સન્નારીઓની શ્રદ્ધા અને સુસંસ્કારે જગતમાં આવા ધર્મની જ્યોત જીવતી જાગતી જળી રહી છે. પ્રગુણાબહેનના જીવનમાં આવા એક નહિ પણ અનેક સદ્‌ગુણો ભરેલા હતા અને તેના જ પ્રતાપે અનેક અપમાનો, તિરસ્કારોની ઝડીઓ પોતા પર વરસવા છતાં કદી તેણીએ પોતાની નીતિ કે ધર્મ છોડયો નથી. છેવટે પોતાને ધિક્કારનારી એવી સાસુ નણંદના ભડકે બળતા દાવાનળમાં ઝંપલાવી પ્રાણ બચાવ્યા. અગ્નિની જ્વાલાથી બળતા પોતાના દેહની અસહ્ય પીડાને પણ ન ગણકારી, અપકારી ઉપર પણ ઉપકાર કરી પોતાના જીવનને ધન્ય બનાવ્યું. આવી ઉત્તમતા આપણામાં ક્યારે આવશે ?

*

## પ્રકરણ સાતમું

## 'પશ્ચાત્તાપ'

( એકડે એક સંયમની રાખો ટેક. એ રાગ )

આ ધર્મ ભગિની તમે આવો, પ્રગુણા સતીના ગુણ ગાવો,
મારી બહેનો સદ્‌ગુણ, જી વ ન સા ર છે. ૧
જેના નામે નવ નિધિ થાયે, દુઃખ દૌભાગ્ય દૂર જાયે. મારી. ૨
ધન્ય તે જગમાં નારી, સત્ય શીયલ ગુણધારી. મારી. ૩
પતિ પુત્રે ધિક્કારી, સાસુ નણંદે ફીટકારી. મારી. ૪
તોએ રોષ ન મન આણે, કર્મના ફળ તે જાણે. મારી. ૫
ભડકે બળતી બચાવી, સાસુ નણંદને ઉઠાવી. મારી. ૬
સ્વ દેહને કીધો ખાખ, અંતરમાં ધર્મને રાખ. મારી. ૭
ઉભય કુલને અજવાળી, જગ જશ કીર્તિ વધારી. મારી. ૮
ખાંતિશ્રી વંદે ભાવે, પ્રેમે સતીના ગુણ ગાવે. મારી. ૯

ગ્રામવાસીઓએ બેહોશ બનેલા પ્રગુણાબહેનને હોસ્પીટલમાં દાખલ કરી તાત્કાલિક યોગ્ય ઉપચારો કરાવતાં તે બચી જવા પામી. પણ સખત દાઝી જવાના કારણે કારમી વેદના અનુભવતી ઉપચારો માટે હોસ્પીટલમાં જ તેણીને રાખવામાં આવી છે. નગરવાસીઓ સૌ ઈચ્છી રહયા છે કે, આ પવિત્ર સદ્‌ગુણશાલિની પ્રગુણાબહેન જલદી સારા થઈ જાય તો સારૂં. ડોકટરને પણ ભલામણ કરે છે કે આ ગૃહ લક્ષ્મીના માટે તમામ ઉપચારો કરી જલદી સાજા થઈ જાય તેમ કરવા કૃપા કરશો. જે ખર્ચ થશે તે અમે આપશું. દીકરો પરણી ઉમંગભેર ઘેર આવ્યો ત્યાં પ્રગુણા

બહેનની તમામ હકીકત તેના જાણવામાં આવતાં એના હૈયામાં પસ્તાવાનો મહાસાગર ઉછળ્યો. કદરૂપી કહી આજ દિવસ સુધી જેની અવગણના કરી, ધિક્કારી, દુઃખના દરિયામાં ફેંકી દીધી. મારા ફઈ અને દાદીને અગ્નિથી બળી જતા બચાવ્યા. ખરેખર મા તું કેટલી મહાન છે! દાદી અને ફઈની શીખવણીથી મેં પણ મારી જનેતા માતા-તારી કેટલી હદે અવગણના કરી? ધિક્કાર છે મારા જેવા કુલાંગાર કુપુત્રને? એમ અપાર પસ્તાવો કરતો બધું એમને એમ જ મુકી હોસ્પીટલ જવા દોટ મુકી. પથારીમાં પડેલી માતાના ચરણોમાં માથું મુકી કમલ ધ્રુસકે ધ્રુસકે રડયો ને બોલ્યો: "મા હું તને મારૂં કાળું મુખ બતાવવા જેવો પણ રહ્યો નથી. તેં વહાલથી કેટલીએ વખત બોલાવ્યો, અરે છેવટે પરણવા જતી વખતે પણ તું તારા પુત્રને ભેટવા ઈચ્છતી આવી, પણ વીસ વીસ વરસથી હું તો તારૂં અપમાન જ કરતો આવ્યો. અને આ વખતે તો મેં તારૂં અપમાન કરવામાં કમીના જ રાખી ન હોતી. મા! હું તો ક્ષમાને લાયક પણ નથી રહ્યો. તું મને મારા અપરાધની ક્ષમા આપીશ?" આમ બોલતો કમલ એટલો તો હૈયાફાટ રડયો કે ત્યાં હાજર રહેલા ડોકટર સહિત તમામ માણસોની આંખમાં બોર બોર જેવડાં આસું ઉભરાયાં.

પુત્ર કમલને પોતાના ચરણોમાં પસ્તાવા સહિત ઝુકેલો જોતાં દાઝયાની અકથ્ય વેદના વચ્ચે પણ માતાની આંખોમાં આનંદના આંસુ ઉભરાયા. તે બોલી, "મારા કમલ! મારા કલૈયા કુંવર? તું બેઠો થા. એમાં તારો કશોએ વાંક ન હતો ભાઈ! એ તો સત્યની કસોટી હતી. તેમાં આજે મેં સફળતા મેળવી છે. મારા ખોવાયેલા પુત્રને મેળવીને મારો જન્મ સફલ થયો માનું છું! મારા દેહનું ભાવ પૂર્વકનું

સમર્પણ આજે સિદ્ધ થયું છે. કારણ મારો કિશોર આજે પાછો મારો જ થયો છે! મારે અન્ય કાંઇ જ નથી ખપતું. મારો પુત્ર આજે મને મા કહે છે એટલે બસ છે. દીકરાની આંખમાંથી ગંગા-જમના વહેતા હતા. જનની જોડી સખી, જગે નહી મળે રે લોલ......એ કવિતા તેને યાદ આવી. અને તે ખુબ રડયો, માડી! તારાથી મને આઘો રખાવનાર દાદી અને ફોઈના અવગુણને નહી જોતાં તેં બચાવી. તું કેટલા દુઃખમાં પડી. આ તારૂં મોઢાનું ચામડું તો આખું બળી ગયું છે. તેની તને કેટલી પીડા થતી હશે? માતાએ કહ્યું, મને ચંદન ચોપડયા જેવી શીતલતા લાગે છે. કારણ કે આજે મારો દીકરો મને મા કહેતો પાછો મળ્યો છે. મારા સમર્પણની એ જ સિદ્ધિ છે. સાસુના હૈયામાં પણ આજે પસ્તાવાની અપાર વેદના જાગી ઉઠી છે. કમલના હૈયામાં મા પ્રત્યેનો દુર્ભાવ પેદા કરાવનાર પોતે છે. અને કાલકા કહી કહીને ઘરની આ લક્ષ્મીનું અપમાન કરવામાં કોઇ જ બાકી રાખી નહોતી. જાણી જોઇને તેણીને પજવવામાં બાકી રાખી નહોતી. તેણીના સુખી જીવનમાં આગ ચાંપી મહા દુઃખી બનાવી હતી. છતાં આ ગૃહ લક્ષ્મીએ પોતાના જોખમે પણ પોતાને તથા દીકરીને બચાવી લીધા હતાં. આ સદ્ગુણી વહુના હૃદયની ઉદારતાને ધન્ય છે.

આમ પશ્ચાત્તાપની અગ્નિથી જલતી સાસુએ વહુના પગમાં પોતાનું માથું મુકયું ને બોલી, વહુ બેટા! મેં તારા ગુણની કદર ન કરી. એટલું જ નહીં પણ તને પજવવામાં, દુઃખી કરવામાં કાંઈ બાકી રાખી નથી, ગાળોની ઝડીઓ વરસાવી, તારા પવિત્ર હૃદયને બાળી, તારા પવિત્ર જીવનને મેં ધૂળભેગું કરી દીધું. તને તારા પુત્રથી પણ છેટી રાખી.

ઉલ્લંઠ મિત્રોની સોબતે ચડેલા તારા પતિએ તારો અનાદર કર્યો, તે જાણવા છતાં હું તેમાં રાજી થતી તેના જ પડખે ઉભી રહી. હું મારા વડીલપણાની ફરજ ચુકી. વહુ બેટા શું કહું ! હું તારી સાસુપણાને લાયક નથી. આજે મારી ભૂલો મને સમજાય છે. દીકરી ! તું મને મારા અપરાધોની માફી કદાચ આપીશ. પણ કુદરત તો કદી માફ નહી કરે એમ બોબે આંસુએ ધ્રૂસકે રડી. નણંદે પણ નરમ બની ક્ષમા માગી. એ વખતે એ આર્ય સન્નારી પ્રગુણાબહેને સાસુ અને નણંદને કહયું કે, મા તમે તો ઠીક જ કર્યું છે. તેણે જ મારા જીવનનું ઘડતર કર્યું છે. તમો મોડે મોડે પણ તમારી ફરજ સમજ્યા, એથી તો હું મારા જીવનને પવિત્ર બની ગયું માનું છું. મા તમારા તો આશીર્વાદ જ મારા માટે બસ છે. કનકસેનની પણ આંખ ઉઘડી. પોતાની વફાદાર પત્ની માટે પોતે કેવો બેવફાદાર બન્યો. એ ગૃહ લક્ષ્મીને વિના વાંકે ધિક્કારી, અપમાન કરી તેના માટે તેને અપાર પશ્ચાત્તાપ અને ખેદ થયો. તેણે પણ પત્નીની ક્ષમા યાચી. વિષમય માનસ સહુના અમૃતમય બની ગયા. ભાગ્યવાનો ! આ છે સાચા પશ્ચાત્તાપની પરિસીમા.



## પ્રકરણ આઠમું

## સ્વર્ગ નીચે ઉતર્યું

બોલે જગમાં સૌ નર નાર, ધન્ય સતી અવતાર;
કુસંપ કહી ગ્રહ કાપીને, સફલ કર્યો સંસાર. ૧
જબ લગ ઇશ જગતમેં, જીવન જ્યોત જલે;
તબ લગ સદ્ગુણ ન છોડીએ, ખાંતિશ્રી તો પ્રભુ મળે. ૨
અપમાનં પુરસ્કૃત્ય, માનં કૃત્વ ચ પૃષ્ટત;
સ્વકાર્યં સાધયેદ્ ધીમાન્, કાર્યભંશો હિમૂર્ખતા. ૩
ચડતી પડતીમાં કદી, ન ગુમાવે નિજ ભાન;
પ્રગુણા સતીની પરે, છેવટે પામે માન. ૪
દેહ મમતા છોડી કરી, કરવો પર ઉપકાર;
ખાંતિશ્રી તો આ જગે, વર્તે જય જયકાર. ૫

પ્રગુણાબહેન દાઝી જવાથી જરા વધુ કદરૂપા બન્યા. છતાં તેના અંતર આત્મામાં રહેલા સદ્ગુણોએ સહુના દીલ જીતી લીધા. એક લક્ષ્મી દેવીની જેમ તેની સેવા ચાકરી થતાં થોડા જ દિવસમાં તે તદ્દન નિરોગી થઇ ગયા, આખું કુટુંબ પ્રફુલ્લિત વદન થઈ ગયું, તેણીને બહુમાન પૂર્વક ઘેર લઈ જવામાં આવ્યા. અંતે સત્યનો જય થયો.

દૈવી વાકય પ્રમાણની જેમ તેણીની પ્રેરણા પામી કનકસેન દુષ્ટ મિત્રોની સાથે પરદેશને તિલાંજલિ આપી સ્વ વતને આવી કુટુંબ સહિત આનંદ પૂર્વક રહેવા લાગ્યો.

કનકસેન પોતાની જન્મ ભૂમિ કનકપુરમાં પ્રગુણા વર્ધક નામની પેઢી ખોલી નીતિ—ન્યાયથી અનેક જાતના વ્યાપારો કરતો ધનની સાથે યશની વૃદ્ધિ પામ્યો.

પતિ કનકસેન, પુત્ર કમલ અને સાસુ નણંદ પ્રગુણા–બહેનને પોતાની તારિકા સમજી તેણીની સલાહ મુજબ વર્તવા લાગ્યા.

એક સદ્‌ગુણી સુનારી, કરે સુખમય સંસાર;
સ્વર્ગ નીચે ઉતારે, ધન્ય તસ અવતાર.

સારાએ દિવસના કામ ધંધાથી પરવારી સાંજે નિરાંતના સમયે આખું કુટુંબ ભેગું થઇ બેસતું. તે વખતે સતી પ્રગુણા–દેવી કુટુંબના કલ્યાણને ઇચ્છતી મિષ્ટ વચનો વડે ધાર્મિક ચર્ચા કરતાં. તે કહેતાં, માનવ જન્મ મુક્તિ માટે મળ્યો છે. જે પોતે દિલમાં ઠર્યો છે તે જ બીજાને ઠારે છે. તેનામાં દયા, પ્રેમ, સ્નેહના ઝરણાં વહેતા હોય છે. તેના હૈયામાં નિશ્ચય કરેલો હોય છે, કે સેંકડો વિપત્તિઓ સહી લેવી પણ આ જીવનમાં કોઇને દુઃખ ન દેવું. ગાળ સરખી પણ ન આપવી, નિંદા ન કરવી, કુડા આળ ન ચડાવવા, સર્વ જીવોને મહાન ગણવા, સુરૂપતા–કુરૂપતા, અલ્પ બુદ્ધિ કે મહાન બુદ્ધિ-મતા, શ્રીમંતાઈ–ગરીબાઈ માન કે અપમાન એ બધું સૌ સૌના સર્જેલા પૂર્વકૃત કર્મ પ્રમાણે જ મળે છે એમ સર્વજ્ઞ ભગવંતોનું ફરમાવેલું છે. અને તેના ઉપર જેને શ્રદ્ધા છે તે આત્માઓ કદી પણ બીજાના દોષને જોતા નથી અને તેથી જ એવા જીવાત્માઓ સમભાવમાં રહી શકે છે ને પૂર્વકૃત કર્મનો નાશ કરી અપૂર્વ આત્માનંદને મેળવી શકે છે.

આ પ્રમાણે બોલતી પત્નીને અટકાવી કનકસેન મહા પશ્ચાત્તાપ કરતો વચ્ચે જ બોલી ઉઠયો. પ્રિયતમા–મારી દુર્બ–ળતા માટે મને શરમ આવે છે તારા જેવી સતી સાધ્વીની હું કિંમત ન કરી શકયો. હું તારા જેવી પવિત્ર પત્નીનો પતિ થવાને લાયક જ નથી. હું કેવો નરાધમ, મારા જીવનની

તારિકા ! ખરેખર મારા અધમ કૃત્યોથી નર્કના ખાડામાં પડતાં તેં મને બચાવી લીધો છે. મેં તને ધૂપસળીની જેમ બાળી છતાં તેં તો મને સુગંધ જ આપી શેરડીની જેમ પાળી, છતાં તે મને મીઠાશ જ આપી. આ પ્રમાણે બોલતાં ને વારંવાર પોતાના અપરાધની ક્ષમા યાચતાં પતિને અટકાવી સતીએ કહ્યું કે એમાં આપનો વાંક નથી. મારા જ અશુભ કર્મોનો જ દોષ છે. આપ તો મારા શિરછત્ર હતા ને છો. હવે હું આપની પાસેથી એટલું જ માગું છું કે આજથી આપ ગયા દિવસોની વાતને ભૂલી જાઓ. ને આજથી જીવન પર્યંત જીવનને અધ:પતનના માર્ગે લઇ જનારી કોઇ પણ દુષ્ટ બદીઓ ફરી જીવનમાં દાખલ ન થાય એટલું સ્વીકારી લો. એટલે બસ. કનકસેને કહ્યું કે હે મારી ગૃહ લક્ષ્મીદેવી ! હું આજથી તમને મારા હૃદયમાં ગુરૂપદે સ્થાપું છું. હવે અમો બધા તમારા માર્ગદર્શન પ્રમાણે ચાલશું અને અમારા જીવનને ધન્ય માનશું.

પ્રગુણાબહેને આગળ ચર્ચા ચલાવતાં કહ્યું કે મોહઘેલા માનવીઓ ગમે તે પ્રકારે ઘર ભરવા માંગે છે. અને મહાન આત્માઓ ઘર ખાલી કરવા ઇચ્છે છે. વિષય-વિલાસ અને વૈભવની મોજ મારનારી છે, જ્યારે તેનો ત્યાગ તારનાર છે. વિષયાંધ આત્માઓ પોતાના પવિત્ર જીવનમાં વિષ રેડી વિષ્ટાના કીડાની જેમ મહાન યાતનાઓ ભોગવનાર બને છે. અને મનુષ્ય ભવમાં તેનો ત્યાગ કરનાર મહાત્માઓ જગતવંદ્ય બને છે. જગત અને ભગત વચ્ચે મેરૂ અને સરસવનાં દાણા જેટલું અંતર હોય છે.

આ દેવદુર્લભ માનવ ભવ પામી વીતરાગ પ્રણિત ધર્મારાધના કરવું જોઇએ. તત્ત્વતઃ વિચારીએ તો ભોજનનો હેતુ શરીરને

સશક્ત અને મનને સ્વસ્થ બનાવવાનો છે. રસાસ્વાદ તો તેમાં રહેવા તત્ત્વનો સહજ લાભ મળી જાય છે. તેવી રીતે ધર્મારાધનનો મુખ્ય હેતુ જીવન શુદ્ધિનો છે. યશ કીર્તિ નામનાની પ્રાપ્તિને તેને સહજ લાભ મળી જાય છે. મતલબ કે જો સત્ય ધર્મનું પાલન હૃદય પૂર્વકનું થતું હોય તો માનવીના જીવન અને વ્યવહાર એ બન્નેની અંદર વિશુદ્ધિની અભિવૃદ્ધિ થયા વગર રહેશે જ નહી. પ્રભુ ભક્તિમાં લીન થવું મોહ મુક્ત બનવા પ્રયત્ન કરવો, આ સંસારને અસાર જાણવો, નાશંવત પદાર્થોમાં મારાપણાની બુદ્ધિને હઠાવવી, રાગ દ્વેષના મૂળને ઉખેડી નાખવા સદા તત્પર રહેવું–દુનિયા દારીના કોઈ પણ રગડા ઝગડામાં ન પડવું જે સમય મળે તેમાં સુંદર પુસ્તકોનું વાંચન કરવું. પ્રભુનું ધ્યાન ધરવું. અને ખૂબ સાવચેતી રાખી વિચારવું કે–

હું તે કદી જડ નહિ ને, જડ છે તે હું નહિ;
એ લક્ષ ના ચુકવું, મનુષ્ય ભવ પામી કરી.

આ પ્રમાણે જીવન જીવાય તો જ માનવ ભવની સફળતા થઈ ગણાય અને એવા આત્માઓ જ ધર્મ પામ્યા છે ને મોક્ષના અધિકારી છે. ટુંકમાં આપણે બધા એકસંપી બની ધર્મારાધના પૂર્વક આત્મ કલ્યાણ સાધીએ. આવો સુંદર બોધ સાંભળી કનકસેન, કમલકુમાર, તેની પત્ની કનકપ્રભા, સાસુ અને નણંદ બહુ જ ખુશી થયા અને બોલ્યા કે હે અમ કુળતારિક મહા· દેવી, તમારે અમને રોજ બોધ આપવો. બસ એટલું અમે માંગીએ છીએ. ભાગ્યવાન વાંચકો ! જોયું ને કણકણ વણવણ થયેલ કુટુંબને પોતાના સદ્‌ગુણો વડે મહાદેવી પ્રગુણાએ એક સંપી બનાવી ધર્મમય વાતાવરણ સર્જી સ્વર્ગીત સુખ ભોક્તા બનાવી દીધું, આનું નામ સ્વર્ગ નીચે ઉતાર્યું કહેવાય.

તારા દ્રોપદી સીતા, ચંદન મયણા ભગવતી;
કૌશલ્યા મૃગા સુલસા, દમયંતી રાજેમતી. ૧
અનેક સતીઓ જગ જન્મી, ધીરજ ધરી અપાર;
અનેક વિધ કષ્ટ સહયા, તજ્યો ન ધર્મ લગાર. ૨
સત્ય શીયળ શણગાર, ધરે અંગે ઉદાર;
ખાંતિશ્રી વંદે ભાવે ધન્ય સતી અવતાર. ૩

*

## પ્રકરણ નવમું
## ધન્ય નારી

સદ્‌ગુણશાલિની પ્રગુણાબહેન નાના કે મોટા, રંક કે રાય, ગુણી કે અવગુણી, સ્ત્રી કે પુરૂષ, દીન કે દુઃખી, શ્રીમંત કે ગરીબ, અરે! સર્વ જગતના જીવોનું કલ્યાણ વાંચ્છતી. પોતાના સદ્‌ગુણો વડે કુટુંબમાં બહુમાન મેળવ્યું એટલું જ નહિ પણ નગરવાસી ભાઇ બહેનો તેણીને જ્યાં દેખે ત્યાં માતા નમસ્તે કરી માથું નમાવે. દેરાણી, જેઠાણી, સાસુ, વહુ, આડોશી–પાડોશીમાં જ્યાં ઝઘડા–ટંટા થતા સાંભળે કે ત્યાં દોડી જાય. તેને દેખી સૌ શાંત પડી જાય, તેઓને એટલું જ કહેતી કે આપણે કૂતરા–બિલાડા નથી. આપણે તો મનુષ્ય છીએ. તો એક બીજાના ગુણ જોવા અને એકસંપી બની રહેવું જોઇએ. જેથી સાચું સુખ મેળવી શકીએ. તમે તો બધા

કેટલા સુંદર પવિત્ર અને ડાહ્યા છો, આમ વર્તવું તે શું ઠીક ગણાય? બસ આટલા શબ્દો તો રામબાણનું કામ કરતા અને ઘરમાં સદાય શાંતિ સ્થાપાઇ જતી.

વાચક મહાશયો! જો આપણે પવિત્ર હોઈએ તો આપણા ઉપદેશની બીજા ઉપર અસર થયા વગર રહેતી જ નથી બાપ દુરાચારી હોય, બીડી પીતો હોય ને પોતાના પુત્રને બીડી પીવા વિગેરેની મનાઇ કરે તો તેની અસર પુત્ર ઉપર થતી નથી.

તે તો એમજ માની લે છે કે પિતાજી પોતે બીડી પીએ છે ને મને ના પાડે છે. જો તે ખરાબ હોય તો છોડી દેને? આમ વડીલોના આચરણોને જોઇને બાલમાનસ પણ તેવું જ ઘડાય છે, જો બાળકોને સદાચારી, સુશીલ, નિર્વ્યસની બનાવવા હોય તો પહેલા વડીલોએ તેવા બનવું જોઇએ. જો મા–બાપ સંસ્કારી હોય તો તેના સંતાનો પણ સુંદર સંસ્કારી બને જ છે.

સંસ્કારી સન્નારી પ્રગુણાબહેને પોતાના વર્તનથી અનેકોના ઘર સુખી બનાવ્યા અનેસુયશને પામી તેની પ્રેરણાથી તેના ઘરમાં અખાદ્ય ખવાતું નહિ. અપેય પીવાતું નહિ. અનાચરણીય આચરાતું નહિ. દીન, અનાથ, દુઃખીઓને આશ્રય અપાતો. મનુષ્ય ભવની ખરી મહત્તા તેઓ સમજ્યા હતા. અને નીચે કાવ્યમાં વર્ણવેલા ભાવો તેઓના જીવનમાં વણાઈ ગયા હતા. અને એ મુજબ તેઓ વર્તતા પણ હતા. ખાલી એવી વાતો કરી બેસી રહેતા નહિ પણ પૂરેપૂરું તેનું પાલન કરતાં હતા.

(અહા કેવું ભાગ્ય જાગ્યું વીરના ચરણો મળ્યા—એ રાગ)

આટલું તો સાધજે તું, મનુષ્ય ભવ પામી કરી;
નિંદા પરાઈ છોડજે તું, મનુષ્ય ભવ પામી કરી. ૧
ના કોઈને સંતાપતો, કટુ વચન બોલીને;
ઠરી અવરને ઠારજે તું....મનુ. ૨
જેહથી તને સુખ ઉપજે, તે તું દેજે અન્યને;
પરમ શાંતિમાં જીવજે તું....મનુ. ૩
દુઃખના ડુંગર આવી પડે, ગભરાતો ના કદી;
નિજ ભૂલનો એ ભોગ ગણજે....મનુ. ૪
પર દોષને જોતો નહિ, સ્વ દોષ નિહાળ તું;
આત્મ શુદ્ધિ કરજે તું....મનુ. ૫
સકલ જગતના જંતુને, આત્મ સમ તું લેખજે;
અહં ભાવનો નાશ કરજે....મનુ. ૬
હું અને તું તણા ભેદો, હૃદયથી દૂર કાઢીને,
આત્મ મસ્તીમાં રમજે તું....મનુ. ૭
હું તે કદી જડ નહિ ને, જડ છે તે હું નહિ,
એ લક્ષ ના કદી ચુકતો....મનુ. ૮
ખાંતિશ્રી પ્રભુ ચરણમાં, આત્મ સમર્પણ થાય જો...
તો સફલ જીવન માનજે તું, મનુષ્ય પામી કરી....ઇતિ ૯

નિવૃત્તિના સમયે સાંજે કુટુંબ ભેગું થઈ બેસતું અને નગરના ભાઈ-બહેનો જેને પ્રભુ વહાલા હતા તે પણ ત્યાં આવતા અને ઉપર મુજબ સુંદર ચર્ચા કરતા ને પોતાના જીવનમાં તે પ્રમાણે વર્તન રાખતા. સૌ આનંદ વિભોર બની બોલતા કે ધન્ય નારી.

"ધન્ય નારી, તું જગહિતકારી, તું તરી ને અમને પણ તાર્યા,
અહા ! શ્યામ ચામડામાં, ઢંકાયલો કેવો સુંદર મણી ?

અણીશુદ્ધ અને પવિત્ર કેવી સુંદર એમની જીવની જ્યોત ! દરેકના જીવનમાં એ પ્રકાશ પાથર્યા જ કરે છે. કીર્તિની કે પૈસાની લોલુપતા તો એને સ્પર્શતી જ નથી. એ તો કર્તવ્યના ઓરસિઆ ઉપર સદા પોતાની કાયા અને બુદ્ધિના ચંદનને ઘસીને સ્વયં કૃતાર્થ બને છે. અને બીજાઓનો સુવાસિત બનાવે છે. એ તત્ત્વ જિજ્ઞાસુઓને આવતા જુવે છે કે મેઘને જોઇ મોરલો મસ્ત બની જાય એમ એ રાજી રાજી થઈ જાય છે. આગંતુકથી સહેજ બોલાઈ જવાય છે. કે હે કલ્યાણી ! તને અમારા કોટી કોટી વંદન હો.

પહેલાં, જે ઘરમાંથી કોઈ તરસ્યો પાણીનું એક ચાંગળું પણ પામતો ન હતો અને ભૂખ્યો કોઈ ભીખારી ટાઢા ટુકડાને મેળવી શકતો ન હતો તે ઘરમાંથી આજે કંઈને કંઇ મેળવ્યા વગર પાછું જતું નથી. ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, નગ્નને વસ્ત્ર મળ્યા જ કરે છે. દિવસના દસ કલાક કનકસેનના ઘરના દ્વાર ખૂલ્લા રહે છે. સાધુ સંત અભ્યાગત, મુસાફર દેશી કે પરદેશી, નીચ કે ઉંચ વર્ણના ભેદભાવ વગર સન્માન પૂર્વક ઇચ્છા મુજબ જેને જે જોઇએ તે અપાતું હતું. દાન મેળવનારા ચારે કોર પવનની જેમ એ કુટુંબના યશની સુગંધ ફેલાવતા હતા.

બંધુઓ ! ખરેખર યશ કીર્તિ પરાણે મેળવવા ઇચ્છનારને મળતા નથી. પણ નિઃસ્વાર્થે કરેલા દાન–પુણ્ય અને સત્કાર્યો જ પોતાની મેળે યશકીર્તિ આપી જાય છે. એટલું જ નહિ પણ તેવાઓના ઉભય ભવ ઉજ્જવલ બની જાય છે. તે ભલે

દુનિયા છોડી ચાલ્યા જાય છે પણ દુનિયા તેવા ગુણી આત્માઓને છોડી શકતી નથી. ભૂલી જતી નથી. સીતા, રામ, નળ, દમયંતી, સુતારા સતી ને હરિશ્ચંદ્ર, મલયાસુંદરી ને મહાબલ, મયણાસુંદરી ને શ્રીપાલ વિગેરે આપણી સામે આજે નથી. છતાં આપણે તેને ભૂલી શકતા નથી તેમ પ્રગુણા મહાસતી ભલે આજે આપણી સમક્ષ નથી છતાં તેણીની પવિત્રતા અને સદ્ગુણો આપણે કેમ ભૂલી શકીએ ? ન જ ભુલવા જોઈએ એટલું જ નહી પણ તે સદ્ગુણો આપણે થોડા પણ આપણા જીવનમાં ઉતારવા જોઇએ !

*

## પ્રકરણ દસમું
## મહેકતો બાગ

કનકસેન શેઠનું ઘર પ્રગુણા પત્નીના પ્રતાપે આજે વ્યવહારિક અને ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. પાટવી પુત્ર કમલ પછી છગન, મગન, જય અને વિજય એ ચાર સ્વરૂપ પુત્રોની પ્રાપ્તિ થઇ અને એ પાંચ પુત્રો ઉપર કમલનયની કેશુમતી નામની પુત્રીનો જન્મ થયો. અનુક્રમે વૃદ્ધિ પામતા પાંચ પાંડવ જેવા સર્વ કળા સંપન્ન જુવાન-જોધ પાંચ પાંચ પુત્રો અને અપ્સરા જેવી સદ્ગુણી પુત્રી કેશુમતીથી એ શેઠ શેઠાણીનું ઘર મહેકતા બાગ જેવું અતિ રમણીય બની ગયું. એ સંપીલા સુખી કુટુંબને જોઈ ભલભલાને પણ પોતાના જીવન માટે ભોંઠપ પેદા થઈ ગઇ હતી.

પોતાના પર અનેક સીતમ ગુજારનારી જીવનને છિન્ન ભિન્ન કરનારી સાસુ-નણંદના અવગુણોને ન જોતી માતા

અને બહેનની જેમ માની સારી રીતે સેવા ચાકરી કરી તેઓના કાળજામાં ઠંડક પેદા કરતી પ્રગુણા સારૂં વર્તન કરતી હતી. છેવટે આયુક્ષયે સાસુ નણંદ પોતાના કૃતકર્મો ભોગવવા ભવાંતરમાં ચાલી ગયાં.

જે ઘર હોય પુત્ર સપુતા, સત્ય શીયલ ધરનાર;
પુત્રવધુ પણ જાણીએ, ક્ષમા શીયલ ગુણધાર. ૧
જે ઘર દેવગુરૂ પૂજક બુદ્ધિ, પામે પરોણો માન;
ખાંતિશ્રી તે ઘર જાણજો, પ્રત્યક્ષ સ્વર્ગ વિમાન. ૨

સચ્ચાઈ સમર્થ અને પુરૂષાર્થના બળે માનવી સામાન્ય સ્થાનથી કેટલે ઉંચે આવી શકે છે. તેનું જ્વલંત ઉદાહરણ મહાસતી પ્રગુણાદેવીના જીવનમાંથી મળી શકે છે.

આજે પાંડવ જેવા પાંચ પાંચ પુત્રોની એ માતા બને છે. ઉંચા કુળમાં પેદા થયેલી સુસંસ્કારને પામેલી પાંચ પાંચ પુત્ર વધુઓની એ સાસુ બની છે. છતાં અભિમાનનો એક અંશ પણ તેનામાં નથી. પોતામાં રહેલા સદ્‌ગુણોનું તેણીએ પુત્રોમાં તથા પુત્ર વધુઓમાં આરોપણ કરી ખૂબ જ માનવીયતા પ્રગટાવી હતી. સાદાઇ, સરળતા સેવાપરાયણતા, સમર્પણ, સુશીલતા, સાહૃદયતા, સત્યનિષ્ઠા, સૌમ્યતા, વિનમ્રતા, ભક્તિપરાયણતા, કર્તવ્યનિષ્ઠા એ માનવીય સર્વોચ્ચ ગુણોને પોતાના સકલ કુટુંબના જીવનમાં ઓતપ્રોત કરાવી કુટુંબની એ સાચી તારિકા બની.

એક નારી સદ્‌ગુણી, કરે અનેક ઉદ્ધાર;
સુસ્વહિત સાધતી થકી, કરે જ પર ઉપકાર. ૧
પ્રગુણાસતીની પરે, બનજો તમે ગુણવંત;
ખાંતિશ્રી સન્નારીના, ગુણ ગાયે શ્રીમંત. ૨

પ્રવલ પંડુર પ્રગટે જ્યાં, થાય લીલા લહેર;
પગ પગ રિદ્ધિ આવી મળે, લોક પ્રશંસે સુમેર. ૩

## સ્વાર્થીઓ સંબંધ સજ્ઝાય.

મનવા હજી જરા તું ચેત, સમજી લે તો સારૂં રે;
મનવા હજી જરા તું ચેત; એ આંકણી.
આ જગમાં નથી કોઇ તારૂં, ફોગટ માને તું મારૂં;
માયા મમતામાં ભુલ્યો ભાન, પ્રભુને તેં વિસાર્યા રે. મનવા૦ ૧
સ્વાર્થના સહુ છે સંગી, સ્વાર્થમાં રમતા રંગી;
માત પિતા સુત પરિવાર, નર ને નારી જાણો રે. મનવા૦ ૨
માત પિતા જાણે પુત્ર હમારો, પ્રાણ થકી અધિકો પ્યારો;
એ સ્વાર્થ સરતાં થાય દૂર, માતપિતાને ધિક્કારે રે. મનવા૦ ૩
ઐરી માને સ્વામિ મારો, અંતરથી રહે ન ન્યારો;
તે પણ છટકી દેતો છેહ, રમતો પરનારી રંગે રે. મનવા૦ ૪
બિલાડી ઉંદર જેવા, સાસુ વહુના સ્નેહ છે એવા;
કાઢે આંખો કરે હુંકાર, વહુજી ફડકે ફાટે રે. મનવા૦ ૫
કોઇકિ ને વાઘણ જેવી, સાસુને વહુ મળી એવી;
મારે ઠોકર કરતી અપમાન, વહુથી સાસુ ધ્રુજે રે. મનવા૦ ૬
દેરાણી જેઠાણીની જોડી, નાખે હૈયાને તોડી;
હુંસા તુંસીનો નહીં પાર, સહુના હૈયા બાળે રે. મનવા૦ ૭
નોકરને શેઠ કહેવાયા, તે પણ સ્વાર્થમાં અટવાયા;
એક બીજામાં ન ધરે વિશ્વાસ, પોત પોતાનું સાધે રે. મનવા૦ ૮
શિષ્ય બન્યો ગુરૂનો સાથી, બળદની જેમ નાખે નાથી;
આપ બની શિરદાર, કુવચનની સોટી લગાવે રે. મનવા૦ ૯
ફરતી ચક્કી જેવા, સ્વાર્થીઓના સંબંધ છે એવા,
મત્સ્ય ગલાગલની રાત, તેહને તમે પીછાણો રે. મનવા૦ ૧૦

મનની મમતા મારી, દીલમાં સમતાં ધારી,
સાચું શરણ લે સ્વીકાર, અરિહંત છે ઉપકારી રે. મનવા૦ ૧૧
ખાંતિશ્રી કહે સાચું, સગપણ દુનિયાનું કાચું,
દેવગુરૂ દિલડામાં ધાર, ધર્મ છે શિવસુખ દાતાર રે.મનવા ૦ ૧૨

ધર્મનિષ્ટ પવિત્રાત્મા પ્રગુણાસતી માતા જેવી મીઠી નજરથી પાંચે વહુઓને એક સમાન જોતી હતી. વ્યવહારિક તથા ધાર્મિક જ્ઞાનમાં પુત્રવધૂઓને કુશળ બનાવી સૌ સૌની યોગ્યતા પ્રમાણે ગૃહભાર સોંપી, પોતે તદ્દન નિવૃત્ત બની આત્મ સાધના કરવામાં લીનતા પામ્યા. પોતાના પતિ કનકસેનને પણ સન્માર્ગ તરફ વાળી પેઢી વિગેરેનો તમામ કારભાર પુત્રોને સોંપાવી દઇ પોતાની સાથે ધાર્મિક પ્રવૃત્તિમાં જોડી દીધા. સદ્દગુણ સાન્નિધ્યે બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરી એ દંપતિએ જીવનને સમુજ્જવળ બનાવી કાળ સમયે સમાધિ પૂર્વક કાળ ધર્મ પામી સ્વર્ગવાસી બન્યા. પાંચ પુત્રો અને પુત્રવધૂઓ માત-પિતાના ચીલે ચાલી છેવટે પોત પોતાના પુત્રોને ગૃહભાર સોંપી ધર્મમય જીવન જીવી સદ્દગતના ભાગી બન્યા.

વાંચક મહાશયો આ પવિત્ર કુટુંબના જીવનમાં રહેલા ઉત્તમ માનવતાને પ્રગટાવનાર સદ્દગુણોને પોતાના જીવનમાં વણી લઇ માનવ ભવને પાવન બનાવે એ જ અભિલાષા સહ વિરમું છું.

**લે. શ્રી. પાર્શ્વચંદ્ર ગચ્છીયા પ્રવચનપટુ પ્રસિદ્ધ વકતા પરમ વિદુષી પ્રવર્ત્તિની સાધ્વી શ્રી ખાંતિશ્રીજી મહારાજ સાહેબા.**

વિક્રમ સંવત બે હજાર ને વીસની સાલમાં કાર્તક સુદ પાંચમ ને શુભકારક શુભ ચોઘડીએ ગામ **મોટી ખાખર** કચ્છમાં આ ચરિત્ર સંપૂર્ણ કર્યું.

**સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં;**
**પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ. ૧**

# જ્યોતિષ સામુદ્રિક

# મંત્ર - તંત્ર વિભાગ.

卐

## બારે રાશિના ઘાત ચંદ્ર વિગેરે

| રાશિ | ઘાત માસ | ઘાત તિથિ | ઘાત વાર | ઘાત નક્ષત્ર | ઘાત પહોર | પુરૂષ ઘાત ચંદ્ર | સ્ત્રી ઘાત ચંદ્ર | અધિપતિ | અક્ષર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મેષ | કાર્તિ | ૧,૬,૧૧. | રવિ | મઘા | ૧લો | ૧લો | ૧લો | ભોમ | અલઈ |
| વૃષભ | માર્ગ | ૫,૧૦,૧૫. | શનિ | હસ્ત | ૪થો | ૫મો | ૮મો | શુક્ર | બવઉ |
| મિથુન | આષા. | ૨,૭,૧૨. | સોમ | સ્વાતિ | ૩જો | ૯મો | ૭મો | બુધ | ક છ ઘ |
| કર્ક | પોષ | ૨,૭,૧૨. | બુધ | અનુ૦ | ૧લો | ૨જો | ૯મો | ચંદ્ર | ડ હ |
| સિંહ | જેઠ | ૩.૮,૧૩. | શનિ | મૂલ | ૧લો | ૬ઠ્ઠો | ૪થો | સૂર્ય | મ ટ |
| કન્યા | ભાદ્ર. | ૫,૧૦,૧૫. | શનિ | શ્રવણ | ૧લો | ૧૦મો | ૩જો | બુધ | પ ઠ ણ |
| તુલા | માઘ | ૪,૯,૧૪. | ગુરૂ | શત૦ | ૪થો | ૪થો | ૬ઠ્ઠો | શુક્ર | ર ત |
| વૃશ્ચિક | આસો | ૧,૬,૧૧. | શુક્ર | રેવતી | ૧લો | ૭મો | ૨જો | ભોમ | ન ય |
| ધનુ | શ્રાવ | ૩,૮,૧૩. | શુક્ર | ભરણી | ૧લો | ૪થો | ૧૦મો | ગુરૂ | ભધફઢ |
| મકર | વૈશા. | ૪,૯,૧૪. | ભોમ | રોહિણી | ૪થો | ૮મો | ૧૧મો | શનિ | ખ જ |
| કુંભ | ચૈત્ર | ૩,૮,૧૩. | ગુરૂ | આર્દ્રા | ૩જો | ૧૧મો | ૫મો | શનિ | ગ શ |
| મીન | ફાગણ | ૫,૧૦,૧૫. | શુક્ર | આશ્લેષા | ૪થો | ૧૨મો | ૧૨મો | ગુરૂ | દચઝથ |

**નક્ષત્ર જ્ઞાન–**

ચંદ્રનો ૮૦૦ કળાનો ભોગ (૧૩ અંશ ૨૦ કલા) ને એક નક્ષત્ર કહે છે.

**૨૭ નક્ષત્રોના નામો–**

૧ અશ્વિની ૨ ભરણી ૩ કૃતિકા ૪ રોહિણી ૫ મૃગશીર્ષ ૬ આર્દ્રા ૭ પુનર્વસુ ૮ પુષ્ય ૯ આશ્લેષા ૧૦ મઘા ૧૧ પૂર્વા–ફાલ્ગુની ૧૨ ઉત્તરા–ફાલ્ગુની ૧૩ હસ્ત ૧૪ ચિત્રા ૧૫ સ્વાતિ ૧૬ વિશાખા ૧૭ અનુરાધા ૧૮ જ્યેષ્ઠા ૧૯ મૂળ ૨૦ પૂર્વાષાઢા ૨૧ ઉંત્તરાષાઢા× ૨૨ શ્રવણ ૨૩ ધનિષ્ઠા ૨૪ શતતારકા ૨૫ પૂર્વા–ભાદ્રપદા ૨૬ ઉત્તરા–ભાદ્રપદા ૨૭ રેવતી

×ઉત્તરાષાઢા નક્ષત્રના ચોથા ચરણ પ્રવેશથી અને શ્રવણ નક્ષત્રના પ્રથમ ચરણ રાશ્યાદિ ૯–૧૦–૫૩–૨૦–સુધી અભીજીત નક્ષત્ર ગણવામાં આવે છે.

**યોગ જ્ઞાન–**

ચંદ્ર સૂર્યના ભોગનો સરવાળો કરી તે ઉપરથી દરેક ૮૦૦ કળા થવાને જે કાળ લાગે તેને યોગ કહે છે, તે યોગ ૨૭ છે.

**૨૭ યોગોના નામો–**

૧ વિશ્વકુંભ ૨ પ્રિતિ ૩ આયુષ્યમાન ૪ સાભાગ્ય ૫ શોભન ૬ અતીગંડ ૭ સુકર્મા ૮ ધૃતિ ૯ શૂળ ૧૦ ગંડ ૧૧ વૃદ્ધિ ૧૨ ધ્રુવ ૧૩ વ્યાઘાત ૧૪ હર્ષણ ૧૫ વજ્ર ૧૬ સિદ્ધિ ૧૭ વ્યતિપાત ૧૮ વરિયાન ૧૯ પરિઘ ૨૦ શિવ ૨૧ સિદ્ધિ

૨૨ સાધ્ય ૨૩ શુભ ૨૪ શુકલ ૨૫ બ્રહ્મા ૨૬ ઐન્દ્ર ૨૭ વૈધૃતિ

**કરણના નામ—**

૧ બવ ૨ બાલવ ૩ કૌલવ ૪ તૈતિલ ૫ ગર ૬ વણિજ ૭ વિષ્ટિ (ભદ્રા) આ સાત કરણ ચર છે. ૧ શકુનિ ૨ ચતુષ્પદ ૩ નાગ ૪ કિંસ્તુધ્ન આ ચાર કરણ સ્થિર છે. તિથિના અર્ધ ભાગને કરણ કહે છે. આ અગીયાર કરણોમાં વિષ્ટિ (ભદ્રા) કરણ અને ઉપલા દર્શાવેલા ચાર સ્થિર કરણ અશુભ (વર્જ્ય) છે. બાકીના સાત ચર કરણો શુભ છે. તથા સંક્રાંતિના શુભાશુભ ફળ જોવામાં પણ કરણ ઉપયોગી છે.

**શુદિના કરણો—**

પહેલો ભાગ

તીથી : ૧ કિંસ્તુઘ્ન ૨ બાલવ ૩ તૈતિક ૪ વણિજ ૫ બવ ૬ કૌલવ ૭ ગર ૮ વિષ્ટિ ૯ બાલવ ૧૦ તૈતિલ ૧૧ વણિજ ૧૨ બવ ૧૩ કૌલવ ૧૪ બર ૧૫ વિષ્ટિ

બીજો ભાગ

તીથી : ૧ બવ ૨ કૌલવ ૩ ગર ૪ વિષ્ટિ ૫ બાલવ ૬ તૈતિલ ૭ વણિજ ૮ બવ ૯ કૌલવ ૧૦ ગર ૧૧ વિષ્ટિ ૧૨ બાલવ ૧૩ તૈતિલ ૧૪ વણિજ ૧૫ બવ

**વદીના કરણો—**

પહેલો ભાગ

તીથી : ૧ બાલવ ૨ તૈતિલ ૩ વણિજ ૪ બવ ૫ કાલવ ૬ ગર ૭ વિષ્ટિ ૮ બાલવ ૯ તૈતિલ ૧૦ વણિજ ૧૧ બવ

૧૨ કૌલવ ૧૩ ગર ૧૪ વિષ્ટિ ૦)) ચતુષ્પદ

બીજો ભાગ

૧ કૌલવ ૨ ગર ૩ વિષ્ટિ ૪ બાલવ ૫ તૈતિલ ૬ વણિજ ૭ બવ ૮ કૌલવ ૯ ગર ૧૦ વિષ્ટિ ૧૧ બાલવ ૧૨ તૈતિલ ૧૩ વણિજ ૧૪ શકુની ૦)) નાગ

**રવિ યોગ–**

સૂર્ય નક્ષત્રથી દૈનિક નક્ષત્ર ચોથું; છઠું; નવમું; દશમું, તેરમું; અને વીસમું હોય તો રવિ યોગ થાય છે આ યોગ શુભ (શ્રેષ્ઠ) છે.

**રાજ યોગ–**

મંગલ, બુધ, શુક્ર અને રવિ આમાંના કોઇ વારે, બીજ, સાતમ, બારસ, ત્રીજ, અને પુનમ એમાંની કોઇપણ તીથી હોય; અને ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂ. ફાલ્ગુની, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા, ધનિષ્ઠા, ઉ. ભાદ્રપદ, એમાંનું કોઈપણ નક્ષત્ર હોય તો રાજયોગ થાય છે. આ યોગ માંગલિક કાર્ય, ધર્મકાર્ય, પૌષ્ટિક, આદિ કાર્યોમાં શુભ છે.

**કુમાર યોગ–**

સોમ, મંગળ, બુધ અને શુક્ર, એમાંના કોઈ વારે એકમ, છઠ, અગીઆરસ, પાંચમ, અને દશમ, એમાંથી કોઈ પણ તીથી હોય અને અશ્વિની; રોહિણી; પુનર્વસુ; મઘા; હસ્ત; વિશાખા; મૂળ; શ્રવણ; અને પૂર્વા ભાદ્રપદ; એમાંનું કોઈપણ નક્ષત્ર હોય તો કુમારયોગ થાય છે આ યોળ મૈત્રિ; વિદ્યા;

દિક્ષા; ગૃહ અને અન્ય વ્રત આદિ કાર્યોમાં શુભ છે. ઉપરના બન્ને યોગોમાં અશુભ યોગ ન હોવો જોઇએ.

**સ્થિર યોગ–**

ગુરૂવારે કે શનિવારે; ચોથ, આઠમ, નોમ, તેરસ, કે ચૌદસ હોય; અને કૃતિકા; આર્દ્રા; અશ્લેષા; ઉ. ફાલ્ગુની; સ્વાતી; જ્યેષ્ટા; ઉ. ષાઢા; શતભિષા; કે રેવતી; નક્ષત્રમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો સ્થિર (સ્થવિર) યોગ થાય છે. આ યોગ રોગાદિકનો નાશ કરવામાં શુભ છે.

**દગ્ધ યોગ–**

રવિ–ભરણી, સોમ–ચિત્રા, મંગળ–ઉ. ષાઢા; બુધ– ધનિષ્ટા, ગુરૂ–ઉ. ફા; શુક્ર – જ્યેષ્ઠા અને શનિવારે – રેવતી નક્ષત્ર આવતાં દગ્ધ યોગ થાય છે તે અશુભ છે.

**મૃત્યુ યોગ–**

રવિ અને મંગળવારે ૧–૬–૧૧, સોમ અને શુક્રવારે ૨–૭–૧૨, બુધવારે ૩–૮–૧૩, ગુરૂવારે ૪–૯–૧૪ અને શનિવારે ૫–૧૦–૧૫ તીથી હોય તો મૃત્યુ યોગ થાય છે, આ યોગ અશુભ છે.

**યમઘંટ યોગ–**

રવિવારે મઘા, સોમવારે વિશાખા, મંગળવારે આર્દ્રા, બુધવારે મૂળ, ગુરૂવારે કૃતિકા, શુક્રવારે રોહિણી, અને શનિવારે હસ્ત નક્ષત્ર હોય તો યમઘંટ યોગ થાય છે તે જન્મ, પ્રયાણ, લગ્ન પ્રતિષ્ઠામાં અશુભ છે.

## વિષ્ટિ અથવા ભદ્રાની સમજ—

વિષ્ટિ નામનું કરણ દરેક મહિનામાં એકંદર આઠ તીથીઓ ઉપર આવે છે અને તે તે દિવસે તે વિષ્ટિની ચોક્કસ દિશા નીચે મુજબ ઠરાવેલી છે.

શુદિ ૪ નો બીજો ભાગ પશ્ચિમ, શુદિ ૮ નો પ્રથમ ભાગ અગ્નિ, શુદિ ૧૧ નો બીજો ભાગ ઉત્તર, શુદિ ૧૫ નો પ્રથમ ભાગ નૈરૂત્ય, વદિ ૩ નો બીજો ભાગ ઇશાન, વદિ ૭ નો પ્રથમ ભાગ દક્ષિણ, વદિ ૧૦ નો બીજો ભાગ વાયવ્ય, વદિ ૧૪ નો પ્રથમ ભાગ પૂર્વ.

ખુલાસો—

ભદ્રા પ્રવેશ અને નિવૃત્તિનો ટાઇમ પંચાંગમાં દર્શાવેલ છે. તે સમય સુધી વિષ્ટિઓની દર્શાવેલ તિથિઓ પર તે દિશાએ પ્રવાસ કે શુભ કાર્ય કરવું નહિ.

## યોગોની સમજણ

### અમૃતસિદ્ધિ યોગ—

**પાંચમે** રવિ–હસ્ત, **છઠે** સોમ–મૃગશિર્ષ, **સાતમે** મંગલ–અશ્વિની, **આઠમે** બુધ–અનુરાધા, **નોમે** ગુરૂ–પુષ્ય, દશમે શુક્ર–રેવતી, અગીઆરસે શનિ–રોહીણી, નક્ષત્ર હોય તો અમૃતસિદ્ધિ યોગ થાય છે આ યોગ શુભ છે પણ જો નક્ષત્ર અત્યંત નીચે જણાવેલ તીથી સહિત હોય તો વિષ યોગ થાય છે.

### કાલમુખી યોગ—

ત્રીજે અનુરાધા, ચતુર્થીએ ત્રણ ઉત્તરા, પાંચમે મઘા,

આઠમે રોહીણી, તથા નોમના દિને કૃતિકા નક્ષત્ર હોય તો કાલમુખી યોગ થાય છે તે અશુભ છે.

**વજ્રમુસલ યોગ—**

રવિવારે ભરણી, સોમવારે ચિત્રા, મંગળવારે ઉત્તરાષાઢા, બુધવારે ધનિષ્ટા, ગુરૂવારે ઉત્તરા ફાલ્ગુની, શુક્રવારે જયેષ્ઠા, અને શનિવારે રેવતી નક્ષત્ર હોય તો વજ્રમુસલ યોગ થાય છે આ યોગ અશુભ છે તેમાં લગ્ન કરવાથી વૈધવ્ય, તથા દેશાટન કરવાથી મૃત્યુ કષ્ટ થાય છે.

**સ્ત્રી સંજ્ઞક નક્ષત્રો—**

આર્દ્રા, પુન, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂ. ફા. ઉ. ફા, હસ્ત, ચિત્રા, સ્વાતી.

**નપુંસક નક્ષત્રો—**

વિશાખા, અનુરાધા, જયેષ્ઠા.

**પુરૂષ સંજ્ઞક નક્ષત્રો—**

અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ, મૂળ, પૂ.ષાઢા, ઉ. ષાઢા, શ્રવણ ધનિષ્ઠા, શત, પૂ. ભા. ઉ. ભા., રેવતી.

**સમજ—**

ચોમાસામાં આર્દ્રાદિ દશ સૂર્ય મહા નક્ષત્ર સંક્રમણ થાય ત્યારે તે વખતે ચંદ્ર નક્ષત્ર (દૈનિક નક્ષત્ર) સ્ત્રી, નપુંસક કે પુરૂષ વિભાગના છે તે જોવું. આર્દ્રા સૂર્ય નક્ષત્રો તો સ્ત્રી

સંજ્ઞક હોય છે જ. સ્ત્રી (સૂ. ન.) સાથે ચંદ્રનું પુરૂષ નક્ષત્ર આવે તો સ્ત્રી પુરૂષ સંયોગીયું નક્ષત્ર છે તે વરસાદ આપે ચંદ્રનું સ્ત્રી નક્ષત્ર હોતાં સ્ત્રી, સ્ત્રી ગણાય. વાદળાં થાય વરસાદ મધ્યમ સામાન્ય વરસે ચંદ્ર નક્ષત્રનું નપુંસક હોતાં સ્ત્રી નપુંસક લેખાઈ પવન વાયુ વાયરો વાય. વરસાદ ન પડે કિંવા ઘણો કમી પડે.

## સૂર્ય સંજ્ઞક નક્ષત્રો—

રોહિણી, મૃગ, પૂ. ફા; ઉ. ફા; ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુ, જ્યેષ્ઠા, મૂળ, ધનિષ્ઠા, શત, ઉ. ભા.

## ચંદ્ર સંજ્ઞક નક્ષત્રો—

અશ્વિની, ભરણી, કૃતિકા, આર્દ્રા, પુન, પુષ્ય, આશ્લેષા મઘા, પૂ. ષા. ઉ. ષા; અભિજીત, શ્રવણ, પૂ. ભા; રેવતી;

## સમજણ—

સૂર્ય નક્ષત્ર અને ચંદ્ર (દૈનિક) નક્ષત્ર, બન્ને સૂર્ય નક્ષત્ર હોતાં વાયરો વાય, બંને ચંદ્ર નક્ષત્ર હોતાં વરસાદ વરસે નહિ અને એક સૂર્ય નક્ષત્ર અને બીજું ચંદ્ર નક્ષત્ર હોતા વરસાદ સારો વરસે.

## નક્ષત્રો સંજ્ઞા—

**ચર**–ચલ–પુનર્વસુ, સ્વાતી, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા.

**લઘુ**–ક્ષિપ્ર–અશ્વિની, પુષ્ય, હસ્ત, અભિજીત.

**મૃદુ**–મૈત્ર–મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, રેવતી.

**ધ્રુવ**-સ્થિર–રોહિણી, ઉ. ફા; ઉ. ષા; ઉ. ભા.

**દારૂણ**–તિક્ષ્ણ–આર્દ્રા, આશ્લેષા, જ્યેષ્ઠા, મૂળ.

**ક્રુર**–ઉગ્ર–ભરણી, મઘા, પૂ. ફા; પૂ ષા; પૂ. ભા.

મિશ્ર–સાધારણ–કૃતિકા, વિશાખા,

**સૌમ્ય ગ્રહ—**

ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર,

**ક્રૂર ગ્રહ—**

રવિ, પાપગ્રહ, મંગળ, શનિ, રાહુ, કેતૂ.

**અધોમુખ નક્ષત્રો—**

ભરણી, કૃતિકા, આશ્લેષા, મઘા, પૂ ફા; વિશાખા મૂળ, પૂ ષા; પૂ. ભા; આ નક્ષત્રો ખાતાદિ કાર્યની સિદ્ધિ કરનાર છે.

**ઉર્ધ્વ મુખ નક્ષત્રો—**

રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉ. ફાલ્ગુની, ઉ. ષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ. ભાદ્રપદ, આ નક્ષત્રો ધ્વજ અભિષેકાદિ કાર્યોમાં શુભ છે.

દરેક ચોઘડીયાનો અમલ દિનમાનનો આઠ ભાગ કહેવાય અથવા લગભગ દોઢ કલાક સુધી હોય છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આઠ ચોઘડીયા ભોગવાય છે.

**સારાં ચોઘડીયાં** :– અમૃત, શુભ, લાભ, ચલ.

**માઠાં ચોઘડીયાં** :– ઉદ્વેગ, રોગ, અને કાળ.

પ્રવાસ અથવા શુભ કામ કરવું હોય તે સારાં ચોઘડીયામાં કરવું, અથવા વાર પ્રમાણે શુભાશુભ ચોવીસ હોરાઓ હોય છે, ગણાય છે તે હોરાચક્રમાંથી શુભાશુભ સમય નક્કી કરવો.

## —: દિવસનાં ચોઘડીયાંનો કોઠો :—

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

## —: રાત્રિનાં ચોઘડીયાંનો કોઠો :—

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |

## પ્રતિષ્ઠાના મુહૂર્તની સમજ.

બધા દેવોની પ્રતિષ્ઠા માગશીર્ષ, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ અને જયેષ્ઠ માસમાં અથવા ઉત્તરાયણ (૨૨ મી ડીસેમ્બરથી ૨૧ મી જુન સુધી) દરમ્યાન થાય છે. વળી માતા, ભૈરવ, નૃસિંહ, વામન, વરાહ, અને ગામ દેવતાની પ્રતિષ્ઠા દક્ષિણાયનમાં પણ થઈ શકે, પરંતુ ભાદરવો અને કાર્તિક માસમાં થતી નથી. અજવાળી તીથી, ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩, તથા અંધારી તીથી, ૨, ૩, ૫, આ તીથીમાંથી ગમે તે તીથી હોય, રવિ, ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર, શનિ આ વારમાંથી ગમે તે વાર હોય, તથા અશ્વિની, રોહીણી, મૃગશીર્ષ, પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ, ભાદ્રા, રેવતી, નક્ષત્ર હોય, તથા લગ્ન કુંડલીમાં સ્થિર લગ્ન અને નવમાંશ હોય તથા આઠમા કે બારમાં સ્થાન સિવાય બીજા ગમે તે સ્થાનમાં શુભગ્રહ હોય અને ૩, ૬, કે ૧૧ મા સ્થાને ચંદ્ર કે પાપગ્રહ હોય, ત્યારે સવારમાં પ્રતિષ્ઠા કરવી એ ઘણી સારી છે પરંતુ છઠને દિવસે સારૂં છે.

卐卐卐

## સન્મુખ રાહુ જોવાની સમજ.

માગશીર્ષ, પોષ, માઘ પૂર્વ દિશામાં ફાલ્ગુન, ચૈત્ર અને વૈશાખ દક્ષિણમાં જયેષ્ઠ, આષાઢ અને શ્રાવણ પશ્ચિમમાં, ભાદરવો, આશ્વિન, કાર્તિકમાં ઉત્તરમાં રાહુનું મુખ આવે છે.

તેથી તે માસમાં તે દિશાના મુખવાળું ઘર કરવું નહિ.

## ગ્રહણ થયા પછીનો શુભાશુભ સમય—

સૂર્ય કે ચંદ્રના ગ્રહણ વખતે જો ગ્રહણનો ૦। ભાગ ઘેરાય તો ગ્રહણ પહેલાં દોઢ દિવસ અને ગ્રહણ પછીના ત્રણ દિવસમાં લગ્ન વિગેરે શુભ કામ કરવાં નહિ. તેવી જ રીતે જો ગ્રહણનો અર્ધો ભાગ ઘેરાય તો પહેલાના બે દિવસ અને પછીના ચાર દિવસ અને પોણો ઘેરાય તો પહેલા ત્રણ દિવસ અને પછીના છ દિવસ અને પૂરો ઘેરાય તો પહેલાંના ચાર દિવસ અને પછીના આઠ દિવસમાં લગ્ન કે શુભ કામ કરવાં નહિ.

## ચરાદિ લગ્નની સમજ—

મેષ, કર્ક, તુલા, અને મકર, એ ચાર લગ્નો ચર એટલે ઉત્તમ છે. તે રાશિના લગ્ને કંઈ પણ તાત્કાલિક કામ ધાર્યું કે કર્યું હોય તો તે સિદ્ધ થાય. વૃષભ, સિંહ, વૃશ્ચિક તથા કુંભ એ ચાર લગ્નો સ્થિર એટલે ટાઢાં છે અને તેમાં ધારેલું કામ ઘણું કરી નિષ્ફળ થાય કે વાયદા ઉપર લંબાય. મિથુન કન્યા ધન તથા મીન એ ચાર લગ્નો દ્વિસ્વભાવનાં છે એટલે પહેલા ભાગમાં ચર જેવા અને બીજા કે પાછલા ભાગમાં સ્થિર જેવાં છે. તે કારણથી તે લગ્નોમાં ધારેલા મનોરથ સફળ કે અફળ થાય છે. તેમ છતાં સ્થિર સ્વભાવવાળાં લગ્નો કરતાં આ ચાર વધારે સારાં છે એ સ્પષ્ટ જ છે.

## શુભ કાર્યમાં તજવાનો સમય—

નીચે દર્શાવેલો સમય શુભ કામોમાં લેવો નહિ :— જે

## રાશિઓના રંગ, ગ્રહના નંગ તથા તે તે રાશિઓના ચર, સ્થિર, દ્વિસ્વભાવનું ચક્ર.

| નામ | રાશિઓના રંગ | ગ્રહના નંગ | ચર, સ્થિર દ્વિસ્વભાવ |
|---|---|---|---|
| મેષ | લાલ | પરવાળું | ચર |
| વૃષભ | ફિક્કો-બલ્યુ | હીરો | સ્થિર |
| મિથુન | પીળો | પાનું | દ્વિસ્વભાવ |
| કર્ક | લીલો | મોતી | ચર |
| સિંહ | નારંગી | માણેક | સ્થિર |
| કન્યા | ફિક્કો કાળો | પાનું | દ્વિસ્વભાવ |
| તુલા | કિરમજી | હીરો | ચર |
| વૃશ્ચિક | તેજદાર લાલ | પરવાળું | સ્થિર |
| ધનુ | પીળો | પોખરાજ | દ્વિસ્વભાવ |
| મકર | કાળાશ પડતો | લીલમ | ચર |
| કુંભ | આસ્માની | લીલમ | સ્થિર |
| મીન | તેજદાર સફેદ | પોખરાજ | દ્વિસ્વભાવ |

દિવસે દૈનિક પંચાંગમાં વ્યતિપાત કે વૈધૃતિયોગ હોય કે મહાપાત દોષનો સમય હોય તે ખરાબ સમજવો.

### શુભ કાર્યો માટે સાધારણ દીન શુદ્ધિ—

શુકલ પક્ષમાં ચંદ્ર બળ અને કૃષ્ણપક્ષમાં તારાબળ જોવું અને નીચેના સમયો વર્જ્ય કરવા :- કૃષ્ણપક્ષમાં ૧૩, ૧૪, ૩૦

શુકલપક્ષમાં ૧, સંક્રાંતિનો દિવસ, (જે દિવસે સૂર્ય રાશિ બદલે તે) વ્યતિપાત, વૈધૃતિ, મહાપાત, ગ્રહણ, ક્ષય, વૃદ્ધિ, ભદ્રા, પરિઘ-યોગનું પૂર્વાર્ધ રવિ, ભૌમ, શનિવાર, કૃષ્ણપક્ષનો ચંદ્ર.

## તારા (નક્ષત્ર) બલ

કૃષ્ણપક્ષમાં ચંદ્ર ક્ષીણ થતો હોવાથી તારાનું બલ જોવું જન્મ સમયે ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે જન્મ નક્ષત્ર કહેવાય છે. તે નક્ષત્રથી ઈષ્ટ દિવસની ૩-૫-૭-૧૨-૧૪-૧૬-૨૧-૨૩-૨૫ મી તારા (નક્ષત્ર) અશુભ જાણવી. તથા જન્મ નક્ષત્ર વર્જવા યોગ્ય છે.

## તારાઓનું યંત્ર.

| જન્મ ૧ | સંપત્ ૨ | વિપત્ ૩ | ક્ષેમા ૪ | યમા ૫ | સાધના ૬ | નિધના ૭ | મૈત્રી ૮ | પરમ મૈત્રી ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| કર્મ ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| આધાન ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |

## બધા કાર્યો માટે સાધારણ દીન શુદ્ધિ-

શુભ તિથિ-૨-૩-૫-૭-૧૦-૧૧ વદી પક્ષની ૧, તથા શુકલપક્ષમાં ૧૩ શુભ છે. ૪-૯-૧૪- રિક્તા તિથિ છે તેમજ અમાસ દરેક કાર્યમાં ત્યાજ્ય છે.

શુભ વાર - સોમ, બુધ, ગુરૂ, શુક્ર.

શુભ નક્ષત્રો - અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, મઘા, ઉ.

ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, મુળ, ઉ.ષા; શ્રવણ, ધનિષ્ટા, ઉ. ભાદ્રાપદા અને રેવતી.

**વત્સ ચાર–**

મીન, મેષ અને વૃષભ સંક્રાંતિ અને પશ્ચિમ દિશાએ, મિથુન કર્ક અને સિંહ સંક્રાંતિ હોય ત્યારે ઉત્તરમા, કન્યા તુલા અને વૃશ્ચિક સંક્રાંતિ હોય ત્યારે પૂર્વમાં, તથા ધન મકર અને કુંભ સંક્રાંતિ હોય ત્યારે વત્સ દક્ષિણમાં ઉગે છે. તે વત્સ પ્રયાણ તથા પ્રવેશ સમયે સન્મુખ કે પાછળ સારો નથી. એટલે ડાબે તથા જમણે પાસે હોય તો તે સારો છે.

**રાહુ ચાર–**

રાહુ સૂર્યોદયથી આરંભીને દિવસ અને રાત્રિ અર્ધો અર્ધો પ્રહર નીચે આપેલ દિશા અને વિદિશામાં ક્રમથી ચાલે છે. પૂર્વ વાયવ્ય, દક્ષિણ, ઇશાન, પશ્ચિમ, અગ્નિ, ઉત્તર અને નૈઋત્ય તે રાહુ ગમન કરનારની પછવાડે અથવા ડાબી બાજુએ શુભકારક છે.

**રાહુનું વાર ગમન–**

રવિવારે નૈઋત્ય, સોમવારે ઉત્તર, મંગળવારે અગ્નિ, બુધવારે પશ્ચિમ, ગુરૂવારે ઇશાન, શુક્રવારે દક્ષિણ અને શનિવારે પૂર્વમાં રાહુ ગમન કરનારની પછવાડે તથા ડાબી બાજુએ શુભ છે.

**દિશા કાળ–**

રવિવારે ઉત્તર દિશા, સોમવારે વાયવ્ય, મંગળવારે પશ્ચિમ બુધવારે નૈઋત્ય ખૂણામાં, ગુરૂવારે દક્ષિણ દિશાએ, શુક્રવારે અગ્નિ

ખૂણામાં અને શનિવારે પૂર્વ દિશા તરફ કાળ છે. જેમ દર્શાવેલા સમયે જે દિશામાં કાળ હોય તે દિશામાં જવું નહિ. તેમ છતાં ઇશાન (પૂર્વ અને ઉત્તર દિશાના વચ્ચે) ખૂણામાં કોઈ પણ દિવસે કાળ રહેતો નથી ગમે તે વારે જઈ શકાય છે.

### દિશા શુળ–

ગ્રામાંતર જવું હોય ત્યારે આ પ્રમાણે જોઇને જવું.

પૂર્વ–સોમ, શનિ.

દક્ષિણ–ગુરૂ.

પશ્ચિમ–રવિ, શુક્ર

ઉત્તર–મંગળ, બુધ.

દિશા શૂલ ડાબી ભલી, જોગણ ભલી જો પુંઠ;
જો ચંદ્રમા સન્મુખ હુવે, તો લાવે લંકા લુંટ. ૧

દિશા શુળ સન્મુખ હોય ત્યારે પ્રવાસે જવું નહીં.

### યોગિની વાસ–

| શુદી કે વદીની તીથીઓ | યોગીનીની દીશા |
|---|---|
| ૧ ને ૯ | પૂર્વ દિશામાં. |
| ૨ ને ૧૦ | ઉત્તર દિશામાં. |
| ૩ ને ૧૧ | અગ્નિ ખૂણામાં. |
| ૪ ને ૧૨ | નૈઋત્ય ખૂણામાં. |
| ૫ ને ૧૩ | દક્ષિણ દિશામાં. |
| ૬ ને ૧૪ | પશ્ચિમ દિશામાં. |
| ૭ ને ૧૫ | વાયવ્ય ખૂણામાં. |
| ૮ ને ૩૦ | ઇશાન ખૂણામાં. |

**ખુલાસો**– સન્મુખ તથા જમણી બાજુની યોગીની તેમની બતાવેલી તીથીએ હોય અને તે દિવસે ઘણાં જ અગત્યના કારણને લીધે પ્રવાસ કરવાની આવશ્યકતા હોય, તો પછી તેનો એક ઈલાજ છે તે એ કે, તે દિવસના ઉતરતા પહોરે એટલે બપોરના બાર વાગ્યા પછી પ્રવાસાર્થે ઘર બહાર નિકળવું.

**યોગિનીનું ફલ**–

સન્મુખ ભય રહે મરણકો, ડાબી સુખકી આશ,
પુંઠે મનવાંછિત ફલે, જમણી ધનકો નાશ. ૧

**ચંદ્રમાનો વાસ**–

મેષ સિંહ ધન, પૂર્વ દિશામાં.
વૃષભ કન્યા મકર, દક્ષિણ દિશામાં.
મિથુન તુલા કુંભ, પશ્ચિમ દિશામાં.
કર્ક મીન વૃશ્ચિક ઉત્તર દિશામાં.

**ફલ**–

સન્મુખ ધનકા લાભ હૈ, દક્ષિણ સુખ પૈછાન;
પુંઠ ચંદ્ર મરણો હુવે, ડાબો ધન ક્ષય જાન. ૨

**કાલ વાસ**–

પૂર્વમાં શનિવાર, દક્ષિણમાં ગુરૂ, પશ્ચિમમાં મંગળ, ઉત્તરમાં રવિ, વાયવ્યમાં સોમ, અગ્નિમાં શુક્ર, નૈઋત્યમાં બુધ.

અગ્નિમાં શુક્ર, નૈઋત્યમાં બુધ.

ઈશાનમાં–પાછળ ને ડાબો સારો ગણાય છે.

## રાહુનો વાસ—

નૈઋત્યમાં રવિ, ઉત્તરમાં સોમ, અગ્નિમાં મંગળ, પશ્ચિમમાં બુધ, ઈશાનમાં ગુરૂ, પૂર્વમાં શુક્ર વાયવ્યમાં શનિ, દક્ષિણમાં રાહુ પાછળ હોય તો સારો.

## પ્રયાણમાં શુભ તિથિ–

૧–૨–૩–૫–૭–૧૦–૧૧–૧૩–

૧, ૬, ૧૧ એ નંદા તિથિ કહેવાય, આનંદ અને લાભદાતા છે,

૨, ૭, ૧૨ ભદ્રા તિથિ કલ્યાણ અને શુભકારી છે.

૩, ૮ ને ૧૩ જયા તિથિ, વિજય અને યશદાતા છે.

૪, ૯, ૧૪ રિક્તા તિથિ કલેશ અને સંતાપદાતા છે.

૫, ૧૦, ૧૫ પૂર્ણા તિથિ, મનકામના સિદ્ધ થાય

| નામ | તિથિ યોગ | સિદ્ધિ યોગ | મૃત્યુ યોગ |
|---|---|---|---|
| નંદા | ૧ ૬ ૧૧ | શુક્રવાર | રવિ, મંગળ |
| ભદ્રા | ૨ ૭ ૧૨ | બુધવાર | સોમ, ગુરૂ |
| જયા | ૩ ૮ ૧૩ | મંગળવાર | બુધ |
| રિક્તા | ૪ ૯ ૧૪ | શનિવાર | શુક્ર |
| પૂર્ણા | ૫ ૧૦ ૧૫ | ગુરૂવાર | શનૈશ્વર |

**પ્રયાણમાં શુભ વાર-**

સોમ, બુધ, ગુરૂ અને શુક્રવાર, ૧-૪-૮-૯ તિથિ સિવાય

**પ્રયાણમાં શુભ નક્ષત્ર-**

અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, અનુરાધા, શ્રવણ, ધનિષ્ટા અને રેવતી.

**પ્રયાણમાં મધ્યમ નક્ષત્ર-**

રોહિણી, ત્રણ પૂર્વા, ત્રણ ઉત્તરા, જયેષ્ઠા, મૂળ શતભિષા,

**વિહાર તથા પ્રવેશમાં-**

ફાંકડું અથવા ચોથાનું ઘર વર્જ્ય છે, તે આ પ્રમાણે- એકમ શનિવાર, બીજ શુક્રવાર, ત્રીજ ગુરૂવાર, ચોથ બુધવાર, પાંચમ મંગળવાર છઠ સોમવાર અને સાતમ રવીવાર.

પ્રયાણ તથા શુભ કાર્ય માટે તિથિ જો એ વાર પ્રમાણે આવે તો વર્જિત છે.

નવિન દીક્ષિતના પ્રથમ વિહાર અને સર્વના વિહાર મૃગશિર ચિત્રા અનુરાધા રેવતી ત્રણ ઉત્તરા રોહિણી અશ્વીની પુષ્ય હસ્ત અભિજિત પુનર્વસુસ્વાતિ શ્રવણ ધનિષ્ઠા શતભિષા વિહારમાં શુભ છે.

મંગળવારે અશ્વિની નક્ષત્ર હોય તો ઘર પ્રવેશ ન કરવો. શનીવારે રોહીણી નક્ષત્ર હોય તો પરગામ ન જવું. ગુરૂવારે પુષ્ય નક્ષત્ર હોય તો દિક્ષા કે વિવાહ ન કરવો.

**નગર પ્રવેશ-**

અશ્વિની, રોહીણી, મૃગશીર્ષ, પુષ્ય, ઉત્તરા ફા; હસ્ત ચિત્રા,

અનુરાધા મૂળ ઉત્તરા ષાઢા ઉત્તરા ભાદ્રપદા અને રેવતી નક્ષત્રો તથા સોમ બુદ્ધ ગુરૂ શુક્ર અને રવિવાર નગર પ્રવેશ માટે શુભ છે.

નવા ગામમાં રહેવા માટે કે હંમેશા માટે વેપાર કરવા જવું હોય તો પોતાની રાશીથી ગામની રાશી, બીજી, નવમી, દશમી કે અગીયારમી થતી હોય તો શ્રેષ્ટ છે. ઇચ્છીત ફલ આપે છે તે સિવાયની બરાબર નથી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| અ | ક | ચ | ટ | ત | પ | ય | શ |

ગરૂડો, બીડાલ, સિંહો, કુકકુર, સપ્પો ખ, મુસગો, હરિણો, મેસો

अडवग्गपइ, कमेळ पचमेंवैर ?

## સૂર્ય વિચાર—

रवि रत्ति अंत पहराओ, पुब्बाइसु दुन्नि दुन्नि पहर कमा,
दाविण पुट्ठि विहारे, वामो पुट्ठि पवेसिसुहो ?

અર્થ :– સૂર્ય રાત્રીના છેલ્લા પ્રહરે અને દિવસના પહેલા પ્રહરે પૂર્વ દિશામાં ફરે છે. દિવસના બીજા પ્રહરે અને ત્રીજા પ્રહરે દક્ષિણ દિશામાં ભમે છે; દિવસના ચોથા અને રાત્રીના પહેલા પ્રહરે પશ્ચિમ દિશામાં ચાલે છે. તથા રાત્રીના બીજા અને ત્રીજા પ્રહરે ઉત્તર દિશામાં ફરે છે. સૂર્ય જમણો અથવા પાછળ રહ્યો હોય તો વિહારમાં શુભ છે ડાબો અથવા પાછળ રહ્યો હોય તો પ્રવેશમાં શુભ છે.

उत्तर हत्या दक्खिग चित्ता, पुर्बारोहिणी सुमरे मित्ता.
पश्चिम श्रवणा मकर गमणा, हरिहर बंभ पुरंदर मरणा ?
ज्येष्ठा भाद्रपदा पूर्वा, रोहिण्युपूर फाल्गुनी,
पूर्वादिषु क्रमात कींला, गतस्य तेषु नागतिः ?

જ્યેષ્ટા નક્ષત્રે પૂર્વ દિશામાં પૂર્વા ભાદ્રપદ દક્ષિણમાં રોહિણી પશ્ચિમમાં અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રે ઉત્તર દિશામાં જવું નહિ.

## વિદ્યારંભનું મુહૂર્ત—

વાર-ગુરૂવાર બુધવાર શુક્રવાર અને રવિવાર

અશ્વિની ત્રણે પૂર્વા, હસ્ત, મૂળ, ચિત્રા, સ્વાતિ શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, આ નક્ષત્રો વિદ્યારંભ માટે શ્રેષ્ઠ છે.

## નંદીનું-નાણ માંડવાનું મુહૂર્ત—

રવિવાર સોમવાર મંગળવાર બુધવાર ગુરૂવાર અને શુક્ર-વારોમાં; તથા સ્વાતિ, પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, હસ્ત, અશ્વિની, અભિજીત, પુષ્ય, મૃગશીર્ષ, અનુરાધા, ચિત્રા, રેવતી, રોહિણી, અને ઉત્તરામાં વ્રતોચ્ચારણાદિ ક્રિયા માટે નાણ માંડવી.

## શાંતિક પૌષ્ટિક કાર્ય—

બુધ ગુરૂ શુક્ર અને રવિવારે, રોહિણી, મૃગશીર્ષ મઘા, ઉ૦ ફાલ્ગુની, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉત્તરાષાઢા ઉત્તરા-ભાદ્રપદ, રેવતી, પુષ્ય, અશ્વિની, અને શ્રવણ નક્ષત્રોમાં કરવાં.

લોચનાં નક્ષત્રો—

પુનર્વસુ, પુષ્ય, શ્રવણ અને ધનિષ્ઠા શુભ છે.

દીક્ષા તથા પ્રતિષ્ઠાનાં મુહૂર્ત—

માસ દિવસ અને નક્ષત્ર ત્રણેની શુદ્ધિ જાણીને ધ્રુવ લગ્નમાં દિક્ષા અને પ્રતિષ્ઠા વગેરે શુભ કાર્ય કરવાં. રવિ, બુધ, ગુરૂ અને શુક્ર દીક્ષામાં એ વાર શુભ છે. અને પ્રતિષ્ઠામાં સોમ, બુધ ગુરૂ શનિ અને શુક્ર શુભ છે. શુભ માસ–માર્ગશીર્ષ, માહ, ફાગણ, વૈશાખ, જેઠ, અષાઢ માસ દીક્ષા પ્રતિષ્ઠા અને લગ્નમાં શુભ છે.

શુભ તિથિ ૨–૩–૫–૭–૧૦–૧૧–૧૩ એ દીક્ષામાં શુભ છે. શુક્લ તિથિ ૧–૨–૫–૧૦–૧૩–૧૫ વદ ૧–૨–૫ તિથિઓ પ્રતિષ્ઠામાં શુભ છે.

---

## ગ્રહ દશામાં જાપ

સૂર્યની દશામાં ૬ ઠ્ઠા ભગવાનનો જાપ કરવો, ચંદ્રની દશામાં ૮ મા ભગવાનનો જાપ, મંગળની દશામાં ૧૨ મા ભગવાનનો જાપ, બુધની દશામાં ૧૩–૧૪–૧૫–૧૬–૧૭-૧૮–૨૧–૨૪ મા ભગવાનનો જાપ, ગુરૂની દશામાં ૧–૨–૩ ૪–૫–૭–૧૦–૧૧ મા ભગવાનનો જાપ, શુક્રની દશામાં ૯ મા ભગવાનનો જાપ, શનિની દશામાં ૨૦ મા ભગવાનનો જાપ, રાહુની દશામાં ૨૨ મા ભગવાનનો જાપ, કેતુની દશામાં ૧૯–૨૩ મા ભગવાનનો જાપ કરવો.

આ તીર્થંકરોનો જાપ જપવાથી ક્રુર ગ્રહો શાંત થઈ જાય છે. એમની સાથે એટલે તીર્થંકરના નામની સાથે—

ॐ ह्रीं श्री ग्रहाश्चन्द्र–सूर्याङ्गारक बुध बृहस्पति शुक्र-शनि राहू–केतु सहिताः खेटा जिनपतिपुरतोवतिष्ठन्तु. ममधन धान्य–जय–विजय–सुख सौभाग्य–धृति–कीर्ति कान्ति–शान्ति तुष्टि पुष्टि–बुद्धि–लक्ष्मी–धर्मार्थ कामदाः स्युः स्वाहा.

આ મંત્રાક્ષરોનો દરરોજ પવિત્ર થઈને ૨૧ વાર જાપ કરશે તેને ગ્રહો કોઈ પણ જાતની અડચણ કરી શકશે નહીં. બ્રાહ્મણ, બાવા વિગેરેના ફંદમાં નહિ પડતાં ધર્મ નિષ્ઠ આત્માઓએ ઉપર મુજબ જાપ કરવો.

## શ્રાવકોએ નીચે મુજબ વર્તવું.

૧ પૂર્વ દિશાએ મુખ રાખી ન્હાવા બેસવું.
૨ પશ્ચિમ તરફ મુખ રાખી દાતણ કરવું.
૩ ઉત્તર તરફ વસ્ત્રો પહેરવાં.
૪ પૂર્વ તથા ઉત્તર દિશાએ મુખ રાખી સેવા પૂજા કરવી.
૫ જે ગામે વ્યાપાર–રોજગાર કરવા જવું હોય તે ગામમાં મંગળવારે પ્રવેશ ન કરવો.
૬ બુધવારે પોતાને હાથે કોઈને દ્રવ્ય ન આપવું, દાન તો સદા કરવું.
૭ દિવસે ઉત્તર દિશા તરફ અને રાત્રે દક્ષિણ દિશા તરફ મુખ રાખી મલ–મૂત્રનો ત્યાગ કરવો.

૮ ચંદ્ર-સૂર્યના ગ્રહણ સમયે ભોજન ન કરવું. હંમેશાં ભોજન મૌન કરી કરવું. ઉભા ઉભા પાણી પીવું નહિ, ગુરૂ, રાજા કે પોતાના વડિલો સંકટમાં હોય ત્યારે ભોજન ન કરવું.

૯ પૂર્વ દિશાએ અથવા દક્ષિણ દિશાએ ઓશીકું કરી સૂવું.

૧૦ સાધુ, સાધ્વી, અથવા પોતાના સગા-વહાલાને વળાવી આવ્યા પછી સ્નાન ન કરવું. પરગામથી આવીને અથવા પરગામ જતી વખતે સ્નાન ન કરવું, પૂજા માટે નિષેધ નથી.

૧૧ નોમ, ચોથ, ચઉદશ, છઠ, આઠમ અને અમાવાસ્યા, એ છ તિથીએ; તથા, શનિ, રવિ, અને મંગળ એ ત્રણે વારમાં હજામત ન કરાવવી.

---

## અંગ સ્ફુરણ શુભાશુભ ફળ.

પુરૂષોને જમણું અંગ સ્ફુરણ થતાં, અને સ્ત્રીઓને ડાબું અંગ સ્ફુરણ થતાં શુભ ફળ જાણવું. અંગ સ્ફુરણ ફળનો કોઠો આ પછીના પૃષ્ઠમાં આપ્યો છે-

આ ઉપરાંત સ્વપ્ન વિચાર, શુકન વિચાર અને સ્વરો-દય વિગેરે જાણવું હોય તેમણે અમારૂં બનાવેલ, અને વિક્રમ સંવત ૧૯૮૮ ની સાલમાં માળીયા નિવાસી શેઠ જાદવજી ધનજીભાઈ તરફથી પ્રગટ થયેલ શાંતી સુબોધ તત્ત્વમાલા નામનું પુસ્તક જોઈ લેવું, તથા વિક્રમ સંવત ૨૦૦૪ ની સાલમાં મારૂં બનાવેલું ખાંતિશ્રી વિદ્યોરોજક વિદ્યુલ્લતા ચરિત્રમાંથી સ્ત્રી પુરૂષ લક્ષણો તલ મસા વિગેરે જોઇ લેવા.

| સ્થાન | ફળ | સ્થાન | ફળ |
|---|---|---|---|
| બ્રહ્મ સ્થાને | રાજ્ય પ્રાપ્તિ | વામ ભુજે, કુર્પરે મણિબંધે ચ | ધનક્ષય: |
| લલાટે | સ્થાન લાભ | વામે કરતલે | હાનિ |
| કર્ણયો: | ભૂષણ પ્રાપ્તિ | વામે કરતલે પૃષ્ઠે | ધનનાશ: |
| નેત્રયો: | પ્રિય દર્શન | હૃદયે | રાજ સન્માનં |
| નાસિકાયાં | સુગંધીતિ | દક્ષિણ સ્તને | સૌભાગ્યં |
| મુખે | મિષ્ટાન ભોજન | દક્ષિણ પાર્શ્વે | ભોગ પ્રાપ્તિ |
| કપોલયો: | સૌખ્યં | વામે સ્તને | યશોધનં |
| હનૌ | મહાભયં | વામ પાર્શ્વે | પીડા |
| ભ્રકુટયાં | વિગ્રહ | વામ કુક્ષૌ | શિશૂનાં પીડા |
| કંઠે | વ્યસનાગમ | દક્ષિણ કુક્ષૌ | પુત્રપ્રાપ્તિ |
| પૃષ્ઠ વંશ | કલહ | ઉદરે | પુત્રલાભ: |
| દક્ષિણ પૃષ્ઠયાં | સુખં | દક્ષિણ કટયાં | વસ્ત્રલાભ: |
| વામ પૃષ્ઠયાં | રોગોદય: | વામ કટયાં | સુખ નાશ: |
| દક્ષિણ સ્કંધે | વિજય | નાભૌ | મનોરથસિદ્ધિ: |
| વામ સ્કંધે | શત્રુભયં | બસ્તિ દેશે | ગર્ભનાશ: |
| દક્ષિણ ભુજે કુર્પરે, મણિબંધે ચ | ઈષ્ટલાભ | ગુહ્ય | મૃત્યુ: |
| | | ગુદાયાં | રોગ: |
| દક્ષિણ કરતલે | દ્રવ્ય | દક્ષિણોરૌ | પ્રીતિવર્ધનં |

| સ્થાન | ફળ | સ્થાન | ફળ |
|---|---|---|---|
| વામોરૌ | મૃત્યુતઃ દુખં | ભ્રૂનસોર્મધ્યે સ્ફુરણે | પ્રિય સંગમ |
| દક્ષિણ જાનૌ | સુખં | નાસાક્ષિમધ્યે સ્ફુરણે | સહાય લાભઃ |
| વામ જાનૌ | પશુનાશઃ | | |
| દક્ષિણ જઘને | સુખં | કર્ણ સ્ફુરણે | પ્રિય વાર્તા |
| વામ જઘને | ક્લેશઃ | ગંડ સ્ફુરણે | સ્ત્રી લાભ |
| દક્ષિણ સ્ફિચિ | અર્થ વૃદ્ધિઃ | અધરોષ્ઠયોઃ | મિષ્ટ ભોજનમ્ |
| વામ સ્ફિચિ | સ્ત્રી વિયોગ | કંઠ સ્ફુરણે | ભોગ લાભ |
| દક્ષિણ ગુલ્ફે | પ્રિયાગમ | બાહુ સ્ફુરણે | મિત્ર સમાગમ |
| વામે ગુલ્ફે | નાશઃ | હસ્ત સ્ફુરણે | ધનાગમ |
| પાદયોઃ | ગમન | પૃષ્ઠ સ્ફુરણે | પરાજય |
| અગ્રે | દુર વાર્તા | ઉરસિ સ્ફુરણે | જયઃ |
| પૃષ્ઠે | નષ્ટ વાર્તા | પાર્શ્વ સ્ફુરણે | પ્રમોદઃ |
| વામ ભાગે | હાનિઃ | હૃદય સ્ફુરણે | દુખઃધનાન્તં |
| દક્ષિણ ભાગે | ધનમ્ | લિંગ સ્ફુરણે | સ્ત્રી લાભઃ |
| પરિનો બ્રહ્મણે | ક્ષિતિ | અંડ સ્ફુરણે | પુત્ર જન્મ |
| મસ્તક સ્ફુરણે | પૃથ્વી | ચરણોર્ધ્વ સ્ફુરણે | સ્થાન પ્રાપ્તિ |
| લલાટ સ્ફુરણે | સ્થાન વૃદ્ધિ | પાદતલ સ્ફુરણે | યાત્રા લાભ |

## વર્ગ જોવાની સમજ.

| ૧ બીલાડા | ૨ સિંહ | ૩ કુતરો | ૪ સાપ |
|---|---|---|---|
| ક ખ ગ ઘ ઙ | ચ છ જ ઝ ઞ | ટ ઠ ડ ઢ ણ | ત થ દ ધ ન |
| ૫ ઉંદર | ૬ હરણ | ૭ ઘેટો | ૮ ગરૂડ |
| પ ફ બ ભ મ | ય ર લ વ | શ ષ સ હ | અ ઈ |

સમજ—

ગુરૂ શિષ્યના નામનો પહેલા અક્ષરથી વર્ગ સમજવો. જેમકે જયંતીશ્રી નામે ગુરૂના નામનો પહેલો અક્ષર જ છે, તેથી ઉપરના કોઠામાં અક્ષર જોવાથી સિંહનો વર્ગ થયો અને લલિતાશ્રી નામે શિષ્યના નામનો પહેલો અક્ષર લ છે, તેથી તેનો હરણનો વર્ગ થયો પણ હરણ અને સિંહને વેર છે, માટે તે બરાબર નથી કારણ કે સિંહ અને હરણને વેર બીલાડા અને ઉંદરને કુતરા અને ઘેટાને તથા ગરૂડ અને સાપને વેર હોય છે. આ પ્રમાણે વર્ગ–વેર જે ગુરૂ શિષ્યને ન

આવતાં હોય તે સુખી થાય વર્ગ-વેર આવતાં હોય તો દુઃખી થાય છે. આ પ્રમાણે શેઠ અને ગુમાસ્તાના નામ ઉપરથી પણ જોવાય છે.

## વર્ણ જોવાનું કોષ્ટક.

| બ્રાહ્મણ | ક્ષત્રિય | વૈશ્ય | શુદ્ર |
|---|---|---|---|
| કર્ક | મેષ | વૃષભ | મિથુન |
| વૃશ્ચિક | સિંહ | કન્યા | તુલા |
| મીન | ધન | મકર | કુંભ |

**સમજ**-ગુરૂ શિષ્યના નામના પહેલા અક્ષર ઉપરથી તેની રાશી સમજી તે રાશિ ઉપરથી ઉપરના કોષ્ટકમાં વર્ણ જોવો જેમકે જયંતીશ્રી નામના ગુરૂની મકર રાશિ, તેથી તેનો વર્ણ વૈશ્ય થયો. લલિતાશ્રી નામે શિષ્યની મેષ રાશિ તેથી તેનો વર્ણ ક્ષત્રિય થયો હવે ક્ષત્રિય વર્ણ કરતાં વૈશ્ય વર્ણ ઉતરતો છે કારણ કે બ્રાહ્મણ કરતાં ક્ષત્રિય વર્ગ ઉતરતો, ક્ષત્રિય કરતાં વૈશ્ય ઉતરતો અને વૈશ્ય કરતાં શુદ્ર વર્ણ ઉતરતો છે, શાસ્ત્રમાં તો ચડતા વર્ણનો ગુરૂ અને ઉતરતા વર્ણની શિષ્યા હોય તો સારૂં એમ કહ્યું છે.

## ભક્ષ્ય અથવા વશ્ય જોવાનું કોષ્ટક.

| મનુષ્ય રાશિ | વનચર રાશિ | જલચર રાશિ |
|---|---|---|
| મિથુન, કન્યા, તુલા, ધનનું પૂર્વાર્ધ ૧૫ અંશ સુધી કુંભ | મેષ, વૃષભ, સિંહ વૃશ્ચિક, ધન ઉત્તરાર્ધ ૧૫ અંશ પછી મકર પૂર્વાર્ધ ૧૫ અંશ સુધી | કર્ક, મકર ઉત્તરાર્ધ ૧૫ અંશ પછી મીન |

હવે કોષ્ટકમાં કહેલી મનુષ્ય, વનચર અને જલચર, એ ત્રણ જાતની રાશિ ઉપરથી ભક્ષ્ય અથવા વશ્ય જોવાય છે. તેમાં જલચર અને વનચરને મેળ સારો રહે, પણ મનુષ્ય રાશિને જલચર રાશિ ભક્ષ્ય અને સિંહ રાશિ સિવાયની દરેક વનચર (પશુ) રાશિ વશ્ય છે. તેવી રીતે સિંહ રાશિને વૃશ્ચિક રાશિ સિવાયની દરેક રાશિઓ વશ્ય જાણવી.

**સમજ**–ગુરૂ શિષ્યના નામના પહેલા અક્ષરથી રાશિ સમજીને એ રાશિ ઉપરથી ભક્ષ્ય કે વશ્ય જોવુ જેમકે જયંતીશ્રી નામના ગુરૂની મકર રાશિ છે, મકરનો ચંદ્ર ૧૫ અંશ ઉપર હોવાથી મકરનું ઉત્તરાર્ધ, માટે તે જલચર રાશિ કહેવાય અને લલિતાશ્રી નામની શિષ્યાની મેષ રાશિ થઈ, તે વનચર કહેવાય માટે જલચર સાથે વનચરને મેળ સારો રહે. તેમજ સિંહ વગરની વનચર રાશિ સાથે મનુષ્ય રાશિને તથા જલચર રાશિને મેળ સારો રહે, પરંતુ જલચર રાશિવાળા સાથે મનુષ્ય રાશિને અને સિંહ રાશિ સાથે વૃશ્ચિક રાશિને મેળ રહે નહીં.

## યોનિ જોવાનું કોષ્ટક

| નક્ષત્રોનાં નામ. | યોનિ (જાનવરનાં નામ) |
|---|---|
| અશ્વીની, શતભિષા .... .... .... | ઘોડો |
| ભરણી, રેવતી .... .... .... | હાથી |
| કૃત્તિકા, પુષ્ય .... .... ... | બકરો |
| રોહિણી, મૃગશીર્ષ .... .... .... | સાપ |
| આર્દ્રા, મૂલ .... .... .... | કુતરો |
| પુનર્વસુ, આશ્લેષા .... .... .... | બિલાડો |
| મઘા, પૂર્વા ફાલ્ગુની .... ... ... | ઉંદર |
| ધનિષ્ઠા, પૂર્વા ભાદ્રપદ .... ... .... | સિંહ |
| હસ્ત, સ્વાતિ .... .... .... | ભેંસ |
| ચિત્રા, વિશાખા .... .... .... | વાઘ |
| અનુરાધા, જયેષ્ઠા ... .... .... | હરણ |
| પૂર્વાષાઢા, શ્રવણ .... .... .... | વાંદરો |
| ઉત્તરા ફાલ્ગુની ઉત્તરા ભાદ્રપદ ... .... | ગાય |
| ઉત્તરાષાઢા, અભિજિત .... .... ... | નોળીયો |

**સમજ**—જેમકે જયંતીશ્રી નામે ગુરૂનું જન્મ નક્ષત્ર ધનિષ્ઠા છે, તેથી ધનિષ્ઠા નક્ષત્રની સિંહની યોનિ થઈ, અને લલિતાશ્રી શિષ્યાનું જન્મનક્ષત્ર ભરણી છે, તેથી તે ભરણી નક્ષત્રની હાથીની યોનિ થઈ હવે હાથીને અને સિંહને વેર છે, માટે સારૂં નથી. કારણ કે—સિંહ અને હાથીને, ભેંસ અને ઘોડાને, સાપ અને નોળીયાને, ઉંદર અને બીલાડાને, કુતરાને અને વાંદરાને વેર છે. એવી રીતે યોનિ (જાતિ) ઉપરથી જે ગુરૂ શિષ્યને વેર આવતાં હોય તેમ કરવાં નહીં.

## ગુરૂ શિષ્યને મેળ જોવા માટે ગ્રહોના મિત્ર, શત્રુ તથા સમભાવ જોવાનું કોષ્ટક

| ગ્રહો | સૂર્ય | ચંદ્ર | ભોમ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|
| મિત્ર | ચંદ્ર<br>મંગલ<br>ગુરૂ | રવિ<br>ગુરૂ | રવિ<br>ચંદ્ર<br>બુધ | રવિ<br>શુક્ર<br>રાહુ | રવિ<br>ચંદ્ર<br>મંગલ<br>રાહુ | બુધ<br>શનિ<br>રાહુ | બુધ<br>શુક્ર<br>રાહુ |
| સમ | બુધ | મંગલ<br>ગુરૂ<br>શુક્ર<br>શનિ | શુક્ર<br>શનિ | મંગલ<br>ગુરૂ<br>શનિ | શનિ | મંગલ<br>ગુરૂ | ગુરૂ |
| શત્રુ | શુક્ર<br>શનિ<br>રાહુ | રાહુ | બુધ<br>રાહુ | ચંદ્ર | બુધ<br>શુક્ર | રવિ<br>ચંદ્ર | રવિ<br>ચંદ્ર<br>મંગલ |

**સમજ**—કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે સૂર્યના ચંદ્ર મંગલ અને ગુરૂ મિત્ર છે. બુધ સમ છે, એટલે મિત્ર નહિં તેમ શત્રુ પણ નહિ. અને શુક્ર શનિ તથા રાહુ એ શત્રુ છે. એવી રીતે દરેક ગ્રહો સમજવા.

હવે જયંતીશ્રી નામે ગુરૂની મકર રાશિ, અને મકર રાશિનો સ્વામી શનિ, તેમજ લલિતાશ્રી નામે શિષ્યાની મેષરાશિ તેનો સ્વામિ મંગલ છે હવે શનિની સાથે મંગલને શત્રુતા છે, માટે એ નામવાળા ગુરૂ શિષ્યને બનાવ રહેશે નહીં તેવી રીતે ગુરૂ શિષ્યની રાશિના સ્વામીની ઉપરના કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે સરખામણી કરતાં રાશિના સ્વામીની પરસ્પર મિત્રતા હોય તો ગુરૂ શિષ્યને સારી રીતે બનશે, અને સમભાવ હોય તો સમતા (મધ્યમ બનાવ) રહેશે, અને શત્રુ હોય તો બનાવ રહેશે નહીં એમ સમજવું.

卐

## ગુરૂ શિષ્યને બનાવ જોવા માટે ગણની સમજ

| દેવગણનાં નક્ષત્ર | મનુષ્યગણનાં નક્ષત્ર | રાક્ષસગણનાં નક્ષત્ર |
|---|---|---|
| અશ્વિની | ભરણી | કૃતિકા |
| મૃગશીર્ષ | રોહિણી | અશ્લેષા |
| પુનર્વસુ | આર્દ્રા | મઘા |
| પુષ્ય | પૂર્વા ફાલ્ગુની | ચિત્રા |
| હસ્ત | ઉત્તર ફાલ્ગુની | વિશાખા |
| સ્વાતિ | પૂર્વાષાઢા | જયેષ્ઠા |
| અનુરાધા | ઉત્તરાષાઢા | મૂલ |
| શ્રવણ | પૂર્વા ભાદ્રપદ | ધનિષ્ઠા |
| રેવતી | ઉત્તરા ભાદ્રપદ | શતભિષા |

**સમજ**-જેમકે જયં**તીશ્રી** નામે ગુરુનું જન્મ નક્ષત્ર **ધનિષ્ઠા** છે, તેથી ઉપરના કોષ્ટકમાં જોતાં **ધનિષ્ઠા** નક્ષત્રનો **રાક્ષસ**ગણ થયો અને **લલિતાશ્રી** નામે શિષ્યાનુ જન્મ નક્ષત્ર **ભરણી** છે, તેથી ભરણીનો **મનુષ્યગણ** થયો. હવે રાક્ષસ મનુષ્યનું ભક્ષણ કરે માટે ગુરૂ શિષ્યને બનાવ રહે નહિં કારણ કે ગુરૂ શિષ્યનો એક જ ગણ હોય તો બન્નેનો મેળ સારો એકનો દેવગણ અને બીજાનો મનુષ્યગણ હોય તો મધ્યમ તથા એકનો દેવગણ અને બીજાનો રાક્ષણ ગણ હોય તો કલેશ, તથા એકનો મનુષ્યગણ અને બીજાનો સાક્ષસગણ હોય તો મનુષ્યગણવાળાનું મૃત્યુ થાય તે સારૂં નહિ.

## લેણા-દેણી જોવાની રીત

ગુરૂ અને શિષ્યને શેઠ અને નોકરને તથા અમુક માણસને લેણા-દેણી કેવી છે? તે જોવા માટે બન્નેના નામની રાશિ ઉપરથી જોવું; લેણા-દેણી પાંચ પ્રકારે છે –

૧ સારી લેણા-દેણી
૨ સામી પ્રીત
૩ નવ પંચક
૪ ષડષ્ટક (ખડાષ્ટક.)
૫ બીઆ બારૂમું

આમાંથી પહેલી અને બીજી લેણા-દેણી સારી છે, અને બાકીના ત્રણ પ્રકારમાં સારા નબળા એમ બે ભેદ છે.

## ૧ સારી લેણા–દેણી

સારી લેણા–દેણી બે પ્રકારની છે. ૧ દશ અને ચાર રાશીવાળી, ૨ અગીયાર અને ત્રણ રાશીવાળી. તેની સમજ નીચે પ્રમાણે—

જયંતીશ્રી નામે ગુરૂની મકર રાશીથી લલિતાશ્રી નામે શિષ્યાની મેષ રાશી સુધી ગણતાં ચાર થાય છે, અને લલિતાશ્રીની મેષ રાશીથી જયંતીશ્રીની મકર રાશી સુધી ગણતાં દશ થાય છે. હવે દશ–ચાર રાશીવાળી લેણા–દેણી સારી કહેવાય છે તેવી જ રીતે વરખ અને કુંભને, મિથુન અને મીનને, કર્ક અને મેષને સિંહ અને વૃષભને, કન્યા અને મિથુનને, તુલા અને કર્કને વૃશ્ચિક અને સિંહને; ધન અને કન્યાને. મકર અને તુલાને, કુંભ અને વૃશ્ચિકને તથા મીન અને ધન રાશીવાળાને દશ–ચાર રાશીવાળી લેણા–દેણી સારી જાણવી.

હવે અગીયાર અને ત્રણ રાશીવાળી લેણા–દેણી પણ સારી કહેવાય છે. જેમકે મેષ અને મિથુનને, વૃષભ અને કર્કને, મિથુન અને સિંહને, કર્ક અને કન્યાને, સિંહ અને તુલાને, કન્યા અને વૃશ્ચિકને તુલા અને ધનને, વૃશ્ચિક અને મકરને, ધન અને કુંભને, મકર અને મીનને, કુંભ સાથે મેષને તથા મીન રાશીવાળા સાથે વરખ રાશીવાળને અગીયાર–ત્રણવાળી રાશી ગણાય છે; અને તે સારી કહેવાય છે.

## ૨ સામી પ્રીત જોવાની સમજ

એકની રાશીથી બીજાની રાશી સુધી ગણતાં સાત થાય

તો સામી પ્રીત કહેવાય જેમકે પૂર્ણચન્દ્ર નામે ગુરૂની કન્યા રાશીથી ચંદ્રકાન્ત નામે શિષ્યની મીન રાશિ સુધી ગણતાં સાત થાય છે, તેથી તે સાતમી પ્રીત થઇ. તેવી રીતે વરખ અને વૃશ્ચિક, મિથુન અને ધન, કર્ક અને મકર, સિંહ અને કુંભ, કન્યા અને મીન, આવી રીતે તેને સામી પ્રીત કહેવાય છે, અને તે સારી ગણાય છે. વળી બન્નેની એક જ રાશિ હોય તે પણ સારી જેમ કે લક્ષ્મીદાસ અને ઇશ્વરલાલ તથા અંબાલાલ અને ઇન્દિરા આ બંનેની એક જ મેષ રાશિ છે, તેથી તે પણ સારી લેણા-દેણી કહેવાય છે.

## ૩ ષડષ્ટક (ખડાષ્ટક)

ષડષ્ટક (ખડાષ્ટક)ના બે ભેદ છે; સારૂં અને નબળું.

**સારૂં ષડષ્ટક (ખડાષ્ટક)**-વરખ અને તુલાને, કર્ક સાથે ધનને, કન્યા સાથે કુંભને, વૃશ્ચિક સાથે મેષને, મકર સાથે મિથુનને,તથા મીન સાથે સિંહ રાશિવાળાને સારૂં ખડાષ્ટક જાણવું.

**નબળું ષડષ્ટક (ખડાષ્ટક)**- મેષ સાથે કન્યાને, મિથુન સાથે વૃશ્ચિકને, સિંહ સાથે મકરને, તુલા સાથે મીનને ધન સાથે વરખ તથા કુંભ રાશિવાળા સાથે કર્ક રાશિવાળાને નબળું ખડાષ્ટક જાણવું. આવી રીતના ખડાષ્ટકમાં પરસ્પર સંબંધ કરવાથી બન્નેને બનાવ રહેતો નથી.

## ૪ દ્વિર્દ્ધાશક (બીઆબારૂ)

દ્વિર્દ્ધાદશક (બીઆબારૂ)ના બે ભેદ છે, સારૂં અને નબળું.

**સારૂં દ્વિર્દ્ધાદશક (બીઆબારૂ) વરખ રાશિવાળા**

સાથે મિથુન રાશિવાળાને, કર્ક સાથે સિંહને, સિંહ સાથે કન્યાને, કન્યા સાથે તુલાને, વૃશ્ચિક સાથે ધનને મકર સાથે કુંભને, મીન રાશિવાળા સાથે મેષ રાશિવાળાને બીઆબારૂ સારૂં કહેવાય છે. એવી રીતના બીઆબારામાં પરસ્પર સંબંધ કરવામાં હરકત નથી.

**નબળું દ્વિર્દ્વાદશક (બીઆબારૂ)**–મેષ રાશિવાળા સાથે વરખ રાશિવાળાને, મિથુન સાથે કર્કને, તુલા સાથે વૃશ્ચિકને ધન સાથે મકરને, તથા કુંભ રાશિવાળા સાથે મીન રાશિવાળાને નબળું બીઆબારૂ જાણવું.

## ૫ નવ પંચક

નવ પંચકના બે ભેદ છે, સારૂં અને નબળું.

**સારૂં નવ પંચક**–મેષ રાશિવાળા સાથે સિંહ તથા ધન રાશિવાળાને, વરખ સાથે કન્યા તથા મકર રાશિવાળાને, મિથુન સાથે તુલા અને કુંભ રાશિવાળાને તથા મીન રાશિવાળા સાથે કર્ક રાશિવાળાને પ્રીતિ નવ પંચક કહેવાય છે.

**નબળું નવ પંચક** – કન્યા રાશિવાળાને મકર રાશિવાળા સાથે વૃશ્ચિક રાશિવાળાને કર્ક રાશિવાળા સાથે કુંભ રાશિવાળાને મિથુન રાશિવાળા સાથે નબળું નવ પંચક કહેવાય છે.

## નાડી જોવાની સમજ

ગુરૂ શિષ્યનો મેળ જોવા માટે ગુરૂના તથા શિષ્યના જન્મ નક્ષત્ર ઉપરથી તેમની કઈ નાડી છે? તે નીચે બતાવેલા કોઠા ઉપરથી સમજવું.

| આદ્ય નાડીનાં નક્ષત્ર. | મધ્ય નાડીનાં નક્ષત્ર. | અંત્યનાડીનાં નક્ષત્ર. |
|---|---|---|
| આર્દ્રા, જયેષ્ઠા, મૂળ અશ્વિની, હસ્ત પુનર્વસુ, શતતારા, પૂર્વા ભાદ્રપદ. ઉત્તરા ફાલ્ગુની | મૃગશીર્ષ પૂર્વાષાઢા ભરણી, અનુરાધા પુષ્ય, ધનિષ્ઠા, ચિત્રા પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ભાદ્રપદ | રોહિણી, ઉત્તરાષાઢા, આશ્લેષા, શ્રવણ મઘા, રેવતી, સ્વાતિ, કૃતિકા વિશાખા. |

ઉપર લખ્યા પ્રમાણે જેનો અશ્વિની નક્ષત્રમાં જન્મ થયો હોય તેની આદ્ય નાડી જાણવી, ભરણી નક્ષત્રમાં જન્મ થયો હોય તેની મધ્ય નાડી જાણવી, અને કૃતિકા નક્ષત્રમાં જન્મ થયો હોય તેની અંત્ય નાડી જાણવી. એ પ્રમાણે બીજા નક્ષત્રોને માટે પણ સમજવું.

---

## નાડીનું ફળ

હવે ગુરૂ શિષ્યના જન્મ નક્ષત્ર એક નાડીમાં ન આવવા જોઈએ. કારણ કે, જો ગુરૂ અને શિષ્યના (બન્નેના) જન્મ નક્ષત્ર આદ્ય નાડીમાં હોય તો ગુરૂનો નાશ, અને મધ્ય નાડીમાં હોય તો ધનનો નાશ તથા અંત્ય નાડીમાં હોય તો સંતાન–શિષ્ય સુખ મળે નહીં.

---

## ચોરાએલી કે ખોવાએલી વસ્તુની કઈ દિશામાં શોધ કરવી તેનું ચક્ર

| પૂર્વ | દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર |
|---|---|---|---|
| વહેલી મળે | ૩ દિવસની અંદર મલશે | ૧ મહિનામાં મલશે. | પત્તો જ નહિં મલે |
| **આંધળાં નક્ષત્રો** | **કાણાં નક્ષત્રો** | **ચીબડાં નક્ષત્રો** | **દેખતાં નક્ષત્રો** |
| રોહિણી | મૃગશીર્ષ | આદ્રા | પૂનર્વસુ |
| પુષ્ય | આશ્લેષા | મઘા | પૂર્વાફાલ્ગુની |
| ઉ. ફાલ્ગુની | હસ્ત | ચિત્રા | સ્વાતી |
| વિશાખા | અનુરાધા | જયેષ્ટા | મૂળ |
| પૂર્વાષાઢા | ઉત્તરાષાઢા | અભિજીત | શ્રવણ |
| ધનિષ્ટા | શતતારકા | પૂર્વાભાદ્રપદ | ઉ. ભાદ્રપદ |
| રેવતી | અશ્વિની | ભરણી | કૃતિકા |

## નક્ષત્ર અને પુનમના યોગથી સુકાળ તથા દુષ્કાળ જાણવાની રીત

કાર્તિકી પુનમના દિવસે અશ્વિની નક્ષત્ર હોય તો ચાર માસ સુકાળ, અને ભરણી નક્ષત્ર હોય તો ચાર માસ દુકાળ પડે. તેમ જ કૃત્તિકા નક્ષત્ર હોય તો રસકસ ઓછાં નીપજે, રોહિણી નક્ષત્ર હોય તો સુકાળ થાય.

# આનંદાદિ યોગનું કોષ્ટક.

| યોગ | ફળ | ત ઘ* | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | યો સ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આનંદ | સિદ્ધિ | ૦ | અશ્વી | મૃગ | આશ્લે | હસ્ત | અનુ | ઉ. ષા | શત | ૧ |
| કાલદંડ | મૃત્યુ | ૬૦ | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | અભિ | પૂ.ભા | ૨ |
| ધુમ્રાક્ષ | અસુખ | ૧ | કૃતિકા | પુનઃ | પૂ. ફા | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉ.ભા | ૩ |
| પ્રજાપ | સૌભાગ્ય | ૦ | રોહિ | પુષ્ય | ઉ. ફા. | વશા. | પૂ ષા. | ધનિ | રેવતી | ૪ |
| સૌમ્ય | ,, | ૦ | મૃગ | આશ્લે | હસ્ત | અનુ. | ઉ. ષા | શત | અશ્વી | ૫ |
| ધ્વાંશ | ધનનાશ | ૫ | આર્દ્રા | મઘા. | ચિત્રા | જ્યેષ્ઠા | અભિ | પૂ. ભા | ભરણી | ૬ |
| ધ્વજ | સુખ | ૦ | પુનર્વ | પૂ.ફા. | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉ ભા. | કૃતિકા | ૭ |
| શ્રીવત્સ | ,, | ૦ | પુષ્પ | ઉ.ફા. | વિશા | પૂષા. | ધનિ | રેવતી | રોહિ | ૮ |
| વજ્ર | ક્ષય | ૫ | આશ્લે | હસ્ત | અનુ | ઉ.ષા. | શત | અશ્વી | મૃગ | ૯ |
| મુદ્ગર | ધનનાશ | ૫ | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | અભિ | પૂ.ભા | ભરણી | આર્દ્રા | ૧૦ |
| છત્ર | રાજમાન | ૦ | પૂ ફા. | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉ.ભા | કૃત્તિકા | પુનઃ | ૧૧ |
| મિત્ર | પુષ્ટિ | ૦ | ઉ ફા. | વશા | પૂ. ષા. | ધનિ | રેવતી | રોહિ | પુષ્ય | ૧૨ |
| માનસ | સુખ | ૦ | હસ્ત | અનુ | ઉં. ષા | શત | અશ્વી | મૃગ | આશ્લે | ૧૩ |
| પદ્મ | ધનનાશ | ૪ | ચિત્ર | જ્યેષ્ઠા | અભિ | પૂ.ભા | ભરણી | આર્દ્રા | મઘા | ૧૪ |
| લુંબક | ,, | ૪ | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉ.ભા. | કૃત્તિકા | પુનઃ | પૂ ફા. | ૧૫ |
| ઉત્પાત | પ્રાણહા | ૬૦ | વિશા | પૂ ષા. | ધનિ | રેવતી | રોહિ | પુષ્ય | ઉ. ફા | ૧૬ |
| મૃત્યુ | મૃત્યુ | ૬૦ | અનુ. | ઉ. ષા | શત | અશ્વી | મૃગ | આશ્લે | હસ્ત | ૧૭ |
| કાણ | કલેશ | ૨ | જ્યેષ્ઠા | અભિ | પૂભા. | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | ૧૮ |
| સિદ્ધિ | કાર્યસિ | ૦ | મૂળ | શ્રવણ | ઉ.ભા | કૃત્તિકા | પુનઃ | પૂફા. | સ્વાતિ | ૧૯ |
| શુભ | કલ્યાણ | ૦ | પૂ ષા | ધનિ | રેવતી | રોહિ | પુષ્ય | ઉફા. | વિશા | ૨૦ |
| અમૃત | રાજમા | ૦ | ઉ ષા | શત | અશ્વી | મૃગ | આશ્લે | હસ્ત | અનુ | ૨૧ |
| મુસળ | ધનનાશ | ૨ | અભિ | પૂ.ભા. | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | ૨૨ |
| ગદ | ક્ષય | ૭ | શ્રવણ | ઉ ભા | કૃતિકા | પુનઃ | પૂ. ફા | સ્વાતિ | મૂળ | ૨૩ |
| માતંગ | વૃદ્ધિ | ૦ | ધનિ | રેવતી | રોહિ | પુષ્ય | ઉં. ફા | વિશા | પૂ. ષા | ૨૪ |
| રાક્ષસ | કષ્ટ | ૬૦ | શત | અશ્વી | મૃગ | આશ્લે | હસ્ત | અનુ. | ઉ. ષા | ૨૫ |
| ચર | નાશ | ૦ | પૂ ભા | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | અભિ | ૨૬ |
| સ્થિર | શ્રેષ્ઠ | ૦ | ઉ ભા | કૃતિકા | પુનઃ | પૂ ફા. | સ્વાતિ | મૂળ | શ્રલણ | ૨૭ |
| વર્ધમા | શભ | ૦ | રેવતી | રોહિ | પુષ્ય | ઉફા. | વિશા | પૂ. ષા | ધનિ | ૨૮ |

* (ત. ઘ. એટલે તજવાની ઘડીઓ)

ફાગણ માસની પુનમે મઘા નક્ષત્ર પુરેપુરૂં હોય તો ચારે માસ સુકાળ થાય. પણ તેલ ઘી વગેરે મોંઘું વેચાય.

અષાઢ માસની પુનમે મૂલ અથવા પૂર્વાષાઢા નક્ષત્ર હોય તો દુકાળ પડે, પણ ઉત્તરાષાઢા હોય તો સુકાળ થાય.

પોષ વદિ પાંચમે શતભીષા નક્ષત્ર હોય અને સર્વ દિશાના વાયુ વાય તો દુકાળ પડે.

પોષ શુદિ ૭, ૮ કે ૯ ને દિવસે ટાઢ ઘણી પડે તો ચોમાસામાં વરસાદ થવાનો ગર્ભ બંધાયો એમ જાણવું.

પોષ વદિ આઠમને દિવસે વાદળાં થાય તો સર્વ દેશમાં સુકાળ થાય.

પોષ વદિ અમાસે રવિવાર હોય તો પૃથ્વીમાં ઉત્પાત થાય.

મહા વદિ અમાસના દિવસે આઠે દિશાના વાયુ હોય તો અષાઢ માસમાં વરસાદ ઘણો સારો થાય.

## સંક્રાંતિ પ્રમાણે વરસાદનો વિચાર

કારતક માગશરમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો આજનો ભાવ ટકી રહે. પોષ મહા માસમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો અનાજ બહુ પાકે. ફાગણ, ચૈત્ર વૈશાખ, જેઠમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો રાજા પ્રજા સુખી થાય. અષાઢ શ્રાવણમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો પ્રજામાં રોગ થાય. ભાદરવામાં સંક્રાંતિના દિવસે વરસાદ થાય તો પ્રજામાં અશાંતિ રહે. આસો માસમાં સંક્રાંતિના દિવસે વરસાદ થાય તો પ્રજાઓ સુખી રહે.

## સંક્રાંતિ બદલાય તે દિવસે જે વાર હોય તેનું ફળ

ચૈત્ર મહિનામાં મેષ સંક્રાંતિ-બુધ, ગુરૂ કે શુક્રવારે જો બેસે તો સુકાળ, અને પ્રજા સુખી થાય. રવિ કે મંગળવારે જો બેસે તો કેસર, દાંત, મજીઠ મીણ સિંદુર વિગેરે વસ્તુ મોંઘી થાય. શનિવારે બેસે તો જગતને ભય કરે.

વૈશાખ માસમાં વૃષભ સંક્રાંતિ-સોમ, બુધ કે ગુરૂવારે આવે તો પ્રજાને સુખ થાય, શુક્રવારે અન્ન સારૂં પાકે, શનિ કે મંગળવારે હોય તો પ્રજાને પીડા થાય, રવિવારે હોય તો લોકોમાં ઝાડાનો રોગ થાય.

જેઠ માસમાં મિથુન સંક્રાંતિ બુધવારે આવે તો લોકોમાં ઉત્સાહ વધે, રવિ મંગળ કે શનિવારે હોય તો પ્રજાને કલેશ થાય, સોમ, ગુરૂ કે શુક્રવારે હોય તો દરેક ચીજોની સોંઘવારી થાય.

અષાઢ માસમાં કર્ક સંક્રાંતિ-રવિવારે આવે તો અન્ન મોંઘું થાય, સોમવારે આવે તો પ્રજા સુખી થાય, અને ઘી તેલ વિગેરે રસકસ સસ્તાં થાય, મંગળવારે કે શનિવારે આવે તો દેશમાં લડાઇ અને લોકોને ભય થાય. બુધવારે આવે તો દેશમાં સોનું રૂપું મોંઘું થાય, અને બીજી વસ્તુ સરખા ભાવે રહે, ગુરૂવારે આવે તો ગોળ સોંઘો થાય, શુક્રવારે આવે તો લોકોમાં લડાઈ થાય.

શ્રાવણ માસમાં સિંહ સંક્રાંતિ રવિ, સોમ, બુધ કે ગુરૂવારે આવે તો વરસાદ સારો થાય, અનાજ સસ્તુ વેચાય, અને લોકો સુખી થાય. મંગળવારે આવે તો વરસાદ વધારે

અને લોકોને પીડા તથા છત્ર ભંગ થાય. શુક્રવારે આવે તો ધાન્ય અને ખેતી બગડે, શનિવારે આવે તો મોંઘવારી થાય, તથા પ્રચંડ વાયુ વાય.

ભાદરવા માસમાં કન્યા સંક્રાંતિ–સોમ, મંગળ કે શનિવારે આવે તો લોકો દુઃખી થાય, અને અનાજ મોંઘું થાય. બુધવારે આવે તો લોકો દુઃખી થાય, પણ અનાજ સસ્તુ થાય, રવિ ગુરૂ કે શુક્રવારે આવે તો ઘઉં જાર અડદ ચણા વિગેરે સારાં થાય.

આસો માસમાં તુલા સંક્રાંતિ–રવિ કે મંગળવારે આવે તો લોકોને ભય, તથા બીજો રાજા લશ્કર લઈ દેશ ઉપર યુદ્ધ કરવા આવે.

ફાગણ માસમાં મીન સંક્રાંતિ–રવિ મંગળ કે શનિવારે હોય તો મોતી, મીણ, પરવાળાં, કપાસ, રૂ, ઘી વિગેરે રસકસ મોંઘા થાય. સોમ બુધ કે શુક્રવારે આવે તો સુકાળ, અને ગુરૂવારે આવે તો લોકોમાં પીડા થાય.

## વરસાદમાં આવતા ચાર સ્તંભોની સમજ

ચૈત્ર શુદ પડવાને દિવસે રેવતી નક્ષત્ર હોય તો પાણીનો સ્તંભ, વૈશાખ શુદ પડવાને દિવસે ભરણી નક્ષત્ર હોય તો ઘાસનો સ્તંભ, જેઠ શુદિ પડવાને દિવસે મૃગશીર નક્ષત્ર હોય તો વાયુનો સ્તંભ અને અષાઢ શુદિ પડવાને દિવસે પુનર્વસુ નક્ષત્ર હોય તો અનાજનો સ્તંભ જાણવો. વરસમાં જેમ વધારે સ્તંભ હોય તેમ સારૂ જાણવું.

## સંવત ઉપરથી શુભાશુભ ફલ—

વિક્રમ સંવતને ત્રણે ગુણી પાંચ ઉમેરીને સાતથી ભાંગવા.

જો ૧ શેષ રહે તો પ્રજામાં પીડા, ૨ રહે તો સુકાળ, ૩ શેષ રહે તો દુષ્કાળ, ૪ રહે તો ભય, ૫ અથવા ૬ શેષ રહે તો જગતમાં પીડા,અને ૦ શેષ રહે તો પ્રજાઓમાં ઉપદ્રવ થાય.

## સુકાળ જોવા માટે વરસનાં ચિહ્નની સમજ

માગશરમાં પવન, માહમાં ટાઢ, ફાગણમાં પવન, ચૈત્રમાં આકાશ નિર્મળ, વૈશાખમાં પંચરંગી વાદળાં અથવા વરસાદના છાંટા, જેઠમાં ઘણો તાપ, અને આદ્રામાં વરસાદ; આ પ્રમાણે જો થાય તો સુકાળ થાય.

સોમવારે—લોકો પૈસે ટકે સુખી થાય, પણ રાજાઓમાં ક્લેશ થાય. બુધવારે આવે તો અનાજ કપાસ અને સુગંધી વસ્તુ સસ્તી થાય, શનિવારે—અનાજ મોંઘું વેચાય.

કારતક માસમાંવૃશ્ચીકસંક્રાંતિ—રવિવારેઆવે તો છત્રભંગ થાય, અને લોકોને કષ્ટ થાય. શુક્રવારે—ઘી, મગ ચોખા સસ્તા થાય, બીજું બધું સરખા ભાવે રહે. શનિવારે આવે તો વરસાદથી ખેતી બગડે.

માગશર માસમાં ધન સંક્રાંતિ—રવિવારે આવે તો લોક સુખી થાય મંગળવારે આવે તો પૃથ્વી કંપે, બુધવારે ઝાડનો રોગ થાય ગુરૂવારે લોકોને આનંદ, શુક્રવારે સ્ત્રીઓને આનંદ થાય. શનિવારે લોકોમાં રોગ થાય.

પોષ માસમાં મકર સંક્રાંતિ રવિવારે આવે તો ઘી અને અનાજના વ્યાપારમાં પુષ્કળ લાભ થાય, મંગળવારે અનાજ મોંઘું થાય બુધ કે શનિવારે બધી વસ્તુ સસ્તી થાય ગુરૂ કે

સોમવારે આવે તો બધી વસ્તુ સરખા ભાવે રહે અને લોકો સુખી થાય. શુક્રવારે આવે તો અનાજના વ્યાપારમાં લાભ સારો થાય.

મહા માસમાં કુંભ સંક્રાંતિ રવિવારે આવે તો રાજાઓમાં લડાઈ થાય, સોમ બુધ કે ગુરૂવારે આવે તો અનાજ મોંઘાં વેચાય, પણ બીજે મહિને મધ સાકર વિગેરે રસકસના વેપારમાં લાભ થાય, શુક્રવારે હોય તો સરખા ભાવ રહે શનિવારે હોય તો રાજાઓમાં લડાઈ થાય, તેમાં શૂરા યોદ્ધાઓનો નાશ થાય.

અષાઢ માસમાં પુનમે સોમવારે હોય, પૂર્વ દિશાનો પવન વાય, દિવસે રાતાં વાદળાં રહે, અને રાત્રે આર્દ્રા બેસે, મૃગશીર તથા કૃતિકા નક્ષત્ર ઉપર સૂર્ય હોય અને છાંટા થાય તો ચોમાસામાં વરસાદ થાય.

## દુકાળ જોવા માટે વરસનાં ચિહનની સમજ

મહા માસમાં ટાઢ ન પડે અને આર્દ્રા ન વરસે તો દુકાળનું ચિહ્ન સમજવું, તેમ જ મંગળ સૂર્યની આગળ ચાલે તો વરસાદ થાય નહીં, પણ પાછળ હોય તો સારો વરસાદ થાય.

## ગ્રહોના યોગથી વરસાદનો યોગ—

બુધ ગુરૂ એક જ રાશિમાં હોય તો વરસાદ સારો થાય, ચંદ્ર ગુરૂ શુક્ર એ ત્રણ ગ્રહો એક રાશિમાં હોય તો દરેક ઠેકાણે સારો વરસાદ થાય, ગુરૂ શુક્ર એ બે ગ્રહો એક રાશિમાં હોય તો વરસાદ ઘણો થાય, પણ કોઇ દેશમાં યુદ્ધનો સંભવ રહે.

એક રાશિમાં પાંચ ગ્રહો ભેગા હોય તો કોઈ મોટા માણસનું કે રાજાનું મરણ થાય, અથવા ઘણા વરસાદથી દેશમાં નુકશાન થાય, સાત ગ્રહો એક રાશિમાં ભેગા થાય તો અશાંતિ, છત્રભંગ, દુકાળ, કે કોઈ રાજાનું મરણ થાય. સૂર્ય મંગલ રાહુ અને શનિ એક રાશિમાં આવે તો પૂર્વ દેશમાં ઉપદ્રવ થાય. સૂર્ય ચંદ્ર, શનિ અને રાહુ એક રાશિમાં આવે તો કોઇ રાજાનું મરણ થાય. ચંદ્ર, મંગલ, ગુરૂ, શનિ અને રાહુ એક રાશિમાં આવે તો પ્રજામાં રોગ થાય. સૂર્ય મંગલ અને શુક્ર એક રાશિમાં હોય તો મોંઘવારી થાય.

## ચંદ્રમા ઉગે તે ઉપરથી સારૂં કે ખરાબ ફળ જોવાની સમજ

ચંદ્રમા બન્ને તરફ સરખી રીતે ઉગે તો બધી વસ્તુ સસ્તી થાય, દક્ષિણ તરફ ઉંચો હોય તો દુકાળ, અને ઉત્તર તરફ ઉંચે રહે તો સુકાળ થાય.

## ખરાબ તિથિ, વાર અને નક્ષત્રના યોગમાં માંદા થયેલા માણસને રોગ મટશે કે કેમ ? અને કયારે ? તેની સમજ

ખરાબ કહેલા વારમાં જો રોગ થાય તો ૭ દિવસે મટે, ખરાબ તિથિમાં અને વારના યોગમાં રોગ થાય તો ૨૧ દિવસે મટે, અને ખરાબ કહેલા નક્ષત્રમાં અને તિથિના યોગમાં જો રોગ થાય તો એક મહિને મટે. પરંતુ આર્દ્રા, પૂર્વા ફાલગુની, પૂર્વાષાઢા, પૂર્વા ભાદ્રપદ, આશ્લેષા, સ્વાતિ, મૂલ અને શતભિષા

આ નક્ષત્રો; તથા રવિવાર, મંગળવાર અને શનિવાર આ વાર અને તિથિઓના યોગમાં રોગી માંદો પડે તો ઘણા ઉપાય કરવાથી રોગ મટે પણ ઉપર કહેલા નક્ષત્રો, ચોથ, છઠ, આઠમ અથવા ચૌદશે હોય અને તે નક્ષત્રો, અને તિથિના યોગમાં રોગી માંદો થાય તો તેને બચવાની આશા કઠણ જાણવી પરંતુ પાંચમ ને સોમવારે, ચોથ ને શુક્રવારે અને બીજ ને ગુરૂવારે જો રોગી માંદો પડે તો તેને મટશે નહિ એમ જાણવું.

# ભડલીની સાખીઓ

## ૧ કાર્તિક માસની સાખી

કાર્તિક શુદિ પડવા દિને, હોયે જો બુધવાર;
વરસ હોય તે કરવરૂ ન કરીશ વળી વિચાર.
દીવા વીતી પંચમી, આવે આદિતવાર;
ધન કણ રાખી સંગ્રહો, જગના સકળ નરનાર.
માળવડે મરકી થશે, દક્ષિણમાં ઉત્પાત;
પૂર્વે વિગ્રહ જાગશે, ખળભળશે ગુજરાત.
કાર્તિક શુદિ એકાદશી, વાદળ વીજળી હોય;
આષાઢે ભડલી કહે, વરખા સાચે જોય.
કાર્તિક પૂનમે કૃતિકા, અદકી હોયે જેમ;
પળો વધે જે વરસમાં, ભારે વરખા તેમ.

## ૨ માર્ગશીર્ષ માસની સાખી

જ્યેષ્ઠા માર્ગશીર્ષમાં, વળી તપે જો મુળ;
બોલે ભડલી એમ જે, નીપજે અન્ન અતુલ.
માર્ગશીર્ષ આઠમ ઘટા, વીજ સમેતી હોય
તો શ્રાવણ વરસે ભલો, સાખ સવાઈ જોય.

## ૩ પોષ માસની સાખી

પોષ માસની સાતમે, નસે પાણી નવ હોય;
તો વરસે આર્દ્રા સહી, જળ સ્થળ એક જ જોય.
પોષ વદી જો સાતમે, આભ વીજળી છાય,
શ્રાવણ શુદિ પૂર્ણિમા, નિશ્ચય વરસા થાય.
પોષ વદિ દશમી દીને, વાદળ ચમકે વીજ;
પુનમ અમાસે શ્રાવણે, જળ વરસે ધરી ખીજ,
પોષ અમાસે મૂળથી, સારા ચારે માસ;
નિશ્ચય બાંધો ઝુંપડાં, વસો સુખેથી વાસ.
શનિ આદિત્ય ને મંગળે, પોષ અમાસે હોય;
બમણા ત્રમણા ચોગણાં, ધાન્ય મોંઘા હોય,
સોમ શુક્ર ને સુરગુરુ, પોષ અમાસે હોય;
ઘર ઘર હોય વધામણાં, બૂરા ન માને કોય,
ધનનો સૂરજ હોય તવ, મૂળદિક નવ રક્ષ;
મેઘ સહિત જો જોઈએ, વરસા તો પ્રત્યક્ષ.

## ૪ માઘ માસની સાખી

મહા અજવાળી બીજ દિન, વાદળ વીજળી જોય;

તો ભાખે ભડલી ખરૂં, અનાજ મોંઘાં હોય.
અજવાળી ત્રીજને દીને, વાદળ વીજળી પેખ;
ઘઉં જવનો સંગ્રહ કરો, મોંઘુ હશે જ દેખ.
ગાજે નહિ મહા છઠ દિને, મોંઘો હોય કપાસ;
સાતમ પેખો નિર્મલી તો નવ સારી આશ.
મહા શુદિ સપ્તમી, જો સૂર્ય નિર્મળો હોય;
ભડલી ભાખે એમ જે, જળ વીણુ પૃથ્વી જોય.
સપ્તમી મહાની ઉજળી, વાદળી મેઘ કરંત;
અષાઢમાં ભડલી કહે, ઘણો મેઘ વરસંત.
મહા શુદિ જો સપ્તમી, હેમ વીજળી હોય;
વરસે ચારે માસમાં, શોચ કરો નવ કોય.
મહા નવમી નીરમળી, તો શુકો અષાઢ;
કણ વેચી પોતુ કરી, ભડલી કહે દુ:ખ કહાઢ.
અથવા નવમી નીરમળી, વાદળ કરે વિશાળ;
ભાદરવે જળ આવશે સરોવર ફોડે પાળ.
અથવા નવમી નીરમળી, વાદળ રેખ ન જોય,
તો શ્રાવણ સુકો જશે, મેહ બુંદ નવ હોય.
મહા નવમીનો ચંદ્રમાં, મંડળ સહિત તે વાસ;
અષાઢમાં તો વરસશે, મુકીશ નહિ વિશ્વાસ.
વાદળ મહા શુદિ પૂનમે, ઝાઝા પહોર જ હોય;
ચોમાસાના ચારમાં, ક્રમથી મોંઘા જોય.
મહા શુદિ પૂનમ દિને, ચંદ્ર નિર્મળો હોય;

પશુ વેચો કણ સંઘરો, કાળ હળાહળ સોય.
મહા અંધારી સાતમે, મેઘ વિજ ચમકંત;
માસ ચારે વરસશે, ન કરો કો પણ ચંત.
અંધારી નવમી મહા, મુળ અર્ક જો વાર;
ભાદરવા નવમી વદિ, વરસે જળ નિરધાર.
અમાસ વાદળું હોય તો કંઈ ભાતે વેચાય;
ભાદરવાની પુનમે, ચાર પહોર વરસાય.

## ૫ ફાલ્ગુન માસની સાખી

ફાગણને પડવે વળી શતભિષા કંઈ હોય;
તો તો કાળ પડે નક્કી, કહે સુકાળ ન કોય.
ફાગણ શુદિની સપ્તમી, આઠ નોમ ગાજંત;
અમાવાસિયા ભાદ્રવી, વરસા તો વરસંત.
મંગળવારી અમાસ ને ફાગણ ચેતી જોય;
પશુ વેચો કણ સંગ્રહો, પોષ દુકાળો હોય.
શુક્ર અસ્ત જો હોય વળી, કદી પણ ફાગણ માસ;
ભડલી હું કહું છું તને, કણબી ન પીયે છાસ;
પાંચ મંગળો ફાગણો, પોષ પાંચ શનિવાર.
કાળ પડે ભડલી કહે, વિરલા જીવે ધાર.

## ૬ ચૈત્ર માસની સાખી

ચૈત્રે દશ નક્ષત્ર જો, વાદળ વીજળી હોય;
ભડલી તો એમ જ ભણે, ગર્ભ ગળ્યા સૌ કોય.
તિથિ વધે તો તૃણ વધે નક્ષત્રે બહુ ધાન;
યોગ વધે તો રોગ બહુ, પહેલે દિન એ માન.

ચૈત્રી પહેલી પંચમી, વરખા કિંવા વીજ;
સાતમે શ્રવણુ હરે, નોમે ભાદર લીજ.
પુનમ દિને પડધા પડે, કોરા ચારે માસ;
ભડલી હું તુજને કહું, શી જીવ્યાથી આશ.
ચૈત્રી પુનમને દિને, બુધ સોમ ગુરૂવાર;
ઘર ઘર હોય વધામણાં, ઘર ઘર મંગળ ઉચાર.
ચૈત્ર માસ દશ કૃષ્ણુકા, જો કબુ કોરા જાય;
તો ચોમાસે વાદળાં, ભલી બાત વરતાય.

## ૭ વૈશાખ માસની સાખી

વૈશાખી પડવા દિને, વાદળ વીજ કરેહ,
દાણા વેચી ધન કરો, પુરી શાખ ભરેહ.

## ૮ જયેષ્ઠ માસની સાખી

જયેષ્ઠ બીજે ગરજીઓ, જો અજવાળી પક્ષ;
ગર્ભ ગળ્યા સહુ પાછલા, કહું તુજને પ્રત્યક્ષ.
દશમી જયેષ્ઠ માસની, આવે રવિવાર;
પાણી ન પડે જન મરે, દુકાળ ભડલી ધાર.
સ્વાતી વિશાખા ચિત્રિકા, જયેષ્ઠ શું કોરા જાય;
ગર્ભ ગળ્યા પુઠના સહુ, વણિક શાખ મીટાય.

## ૯ અષાઢ માસની સાખી

અષાઢ શુદિ પંચમી, જો ઝબુકે વીજ;
દાણા સર્વે વેચીને, રાખો બળદ ને બીજ.
શુદિ અષાઢી પંચમી, ગાજત ધન ઘનઘોર;
ભડલી કહે તો જાણજે, મધુરો મેઘાસોર.

શુદિ અષાઢી સપ્તમી, શશી જો નિર્મળ દેખ;
જા પીયુ તું તો માળવે, ભીખ માંગવી પેખ.
નવે અષાઢી વાદળે, જો ગરજે ઘનઘોર;
ભડલી ભાખે જોસથી, કાળ તણું ઘણું જોર.
અષાઢ શુદિ નવમી દિને, નિર્મળ ઊગે સુર;
ભરે બહુ આભાં કરે; મેહ હોય ભરપૂર.
જાણ ખરૂ ભડલી કહે, માસ ચાર વરસેય;
શોચ ન હવે કો કારો, જોશી શુંજ કરેય.
અષાઢી પૂનમ દિને, વાદળ ભીનો ચંદ્ર;
તો ભડલી જોશે કહે, સઘળા નર આનંદ,
અષાઢી પૂનમ કહી, નિરમળ ચંદ્ર ભાસ;
પીયુ તું તો જા માળવે, હું દુઃખમાં કરું વાસ

## ૧૦ શ્રાવણ માસની સાખી

શ્રાવણ શુકલા સપ્તમી, સ્વાતીનો જો યોગ;
બાર નીર ને અન્ન ઘણાં, ઝડપાયા સંજોગ.
ચિત્રા સ્વાતી વિશાખડી, શ્રાવણ નવ વરસંત;
અન્ન તુરત સહુ સંગ્રહો, બમણું મુલ કરંત.
કર્કજ ભિંજે કાંકરો, સિંહ અભીનો જાય;
ભડલી તો એમ જ ભણે, કીડી ફરી ફરી ખાય.

## ૧૧ ભાદ્રપદ માસની સાખી

ભાદરવા શુદિ પંચમી, યોગ સ્વાતિને હોય,
શુભ જોગે એ બે મળે, મંગળ વરતે જોય.

ઉત્તમ સ્ત્રી–પુરૂષોનાં લક્ષણો આ મુજબ હોય છે. લક્ષણો જોવામાં પ્રાયઃ સ્ત્રીનું ડાબુ અંગ અને પુરૂષનું જમણું અંગ જોવું—

અત્યંત પુણ્યશાળી મનુષ્યોને છત્ર, કમળ, ધનુષ્ય, રથ, વજ્ર, કાચબો, અંકુશ, વાવ, સ્વસ્તિક, તોરણ, તળાવ, સિંહ વૃક્ષ, ચક્ર, શંખ, હાથી, સમુદ્ર, કળશ, પ્રાસાદ, મત્સ્ય, જવ, યજ્ઞસ્તંભ, ચોતરો, કમંડલુ, પર્વત, ચામર, દર્પણ, બળદ, ધ્વજા, અભિષેક સહિત લક્ષ્મી, માળા અને મયુર-એ બત્રીશ લક્ષણો હોય છે; વળી તેવા પુણ્યશાળીઓને નખ, ચરણ, હાથ, જીભ, હોઠ, તાલુ અને નેત્રના છેડાઓએ સાત વાના લાલ રંગના હોય છે. હૃદય, કંઠ, નાસિકા, નખ તથા મુખ એ પાંચે ઉંચા હોય છે. દાંત, ત્વચા–ચામડી, કેશ, આંગળીઓનાં પર્વો અને નખ–એ પાંચ સૂક્ષ્મ હોય છે, આંખો, હૃદય, નાસિકા, હડપચી અને હાથ એ પાંચ લાંબા હોય છે, કપાળ છાતી અને મુખ–એ ત્રણ વિશાળ હોય છે, કંઠ, જાંઘ અને પુરૂષચિન્હ–એ ત્રણ નાના હોય છે તથા સ્વર અને નાભિ ગંભીર હોય છે. જેવાં નેત્ર હોય તેવું શીલ હોય. જેવી નાસિકા તેવા પ્રકારની સરલતા હોય. રૂપ પ્રમાણે ધન હોય અને જેવું શીલ હોય તેવા ગુણો જાણવા.

જે માણસના હાથનું તળિયું રેખા વિનાનું અથવા ઘણી રેખાવાળું હોય, તે માણસ અલ્પ આયુષ્યવાળો, નિર્ધન અને દુઃખી હોય એમાં સંશય નથી. જે માણસની ટચલી આંગળી અનામિકાની અંત્ય રેખાથી અધિક હોય તેને ધનની

વૃદ્ધિ થાય તથા મોસાળમાં પક્ષ મોટો હોય, મણિબંધનથી (કાંડાથી) પિતાની રેખા, તથા હથેળીની નીચેની (ટચલી આંગળી અને કાંડાની વચ્ચેના ભાગથી) ધન અને આયુષ્યની રેખા ચાલે છે, ત્રણે રેખાઓ તર્જની અને અંગુઠા વચ્ચે જાય છે. તે ત્રણે રેખાઓ જેમને સંપૂર્ણ તથા દોષ રહિત હોય તેઓનાં ગાત્ર, ધન તથા આયુષ્ય સંપૂર્ણ જાણવાં. આયુષ્યની રેખાથી જેટલી આંગળી ઓળંગાય તેટલા તેટલા પચ્ચીશ પચ્ચીશ વર્ષોનું આયુષ્ય પંડિત લોકોએ જાણવું.

અંગુઠાના મધ્ય ભાગમાં જો જવ હોય તો વિદ્યા, પ્રખ્યાતિ અને ધન મળે. વળી જો તે જમણા અંગુઠામાં હોય તો શુકલ પક્ષમાં જન્મ જાણવો.

લાલ આંખોવાળાને સ્ત્રી તજતી નથી. સોના સરખી પીળી કાંતિવાળાને ધન તજતું નથી. લાંબા હાથવાળા મોટાઈ તજતી નથી અને પુષ્ટ માણસને સુખ તજતું નથી. આંખોમાં ચીકાશ હોય તો સૌભાગ્ય મળે. દાંતમાં ચીકાશ હોય તો ઉત્તમ ભોજન મળે. શરીરમાં ચીકાશ હોય તો સુખ મળે. પગમાં ચીકાશ હોય તો વાહન મળે. જેની છાતી વિશાળ હોય તે ધન અને ધાન્યનો ભોગી હોય, જેનું મસ્તક વિશાળ હોય તે રાજા થાય. જેની કેડ વિશાળ હોય તે હંમેશા સુખી હોય.

જેને આયુષ્ય રેખાને છેડે એટલે એ રેખાથી ઉપર બીજી રેખા ફૂટી હોય, અને તે આયુષ્ય રેખાની સાથે લાગેલી હોય તો તે ઘોડાથી પડે. આયુષ્ય રેખાના મૂળથી બીજી વાંકી રેખા નીકળી હોય તો તે ઘોડાના અથવા હાથીના દાંતથી નાશ પામે આયુષ્ય રેખાની મધ્યમાં બીજી બે રેખા પડી હોય, એક

લાંબી અને બીજી ટુંકી હોય, તો તે મેડીથી પડે આયુષ્ય રેખાની નીચે રાતી રેખા હોય તો તે ઋતુવિકાર કરે, ધોળી હોય તો ગડ–ગુંમડાં થાય. આયુષ્ય રેખાની મધ્યમાં બિંદુ પડયો હોય તો તેને સન્નિપાત થાય. અંગુષ્ટ રેખા વચ્ચેની જેટલી રેખા નાની હોય તેટલી તેને દીકરીઓ હોય, જેટલી મોટી હોય તેટલા દીકરા જાણવા. જેટલી છેકાયેલી હોય તેટલા સંતાન નાશ પામે એમ જાણવું. એ રેખાઓને કેટલાકો ભાઈ બહેનની રેખા પણ કહે છે.

આયુષ્ય રેખાથી આંગળી સન્મુખ જે પ્રમાણમાં રેખાઓ જાય તેટલા પ્રમાણમાં ધન–સંપદાની વૃદ્ધિ થાય.

જેને છિદ્રવાળી આંગળીઓ હોય; એટલે આંગળીઓ ભેગી કરવા છતાં સ્વયં છુટી જ રહેતી હોય તો એ દરિદ્ર–નિર્ધન થાય. પરંતુ આંગળીઓ લાંબી કરતાં પોતાની મેળે મળી જતી હોય, છતાં વચ્ચેના વેઢાથી નીચે થોડા થોડા છિદ્રો દેખાતાં હોય તો તે ધનવાન તથા દાતા થાય. અનામિકા આંગળીની રેખાથી ઉંચી ટચલી આંગળી લાંબી હોય તો વેપારમાં ઘણો લાભ મળે. આયુષ્ય રેખાથી વચમાં કાળી રેખા હોય તો અગ્નિથી અથવા કોઇપણ સ્ત્રી તરફથી ભય થાય, નિંદા થાય અથવા પાણીથી ડુબી મરણ પામે. આયુષ્ય રેખાને છેડે નજીકમાં ચોકડી હોય તો ઘોડાથી કે બળદથી પડે જો જમણા હાથની ટચલી આંગળી ડાબા હાથની ટચલી આંગળીથી લાંબી હોય તો અજવાળીયા પક્ષમાં જન્મ થયો છે એમ જાણવું અને જો એથી વિપરીત હોય તો અંધારીયા પક્ષમાં જન્મ સમજવો.

આયુષ્ય રેખામાં તર્જની આંગળીની બાજુમાં અંગુઠાની અને પિતાની રેખા વચ્ચે જો રાતો કે કાળો બિંદુ હોય તો અગ્નિથી બળે. પિતાની રેખા સામે અંગુઠા વચ્ચે ચોકડી હોય તો પ્રથમ વયમાં સુખી, મધ્યમાં હોય તો વચલી વયમાં સુખી અને છેડે હોય તો છેલ્લી વયમાં સુખી થાય.

## તલ વિચાર.

સ્ત્રીને ડાબે પડખે અને પુરૂષને જમણે પડખે કાળા તલ હોય તો સારા સ્ત્રીના માથામાં કાળો તલ હોય તો રાજાની રાણી થાય, કપાળે હોય તો મોટું સ્થાન મળે, નાકે હોય તો સુગંધિ વસ્તુ મળે. ગાલ ઉપર હોય તો સુખી થાય. હોઠે હોય તો કલહકારી થાય જીભે હોય તો હંમેશાં ઉત્તમ ભોજન મળે. ખભા ઉપર હોય તો ઘણી દીકરી થાય, કાને હોય તો શાસ્ત્ર સાંભળવા ભણવા ગમે. કંઠમાં હોય તો ઘણાં આભૂષણો પામે. ભુજાએ હોય તો કુટુંબને વહાલી લાગે. હથેળીમાં હોય તો ધનવાન થાય અને આયુષ્ય ઘણું હોય જે સ્ત્રીને છાતીમાં જમણી બાજુએ રાતો તલ હોય તેને પતિનું સુખ ઘણું હોય જમણા સ્તન ઉપર રાતો તલ હોય તો સર્વ રીતે સુખ પામે અને પગે રાતો તલ હોય તો ભ્રમણ કરે.

## ફોડકીયું, તલ, લાખુ, લસણ, મસ શરીરમાં હોય તેનું ફલ

મસ્તકમાં હોય તો ધન તથા સૌભાગ્ય બન્ને ભ્રકુટિમાં હોય તો દરિદ્ર, બંને ભ્રકુટિની મધ્યમાં હોય તો શોક કરાવે.

આંખના પોપચા ઉપર કે આંખો ઉપર હોય તો આંખને નુકસાન થાય નહિં. લમણા ઉપર હોય તો સંન્યાસી બને. આંસુ પાડવાની જગ્યાએ હોય તો ચિંતા કરાવે. નાક અને ગાલ ઉપર હોય તો પુત્ર અને વસ્ત્ર વિગેરેની પ્રાપ્તિ કરાવે હોઠ ઉપર કે દાઢી નીચે હોય તો ધાન્યનો લાભ થાય. લલાટમાં હોય તો ઘણું ધન મળે. બંને જડબા કે ગાલ ઉપર હોય તો ભૂષણ અને માન અપાવે. કાન ઉપર હોય તો બ્રહ્મજ્ઞાન થાય. માથાની સંધિમાં હોય કે ડોક ઉપર હોય તો શસ્ત્રથી ઘાત થાય. હૃદયમાં હોય તો પુત્ર પૌત્રનો લાભ થાય. સ્તનના પડખે હોય તો શોક કરાવે. છાતીમાં હોય તો પ્રિય વસ્તુનો લાભ. ખભા ઉપર હોય તો ભિક્ષાવ્રતી. કાંખમાં હોય તો ધનવાન થાય. પીઠ, વાંસા કે બંને બાહુમાં હોય તો દુઃખ અને શત્રુનો નાશ કરાવે. મણીબંધમાં હોય તો મનોનિગ્રહવાળો થાય. મણીબંધથી લઈ કોણી સુધીમાં હોય તો આભૂષણ વિગેરે સમૃદ્ધિ મળે. હથેલીમાં હોય તો ધન મળે આંગળીઓમાં હોય તો ભાગ્યોદય. પેટ પર શોક કરાવે. નાભી પર હોય તો ઉત્તમ ભોજન વારંવાર પામ્યા કરે. નાભીની નીચે હોય તો ચોરથી ધન લુંટાય. પેઢુમાં હોય તો ધન ધાન્ય મળે. ગુહ્યમાં હોય તો સ્ત્રી લાભ થાય. ગુદા અને વૃષણમાં હોય તો સદ્‌ગુણી પુત્રો ધન અને સૌભાગ્ય મળે. સાથલમાં હોય તો વાહન લાભ. ગોઠણમાં હોય તો શત્રુઓથી હાનિ. જાંગમાં હોય તો શસ્ત્રથી ભય. પગની ઘુંટીમાં હોય તો મુસાફરી કરવી પડે ક્લેશ થાય. કુલા, પેની, પગમાં હોય તો ધનનો નાશ, પરદેશમાં ભ્રમણ કરાવે. આંગળીઓની વચમાં હોય તો બંધન. અંગુઠા પર હોય

તો જ્ઞાતિજનથી સન્માન મેળવે.

# જ્યોતિષનાં જોડકણાં

## નવ ગ્રહ

રવિ ચંદ્ર મંગળ બુધ, ગુરુ શુક્ર શનિનું યુદ્ધ;
રાહુ કરાવે બુદ્ધિ જુદ્ધ, કેતુ માથા વિણ રહે બુદ....૧
બુધ શુભ એકલો થાય, શુભ ગ્રહ સાથે શુભ કહેવાય;
પાપ ગ્રહ સાથે પાપી ગણાય, ગાડે બેસે તેનાં ગીત ગાય...૨

## ગ્રહોની દશા

સૂર્ય પૂર્વે પશ્ચિમે શનિ, બુધ ઉત્તરે ને મંગળ દક્ષિણે
અગ્નિમાં શુક્ર નૈઋત્યે રાહૂ, ચંદ્ર વાયવ્ય ઈશાન ગરૂઉ....૩

## બાર રાશિ

મેષ વૃષભ ને મિથુન રાશ, કર્ક સિંહ કન્યા તુલા પાસ;
વૃશ્ચિક ધન મકર આ ચાર, કુંભ અને મીન રાશિ બાર....૪

## રાશિનાં સ્થાન

શિરે મેષ મુખમાં વરખ, હાથે મિથુન ને હૃદયે કરક;
સિંહ પેટમાં કન્યા કેડ, લિંગે વૃશ્ચિક તુલા પેટ;
ઝાંઘ ઘુંટલ સુધી છે ધન, મકર પાટલીથી સુધી ઘુંટણ,
બંને જાંઘમાં કુંભ પ્રમાણ, મીન બંને પગમાં પરમાણ...૫

## સારા નરસા રાહુ

ચંદ્ર ગુરુ શુક્ર છે શુભ, મંગળ શનિ રાહુ અશુભ;
રવી ઘાતકી છે બહુ ક્રૂર, કેતુ પાપ છે ગ્રહ જરૂર....૬

## ગ્રહોની જાતિ

રવિ મંગળ ગુરૂ છે નર, નારી જાતિ ચંદ્ર શુક્ર;
બુધ શનિ છે નાન્યતર, રાહુ કેતુ પણ ગણાય નર....૭

## રાશિનાં ગુણ

સિંહ કન્યા તુલા વૃશ્ચિક, દીર્ઘ રાશિ ગણાય ઠીક;
મેષ વૃષભ કુંભ ને મીન, હ્રસ્વ સંજ્ઞા છે સંગીન
ધન મકર અને મિથુન, મધ્યમ સંજ્ઞા તેના ગુણ....૮

## સૂર્ય

આંખ પીળી બાંધો સારો, સાધારણ છે ઉંચો;
પીત પ્રકૃતિવાળા, આછા થોડા વાળે ગુસ્સો....૯

## ચંદ્ર

કોમળ સુંદર મધ્યમ કદનો, વાત પિત્ત કફવાળો;
કોમળ બુદ્ધિ વાણીવાળો, ને સારા વૈભવવાળો....૧૦

## મંગળ

ક્રૂર દૃષ્ટિ ઉંચા કદનો, ઉદાર પિત્ત પ્રકૃતિ;
પેટ પાતળું શરીર જેનું, છે ચંચળ ગુણી અતિ...૧૧

## બુધ

નિરંતર હસ્તો હસ્તો ચાલે, વાત પિત્ત કફવાળો;
શરીર ઠીંગુજી જેવો, ને વળી આકર્ષક રૂપાળો...૧૨

## ગુરૂ

જાડો ને ઠીંગુજી કદનો, આંખો વાળ પીલારો;
શ્રેષ્ઠ બુદ્ધિ ધર્મ પાલક, કફ પ્રકૃતિ ખાંસે...૧૩

## શુક્ર

સુંદર શરીર ને ઉંચ કદનો, સારી આંખોવાળો;
કફ વાયુ પ્રકૃતિ યુક્ત, ને કાળા વાંકા કેશવાળો....૧૪

## શનિ

આળસુ એદી કાળી આંખો, ઉંચો દુર્બળ દેહે;
મોટા જાડા વાંકા ચુંકા, દાંતો રહે મુખમાં....૧૫
જન્મસ્થાનમાં જે જે ગ્રહ જોય તે તે સ્વરૂપી મનુષ્ય જ હોય....૧૬

## રાશીની દિશા

પૂર્વ દિશામાં મેષ સિંહ ધન, વરખ મકર કન્યા દક્ષિણે ગણ;
કુંભ તુલા મિથુન પશ્ચિમે જાણ, કર્ક વૃશ્ચિક મીન ઉદ્ધરે,
પ્રમાણે ૧૭.

## રાશીના સ્વામી

મેષ વૃશ્ચિકનો સ્વામી ભોમ, વૃષભ તુલામાં શુક્રનું જોમ,
મિથુન તુલાનો સ્વામી બુધ, સિંહનો સૂર્ય ચંદ્ર કર્કનો શુદ્ધ,
ધન મિનનો સ્વામી ગુરૂ મકર કુંભનો શનિ ગુરૂ. ૧૮

## નક્ષત્ર

અશ્વિની ભરણી કૃતિકા રોહિણી,
મૃગશીર્ષ આર્દ્રા પુનર્વસુ એ ગણી.
પુષ્ય અશ્લેષા મઘાં એમ દસ,
પૂર્વા ફાલ્ગુની ઉતરા ફાલ્ગુની હસ્ત.
ચિત્રા સ્વાતિ વિશાખા સોળ,
અનુરાધા જ્યેષ્ઠા મૂળનો ગોળ.

ઘનિષ્ઠા શતતારકા પૂર્વા ભાદ્રપદ,
ઉત્તરા ભાદ્રપદ ને રેવતીનો ખેલ,
સત્તાવીસ નક્ષત્રમાં અભિજીતનો મેળ ૧૯

## કુંડળીમાં સ્થાન

પહેલું દેહ, બીજું ધન, ત્રીજું ભાંડું પરાક્રમ,
ચોથું સુખ, પાંચમું પુત્ર, છઠ્ઠું શત્રુદમ, સાતમું સ્ત્રી.
આઠમું આયુષ્ય, નવમું છે ભાગ્ય સ્થાન,
દશમું રાજ્ય અગીઆરમું લાભ બારમું ખર્ચ સ્થાન. ૨૦

એક ચાર સાત દશમું સ્થાન,
ઉત્તમ ગ્રહનું છે કેન્દ્ર સ્થાન,
પાંચ નવમું છે ત્રિકોણ સ્થાન,
બીજા અને નવમાને કહે માર્ક સ્થાન,
છઠ્ઠું આઠમું ને બારમું નેષ્ટ સ્થાન,
નીચ ગ્રહોમાં છે એ સૌ સ્થાન. ૨૧

ગુરુ કર્કનો ઊંચનો જાણ, ગુરુ મકરનો નીચ પ્રમાણ,
ધન મીનનાં સ્વગ્રહી થાય અન્યે ગુરુ મધ્ય ગણાય. ૨૨

શુક્ર મીનનો ઉંચનો જાણ, શુક્ર કન્યાનો નીચ પ્રમાણ,
વરખ તુલામાં સ્વગ્રહી થાય, અન્ય રાશિમાં મધ્યમ ગણાય. ૨૩

શનિ તુલાનો ઉંચનો જાણ, શનિ મેષનો નીચ પ્રમાણ,
મકર કુંભમાં સ્વગ્રહી થાય, અન્યે રાહુ મધ્યમ ગણાય. ૨૪

રાહુ મિથુનનો ઉંચનો જાણ, રાહુ ધનનો નીચ પ્રમાણ,
રાહુ કન્યાનો સ્વગ્રહી થાય, અન્યે રાહુ મધ્યમ ગણાય. ૨૫

કેતુ હંમેશાં નીચ પ્રમાણ, ઉંચ નીચ ગ્રહ સાથે પ્રમાણ,
ઉંચ નીચ ગુણ ત્યાં તેના જાણ કેતુ માથા વીણ ફરે છે માન. ૨૯

## ચંદ્ર વિષે

૧ ચંદ્રમાં ઉગે તે ઉપરથી સારૂં કે ખરાબ ફળ જોવાની સમજ—ચંદ્રમા બે તરફ સરખી રીતે હોય તો બધી વસ્તુ સસ્તી થાય, દક્ષિણ દિશા તરફ ઉંચો હોય તો દુકાળ અને ઉત્તર દિશા તરફ ઉંચો રહે તો સુકાળ જાણવો.

## ચંદ્રનો રકત વર્ણ

૨ મેષ, વૃશ્ચિક તથા સિંહ એટલી રાશિનો ચંદ્ર, સુદ ૧ અથવા સુદ ૨ ના દિવસે પીળી વાદળીમાં દેખાય તો રાજાઓમાં લડાઇ ફાટી નીકળે અથવા માણસો અન્યોઅન્ય લડી મરે, અથવા પ્રજામાં તાપ કે ગરમીના રોગોની પીડા થાય.

## ચંદ્રનો પીત વર્ણ.

૩ કન્યા, મિથુન, ધન તથા મીન એટલી રાશિનો ચંદ્ર સુદ ૧ અથવા સુદ બીજના દિવસે પીળી વાદળીમાં દેખાય તો તે સર્વ રોગનું નિવારણ કરી માણસોને આરોગ્યવાન રાખે છે દરેક રીતે સુખ આપે, પ્રજામાં ધીરધાર સારી રીતે ચાલે તથા ધર્મના કામ સારા કરાવે.

## શ્વેત (ધોળો) વર્ણ

૪ કર્ક, વૃશ્ચિક તથા તુલા, એટલી રાશિનો ચંદ્ર સુદ ૧ અથવા સુદ ૨ ના દિવસે વાદળીમાં દેખાયો હોય તો તે માણસોને ધનનો લાભ કરાવે. ધીરધાર વધારી ધર્મ પુણ્યનાં

કામ કરાવે તથા અન્ન સોંઘું કરે.

### ચંદ્રનો શ્યામ (કાળો) વર્ણ.

૫ મકર તથા કુંભ એ બે રાશિનો ચંદ્ર સુદ ૧ અથવા સુદ બીજના દિવસે કાળી વાદળીમાં દેખાય તો અન્ન તથા રસ કસ મોંઘા કરે, જીવનની હાનિ કરે, મરકી ચાલે અને રોગથી માણસો ટપોટપ મરે.

## કાર્યસિદ્ધ પ્રશ્ન

જે પ્રશ્ન કરે તેના અક્ષરને બમણા કરવા તેમાં એક ઉમેરે પછી આવેલી સંખ્યાને ત્રણે ભાગે.

૧. એક શેષ રહે તો કાર્યસિદ્ધ થાય.

૨. બે શેષ રહે તો કાર્યની હાનિ થાય.

૩. ૦ શુન્ય રહે તો કાર્યનો નાશ થાય.

### મૂઠીમાં પ્રશ્ન ફળ.

કોઇ માણસ મૂઠીમાં ચીજ રાખી પ્રશ્ન કરે, તો પ્રશ્ન બોલનાર અક્ષરોને બમણા કરવા, પછી તેને ત્રણે ભાગવા.

૧. એક શેષ રહે તો જીવ છે એમ કહેવું.

૨. બે શેષ રહે તો ધાતુ પદાર્થ છે, એમ કહેવું.

૩. શુન્ય શેષ રહે તો વનસ્પતિનું મૂળ છે એમ કહેવું.

### પરદેશ ગયા સંબંધી પ્રશ્ન.

પ્રશ્ન કરેલા અક્ષરોને ચાર ગણા કરે. તેને સાતે ભાગે, સુદ–૧ થી વર્તમાન તિથિ સુધી ગણે તેમાં નક્ષત્ર પહોર વાર ગણવાં.

૧. એક વધે તો પરદેશી તેજ સ્થાને છે.

૨. બે વધે તો આવવાના વિચારમાં છે.

૩. ત્રણ વધે તો અડધે માર્ગે આવેલ છે.

૪. ચાર વધે તો નજીક આવેલ છે.

૫. પાંચ વધે તો પાછો હતો ત્યાં ગયો છે.

૬. છ વધે તો રોગ થયો છે.

૭. અને ૦ શુન્ય વધે તો આવશે જ નહિ, આવવાની આશા રાખવી જ નહિ.

## બીજી રીતે.

ઉપર પ્રમાણે ૧ તિથિથી વાર નક્ષત્ર પહોર સર્વેને એકત્ર કરી આઠે ભાગવા. જો શેષ

૧. ૩ રહે તો પરદેશી દૂર ગયો છે.

૫. ૨ રહે તો પરદેશી આવવા માટે માર્ગમાં ચાલ્યો આવે છે.

૪. ૬ રહે તો નજીક સમીપ આવ્યો છે.

૭ ૦ રહે તો પરદેશી હાલમાં આવશે નહિ.

## ત્રીજી રીતે પ્રશ્ન વાર.

પરદેશી આવવા સંબંધી પ્રશ્ન જોવરાવવા આવે તો તેની પાસેથી સાત વારમાંથી કોઈ પણ એક જ વાર બોલાવવો.

રવિ અથવા મંગળ કહે તો પરદેશી ત્યાંથી આગળ ગયેલ છે.

સોમ કે ગુરૂ કહે તો માર્ગે ચાલ્યો આવે છે.

બુધ કે શુક્ર કહે તો નજીકમાં આવેલ છે.

શનિ કહે તો હાલ આવશે નહિ.

## અંક પ્રશ્ન.

જોવરાવનાર પાસે કોઇ અંક બોલાવવો. તેને બમણાં કરી તેમાં એક મેળવે પછી તેને ત્રણે ભાગે.

૧ એક શેષ રહે તો જીવને ચિંતા બાબત પ્રશ્ન છે.

૨ બે શેષ રહે તો ધાતુ નિશેષનો છે.

૩ ૦ રહે તો વૃક્ષ ધાન્યાદિકનો છે, તે ગણત્રીથી

૧ એક રહે તો કાર્ય સિદ્ધ થાય ૨. બે રહે તો મહા-મુશીબતે કામ થાય, ૩ તથા ૦ શૂન્ય રહે તો કર્મનાશ થાય.

પ્રશ્ન કરનારની દૃષ્ટિ જોઈ પ્રશ્નથી તેનો વિચાર જાણવા સંબંધી :-

પ્રશ્ન કરનારની દૃષ્ટિ ઊંચી હોય તો ચિંતા બાબત, સમ દૃષ્ટિ હોય તો દ્રવ્ય બાબત, નીચી દૃષ્ટિ હોય તો મુલક સંબંધી પૂછવાનું છે.

પ્રશ્ન કરનાર પોતાના અંગ ઉપર સ્પર્શ કરતો પૂછે તેનો વિચાર :-

૧. મસ્તક ઉપર હાથ લગાવી પ્રશ્ન કરે તો સુવર્ણનો લાભ થાય. ૨. મુખનો સ્પર્શ કરીને પૂછે તો તેને ધનની પ્રાપ્તિ થાય. ૩. કાને તથા આંખે હાથ લગાડતો પ્રશ્ન કરે તો ધાન્યનો લાભ થાય. ૪. ગર્દન દાઢી કંઠને સ્પર્શ કરે તો કહેવું કે ઉદ્યમ કરો લાભ થાય. ૫. કાખ નાભિ હાથનો

સ્પર્શ કરી પૂછે તો કાર્યની સિદ્ધિ થાય. ૬. કેશનો સ્પર્શ કરીને પૂછે તો દુઃખી થાય ૭. તૃણ કે અગ્નિ દેવતાનો સ્પર્શ કરે તો કાર્ય સિદ્ધ ન થાય ૮. કાદવ કાષ્ટા લાકડીનો સ્પર્શ કરે તો મહા મુશીબતે થશે. ૯. વસ્ત્રાલંકારનો સ્પર્શ કરી પ્રશ્ન કરે તો કાર્ય તત્કાલ સિદ્ધ થશે.

## રોગી માણસ સારો થવા વિષે

અશ્લેષા શતભિષા સ્વાતી ત્રણ પૂર્વા ભરણી એ નક્ષત્રો સાથે રવિ મંગળ શનિવાર અને ૪. ૬. ૧૨. ૧૪. એ તિથિ માંથી કોઈ પણ તિથિ વાર નક્ષત્રનો સંયોગ હોય તો

બ્રહ્મા, વિષ્નુ રૂદ્ર રક્ષણ કરે તો પણ તે રોગી બચે નહિ અને તેમાં કોઈ પણ રોગ ઉત્પન્ન થયો હોય તો પણ રોગી બચે નહિ.

વળી રોગીનો પ્રશ્ન પૂછતી વખતે સુષુમણા નાડી ચાલતી હોય તો રોગી મરે આમશતત્વ ચાલતું હોય તો રોગી પાંચમે દિવસે મરે.

૨. કોઈ પણ માણસ કોઈ પણ વાર ધારે, તો રવિવારથી ગણે જે આંક થાય તેમાં ૪૫ નાખે, કુલ આંકને સાતે ભાગે શેષ કહે આપણે ગુરૂથી ગણી કહીએ.

૩. કોઇ માણસ નક્ષત્ર ધારે, અશ્વિનીથી ગણી આંક લે. તેમાં ૪૭ નાંખે તે સમગ્રને ૨૭થી ભાગે શેષ આંક કહે આપણે પુષ્યથી ગણી કહીએ.

૪. કોઈ માણસ તીર્થંકર નામ ધારે, તેને પ્રથમથી ગણે તે આંકમાં ૩૩ મેળવે સર્વને ૨૪ વડે ભાગે, શેષ કહે,

આપણે શાન્તિનાથજી ગણી કહીએ.

૫. કેટલા પુત્ર-પુત્રીઓ સંબધી :– જેટલા પુત્રો હોય તેને બમણાં કરે, પાંચે ગુણે, જેટલી પુત્રી હોય તેટલી તેમાં ઉમેરે. આંકડો પૂછવો, પહેલા આંકડા જેટલા પુત્રો અને બાકી આંકડા જેટલી પુત્રીઓ.

૬. મા-બાપ ૨, તેમાં ભાઈ ઉમેરવા, તેનાં બમણા કરવા તેમાં એક ઉમેરવો તેને પાંચે ગુણવા તેમાં બેન મેળવવી તેને-દશે ગુણવા, તેમાંથી અઢીસો બાદ કરવા શુન્ય કાઢી નાખવી આગલા ભાઈ પાછલી બેન સમજવી.

૭. ધારેલા ત્રણ ગણા કરવા તેમાં એક ઉમેરવો તેને ત્રણ ગણા કરવા. તેમાં ધારેલ આંક ઉમેરવો સરવાળો પૂછવો તેમાંથી ત્રણ બાદ કરવા. મીંડુ કાઢી નાંખવું જે આંક આવે તે ધારેલ આંક

૮. ધારેલામાં એક ઉમેરવો. ત્રણ ગણાં કરવા તેમાં એક ઉમેરવો તેમાં ધારેલ અંક ઉમેરવો. સરવાળો પૂછવો તેમાંથી ચાર બાદ કરવા. બાકીનાને ચારે ભાગે. જે ભાગાકાર આવે તે ધારેલ આંક જાણવો.

૯. ચાર જણાં જુદા જુદા આંક ધારે, તેને સાતે ગુણે, તેમાં ચાર ઉમેરે, તેને દશ ગણાં કરે, તેને ચૌદે ભાગે શેષને નવે ગુણે, બધાંને ૧૦૮ રહે.

૧૦. જમણા હાથના રૂપિયાને બમણા કરે, ડાબા હાથના રૂપીયાને ત્રણ ગણા કરે, બન્નેનો સરવાળો કરે જો સરવાળો બેકી હોય તો જમણા હાથમાં એકી અને ડાબા હાથમાં બેકી

જો સરવાળો એકી હોય તો જમણા હાથમાં બેકી અને ડાબા હાથમાં એકી. જમણા હાથમાં એકી હોય અને ડાબા હાથમાં બેકી હોય સરવાળો બેકી થાય તો જમણા હાથમાં એકી અને ડાબા હાથમાં બેકી સમજવી.

૧૧. ગર્ભિણી સ્ત્રીના દૂધમાં જૂ નાખવાથી જો તે દૂધની અંદર ચાલ્યા કરે ને બહાર નીકળી ન શકે તો જાણવું કે પુત્ર થશે ને નીકળે તો પુત્રી થશે એમ જાણવું.

## કેદીને કેદમાંથી છુટવા સંબંધી પ્રશ્ન

પ્રશ્ન વેળા જે નક્ષત્ર હોય તે નક્ષત્ર કૃતિકાથી ગણતાં જેટલા થાય તેને સાતે ભાગવા.

૧. એક શેષ રહે તો નહિ છૂટે, ૨. બે શેષ રહે તો થોડા દિવસમાં છૂટશે, ૩. ત્રણ શેષ રહે તો છૂટી ગયો છે, ૪ ચાર શેષ રહે તો નહિ છૂટે ૫. પાંચ શેષ રહે તો છૂટવામાં વિઘ્ન છે. ૬. છ શેષ રહે તો ફતેહ પામી છૂટશે, ૭. તથા શૂન્ય ૦ રહે તો સુખેથી છૂટી જશે.

## જે તિથિએ જે કામ કરવું હોય તો તેનો વિચાર

શુકલ પક્ષની દરેક વેળા, પાડવાથી જે કામ કરવું હોય, કરવાનું ધારવાનું હોય ત્યાં સુધી તે તિથિ ગણવી. અને પોતાના નામના અક્ષર ગણવા. જો આપણા અક્ષરો તિથિની સંખ્યા કરતાં વધે તો તે તિથિએ કામ કરવું નહિ પણ જો તિથિ વધે તો સુખેથી કરવું. કામ સિદ્ધ થાય.

## કાર્ય સિદ્ધ થશે કે નહિ તે સંબંધી પ્રશ્ન

જે દિશા તરફ પ્રશ્ન કરનારનુ મુખ હોય તે દિશા

પ્રહર, નક્ષત્ર, વાર વિગેરેને મેળવવા. તેને આઠે ભાગવાં. ૧–૫ શેષ વધે તો શીઘ્ર ફળ થાય ૪–૬ શેષ વધે તો ત્રણ દિવસમાં કાર્ય સિદ્ધ થાય, ૩–૭ વધે તો વિલંબ થાય; ૨–૦ વધે તો કાર્ય સિદ્ધ થાય નહિ.

## ખોવાયેલી ચીજ મળશે કે નહિ તે સંબંધી પ્રશ્ન

તિથિ વાર નક્ષત્ર લગ્ન સર્વેને મેળવે પછી તેની અંદર ૩ મેળવે, તેને પાંચે ભાગે, ૧ એક શેષ વધે તો પૃથ્વીમાં છે ૨ શેષ વધે તો જળમાં છે ૩ ત્રણ શેષ વધે તો ઊંચી જગ્યાએ છે. મળે નહિ. ૪. ચાર શેષ વધે તો રાજાને ત્યાં અગર અગ્નિમાં છે. ૫. પાંચ શેષ વધે તો વાયુ દ્વારા નષ્ટ થએલ છે. એમ જાણવું.

## ગઈ વસ્તુ ક્યાં છે તે બાબત

પ્રશ્ન કરે ત્યાં સુધીના તિથિ, વાર, નક્ષત્ર, પહોરને એકત્ર કરે, તેને દશ ગણા કરવા, પછી તેને સાતે ભાગવા. ૧. એક શેષ વધે તો પૃથ્વીમાં છે. ૨ બે શેષ વધે તો લેનાર પાસે છે ૩ ત્રણ શેષ વધે તો પાણીમાં છે. ૪ ચાર શેષ વધે તો રાજ્યમાં પહોંચેલ છે. ૫ પાંચ શેષ વધે તો મોંઢામાં છે ૬ છ શેષ વધે તો ઉપકરણો છાણાં ગોબરમાં, કીચડમાં, ૦ શૂન્ય શેષ વધે તો આશા રાખવી જ નહિ.

## સ્વછાયા પ્રશ્ન વિચાર

પ્રશ્ન કરનાર પડછાયાના પગલાં ભરાવવા, તેમાં ૧૩ મેળવવા, તેને આઠે ભાગવા; ૧ શેષ વધે તો લાભકારી ૨ શેષ વધે તો હાનિ, ૩ શેષ વધે તો સિદ્ધિ ૪ શેષ વધે તો

શોક ઉત્પન્ન થાય. ૫ પાંચ શેષ વધે તો કાર્યની સિદ્ધિ ૬ શેષ રહે તો મરણુ ૭ શેષ વધે તો બુદ્ધિમાન, ૮ વધે તો મૃત્યુ પદ પગલાં પ્રશ્ન પૂછનારનાં અગર પોતાનાં ભરવાં.

## ગર્ભિણી સ્ત્રીને પ્રસવ સંબંધી પ્રશ્ન

૧ શુકલ પક્ષથી પ્રશ્ન તિથિ સુધી ગણવા, અને તેમાં નક્ષત્ર તથા વાર મેળવી–સરવાળો કરવો પછી તેને ત્રણ ગણાં કરવા. જે આવે તેને સાતે ભાગવાં,

શેષ બેકી રહેતો દીકરો, એકી રહેતો કન્યા થશે, બરાબર સમભાગ આવી જાય તો ગર્ભસ્ત્રાવ થાય.

૨ ગર્ભવતી સ્ત્રીના નામના અક્ષરો અને તેને વીતી ગયેલી તિથિ જોડે. તેમાં ૪૪ નાંખે, ને સર્વને એકત્ર કરીને નવે ભાંગે.

વિષમ–એકી વધે તો પુત્ર ઉત્પન્ન થાય.

સમ–બેકી વધે તો પુત્રી ઉત્પન્ન થાય.

૩ તિથિ વાર નક્ષત્ર ગણી જે, સુંદરીનું નામ ધરીજે; સાતે ભાગ કરી જે, જે આવે તે ચિત્ત ધરીજે રવિ ૧ ગુરૂ ૫ મંગળ ત્રણુ હોય સુપુતા, અવર વરસ પુત્તિ જુત્તા; ગુણુનાર જો શનિ આવે, ગર્ભ ગલે કાં નારી વિણાશે. ૨

## પ્રસૂતિ વખતે કેટલી સ્ત્રીઓ હતી

મીન મેષ રાશિમાં જન્મ હોય તો એક સ્ત્રી હતી; વૃષભ કુંભમાં ચાર ચાર સ્ત્રીઓ હતી. કન્યા તુલા હોય તો સાત હતી. ધન કર્ક હોય તો પાંચ હતી. બાકીની રાશિના લગ્નમાં જન્મ સમયે ત્રણ સ્ત્રીઓ પાસે હતી.

## ગુઢ વાતો

૧. કોઈ માણસ બાર માસમાંથી કોઈ પણ નામ ધારે. તે ચૈત્ર માસથી ગણે. જેટલા આંક થાય તેમાં ૨૯ નાંખે. તે નાંખીને બાર વડે ભાગે. શેષ રહે તે આંક આપણને કહે. આપણે કાર્તિક માસથી ગણતાં જે થાય તે માસ કહેવો.

૨ એક ભરવાડ પાસે ઘેટાંના બે સરખા ટોળાં છે. તેણે પહેલા ટોળામાંથી ૯૩ ઘેટા વેચ્યા અને બીજામાંથી ૩૯ વેચ્યા, ત્યાર પછી તેની પાસે પહેલાં ટોળાં કરતાં બીજા ટોળામાં બમણાં ઘેટાં રહ્યા; તો તેની પાસે દરેક ટોળામાં કેટલાં ઘેટાં હતાં.

ઉત્તર–બન્ને ટોળામાં ૧૪૭–૧૪૭ ઘેટાં હતાં.

| | | | | |
|---|---|---|---|---|
| ૯૩ | ૫૪ | ૧૦૮ | ૧૪૭ | ૧૪૭ |
| ૩૯ | ૨ | ૩૯ | ૯૩ | ૩૯ |
| ૫૪ | ૧૦૮ | ૧૪૭ | ૫૪ | ૧૦૮ |

૩ બે રકમો એ છે કે નાની રકમમાંથી ૧ મોટી રકમમાં નાંખે તો તે મોટી રકમ નાની રકમથી બમણી થાય, અને મોટી રકમમાંથી ૧ નાની રકમમાં નાંખે તો તે બન્ને રકમો બરાબર થાય. એવી રકમ કઈ છે? ઉત્તર ૫-૭.

૪ બે રકમો એવી છે કે મોટી રકમમાંથી ૫ નાની રકમમાં નાંખે તો મોટી રકમ નાની રકમથી બમણી થાય. અને જો નાની રકમમાંથી મોટી રકમમાં ૫ નાંખે તો મોટી રકમ નાની રકમથી ત્રણ ગણી થાય છે તો તેવી રકમ કઈ?

ઉત્તર ૩૫ તથા ૮૫

## પોતાનું આયુષ્ય કેટલું છે તે જાણવા વિષે

કુંડી નિર્મળ પાણીથી ભરવી. પછી તેમાં સૂર્યનો પ્રતિબિંબ પડે તેમ મૂકવી અને તેમાં જોવું.

૧ જો સૂર્યનું દક્ષિણ પાસું ખાંડુ દેખાય તો છ માસનું આયુષ્ય જાણવું.

૨ જો સૂર્યનું પશ્ચિમ પાસું ખાંડુ દેખાય તો ત્રણ માસનું આયુષ્ય જાણવું.

૩ જો સૂર્યનું ઉત્તર પાસું ખાંડું દેખાય તો બે માસનું આયુષ્ય જાણવું.

૪ જો સૂર્યનું પૂર્વ પાસું ખાંડુ દેખાય તો ૧ માસનું આયુષ્ય જાણવું.

૫ જો સૂર્યની મધ્યમાં છિદ્ર દેખાય તો દશ દિવસનું આયુષ્ય જાણવું.

૬ જો સૂર્યનો ધૂમાડો દેખાય તો એક દિવસનું આયુષ્ય જાણવું. ઇતિ હિત શિક્ષા રાશ રહસ્ય પત્ર ૨૨૩

## રોગીને રોગમાંથી મુક્ત થવાનો વિચાર

૧ સ્વાતિ, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા; પૂર્વાભાદ્રાપદ, અશ્લેષા જયેષ્ઠા ને આર્દ્રા નક્ષત્રમાં રોગની શરૂઆત થાય તો મરણ પામે.

૨ રેવતી અનુરાધામાં રોગની શરૂઆત થાય તો રોગ વહેલા મટે.

૩ મૃગશિર, ઉત્તરાષાઢા, ને મઘામાં રોગ થાય તો ૨૦ દિવસ સુધી દુઃખ પામે.

૪ વિશાખા ભરણી હસ્ત ને ધનિષ્ટામાં રોગ થાય તો

૧૫ દિવસ સુધી દુઃખ રહે.

૫ ચિત્રામાં રોગ થાય તો ૧૧ દિવસ રોગ રહે

૬ શ્રવણ, શતભિષા, અશ્વિની, કૃતિકા ને મૂળ નક્ષત્રમાં રોગ થાય તો ૭ દિવસ રહે.

૭ પૂષ્ય ઉત્તરા ભાદ્રપદ ત્રણ ફાલ્ગુનીને પુનર્વસુ નક્ષત્રમાં રોગ થાય તો ૭ દિવસ રહે.

૮ ચર નક્ષત્ર એટલે સ્વાતિ પુનર્વસુ ને શ્રવણ ક્ષિપ્ર નક્ષત્ર એટલે હસ્ત, અશ્વિની, પુષ્ય ને અભિજિત તથા મૃદુ નક્ષત્ર એટલે મૃગશિર, ચિત્રા ને રેવતી એ નક્ષત્રોમાં ઔષધ કરે તો રોગનો નાશ થાય જન્મ પર્યંત રોગ નષ્ટ થાય અને શરીરે પુષ્ટ થાય.

"વળી બીજું"

૧ કૃતિકા નક્ષત્રમાં થયેલા રોગોની પીડા ૯ દિવસ રહે.
૨ રોહિણી નક્ષત્રમાં થયેલા રોગની પીડા ૩ દિવસ રહે.
૩ મૃગશિર નક્ષત્રમાં થયેલો રોગ ૫ રાત્રિ દિવસ રહે.
૪ આર્દ્રા પુષ્યને પુનર્વસુમાં થયેલી પીડા ૭ દિવસ રહે.
૫ અશ્લેશા નક્ષત્રમાં થયેલી પીડા ૯ દિવસ રહે.
૬ મઘા નક્ષત્રમાં થયેલી પીડા પ્રાણને હરણ કરે.
૭ પૂર્વા ફાલ્ગુનીમાં થયેલો રોગ બે માસ રહે.
૮ ઉત્તરા ફાલ્ગુનીમાં થયેલો રોગ ૫ માસ રહે.
૯ હસ્ત નક્ષત્રમાં થયેલો રોગ ૧૫ દિવસ રહે.
૧૦ ચિત્રામાં થયેલો રોગ ૧૫ દિવસ રહે.
૧૧ સ્વાતિમાં થયેલો રોગ બે માસ રહે.
૧૨ વિશાખામાં થયેલો રોગ ૨૦ દિવસ રહે.

૧૩ અનુરાધામાં થયેલો રોગ ૧૦ દિવસ રહે.
૧૪ જ્યેષ્ઠામાં થયેલો રોગ ૧૫ દિવસ રહે.
૧૫ મૂળ નક્ષત્રમાં થયેલા રોગથી મરણ પામે.
૧૬ પૂર્વાષાઢામાં થયેલી પીડા ૪૫ દિવસ રહે.
૧૭ ઉત્તરાષાઢામાં થયેલો રોગ ૮ દિવસ રહે.
૧૮ શ્રવણ નક્ષત્રમાં થયેલો રોગ ૨ માસ રહે.
૧૯ ધનીષ્ઠામાં થયેલો રોગ ૧૫ દિવસ રહે.
૨૦ વિશાખામાં આરંભ થયેલો રોગ ૧૦ દિવસ રહે.
૨૧ પૂર્વાભાદ્રપદમાં થયેલો રોગ ૧૯ દિવસ રહે.
૨૨ ઉત્તરભાદ્રપદમાં થયેલો રોગ ૧૫ દિવસ રહે.
૨૩ રેવતીમાં થયેલો રોગ ૧૦ દિવસ રહે.
૨૪ અશ્વિનિમાં થયેલો રોગ ૧ દિવસ રહે.
૨૫ ભરણીમાં થયેલો રોગ નાશ કરે.
૨૬ શનિ, રવિ કે મંગળવારે જો રોગની પીડા શરૂ થાય તો રોગી મરણ પામે.
૨૭ મઘા, શતતારકા, આર્દ્રા, સ્વાતિ, મૂળ પૂર્વાષાઢા ને પૂર્વાભાદ્ર પદમાં રોગની શરૂઆત થવાથી રોગી મરણ પામે.
૨૮ ચોથ, છઠ્ઠ અને આઠમને દિવસે રોગની પીડાની શરૂઆત થઈ હોય તો રોગી મરણ પામે.
૨૯ કોઈ શમાદિ તિથિમાં રોગની શરૂઆત થઈ હોય તો રોગી મરણ પામે.

## ૧૨ અશ્વીન માસ સાખી

સ્વાતિ દિવા જો ઉગે, વિશાખા ખેલે ગાય;
ઘણુંક ભડલી રણ ચડે, ઊપજી સાખી ન સાય.

આસો વદી અમાસડી, જો આવે શનિવાર;
સમય આવશે આકરો, જોશી જોશ વિચાર.

---

## સામાન્ય શુકનો

૦ જમણાં હાથની હથેળીમાં ચળ આવે તો સમજવું કે કોઇની તરફથી ભેટ મલવાનો સંભવ રહે છે.

૦ ચુલામાંથી ઉડતી ચીણગારીઓ જો ગોળ હોય તો સોનાની થેલી મલવાનો સંભવ છે, પણ જો તે લંબગોળ હોય તો કોઇનું મોત થવાનું છે એમ સમજવું.

૦ ચાના કપમાં થયેલો પરપોટો ચમચા વડે પી જવો એ લાભદાયક છે.

૦ તાંબુ, રૂપું કે સોનાનો સિક્કો જો જડી આવે તો તેને શકુન ભરેલો માનીને જાળવી રાખવો વાપરવો નહિ.

૦ જો બાલકનાં હાથની ઉપર તથા નીચે જન્મતી વખતે વાળનો ભરાવો હોય તો બાલક ધનવાન થવાનો છે.

૦ પથારીમાંથી જમણા પાસા તરફ ઉઠવું એ શુભ શકુન છે.

૦ છુટા છુટા દાંતવાળો માણસ તેમજ કાનમાં વાળ ઉગ્યા હોય તેવો માણસ ભાગ્યશાળી હોય.

૦ જો તમારા હાથમાંથી કામ કરતાં એકાએક છરી પડી જાય તો માનવું કે તમારે ત્યાં કોઇ એકાએક આવશે.

૦ જો તમારા હાથમાંથી કાતર પડી જાય અને તે ભોંયમાં ઉભી ચોંટે તો કોઈ નહિં ધારેલો પરોણો આવશે.

૦ શનિવારે સાંજે દીવો બત્તી સળગાવ્યા પછી તત્કાળમાં ન ધારેલી છીંક આવે તો માનવું કે આગળ કોઇવાર તમને નહિ જણાયેલા એવો કોઈ અજાણ્યો પરોણો આવશે.

૦ ઘરની બારીનાં ખૂણામાં ચકલી માળો બાંધે તો તે શકુન ભરેલો છે. ઘરમાં ચકલીની થતી આવ જા લાભકારક છે. જેમ વધારે ચકલી આવે તેમ વધુ લાભ, પણ ચકલીઓ આવતી બંધ થાય તો તે અશુભ છે.

૦ બીજનો ચંદ્રમાં ખુલ્લી આંખે જમણી તરફથી જોવો અને તુરત જ ખિસ્સામાંથી રૂપિઓ કાઢી તેનાં દર્શન કરવાં, તેથી લક્ષ્મી પ્રસન્ન થાય છે.

૦ ખરતો તારો નજરે પડે તે વખતે ધારેલી ઇચ્છા પૂર્ણ કરવા મનમાં ઇચ્છવામાં આવે તો પૂર્ણ થાય છે.

૦ લાલ કરોળીઓ કપડાં પર થઇ આવ જા કરતો જણાય તો નાણાંનો લાભ થવાનો છે.

૦ જિનમંદિરનો બંધાવનાર માણસ જો લંપટ ગુરૂને હાથે પ્રતિષ્ઠા કરાવે તો સંઘને મોટો ભય થાય.

૦ જિનમંદિરના શિખરમાં જો ઘુવડ પક્ષી વાસ કરીને રહે તો છ વરસ સુધી વૃષ્ટિ જ થાય નહીં.

૦ જે માણસને હાથે જિનપ્રતિમાનું મસ્તક છેદાઇ જાય તે માણસ નિર્ધન થઈ અઢાર માસની અંદર વ્યાધીથી મૃત્યુ પામે.

૦ સ્મશાન ભૂમિમાં અથવા આકાશમાં જો મસ્તક વિનાનો પુરૂષ ફરતો દેખાય તો ભયંકર મરકી ફાટી નીકળે.

૦ જિનપ્રતિમાના મસ્તક પર ધરેલો મુગટ જો પડી જાય તો રાજાનો નાશ થાય.

૦ વિજાતીય પશુ–પક્ષીઓ જો વિજાતીય પશુ–પક્ષીઓની સાથે મૈથુન કરતા દેખાય તો સર્વ પાકનો વિનાશ થઇ ઘણા મનુષ્યોનો સંહાર થઈ જાય.

૦ ચંદ્રમાંના બિંબમાં જો ધનુષ્ય ચઢાવેલા મનુષ્યનું ચિત્ર માલુમ પડે તો મોટો ભયંકર રણ સંગ્રામ થાય.

૦ દગ્ધ થયેલા વૃક્ષ ઉપર જો પત્ર પુષ્પો ઉગતાં જણાય તો ઘણાં પક્ષીઓનો વિનાશ થાય.

૦ કોઈપણ દેવની પ્રતિમા જો આસન પરથી ખસી જાય તો તે નગરના લોકો નિર્ધન થતા જાય.

૦ જો જિનપ્રતિમાના મુખમાંથી ધુમાડા નીકળતા માલુમ પડે તો છ માસની અંદર તે નગરનો અગ્નિથી વિનાશ થઈ જાય.

૦ જો ગામ જતા રસ્તામાં રમતો કૂતરો દેખીએ તો લાભ થાય.

૦ બહારગામ જતા કૂતરો કાન ફફડાવે તો ગામ જવું બંધ કરવું.

૦ ગામ જતાં કુતરો ખાટલા ઉપર સુતેલો ભાળીએ તો બહારગામ ન જવું.

૦ જો કુતરો પોતાનું અંગ ભીંત સાથે ઘસતો હોય અથવા આળોટતો હોય તો બહારગામ જવાથી ઘણો જ લાભ થાય.

૦ બહારગામ જતાં કુતરાનું ટોળું સામું મળે તો જે ગામ જવાનું હોય તે ગામમાં કોઈ ભારે અનિષ્ટ આવી પડે અથવા તો તે ગામના સારા માણસનું મૃત્યુ થાય.

૦ ગામ જતી વખતે કુતરાને રતિક્રીડા કરતો દેખીએ તો તે અનિષ્ટ ગણાય.

૦ ગામ જતાં કુતરાને જમીન સુંઘતો ભાળીએ તો મોટી આપત્તિની આશંકા રખાય.

૦ બહારગામ જતાં સામે કુતરો આવી મળે તો ચિંતવેલ કામ ઘણી સારી રીતે પાર પડે.

૦ ગામ જતાં કાદવથી ખરડાયેલો કુતરો સામે મળે તો દુઃખકારક જાણવો.

૦ પ્રયાણ વખતે જો રાજાના વાહન કે વસ્ત્ર ઉપર કુતરો વિષ્ટા-મુત્ર કરે તો રાજાનો વધ થાય.

૦ પ્રયાણ સમયે જો કુતરો ભુમિમાં અનાજ કે પકવાન દાટતો માલુમ પડે તો જવાનું બંધ રાખવું.

૦ પ્રયાણ વખતે ઉંદર, નોળીયો, કુતરો, ડુક્કર ડાબી બાજુથી આડા ઉતરી જમણી બાજુ જાય તો સંકટ આવે.

૦ બગલા બોલતા ઉંચા ઉડતા જણાય તો સારા.

૦ કુકડો ડાબો બોલે તો સારો.

દિશાશુળ ડાબી ભલી, જોગણ ભલી જો પુંઠ;
જો ચંદ્રમા સન્મુખ હુવે, તો લાવે લંકા લુંટ. ૧
ચલતાં પુઠે જીમણો, ડાબો ગામ પ્રવેશ;
ઈણ પરે સૂરજ લીજીએ, ભાગે ક્રોડ કલેશ. ૨
સનમુખ ધનકા લાભ હે, દક્ષિણ સુખ પૈછાન;
પુંઠ ચંદ્ર મરણો હુવે, ડાબો ધનક્ષય જાન. ૩
આટો કાંટો ઘી ઘડો, લુખા લટી નાર;
ડાબા ભલા ન જીમણા, લાલી જરખ સોનાર. ૪

ડાબી છીંક જમણી ખાંસી, શેતી નાર સાસરે જાતિ;
જો બળદ ખેંચાઉ આવે, તબ બભિક્ષણ લંકા પાવે. ૫
ભેરવ બોલી જીમણી, જીમણી રૂપારેલ;
સુડા દંડ ઉલાલતો, ગર્જંત ગજ રંગરેલ. ૬
ડાબી દેવી ચહચહી, ડાબી બોલી ચીલ;
જીમણો સાંઢ ધડુકીઓ, આગળ લહેશો લીલ. ૭
ખર ડાબો સ્વર ઉચરે, કુર્કટ જીમણો થાય
ડાબો સ્વર લાલી કરે, અણચિંત્યું સુખ થાય. ૮
ભારદ્વાજ ને નોળીયો, જંબુ ચાષ મયુર;
દહિયા પુછી દરશણે, લહે સો સંપત્તિ પુર. ૯
મારગ જાતાં માણસા, સનમુખ વાયસ હોય;
તે મારગે જઈએ નહીં, જઇયેં તો નવ લહીએ સોય. ૧૦
તોડઈ ભોમી ખણેઈ, વલી વાયસ વાટે જંત;
તો તો વાટે પંથીઆ, લાભ ઘણેરો થંત. ૧૧
વાયસ કંટક તરૂ ચઢી, શબ્દ કા વારંવાર,
તો તીહાં કલેશ હોઈ ઘણો, એહ શુકન વિચાર. ૧૨
કુંભ તુરંગ મંજુ ચઢી, વાયસ શબ્દ કરેહ,
વર ભોજન વહાલાં મળે, સાચું વેણ ધરેહ. ૧૩

કાગડો સ્ત્રી માથા ઉપર બેસે તો મધ્યમ, પુરૂષની પાઘડી ઉપર બેસે તો કલેશ કરાવે, તેમજ પુરૂષના ઉઘાડા **માથા ઉપર બેસે તો સારો.**

વાયસ સૂર્ય ઉદય સમે, ઘર સનમુખ બોલંત;
માન મોતરી, ધન ઘણું. ઘર નાટક નર્દંત. ૪

રાત્રે બોલે વાયસા, દિવસે રૂવે શિયાળ;
ઈશિ કહે ઉમીયા પ્રતેં, ઉપજે સંકટ હોય કાળ. ૫
ઘર ઉપર ઉંચો ચઢી, કક કરે કુકુ વાણી;
ઈષ્ટ સમાગમ તો હુવે, ધન આગમ વલી જાણી. ૬
ગામ જતાં મૃગ ડાબો સારો, ડાબાથી જમણો ઉતરે તો સારો.
કાગ ડાબો બોલે તો સારો, સર્પ જમણો મળે તો સારો.

ગ્રામાંતર જતી વખતે સન્મુખ કુંવારી કન્યા, સધવા નારી પુત્ર સહીત, ગોળ, દહીં ભેરી પુષ્પમાળા, નિધુંમ, અગ્નિ, રાજા, મુનિ, ચોખા, રત્ન, વીણા, ધ્વજા, પતાકા, સામા મળે તો ઉત્તમ છે. પોપટ, તેતર, જમણા સારા; ઘણા ચકલા એક ઝાડ ઉપર દેખે તો લાભ; ટીંટોડી સામે બોલે તો સારી. ધુવડ ડાબા બોલે તો સારા. કબુતર જમણાથી ડાબા સારા કાન ખજુરા ડાબા સારા, હસ્તી ઘોડા જમણા સારા, કુતરો કાંઈ ખાવાનું મુખમાં ખાતો હોય તો સારો; બીલાડી જમણી સારી, કોયલ તથા સોનચીડી જમણી સારી.

## કાગડાના માળા વિશે.

શીયાળે માળો કરે તો ટાઢ સખ્ત પડે, ઉનાળે કરે તો વરસાદ ઘણો થાય. ઝાડની પૂર્વ દિશાની ડાળ પર કરે તો સુકાળ થાય, અગ્નિ ખુણાની ડાળીએ કરે તો દુકાળ દક્ષિણ દિશાની ડાળી પર કરે તો પ્રજા રોગથી દુઃખી અને રાજ્યમાં લડાઈ થાય નૈઋત્ય ખુણાની ડાળી પર કરે તો બે માસ મેઘ વરસે. પશ્ચિમની ડાળીએ કરે તો સાધારણ વરશ થાય. વાયવ્ય ખુણાની ડાળીએ કરે તો વાયુ સાથે વૃષ્ટિ ઉત્તર તરફની ડાળીએ

કરે તો સુકાળ, ઇશાન ખુણાની ડાળીએ કરે તો સુકાળ વૃક્ષની ટોચે કરે તો સુકાળ, ઝાડના વચલા ભાગમાં કરે તો મેઘની ખેંચ, વૃક્ષના થડે કરે તો રોગનું જોર, દેવાલય, ઘર, ગઢ કાંગરે મસાણ અથવા નીચે છાંયે માળો કરે તો દુકાળ.

ધાન રોટી ધુલ માંસ, વાયસ તાણતા જણાય;
તેથી ધાન્ય મોંઘુ કહું, દુકાળ તેથી ગણાય.

## ગરોળી વિશે.

જમતાં જમતાં ભાણામાં ગરોળી પડે તો તે માણસ મહા સુખ પામે. ધોળી ગરોળી માથા ઉપર પડે તો છત્ર ધરાવે રાજ્ય તરફથી સુખ મળે. કાળી ગરોળી માથા ઉપર પડે તો કોઇપણ જાતનું દુઃખ ભોગવવું પડે. કાળી ધોળી ગરોળી કપાળ ઉપર પડે તો ધનનો લાભ થાય; આંખ ઉપર પડે તો પોતાના ધણી, સાથી કે પોષકનો નાશ થાય; ઉપલા હોઠ પર પડે તો ધનનો નાશ થાય, નીચેના હોઠ ઉપર પડે તો હાથ બંધાવે. નાક ઉપર પડે તો રાજા તરફથી દુઃખ થાય, જમણા કાન ઉપર પડે તો ધનની હાની થાય, ડાબે કાને પડે તો ધનની પ્રાપ્તિ થાય, કેડ ઉપર પડે તો કોઇપણ જાતનું નુકશાન થાય જમણા હાથ ઉપર પડે તો કલેશ વઢવાઢ થાય, ડાબા હાથ ઉપર પડે તો પુત્રી તરફથી પીડા તથા કલેશ થાય, પુંઠ ઉપર પડે તો રોગ થાય, કુંખ ઉપર પડે તો વિઘ્નનો નાશ થાય, ખોળામાં પડે તો પુત્રની આશા પુરી થાય, બરડા ઉપર પડે તો રાજ્ય તરફથી માન મળે, જમણા પગની ઘુંટી ઉપર પડે તો પોતાના

વડિલોને માથે દુઃખ આવે, ડાબા પગની ઘુંટી ઉપર પડે તો પોતાના વડિલોને સુખી દેખે, પગની આંગળી ઉપર પડે તો સાસુ મરે. પગના તળીયા ઉપર પડે તો દૂર મુસાફરી કરવાનું થાય સાધારણ રીતે ધોળી ગરોળી સારી અને કાળી અનિષ્ટ સમજવી.

# સ્વરોદય

સ્વરોદય એટલે નાસિકામાંથી વહેતો વાયુ. તે ત્રણ પ્રકારનો હોય છે. જમણી નાસિકામાંથી વાયુ વહેતો હોય તેને **સૂર્યનાડી** કહેવામાં આવે છે. ડાબી નાસિકામાંથી વહેતો હોય તેને **ચંદ્રનાડી** કહેવામાં આવે છે. અને બન્ને નાસિકામાંથી સરખી રીતે વહેતો હોય તો તે **સુષુમણા** કહેવાય છે. હવે પરદેશ કે ગામ-ગમતરે જવું હોય તો જે નાસિકામાંથી વાયુ વહેતો હોય તે તરફનો પ્રથમ પગ ઉપાડી આગળ મુકીને ચાલવું. તેવી જ રીતે ગામમાં પ્રવેશ કરતી વખતે જે નાડી ચાલતી હોય તે તરફનો પગ પ્રથમ મુકવો. આથી બધા વિઘ્નો શાંત થઇ જાય છે. જય મેળવવાના કાર્યમાં સૂર્યનાડી પ્રભાવશાળી ગણાય છે, પણ વિવાદ વખતે શત્રુને જમણી બાજુએ અથવા પોતાની પીઠ પાછળ રાખવો.

સ્થિર કામોને વિષે ચંદ્રનાડી વહેતી હોય તે વખત સારો ગણાય. ઉતાવળના કામોમાં સૂર્યનાડી સારી છે. સુષુમણા નાડી ચાલતી હોય તે વખતે કાંઇ કામ કરવું નહિ, માત્ર ધર્મ ધ્યાન કરવાથી સારો લાભ થાય. કોઇ એકદમ આવી આપણી પાસે ઉભો રહી સવાલ પૂછે કે-"મારૂં અમુક કાર્ય સિદ્ધ થશે કે

નહિ?" તે વખતે પ્રશ્ન પુછનાર જો આપણી વહેતી નાડીની દિશામાં ઉભો હોય તો "તારૂં કાર્ય સિદ્ધ થશે" એમ સુખેથી ઉત્તર વાળી દેવો એથી વિપરીત રીતે પુછે તો હાનિ થાય એ સ્પષ્ટ છે.

## સૂર્ય અને ચંદ્રનાડીનાં કાર્ય

નવા ઘરમાં પ્રવેશ કરવો હોય, કોઈ સારી વસ્તુ ગ્રહણ કરવી હોય, નવીન વસ્ત્રો પહેરવા કાઢવાં હોય, રાજાની સમીપે જવું હોય, કોઈની સાથે મિત્રતા બાંધવી હોય અથવા તો ધર્મ કાર્ય આદરવાં હોય તો ચંદ્રનાડી લેવી.

વિવાદ કરવો હોય, વિદ્યાભ્યાસનો આરંભ કરવો હોય, તથા વિવાહ, વ્યાપાર, જમણવાર કે સાંસારિક સુખનાં કાર્યોને વિષે સૂર્યનાડી લેવી.

## ગતિની દિશા શી રીતે નક્કી કરવી?

ચંદ્રનાડી વહેતી હોય તે વખતે પૂર્વે તથા ઉત્તર દિશામાં ન જવું, સૂર્યનાડી વહેતી હોય ત્યારે પશ્ચિમ તથા દક્ષિણ દિશામાં ન જવું. આપણે બેઠા હોઈએ અને કોઈ આવીને પ્રશ્ન કરે કે "અમુકને પુત્ર પ્રાપ્ત થશે કે પુત્રી ?" હવે તે વખતે જો આપણી સૂર્યનાડી ચાલતી હોય તો તેનો જવાબ "પુત્ર પ્રાપ્ત થશે" એવો આપી શકાય, અને જો ચંદ્રનાડી ચાલતી હોય તો "પુત્રીની પ્રાપ્તિ થશે" એવો જવાબ દેવો. સંસારનું સુખ ભોગવતાં જો ચંદ્રનાડી ચાલતી હોય તો પુત્રીનો ગર્ભ બંધાય અને સૂર્યનાડી ચાલતી હોય તો પુત્રનો ગર્ભ બંધાય.

સ્વરોદય પ્રમાણે બરાબર શાસ્ત્રીય પદ્ધતિએ વર્તનારને કોઈપણ જાતના મુહુર્ત કે ચંદ્રબળ જોવાની જરૂર પડતી નથી. કારણ કે તેમની નાડી જ બધા કામોમાં પ્રકાશ નાખે છે કેટલાક આચાર્યોનો એવો પણ મત છે કે સૂર્યનાડી ચાલતી હોય તે વખતે દક્ષિણ કે પશ્ચિમ દિશાને વિષે જવાનું થાય તો પ્રથમ ત્રણ પગલાં સુધી જમણો પગ ઊપાડી ચાલવું અને ચંદ્રનાડી ચાલતી હોય તે વખતે પૂર્વ તથા ઉત્તર દિશામાં જવાની જરૂર પડે તો ડાબા પગનાં ચાર ડગલાં પ્રથમ ઉપાડી આગળ ચાલવું.

રાત્રે ડાબી નાડી વહેતી હોય અને દિવસના ભાગમાં જમણી નાડી ચાલતી હોય તો તે સારી, ચાલતી વખતે કોઈ વાજીંત્ર વાગતું હોય અને તે વાજીંત્રનો સૂર પુરો થયે પગ ઉપાડીએ તો કામ સિદ્ધ થાય.

## લેણ-દેણનો સંબંધ જોવાની રીત.

શેઠ અને નોકરના નામનો પહેલો પહેલો અક્ષર લેવો, અને બન્ને-અક્ષરો જે વર્ગના હોય તે આંક માંડવો. પછી બીજા અક્ષરના જે વર્ગો હોય તેની સંખ્યા એકઠી કરવી, અને તેને આઠે ભાગવી; ભાગતાં જેની શેષ અધિક રહે તેનું લેણું અધિક જાણવું. બીજી રીત આ પ્રમાણે છે—પોતાના વર્ગના બમણા કરવા તેમાં સામાના વર્ગને જોડવો, આઠે ભાગ દેવો અને શેષ રહે તે જુદા મુકવા એ રીતે પહેલાં વર્ગને બમણા કરી પોતાનો વર્ગ મેળવવો. આઠનો ભાગ દેવો, ભાગ દેતાં જેનું અધિક રહે તેનું લેણું વધારે જાણવું. દાખલા તરીકે એકનું નામ ગુણવાન છે. અને બીજાનું નામ વિદ્યાવાન છે. એ બેમાં કોનું લેણું વધારે છે તે શોધવું હોય તો તેની રીત આ પ્રમાણે છે—ગુણવાનમાં

"ગ" નો વર્ગ બે, તેને બમણુા કરતાં ચાર થાય, તેમાં વિદ્યાવાનના 'વ' કારનો વર્ગ છ છે, તે જોડતાં દશ થાય તેને આઠે ભાગતાં બાકી બે રહ્યા. હવે વિદ્યાવાનમાં વર્ગ છઠો છે. તેને બમણા કરીએ તો બાર થાય, તેમાં બે નાંખતાં ચૌદ થાય તેને આઠે ભાગતાં છ બાકી રહ્યાં. એટલે વિદ્યાવાન ગુણવાન પાસે અધિક માગે.

# છીંક વિશે.

પૂર્વ દિશામાં છીંક થાય તો મૃત્યુનો ભય સમજવો. અગ્નિ ખુણામાં છીંક થાય તો દુઃખદાયક થાય, દક્ષિણ દિશામાં થાય તો કલેશ ઉપજાવે, નૈઋત્ય ખુણામાં થાય તો કલેશકારક સમજવી, અને વધારે ભય પેદા કરે; પશ્ચિમમાં થાય તો મિષ્ટ ભોજન જમાડે, વાયવ્ય ખુણામાં થાય તો ઘણી પ્રીતિ કરાવે ઉત્તર દિશામાં થાય તો સુખકારક, અને ઇશાન ખુણામાં થાય તો સંપત્તિની પ્રાપ્તિ કરાવે, તેમજ તે દિશામાં ગમન કરવાથી જય પ્રાપ્ત થાય; બાલક પુરૂષ-સ્ત્રી અને પોતાની એમ ત્રણ પ્રકારની છીંકને ખરેખરી માનવી; બાકી ઘરડા, રોગી અને સળેખમવાળાની છીંક તદ્દન નિરર્થક હોય છે.

# રેખા દર્શન

આયુષ્ય રેખા વચમાંથી તુટી ગઈ હોય તો જલઘાત. કદાપિ વચમાંથી ઉંચે ચઢી નીચે ઝોલો ખાધો હોય તો ઝાડ કે કોટ વિગેરે ઉપરથી પડવાની ઘાત.

ટચલી આગળીનાં થડમાં એક કાપા જેવી રેખા હોય તો

યજ્ઞ કરતા, બે હોય તો દાતાર, ત્રણથી જ્ઞાનવાન, ચારથી રાજસુખ, પાંચથી વિધાન, છથી સભામાં માન, સાત હોય તો દરિદ્રી નિર્ધન થાય.

ટચલી આંગળીના મુળમાં એક રેખા હોય તો ધનવાન, બે હોય તો ધર્માત્મા, ત્રણ હોય તો દુરાચારી, ચાર હોય તો ઘણી સ્ત્રીઓ પરણે અને પાંચ હોય તો જ્ઞાનવાન થાય.

જેના ડાબા હાથમાં પિતૃરેખા સ્પષ્ટ હોય તો તે દેવ-લોકમાંથી આવ્યો છે અને જમણા હાથની પિતૃરેખા સ્પષ્ટ હોય તો તે મરીને દેવલોકમાં જશે તેમ જાણવું. ડાબા હાથમાં માતૃરેખા ચોખ્ખી હોય તો તે મનુષ્ય ભવમાંથી આવેલ છે, જમણા હાથની માતૃરેખા ચોખ્ખી હોય તો તે મનુષ્યમાં જશે.

ડાબા હાથની આયુષ્ય રેખા સ્પષ્ટ હોય તો પાતાલમાંથી આવેલ છે. જમણા હાથની આયુરેખા ચોખ્ખી હોય તો નરક કે તિર્યંચ ગતિમાં જશે એ રેખાઓ અખંડ છેદ વગરની હોવી જોઇએ તો ઉપર મુજબ ગતિ થાય.

## મોસાલપક્ષ તથા આયુષ્ય માટે જવનાં પ્રમાણે વધઘટ જાણવું.

અનામિકા અંગુલીના છેલ્લા પર્વ કરતા કનિષ્ટા અંગુલી પાંચ જવ પ્રમાણે મોટી હોય તો તેનું સો વરસનું આયુ જાણવું, ચાર જવ મોટી હોય તો તેનું ૯૦ વરસનું, ત્રણ જવ મોટી હોય તો ૮૦ વરસનું, બે જવ મોટી હોય તો ૭૦ અને એક જવ પ્રમાણમાં મોટી હોય તો ૬૦ થી અધિક તેમજ જો બરાબર હોય તો સાઠ વરસનું આયુ જાણવું. અનામિકાના

છેલ્લા પર્વ કરતા કનિષ્ટા અંગુલી ૧ જવ ઓછી હોય તો ૫૦ બે જવ ઓછી હોય તો ૪૦ ત્રણ જવ ઓછી હોય તો ૩૦ અને ચાર જવ ઓછી હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય જાણવું.

# સ્વપ્નનું સ્વરૂપ

શ્રી ભદ્રબાહુ સ્વામી કહે છે કે હે મુનિઓ? હું તમોને સ્વપ્નનું રહસ્ય કહું છું તે સાંભળો :-

જેનામાં શ્લેષ્મ વધારે હોય તેવા જીવો જલ, કમલ, ધાન્ય, મણિ, મોતી તથા પ્રવાલાનાં સ્વપ્નો જુએ છે જેનામાં પિત્ત પ્રબલ હોય તેવા જીવો સ્વપ્નામાં રાતાં અને પીળાં દ્રવ્યો જુએ છે.

सिंहव्याघ्रगजैर्युक्तो, गोवृषाश्वैनरैर्युतः ।
रथमामारुह्य यो याति, पृथिव्यां स नृपो भवेत् ॥ १ ॥

**અર્થ**-જે માણસ સ્વપ્નમાં સિંહ, વ્યાઘ્ર, હાથી ગાય, બેલ, ઘોડા અને માણસો સાથે રથમાં બેસીને જાય છે, તે પૃથ્વીમાં રાજા થાય છે.

पुष्करिण्यास्तु यस्तीरे, भुञ्जीत शालिभोजनम् ।
श्वेत गजं समारुढः, स राजा ह्यचिराद भवेत् ॥ २ ॥

**અર્થ**-જે માણસ વાવડીને કાંઠે સ્વપ્નમાં શ્વેત હાથી પર ચડીને શાલિનું ભોજન કરે તે માણસ તત્કાલ રાજા થાય છે.

જે માણસ સ્વપ્નમાં સુવર્ણ અથવા રૂપાના પાત્રમાં ભોજન કરે તે માણસ તત્કાલ દરિદ્રી થઈ જાય છે. જે માણસ સ્વપ્નમાં મહેલ પર ચડીને ભૂમિ પર પડે તે માણસની સ્ત્રીનું મૃત્યુ થાય

છે જે માણસ સ્વપ્નમાં સમુદ્ર, પર્વત કે વન સહિત પૃથ્વીને બન્ને હાથથી ઉંચકે, તે માણસને તત્કાલ રાજ્ય મળે છે. જે માણસ સ્વપ્નમાં સૂર્ય અથવા ચંદ્રને સ્પર્શ કરે, તે માણસને સેનાપતિની જગ્યા મળે છે જે માણસના લિંગનો સ્વપ્નમાં છેદ થાય તે માણસ સૌભાગ્ય અને ધનને મેળવે છે જે સ્ત્રી સ્વપ્નમાં પોતાની યોનિને છેદાયેલી જુએ, તેણીને પોતાના સ્વામી તરફથી લાભ મળે છે. જે માણસનું મસ્તક સ્વપ્નમાં છેદાય છે તેને એક હજાર સોના મહોરનો લાભ મળે છે. અને ઘણા ઉત્તમ પ્રકારના ભોગોને ભોગવે છે. જે માણસ સ્વપ્નમાં ધનુષ્ય ચડાવે તેને દ્રવ્યનો લાભ થતાં શત્રુનો નાશ થાય છે જે સ્વપ્નમાં હાથી ઉપર ચડી આભુષણો ધરી પરદેશ સીધાવે તેને ઘણી સમૃદ્ધિ પ્રાપ્ત થાય. જે માણસ સ્વપ્નમાં દેવોનું, સાધુઓનું અને બ્રહ્મણોનું દર્શન કરે તેનો તુરત વિજય થાય છે જે માણસ સ્વપ્નમાં કુવાનુ પાણી જીભથી ચાટીને પીએ તો તે મહા બુદ્ધિમાન થાય છે જે માણસ સ્વપ્નામાં સ્મશાનમાં જઈ સુકાં કાષ્ટ પર અથવા સુકા વૃક્ષ પર ચડે તે ઘણું દુઃખ પામે છે. જે સ્વપ્નમાં મધનું ભક્ષણ કરે તે માણસ નિર્ધન થઈ દુઃખી થાય છે જે માણસ સ્વપ્નમાં આંબાના ફળોનું ભક્ષણ કરે તેનું ક્ષુધાથી મૃત્યુ થાય છે. જે પુરૂષ સ્વપ્નમાં ચાંડાલણી સાથે પ્રીત કરે છે તેના સૌભાગ્યની વૃદ્ધિ થાય છે, પણ જો તેણીની સાથે સંભોગ કરે તો ઘણો દરિદ્રી થાય છે. જે માણસ સ્વપ્નમાં પક્ષીઓને મૈથુન સેવતા જુએ તો તેના સંતાનો મૃત્યુ પામે છે. જે પુરૂષ સ્વપ્નમાં વીણા વગાડે તેને અત્યંત રૂપવતી તથા કુલીન સ્ત્રી મળે છે જે માણસ સ્વપ્નમાં વિષપાન કરે તે લાંબુ આયુષ્ય ભોગવે છે,

જે માણસ ઊંટ ઉપર ચડીને દક્ષિણ દિશામાં જાય તેનું તત્કાળ મૃત્યુ થાય. જે માણસ સ્વપ્નમાં અટ્ટહાસ્ય કરે તેના દ્રવ્યનો વિનાશ થાય છે. સૂર્યોદય સમયે સ્વપ્નમાં જે માણસના જમણા પગને અંગુઠે જો શ્વેત રંગનો સર્પ ડંખ મારે તો તે માણસને અકસ્માત ઘણું દ્રવ્ય મળે છે. જે માણસ સ્વપ્નમાં ગધેડો, કુક્કર, ઊંટ અથવા પાડા ઉપર બેસી ભોજન કરે તો તેનું પંદર દિવસની અંદર મૃત્યુ થાય છે. જે માણસ સ્વપ્નમાં મુશલ લઈને ખાંડવા લાગે તેનું દ્રવ્ય અને યશ બન્ને નષ્ટ થઈ જાય છે. જે માણસ સ્વપ્નમાં હરિણ ઉપર સ્વારી કરે તેની સર્વ મિલ્કત અગ્નિથી ભસ્મ થઈ જાય છે. જે માણસ સ્વપ્નમાં પકાવેલા માંસનું ભક્ષણ કરે તેને ભયંકર વ્યાધિ ઉત્પન્ન થાય છે, જો સ્વપ્નમાં વમન થાય છે, જે માણસ સ્વપ્નમાં માથા પર છત્ર ઓઢે છે, તેની સ્રીનો વિનાશ થાય છે. જે માણસ સ્વપ્નમાં ગાયન કરે છે તેને પ્રભાતમાં જ રૂદન કરવું પડે છે. સ્વપ્નમાં જે રાજ્યાસન પર બેસે તેને કારાગૃહનું બંધન થાય છે. જે માણસ સ્વપ્નમાં તળાવ કે નદી જુએ છે. તેને શોકાતુર થઈ વિદેશ ગમન કરવું પડે છે. જેને સ્વપ્નમાં આશન, શયન, વાહન, ઘર, ધન અને આભુષણ મળે છે તે હંમેશાં સુખી થાય છે. જે માણસ સ્વપ્નમાં શણગારેલા હાથી ઘોડા તથા બળદોને જુએ તેનો યશ વૃદ્ધિ પામે છે. જે માણસ સ્વપ્નમાં પતાકા, તરવાર લાકડી અથવા ભાલુ જુએ છે તેને વનવાસ સેવવો પડે છે. જે માણસ સ્વપ્નમાં મૂત્ર કે વિષ્ટા કરે છે તેને સારૂં ભોજન પ્રાપ્ત થાય છે. જે માણસ સ્વપ્નામાં વીંછીના ડંખથી શોક કરે નહિ તેને દ્રવ્ય અને કીર્તિ બન્ને પ્રાપ્ત થાય છે. જે

માણસ સ્વપ્નમાં પ્રીતિથી સારૂં જળ પીએ તે શોકથી નિર્મુક્ત થાય છે જે માણસ સ્વપ્નમાં લાલ રંગની કરેણ અથવા લાલ રંગના કમળો મસ્તક પર ધારણ કરે તેના દ્રવ્યની વૃદ્ધિ થાય છે. જે માણસ સ્વપ્નમાં શ્યામવર્ણી ઘોડા ઉપર પ્રયાણ કરે તે માણસને વ્યાપારમાં ઘણો લાભ ન થાય, જે માણસ સ્વપ્નમાં વડના વૃક્ષ ઉપર ચડે તેને ભુત પિશાચ આદિકનો ભય ઉત્પન્ન થાય છે.

ભયંકર આંખોવાળી અને શ્યામ રંગની સ્ત્રી સ્વપ્નમાં આવી જેને ઉત્તર તથા દક્ષિણ તરફ ખેંચી જાય તે માણસનું સાત દિવસમાં મૃત્યુ થાય છે. જે માણસ સ્વપ્નમાં જટાધારી મુંડિત તથા મલિન વસ્ત્રોવાળા મનુષ્યને જુએ તેને અત્યંત ભય પ્રાપ્ત થાય છે, સ્વપ્નમાં કાગડો અથવા કોકિલ પક્ષી જે માણસના મસ્તક પર વિષ્ટા કરે તેના યશનો વિનાશ થાય છે. સ્વપ્નમાં જો શ્વેત પુષ્પની માળા ધારણ કરાય તો શુભ ફળ પ્રાપ્ત થાય છે. જે માણસ સ્વપ્નમાં બેલની ગાડીમાં બેસી પૂર્વ અથવા ઉત્તર દિશામાં જાય છે તેને દ્રવ્યનો ઘણો લાભ થાય છે. જે માણસ સ્વપ્નમાં પર્વતના શિખર ઉપર બેસે તે નિરોગી થઈ પૃથ્વીનો ભોક્તા થાય છે જે માણસ મૃત્તિકાના હસ્તી પર બેસી સમુદ્રમાં સ્નાન કરે તે થોડી મુદતમાં રાજા થાય છે. જે માણસ સ્વપ્નમાં વૃક્ષોની ડાળીઓ અને ફળોને પાડે છે તેનાં સંતાનનો ક્ષય થઈ જાય છે. જે માણસ સ્વપ્નમાં શ્વેત અથવા લીલા રંગના વસ્ત્રો પહેરે છે, અથવા અગ્નિથી દાઝે છે, તેને કદી પણ લક્ષ્મી છોડતી નથી. દાઝેલું તેલ, મૃત્તિકા અને દૂધ જો સ્વપ્નમાં દેખાય તો ઉત્તમ, પણ તેનું ભોજન ઉત્તમ નહીં જો સ્વપ્નમાં શરીરના અંગ, ઉપાંગ, કેશ તથા નખોની વૃદ્ધિ

દેખે તો તે ઉત્તમ જાણવી. જો સ્વપ્નમાં ઉત્તમ પ્રકારના ધાન્યોથી અને ફળ-ફૂલોથી ખોબો ભરાય તો તેને મોટી લક્ષ્મી મળે છે. જે માણસ સ્વપ્નમાં શણગારેલી કુમારિકાને જુએ તેને ઉત્તમ સ્ત્રી મળે છે જે માણસ સ્વપ્નમાં તિક્ષ્ણ શસ્ત્રોથી પર્વતોને તોડી પાડે તેનો તુરત રાજ્યાભિષેક થાય. જે પુરૂષ સ્વપ્નમાં પોતાને સ્ત્રીરૂપ થયેલો જુએ, અને સ્ત્રી પુરૂષરૂપ થયેલી જુએ તો તે સ્ત્રી-પુરૂષ પોતાનાં કુટુંબની વૃદ્ધિ માટે થાય છે. જે રાજા અથવા રાજકુમાર સ્વપ્નમાં પોતાને ધન-ધાન્યની ચોરી કરનાર રૂપે જુએ, તેના રાજ્યની મોટી વૃદ્ધિ થાય છે, જે માણસ સ્વપ્નમાં રૂધિરથી સ્નાન કરે તેને થોડા વખતમાં ઘણી લક્ષ્મી મળે છે સ્વપ્નમાં જે માણસની જીભ કોઈ પણ રીતે છેદાય તેનો યશ તથા દ્રવ્યની તત્કાળ વૃદ્ધિ થાય છે

જો ઉપર કહેલાં અનિષ્ટ સ્વપ્નો આવે તો તેની શાંતિને માટે દેવગુરૂની પૂજા કરવી, કાયાને શુદ્ધ કરવી અને ઉપવાસ કરવો.

# મંત્રો, વિધિ તથા તેનું ફળ.

નીચેના નિયમો ખાસ સંભાળ રાખીને પાળવા તો જ મંત્રના ફળની પ્રાપ્તિ થશે, એ સિવાય નકામી ગરબડ કે ગોટાળા કરવાથી કાંઈ ફળ મળશે નહીં.

જે મંત્રમાં જે સામાન જોઈએ તે સંભાળ પૂર્વક તૈયાર કરી પાસે લઈને બેસવું, કારણ કે જપ કરતાં કરતાં કાંઈ વારે

ઘડીએ ઉઠાશે નહીં, બેસવાનું આસન ડાભ (એક પ્રકારનું ઘાસ આવે છે તે) નું અથવા લાલ, પીળું, સફેદ કે જે મંત્રની વિધિમાં જે જાતનું લેવાનું કહ્યું હોય તેવું બીછાવવું ઓઢવા સારૂં વસ્ત્ર ઉત્તમ જે પ્રકારનું મંત્રમાં વાપરવાનું લખ્યું હોય તેવું લેવું. સ્વચ્છ પાણીથી ન્હાઈ-ધોઈ શરીર પવિત્ર કરી, સુંદર વસ્ત્રો પહેરી, શુદ્ધ ઉચ્ચારથી, સમતા અને શ્રદ્ધાપૂર્વક જપ કરવો. આસન-જિનપ્રતિમાની માફક પદ્માસને બેસવું, અથવા જે વિધિમાં જેવું જણાવ્યું હોય તે પ્રમાણે બેસવું. જપ કરતાં ડાબો હાથ જમણી બગલમાં રાખવો, તથા નવકારવાળી જે પ્રમાણે જપવાની કહી હોય તે પ્રમાણે નાસિકાના અગ્રભાગે કે પ્રતિમા-છબી સામે ગોઠવી હોય તેના પ્રત્યે દૃષ્ટિ રાખી સ્થિર ચિત્તથી જાપ કરવો, જ્યાં જ્યાં ધૂપ લખ્યો હોય ત્યાં ત્યાં કરવો, ને દીવો (દીપક) લખ્યો હોય ત્યાં સ્વચ્છ ચોકખા ઘીનો દીવો આગળ બળતો રાખવો.

વશીકરણ વિદ્યામાં મુખ ઉત્તર દિશા તરફ રાખીને બેસવું, અને લાલ મણકાની માળા વચલી આંગળી પર રાખી અંગુઠા વડે ફેરવવી, આસન ડાભનું લેવું, સફેદ ધોતીયું પહેરવું, અને સફેદ અંતરવાસીયું રાખી ડાબા હાથે જાપ કરવો.

લક્ષ્મી મેળવવા કે ધંધા રોજગારમાં લાભ થવા વિગેરે માટે પૂર્વ કે દક્ષિણ દિશા તરફ મુખ રાખી પદ્માસને બેસી લાલ રંગની માળા, લાલ અંતરવાસિયું, અને લાલ રંગનું ઉનનું કે મખમલનું આસન રાખી જમણા હાથે જાપ કરવો.

સ્તંભન એટલે દુશ્મન વિગેરેને રોકવું. એ કામમાં મુખ પૂર્વ દિશા તરફ રાખવું, માળા સોનાની અથવા પોખરાજની

વાપરવી. આસન પીળા રંગનું, જમણા હાથે વચલી આંગળીને અંગુઠા વડે માળા ફેરવવી.

ઉચ્ચાટનમાં મુખ વાયવ્ય ખુણામાં રાખવું, માળા પાનાની હરિયાળા રંગની લેવી, આસન ડાભનું, મંત્ર બોલી જમણા હાથની તર્જની આંગળીએ અંગુઠા વડે માળા ફેરવવી.

શાંતિ કાર્યોમાં વારૂણી યાને પશ્ચિમ દિશા તરફ મુખ રાખી, મોતીની અથવા સફેદ રંગની માળા અનામિકા એટલે ટચલી આંગળીની પાસેની આંગળી તથા અંગુઠા વડે ફેરવવી. આસન ડાભનું કે ધોળા રંગનું રાખવું, ને સફેદ કપડાં પહેરવામાં તથા ઓઢવામાં લેવાં.

પૌષ્ટિક કાર્યમાં નૈઋત્ય ખુણે મુખ રાખી, ડાભના આસન પર બેસી મોતીની કે સફેદ રંગની માળા અનામિકા આંગળી ને અંગુઠા વડે ફેરવી જાપ કરવો વસ્ત્ર વાપરવાં.

મંત્ર સાધતાં સવા લાખ જાપ જેટલા દિવસમાં પોતાનાથી થઇ શકે તેટલા દિવસમાં પૂરા દરરોજ નિયમિત વખતે શુદ્ધતા પૂર્વક કરવાથી મંત્ર સાધ્ય થાય છે ત્યાર પછી જ્યારે જરૂર પડે ત્યારે ૧૦૮ વાર અથવા ૨૧ વાર જ્યાં જેટલા લખ્યા હોય તેટલી વાર જપવાથી તે કાર્ય સિદ્ધ થાય છે. ખાવા–પીવામાં શુદ્ધતા રાખવી, સ્ત્રી સંગ કરવો નહીં, જમીન પર ડાભની કે પાતળા વસ્ત્રની પથારી કરી સૂવું. શુદ્ધ આચાર–વિચાર રાખવા, મંત્ર જપવાનું સ્થાન એકાંતમાં જ શુદ્ધ ભૂમિ પર રાખવું. મંત્ર જપતાં પહેલાં રક્ષા મંત્ર જપી પોતાની રક્ષા કરવી, જેથી કોઈ જાતના દેવ, દેવી, ભૂત, પ્રેત, વાઘ, સાપ, વીંછી વિગેરે ભયંકર રૂપ લઈ ડરાવે નહીં. વળી તેવાં

રૂપથી ડરવું પણ નહીં, ડરવાથી નુકશાન થાય છે, વાસ્તે સાવચેત રહેવું. મંત્ર જપતાં લુગડાં રેશમી, ઉન કે સૂતરનાં હોય, પરંતુ શુદ્ધ જોઇએ. એ લૂગડાં પહેરીને પેશાબ કરેલા કે જમવા બેઠેલા ન હોય. વળી જપ કરતાં કરતાં ઉઠવું, બેસવું કે કોઇની સાથે વાતચીત વિગેરે કોઇ પણ પ્રકારનાં બીજાં કામ ન કરવાં જોઇએ. આટલી સૂચનાઓ ખાસ ધ્યાનમાં રાખવી.

## રક્ષા મંત્ર

नमो अरिहंताणं ॥ नमो सिद्धाण ॥
नमो आयरियाणं ॥ नमो उवज्झायाणं ॥
नमो लोए सव्व-साहूणं ॥

આ નવકાર મંત્ર મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે, એનાથી અનેક જીવોનું કલ્યાણ થયું છે, એના સ્મરણ માત્રથી દરેક પ્રકારનાં વિઘ્નો નાશ પામે છે. એના ૩૫ અક્ષરો છે. પહેલા ચરણમાં ૭ અક્ષરો છે, બીજા ચરણમાં ૫ અક્ષરો છે, ત્રીજા ચરણમાં ૭ અક્ષરો છે. ચોથા ચરણમાં ૭ અક્ષરો છે, અને પાંચમાં ચરણમાં ૯ અક્ષરો છે. એમ એકંદરે ૩૫ અક્ષરો થાય છે. એના પહેલા ચરણની ૧૧, બીજા ચરણની ૯, ત્રીજા ચરણની ૧૧, ચોથા ચરણની ૧૨, અને પાંચમા ચરણની ૧૫ મળી કુલ ૫૮ માત્રાઓ છે.

જે કાર્યની સિદ્ધિ જે મંત્ર જપવાથી થાય છે, તે જ મંત્ર તે કાર્યની ફળ પ્રાપ્તિમાં કામ આવે છે. આ ૪૬ મંત્રના પ્રકાર મહાન આચાર્ય મહારાજો જાણતા હતા, અને તેઓ એકદમ કોઈને પણ બતાવતા નહોતા. કદાપિ કોઇ દુઃખી જૈન-શ્રાવકને દેખીને દયાભાવથી ફક્ત તેનું દુઃખ નિવારણ કરવા

સારૂ તેના લાયક એકાદ મંત્ર અને તેની વિધિ બતાવતા હતા. આ ૪૬ સ્વરૂપમાં ૯ મંત્રો તો એવા ચમત્કારિક હતા, કે જે કલ્પનામાં પણ ન આવે તેવા અલૌકિક હતા, પરંતુ કલિયુગના જીવોમાં સમતાં ગુણ ન જોવાથી એ મહા શક્તિમાન ૯ મંત્રોનો લોપજ કરી દીધો. બાકીના ૩૭ રહ્યા, તે તેવા મુનિ ન રહેવાથી ભટ્ટારકોના હાથમાં ગયા. તે ભટ્ટારકોની જેઓ સેવા-ચાકરી કરતા હતા તેમને તેઓ કાંઈક મંત્રો બતાવતા હતા.

## પાંચ આંગળીઓનાં નામ

અંગુઠાને अंगुष्ठा કહે છે.

અંગુઠાની જોડેની આંગળીને तर्जनी કહે છે.

ત્રીજી યાને વચલી આંગળીને मध्यमा કહે છે.

ચોથી આંગળીને अनामिका કહે છે.

પાંચમી આંગળીને कनिष्ठा કહે છે.

કોઈપણ મંત્ર સાધવા બેસો ત્યારે હંમેશાં સાધતી વખતે પ્રથમ નીચે બતાવેલો રક્ષા મંત્ર ભણવો તેનાથી કોઈ દેવ-દેવી કે વ્યંતર ઉપદ્રવ નહિ કરે, અને ધ્યાનમાં વિઘ્ન નહિ થાય.

## રક્ષા મંત્ર

नमो अरिहंताणं, शिखायां

એમ બોલીને જમણો હાથ માથા ઉપર ફેરવવો.

नमो सिद्धाणं, मुखाभ्यर्णे.

એમ બોલીને મોંઢા પર હાથ ફેરવવો.

नमो आयरियाणं, अंगरक्षा.

એમ બોલીને શરીર પર હાથ ફેરવવો.

नमो उवज्झायाणं, आयुधं

એમ બોલીને ધનુષ્ય બાણ તાકતા હોઇએ તેમ કરવું.

नमो लोए सव्वसाहूणं, मौर्वी.

આમ બોલી દુશ્મનને તલવાર દેખાડતા હોઇએ તેમ કરવું.

एसो पंच नमुक्कारो; पदतले वज्रशिला.

આમ બોલીને ચારે તરફ જે આસન પર બેઠા હોઇએ તે આસન પર હાથ ફેરવી, મનમાં ધારવું કે 'હું વજ્રશિલા પર બેઠો છું'' તેથી જમીનમાંથી કે પાતાળમાંથી કાંઈ વિઘ્ન કરનાર નથી.

सव्वपावप्पणासणो, वज्रमयप्राकाराश्चतुर्दिक्षु.

આમ બોલી મનમાં એવું ધારવું કે—'મારી ચારે તરફ લોખંડનો કોટ છે.' આ વખતે આપણા આસનની આસપાસ ચારે તરફ આંગળી વતી ગોળ લીટી દોરવી.

मंगलाणं च सव्वेसिं, शिखादिसर्वप्रखातिका.

આમ બોલી મનમાં વિચારો કે—'લોખંડના કોટની પાછળ ફરતી ખાઈ-ખાડી છે.'

पढमं हवई मंगलं, प्रकारोपरि वज्रटंकणिकः

આમ બોલી સંકલ્પથી જે આપણી આસપાસ વજ્રમય કોટ કલ્પ્યો છે, તેને ટકોર મારતા હોઇએ એમ કરો. એનો ભાવાર્થ એ છે કે, ઉપદ્રવ કરનારા ચાલ્યા જાઓ, વજ્રમય કોટમાં વજ્રશિલા પર નિર્ભયપણે મારી રક્ષા કરીને હું બેઠો છું.

આ રક્ષામંત્રના પ્રતાપે કોઈ પણ પ્રકારનું વિઘ્ન નહીં આવે, અને આપણો જાપ નિર્ભયતાથી કરવાને માટે ઉત્સાહ વધશે.

## રક્ષા મંત્ર બીજો

ॐ नमो अरिहंताणं, ह्रूँ हृदयं रक्ष, हुं फट् स्वाहा.
ॐ नमो सिद्धाणं ह्रूँ शिरो रक्ष रक्ष हुं फट् स्वाहा
ॐ नमो आयरियाणं, ह्रूँ शिखां रक्ष रक्ष हुं फट् स्वाहा
ॐ नमो उवज्झायाणं, ह्रूँ एहि एहि भगवति !
वज्रकवचा वज्रिणि रक्ष रक्षु हुं फट् स्वाहा
ॐ नमो लोएसव्व-साहूणं, ह्रः क्षिप्रं साधय साधय, वजहस्ते शुलिनि ! दुष्टान रक्ष रक्ष हूं फट् स्वाहा.

જ્યારે કોઈ અચાનક ઉપદ્રવ આવી પડે, એટલે ખાતાં, પીતાં, મુસાફરીમાં જતાં આવતાં કે સૂતાં, ઉઠતાં કાંઈક આફત આવે ત્યારે તરત આ મંત્રનું મનનાં વારંવાર સ્મરણ કરવાથી ઉપદ્રવ શમી જાય છે; અને આપણો જીવ બચે છે.

## રક્ષા મંત્ર ત્રીજો

ॐ नमो अरिहंताणं ॥ ॐ नमो सिद्धाणं ॥
ॐ नमो आयरियाणं ॥ ॐ नमो उवज्झायाणं ॥
ॐ नमो लोए सव्वसाहूणं ॥
एसो पंच नमुक्कारो ॥ सव्व पावप्पणासणो ॥
मंगलाणं च सव्वेसिं ॥ पढमं हवइ मंगलं ॥
ॐ ह्रूँ ह्रः फट् स्वाहा ॥

## રક્ષા મંત્ર ચોથો

ॐ नमो अरिहंताणं
આ પદ નાભિમાં ધારવું.
ॐ नमो सिद्धाणं
આ પદ હૃદયમાં ધારવું.
ॐ नमो आयरियाणं
આ પદ કંઠમાં ધારવું.
ॐ नमो उवज्झायाणं
આ પદ મુખમાં ધારવું.
ॐ नमो लोए सव्वसाहूणं
આ પદ મસ્તકમાં ધારવું.

सर्व्वाङ्गे अम्ह रक्ष हिल हिल मातंगिनि ! स्वाहा

આ પ્રમાણે ૧૦૮ વાર મંત્રને મનમાં જપવાથી ઉત્તમ રીતિએ રક્ષા થાય છે.

## શુભાશુભ જાણવાનો મંત્ર

ॐ ह्रीँ हुँ क्ष्वी स्वाहा

કોઈ પણ કાર્યમાં લાભ થશે કે હાનિ ? તે જાણવું હોય ત્યારે રાત્રે કપાળે ચંદન ચોપડી તે સુકાઈ જાય એટલે ૧૦૮ વખત આ મંત્રને જપીને ભગવંત સ્મરણ કરતાં કરતાં જમીન પર શેત્રંજી પાથરી સુઈ રહેવું, એટલે સ્વપ્નમાં તે કાર્યના ફળની ખબર પડશે.

## અગ્નિ શાંત કરવાનો મંત્ર

ॐ नमो ॐ अर्हं अ-सि-आ-उ-सा-नमो,

अरुहंताणं नमः

એક લોટામાં ચોખ્ખું પાણી ભરી ૨૧ વખત આ મંત્ર ભણીને તેના પર ફુંકો મારવી. ત્યારબાદ જ્યાં લ્હાય લાગી હોય તે જગ્યાની અગ્નિ પર એમાંથી આંગણામાં પાણી લઈને છુટું છુટું છાંટવું, તથા આગ બહુજ જોરમાં હોય તો અગ્નિ આસપાસ આ પાણીની ધારાએ ગોળ કુંડાળું કરવાથી અગ્નિ આગળ વધતી નથી. આ મંત્ર ૧૦૮ વખત અમસ્તો જપવાથી પણ એક ઉપવાસનું ફળ-પુણ્ય થાય છે.

## માથાનો રોગ મટાડનાર મંત્ર

ॐ नमो अरुहंताणं, ॐ नमो सिद्धाणं,
ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं,
ॐ नमो लोए सव्व-साहूणं, ॐ नमो णाणाय,
ॐ नमो दंसणाय, ॐ नमो चारित्ताय,
ॐ हूँ त्रैलोक्यवश्यं कुरुँ ह्रीं स्वाहा

એક વાટકી, પ્યાલી કે લોટીમાં ચોખ્ખું પાણી ભરી ૨૧ વખત આ મંત્ર ભણી, તે પાણીને ફુંકો મારી મંતરવું, ને જેને આધાશીશી કે માથું દુખતું હોય તેને પાવાથી દરદ શાંત થાય છે.

## તાવનો મંત્ર

ॐ नमो लोए सव्व-साहूणं,
ॐ नमो उवज्झायाणं,
ॐ नमो आयरियाणं,
ॐ नमो सिद्धाणं,
ॐ नमो अरुहंताणं ॐ ह्रीं.

આ પ્રમાણે ૧૦૮ વાર જપ કરી એક કોરી ચાદરના ખુણાને મસળતા જવું, અને છેવટે તેને ગાંઠ વાળી દેવી પછી તે ચાદરનો ગાંઠનો ભાગ તાવ આવતો હોય તેના માથા તરફ રાખીને ઓઢાડવું. આ પ્રમાણે કરવાથી રોજીંદો, એકાંતરીયો, ચોથીયો કે ટાઢીયો ગમે તેવો તાવ હશે તો પણ ઉતરશે.

## વિદ્યા પ્રાપ્તિ મંત્ર

ॐ ह्रीं अ-सि-आ-उ-सा,
नमो ह्रूँवादिनी, सत्यवादिनि,
वागूवादिनी, वद वद रम वक्त्रकण्ठे
वाचया सत्यं ब्रूहि ब्रूहि सत्यं वद
अस्खलितप्रचारा सदैव मनुजा;
सुरसदसि ह्रीं अर्हं अ-सि-आ-उ-सा-नमः ॥

**આ મંત્રને એક લાખ વખત જપ કરી સિદ્ધ કરવો, અને પછી જ્યારે અભ્યાસ કરવા બેસે ત્યારે ૨૧ વખત જપે, તથા**

પરીક્ષા આપવા જાય ત્યારે પણ ૧૦૮ વખત જપીને જવાથી પરીક્ષામાં પણ પાસ થવાય, તેમજ વાદ–વિવાદમાં પણ જીત થાય છે.

## વાદ જય મંત્ર

ॐ अर्हंसः, ॐ अर्हं ऐं
श्री अ–सि आ–उ–सा–नमः ॥

આ મંત્રને સવા લાખ વખત જપી સિદ્ધ કરવો ત્યાર પછી જયારે કામ પડે ત્યારે ૨૧ વખત જપવો; એથી વાદમાં જય પ્રાપ્તિ થાય છે.

## પરદેશ લાભ મંત્ર

ॐ नमो अरिहंताणं ॥ ॐ नमो चंदवईए ॥
चंदायईए सतट्ठाण गिरे मोर मोर हुल हुल,
चुलु चुलु मयूरवाहिनि ।

જયારે પરદેશે વેપાર–રોજગાર દ્વારા ધન મેળવવા સારૂ જવું હોય તે પહેલાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની સામે ઉભા રહી દશ હજાર વખત આ મંત્ર જપી, શુભ મુહૂર્તમાં જવું. જતી વખતે પણ ૧૦૮ વખત જાપ કરવો, તથા તે ગામમાં પેસતાં પણ ૧૦૮ વખત જાપ જપવો; એથી મનવાંછિત લાભ થાય છે.

**ચેતવણી**–જે ગામે રોજગાર સારૂ જવું હોય તે ગામમાં મંગળવારે પ્રવેશ કરવાથી લાભને બદલે હાનિ–નુકશાન થાય છે.

## કાર્ય સિદ્ધિ મંત્ર

ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः अ–सि–आ–उ–सा–स्वाहा ।

જે કાર્યની સિદ્ધિ મેળવવી હોય તે કાર્ય મનમાં ચિંતવવું. આ મંત્રનો જાપ સવા લાખ વખત કરવો, અને જ્યાં સુધી જાપ ચાલે ત્યાં સુધી દશાંગ ધૂપ ચાલુ રાખવાથી લાભ થશે.

## ભુત-પ્રેત નિવારણ મંત્ર

ॐ हूँ्री अ-सि-आ-उ-सा सर्वदुष्टान स्तंभय स्तंभय,
मोहय मोहय, अंधय अंधय, मूकवत् कारय,
कुरु कुरु ह्रीं दुष्टान ठः ठः ठः ठः ।

જ્યારે કોઈ સ્ત્રી અથવા બાળકને ભૂત, પ્રેત, ચૂડેલ કે ડાકિણીનો વળગાડ થયો હોય ત્યારે ૧૦૮ વખત આ મંત્ર બોલીને, સવારે તથા સાયંકાળે પુંજવાથી તે સ્ત્રી યા બાળક પીડામાંથી છુટે છે.

## દ્રવ્ય પ્રાપ્તિનો મંત્ર

अरुहंत-सिद्ध आयरिय-उवज्झाय-सव्वसाहुण

આ મંત્રનો વિધિ પૂર્વક સવા લાખ જાપ કરે તો દ્રવ્ય પ્રાપ્તિ થાય છે

## સર્વ સિદ્ધિ મંત્ર

अ-सि-आ-उ-सा नमः

આ મંત્રનો સવા લાખ જાપ કરવાથી સિદ્ધ થાય છે, અને રોજ ૧૦૮ મણકાની નવકારવાળી ગણવાથી ઉત્તમ લાભ મળે છે.

## મંત્ર બીજો.

ॐ अरिहंताणं, सिद्धाणं, आयरियाणं,
उवज्झायाणं, साहुणं,
मम ऋद्धि वृद्धि समीहितं कुरु कुरु स्वाहा.

સવાર, બપોર ને સાંજે ત્રિકાળે ન્હાઈ, શુદ્ધ થઈ આ મંત્રને ૧૦૮ વખત જપે; એ પ્રમાણે ૨૧ દિવસ લાગટ જાપ કરવાથી સર્વ પ્રકારે લાભ થઈ મનવાંછિત ફળ મળે છે.

## મંત્ર ત્રીજો.

ॐ नमो अरुहंताणं ।। ॐ नमो सिद्धाणं ।।
ॐ नमो आयरियाणं ।। ॐ नमो उवज्झायाणं ।।
ॐ नमो लोए सव्वसाहूणं ।।
ॐ ह्राँ ह्रीँ ह्रूँ : स्वाहा ।।

આ મંત્રનો સવા લાખ વખત જાપ કરવાથી સિદ્ધ થાય છે. અને પછી દરરોજ ૧૦૮ વખત જાપ કરવાથી લક્ષ્મી મળે છે, તથા લોકોમાં યશ-કીર્તિ વધે છે.

આ મંત્રને જૈન ભાઈઓએ તથા બ્હેનોએ જપતાં સુધી ધાર્મિક શુદ્ધિઓ સાચવવી. પ્રભુ પૂજા તથા ભાવનામાં પ્રેમપૂર્વક શ્રદ્ધા રાખવી, શુદ્ધ આચાર-વિચાર રાખવા, સત્કાર્યો કરવાં, સાધુ-સાધ્વીજીનો વિનય કરવો; તો જ સાચો લાભ મળે છે.

## દ્રવ્ય પ્રાપ્તિનો સાદો ઉપાય

જે નિર્ધન હોય અને તેને દ્રવ્ય મેળવવાની ઇચ્છા હોય, તેણે દર બુધવારે હજામત કરાવવી, એ સિવાય બીજા કોઈ પણ વારે હજામત કરાવવી નહીં. તથા સવારમાં ઉઠીને નવકાર મંત્ર મનમાં ભણીને રૂપાનાણું જમણા હાથની હથેળીમાં રાખી દર્શન કરે તો ધીમે ધીમે સુખ થાય.

## સરસ્વતીનો જાપ

ॐ ह्रीँ वद वद वागवादिनि भगवति सरस्वतिश्रतदेवि । मम जाडयं हर हर, श्री भगवत्यै ठः ठः ठः ठः स्वाहा.

## મંત્રો

વીંછી ઉતારવાનો મંત્ર—ॐ પક્ષિ સ્વાહા અથવા ॐ દ્રં જં ક્ષીં જં સ્વાહા.

આ મંત્રનો ૧૦ હજાર જાપ કરવાથી સિદ્ધ થાય છે, અને ૨૧ વાર જપવાથી વીંછીનું ઝેર ઉતરે છે.

તાવ મટાડવાનો મંત્ર—ॐ હ્રીં હ્રૌં હું હોં હું હઃ—એનાં દશ હજાર જાપથી તાવ મટે છે.

એકાંતરીઓ તાવ ઉતારવાનો મંત્ર—ॐ વજ્રહસ્તો મહાકાયો વજ્રપાણિર્મહેશ્વરઃ તાડિતો વજ્રદંડેન.

ભૂમ્યાં ગચ્છ મહાજ્વર—આ મંત્ર ૧૦૮ વાર જપ્યા પછી નાગરવેલનું પાન ખાય તો તે જ દિને તાવ જાય.

આધાશીશીનો મંત્ર—વનમેં જાઈ વાંદરી જો આધાફૂલ ખાઈ, ખડે મુહુમ્મદ હાંકહે આધાશીશી જાઈ.

શુકલપક્ષમાં પહેલા ગુરૂવારને રોજ ૧૦૧ મંત્ર પઢીને સિદ્ધ કરવો. પછી રોગીના મસ્તક પર ત્રણ વાર મંત્ર પઢીને ફૂક મારવી એટલે આધાશીશી ઉતરી જાય.

માથુ દુખતું મટે—સહસ્ત્ર ઘર ઘાલે એક ધર ખાય આગે ચલંતા પીછે જાય મંત્ર સાચા ફૂરો વાચા

હાથથી પકડીને માથા પર ફૂક મારવી એટલે માથાની

પીડા મટે.

નજર ઉતારવાનો મંત્ર–ૐ નમો ભગવતે શ્રી પાર્શ્વનાથાય હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય.

આત્મચક્ષુ પ્રેતચક્ષુ પિશાચચક્ષુ સર્વગ્રહનાશાય સર્વજ્વરનાશાય ૨ ત્રાસય ત્રાસય હ્રીં નાથાય સ્વાહા.

આ મંત્રથી સાત વાર પાણી મંત્રીને પાવાથી લાગેલી નજર ઉતરી જાય છે.

કવિ બનવાનો મંત્ર–ૐ ઐં હં ઐં હં વદ વદ સ્વાહા આ મંત્ર ૧૦૦૦૭ વાર જપવાથી મનુષ્ય કવિ બને છે.

સરસ્વતીને પ્રસન્ન કરવાનો મંત્ર-ૐ હ્રીં શ્રીં ઐં વાગ્વાદિનિ ભગવતિ અર્હન્ મુખનિવાસિની સરસ્વતી મમાંશે પ્રકાશં કુરૂ કુરૂ સ્વાહા ઐં નમઃ – દિવાળીની રાત્રે પવિત્ર થઈને સ્નાન કરી ઉતરાભિમુખ રહી શ્વેતમાળા, શ્વેતવસ્ત્ર ધારણ કરી, ભગવતીની શ્વેતમૂર્તિ સ્થાપન કરી, સન્મુખે તાંદુલ ધરી ૧૨૦૦૦ મંત્ર જપે તો સરસ્વતી દેવી પ્રસન્ન થાય,

લક્ષ્મીને પ્રસન્ન કરવાનો મંત્ર-ૐ હ્રાં હ્રીં હ્રૂં કમલધારિણી શાન્તિ ધૃતિ કીર્તિ કાન્તિ બુદ્ધિ.

લક્ષ્મી હ્રીં અપ્રતિમચક્રે કુટ વિનકાય સ્વાહા–દિવાળીને દિને પવિત્ર ધરતી લીંપીને અખંડ ૧૨૦૦૦ જાપ કરે, પંચોપચારથી સ્વર ચક્રેશ્વેરીની પૂજા સ્થાપના કરે, ચોખાની ખીર બનાવી ખાય, અને એક વાર ભોજન કરે તો લક્ષ્મી દેવી પ્રસન્ન થાય. દિવાળી પછી પણ હંમેશાં તેને જપે.

## નમુત્થુણંનો કલ્પ

(૧) ૐ **નમોત્થુણં** અરિહંતાણં ભગવતાણં આઈગરાણં તિત્થયરાણં ૐ હ્રીં હ્રાં હ્રું હ્રૌં હ્રઃ સ્વાહા: ॥

વિધિ :– **આ મંત્રની** રોજ ૧ માળા કરવાથી વિજળી, સિંહ વિગેરેનો ભય મટે છે.

(૨) ૐ **નમો** સયંસંબુધ્ધાણં જાં જોં સ્વાહાઃ ॥

વિધિ :– આ **મંત્રની** રોજ એક માળા કરવાથી વિશાળ બુદ્ધિવાળો થાય છે.

(૩) ૐ હ્રીં પુરિસુત્તમાણં અણુલિય પોરિસાણં ૐ હ્રીં હ્રઃ **અસિ આઉસા નમઃ** ॥

વિધિ :– **આ મંત્રની** રોજ એક માળા કાયમ કરવાથી રિદ્ધિ સૌભાગ્ય મળે છે.

(૪) ૐ હ્રીં **નમો અરિહંતાણં** પુરિસસિહાણં પુરિસવર પુંડરિઆણં પુરિસવર ગંધહત્થીણં ૐ શ્નોં સ્વાહા: ॥

વિધિ :– આ **મંત્રની** રોજ ૧ માળા કરવાથી ગાંડો હાથી વાશ થાય છે અને વાદ વિવાદમાં જય થાય છે.

(૫) ૐ હ્રીં **અર્હં નમો** જિણાણં લોગુત્તમાણં લોગનાહાણં લોગહિયાણં લોગપઈવાણં લોગપજ્જોયગરાણં મમ શુભા શુભ દર્શય દર્શય કર્ણ પિશાચની નમઃ સ્વાહા: ॥

વિધિ :– **આ મંત્રની** રોજ ૧ માળા કરી મૌન ધારણ કરી સુઈ જવાથી સ્વપ્નમાં શુભાશુભ કહે છે.

(૬) ૐ **નમો અરિહંતાણં** અભયદયાણં ચકખુદયાણં

મગ્ગદયાણું સરણુદયાણું હ્રીઁ સર્વ ભય વિભ્રમ વિદ્રા વર્ણે નમઃ ॥

વિધિ :- આ મંત્રની રોજ એક માળા ફેરવવાથી સર્વ પ્રકારના ભય દૂર થાય છે.

(૭) ૐ નમો બોહિદયાણું ધમ્મદયાણું ધમ્મ દેસયાણું અરિહંતાણું નમો ભગવૌ દેવયાઅ સર્વ શત્રુનાથએ નરસિંહ જણુણીએ અર્હંત શીરીએ મ્લાક્ષ્વી સ્વાહા : ॥

વિધિ :- આ મંત્રનો રોજ ૧૦૮ વાર જાપ કરવાથી વચન સિદ્ધિ થાય છે.

(૮) હ્રીઁ નમો અરિહંતાણું ધમ્મનાયગાણું ધમ્મસારહીણું ધમ્મવર ચાઉરંત ચક્ક વટીણું મમ પરમૈશ્વર્યં કુરૂ કુરૂ હ્રીઁ હ્રઃ સ્વાહા : ॥

વિધિ :- આ મંત્રની રોજ એક માળા કરવાથી ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.

(૯) ૐ નમો અરિહંતાણું અપ્પડિહય વરનાણું દસણુ- ધરાણું વિયટ્ટ છઉમાણું એં સ્વાહા : ॥

વિધિ :-આ મંત્રની રોજ એક માળા નિરંતર ગણવાથી તેનું વચન વર્તમાનમાં સત્ય થાય છે.

(૧૦) ૐ નમો જણુાણું જાવયાણું કેવલિ જિણુાણું પરમોહિ જિણુાણું સવ રોષ પ્રશમીનિ જનનિ મોહનિ સ્વાહા : ॥

વિધિ :- આ મંત્ર વસ્ત્ર ઉપર લખી ૧૦૮ ગાંઠ મારવી પછી જરૂરત પડે ત્યારે કપડાનો ખંડ મયૂર શીખા સહિત અભિમંત્રિત કરી ડાબા પગે જે ધરે તે વશ થાય.

(૧૧) ૐ નમો અરિહંતાણં તિન્નાણં તારયાણં સ્વાહા : ॥

વિધિ :– આ મંત્રની માળા ૧ કરવાથી શત્રુ નાશ પામે અને સંકટ દૂર થાય છે.

(૧૨) ૐ નમો અરિહંતાણં બુદ્ધાણં બોહિયાણં સ્વાહાઃ ॥

વિધિ :– આ મંત્ર ૭ માસ સુધી કાગડા ન બોલે તે પહેલાં ૧૦૮ વાર જાપ એક ચિત્તથી કરે તો નાના પ્રકારના શાસ્ત્રનું જ્ઞાન થાય છે.

(૧૩) ૐ નમો જિણાણં મુત્તાણં મોયગાણં અસિ આઉસાય નમઃ ॥

વિધિ :– આ મંત્રની રોજ એક માળા કરવાથી મનુષ્ય બંધનથી મુક્ત થાય છે.

(૧૪) ૐ નમો સવ્વનૂણં સવ્વદરિસીણં અમુગ સુપ્ત વાનાણં તસ્સઉય કુરૂ કુરૂ સ્વાહા : હ્રૂાં હ્રૂીં નમઃ ॥

વિધિ :– આ મંત્રની રોજ એક માળા કરવાથી પ્રભાવ વધે છે.

(૧૫) ૐ નમો અરિહંતાણં સિવ મયલ મરુઅ મણંત મક્ખય મવ્વાબાહ મપૂણરાવિત્તિ સિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં મમ શાંતિં નિરૂપદ્રવં, નિર્ભયં કુરૂ કુરૂ સ્વાહા : ॥

વિધિ :–આ મંત્ર વિરવૃક્ષ તથા આમવૃક્ષના પાટીયા ઉપર કેસર–ચંદન–કપૂર પ્રમુખ સુગંધી દ્રવ્યથી લખવું–શુક્લ પક્ષમાં ઉપદ્રવ માટે ૧૦૮ વાર જાપથી શાંતિ થાય. સાત અથવા ૧૨ દિવસ સુધી રોજ ૧૦૮ જાપ કરવાથી ઘરની બિમારી મટે.

(૧૬) ૐ નમો જિણાણં જિય ભયાણં કિત્તણેણ સવ્વ ભયાઈં ઉવસમ્મં ૐ હ્રૂઁ સ્વાહા : ॥

વિધિ :– આ મંત્ર કુંકુંમ ગોરીચંદનથી ભોજપત્ર ઉપર લખવું. પછી કુમારી કન્યાના હાથેથી કંતાયેલા સુતરથી વિંટવું. એને પાસે રાખવાથી તેનાથી પાણી, બિમારી આદિ આદિ ભય દૂર થાય છે.

## લોગસ્સનો કલ્પ

ઐં ઓં હ્રૂઁ શ્રીં ઐં લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે ॥ અરિહંતે કિત્તઈસ્સં, ચઉવી સંપી કેવલી, મમં મનો તુષ્ટિ કુરુ કુરુ સ્વાહા : ॥

વિધિ :– સાંજે પૂર્વ દિશા તરફ ઉભા રહી આ મંત્રનો ૧૦૮ વાર જાપ ચૌદ દિવસ સુધી કરો. એક વખત ભોજન કરો. જમીન પર સુઈ રહો. બ્રહ્મચર્યનું પાલન કરો તેથી ખાનપાન મળશે; રાજા તરફથી સન્માન થશે; ચોરનો ભય નહીં રહે; રિદ્ધિ સિદ્ધિ સંપત્તિ મળશે. (મંડલ પહેલું પુરૂં)

ૐ ક્રાં ક્રીં હ્રૂઁા હ્રૂીં ૐ ઉસભ મજિયં ચ વન્દે, સંભવ મભિનન્દણં ચ સુમંઈ ચ પઉમપહં સુપાસં, જિણં ચ ચન્દપ્પહં વન્દે, સ્વાહા : ॥

વિધિ :– ઉત્તર દિશામાં મુખ રાખી આ મંત્રને ૧૦૮ વાર પદ્માસનથી સાત દિવસ સુધી જપો. સોમવારથી શરૂ કરો. મૌન પાળો. એક વખત જમો. બ્રહ્મચર્ય પાળો. જમીન પર શયન કરો. ખોટું ન બોલો, સફેદ વસ્તુનો આહાર કરો.

આથી બધાથી સારો સંબંધ થશે. સુખ સંપત્તિ મળશે.

(મંડલ બીજું પુરૂં)

ૐ એં હ્રીં ઝૂઁ ઝા સુવિહિં ચ પુષ્ફદંતં, શિયલ સિજ્જંસ વાસુપુજ્જં ચ વિમલ મણતં ચ, જિણું ધમ્મં સતિં ચ વંદામિ કુંથું અરંચ મલ્લિં વન્દે મુણિ સુવ્વયં ચ સ્વાહા : ॥

વિધિ :– આ મંત્રનો ૧૦૮ વાર રાતી માળાથી જાપ કરો તો દુશ્મનનું જોર ઘટશે. લડાઈમાં વિજય મળશે. વૈરીનું જોમ નહીં ટકે. (મંડલ ત્રીજું પુરૂં)

ૐ હ્રીં શ્રીં મમ : નમિજિણં ચ વંદામિ, રિઠ્ઠનેમિ પાસંતહ વદ્ધમાણં ચ મનો વાંછિતં પુરય પુરય....હ્રીં સ્વાહા : ॥

વિધિ :– પૂર્વ દિશામાં મુખ રાખી આ મંત્રને ૭ દિવસમાં પીળી માળાથી બાર હજાર વાર જપવાથી કુટુંબમાં શોભા વધશે. લખી ગળે બાંધવાથી તમામ જાતના તાવ નષ્ટ થશે. એક ચિત્તો જપવાથી ભૂતનો ભય દૂર થશે.

(મંડળ ચોથું પુરૂં)

ૐ હ્રીં હ્રીં એવંમએ અભિથ્થુયા, વિહૂય રયમલા પહીણ જરમરણા ચઉવીસંપિજિણવરા તિથ્થયરા મે પસીયન્તુ સ્વાહા : ॥

વિધિ :– ઉર્ધ્વ દિશામાં મુખ રાખી પૂર્વ દિશા તરફ હાથ જોડી ઉભા રહી ઉપરનો મંત્ર ૫૫૦૦ વાર જપવાથી અને ત્રણ વાર પ્રણામ કરવાથી સર્વ દેવ પ્રસન્ન થાય છે તથા સર્વ પ્રકારનું સુખ મળે છે. (મંડળ પાંચમું પુરૂં)

ૐ એં અંબરાય કિત્તિય વંદિય મહિયા જેએ લોગ્ગસ્સ

ઉત્તમા સિદ્ધા આરૂગ્ગ બોહિલાભં સમાહિ વરમુત્તમં દિન્તુ સ્વાહા : ॥

વિધિ :—ઉત્તર દિશામાં મુખ રાખી આ મંત્રનો ૧૫૦૦૦ જાપ કરવાથી સમાધિસ્થ મરણ થાય, ધર્મવંત થાય. બધા દેવો પ્રણામ કરે, બધી જાતનાં સુખ મળે અને જય જયકાર થાય.

( મંડળ છઠ્ઠું પુરૂં )

ૐ હ્રીં ઐં ઓં જીં ચન્દેસુ નિમ્મલયરા આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગર વરગંભીરા સિદ્ધા સિદ્ધિં મમ દિસન્તુ, મમ મનવાંછિતં પૂરય પૂરય સ્વાહા : ॥

વિધિ :— પૂર્વ દિશા તરફ મુખ રાખી ઉપરના મંત્રનો રોજ ૧૦૦૦ વાર જાપ કરવાથી બધા મનોવાંછિત ફળ મળે અને પ્રતિષ્ઠા વધે, સર્વ લોકોમાં પૂજનીય થાય.

( મંડળ સાતમું પુરૂં )

## ગ્રહ શાન્તિનો જાપ

મનુષ્યને એક પછી એક સારા કે ખરાબ ગ્રહો આવે છે. તે સમયે પોતે ગભરાય છે અને હતાશ થઈને કંટાળી બ્રાહ્મણો પાસે જાપ કરાવી પૈસા બરબાદ કરે છે. તેથી આ સ્થળે ગ્રહ શાન્તિના રામબાણ જેવા ઉપાયો બતાવીએ છીએ. જો માણસ શ્રદ્ધા તથા વિધિપૂર્વક જાપ પોતાની મેળે કરે તો અવશ્ય ગ્રહપીડાથી શાંતિ થાય છે. અને નવ ગ્રહના ઉપદ્રવ ટળી જઈ ધન, ધાન્ય, જય, વિજય, સુખ, સૌભાગ્ય, શાંતિ, કાંતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી મળે છે. અને સાથેસાથ ધર્મની પ્રાપ્તિ પણ થાય છે.

## નવ ગ્રહના વિધિપૂર્વક જપવાના જાપ

**(૧) સૂર્યની વિધિ** :- જેમનો સૂર્યગ્રહ ખરાબ હોય તેણે નીચેનો મંત્ર પૂર્વ દિશા તરફ બેસી સાત હજાર જાપ લાલ રંગની માળાથી, લાલ વસ્ત્ર પહેરી પદ્માસને બેસી કરવો. માણેકની વીંટી પહેરવી.

મંત્ર :- ૐ હ્રીં શ્રીં નમઃ પદ્મ પ્રભવે મમ ગ્રહ શાંતિ કુરૂ કુરૂ સ્વાહા : ॥

**(૨) ચંદ્રની વિધિ** :- જેમનો ચંદ્ર ખરાબ હોય તેણે નીચેનો મંત્ર જાપ ઉત્તર દિશા સમક્ષ બેસી છ હજાર વખત સફેદ વસ્ત્ર પહેરી, સફેદ રંગની માળાથી કરવો. હીરાની વીંટી પહેરવી.

મંત્ર :- ૐ હ્રીં શ્રીં નમ શ્ચન્દ્ર પ્રભવૈ મમ ગ્રહ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

**(૩) મંગળની વિધિ** :- મંગળ ગ્રહ જેમનો ખરાબ હોય તેણે નીચેનો મંત્ર પૂર્વ દિશા સમક્ષ બેસી આઠ હજાર વખત કેસરીયા વસ્ત્ર પહેરી પરવાળાની માળાથી કરવો. પરવાળાની વીંટી પહેરવી.

મંત્ર :- ૐ હ્રીં શ્રીં નમો વાસુપૂજ્ય પ્રભવે મમ ગ્રહ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

**(૪) બુધની વિધિ** :- બુધ ગ્રહ જેમને નડતો હોય તેણે પીળા વસ્ત્ર પહેરી, પીળી માળાથી પૂર્વ દિક્ષા સમક્ષ બેસી દસ હજાર જાપ કરવા. પોખરાજની વીંટી પહેરવી.

મંત્ર :– ૐ હ્રીં શ્રીં નમો શાંતિનાથ પ્રભવૈ મમ ગ્રહ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

**(૫) ગુરૂની વિધિ** :– જેમનો ગુરૂ (બ્રહસ્પતિ) ખરાબ હોય તેણે પીળા વસ્ત્ર પહેરી પીળી માળાથી ઉત્તર દિશા તરફ બેસી ઓગણીસ હજાર જાપ કરવા. પીરોજાની વીંટી પહેરવી.

મંત્ર :– ૐ હ્રીં શ્રીં નમો ઋષભદેવ પ્રભવૈ મમ ગ્રહ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

**(૬) શુક્રની વિધિ** :– જેમનો શુક્ર ગ્રહ ખરાબ હોય તેમણે નીચેનો મંત્ર અગીયાર હજાર વખત સફેદ માળાથી પૂર્વ દિશા સમક્ષ બેસી જાપ કરવા. હીરાની વીંટી પહેરવી.

મંત્ર :– ૐ હ્રીં શ્રીં નમઃ સુવિધિનાથ પ્રભવૈ મમ ગ્રહ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

**(૭) શનિની વિધિ** :– જેમનો શનિ ગ્રહ ખરાબ હોય તેમણે નીચેનો મંત્ર ઉત્તર દિશા સમક્ષ બેસી તેવીસ હજાર વખત કાળા વસ્ત્ર પહેરી, કાળી માળાથી જાપ કરવો. શનિની વીંટી (બ્લ્યુ રંગ) પહેરવી.

મંત્ર :– ૐ હ્રીં શ્રીં નમો મુનિસુવ્રત પ્રભવૈ મમ ગ્રહ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

**(૮) રાહુની વિધિ** –: ગ્રહ દશામાં જેમને રાહુ ગ્રહ નડતો હોય તો કાળા વસ્ત્ર પહેરી, કાળી માળાથી પૂર્વ દિશા સમક્ષ બેસી આઠ હજાર નીચેના મંત્રનો જાપ કરવો. ને ગોમેદની વીંટી પહેરવી.

મંત્ર :– ૐ હ્રીં શ્રીં નમો નેમિનાથ પ્રભવૈ મમ ગ્રહ

શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

(૯) **કેતુની વિધિ** -: કેતુ ગ્રહ ખરાબ હોય તેમણે નીચેનો મંત્ર પૂર્વ દિશા સમક્ષ બેસી સત્તર હજાર વખત આસમાની રંગની માળાથી જાપ કરવો.

મંત્ર :- ૐ હ્રીં શ્રીં નમઃ પાર્શ્વનાથ પ્રભવૈ મમ ગ્રહ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા : ॥

**નોંધ** :- નવ ગ્રહના જાપ ઉપર બતાવ્યા છે તે જાપની સંખ્યા ઓછામાં ઓછી ૫ અને વધારેમાં વધારે ૯ દિવસે પૂર્ણ કરવા અને ત્યાર બાદ રોજ એક એક માળા કરવી જેથી લાભ મળે છે અને કાયમની શાંતિ થાય છે.

---

# મરણ સમુદઘાતનાં લક્ષણ.

જ્યારે મરણ પાસે આવે છે ત્યારે શરીરમાંથી જીવના પ્રદેશો નીકળે છે, અને જે ગતિમાં એ પ્રદેશો જાય છે તેવા તેના પરિણામ થાય છે; એમ ભગવતી સૂત્રના બીજા શતકના બીજા ઉદ્દેસામાં કહ્યું છે, તે આ પ્રમાણે-૧ દેવગતિમાં જાય તો તે મરનાર, દેવીઓ, રત્નનાં ઉત્તમ વિમાન, ઉત્તમ મંદિર, મહેલ વિગેરે જોઈને પોતાના કુટુંબીઓને કહે છે કે-'તમે મારી ચિંતા કરશો નહીં, કેમકે હું ઘણા સુખમાં છું.' ૨ મનુષ્ય ગતિમાં જાય તો 'મને કોઈ લઈ જાય છે, એમ બોલે, અને યુગલીયા મનુષ્યમાં જાય તો દેવગતિ જેવું કહે. ૩ નરક-ગતિમાં જીવના પ્રદેશો જાય તો 'આ જમડા ઉભા છે, હું

તેનાથી ડરૂં છું, તે કાળા કાળા છે, એમની પાસેથી મને છોડાવો છોડાવો' એમ બુમો પાડે. ૪ તિર્યંચ ગતિ (૧) પૃથ્વી-કાયમાં જાય તો 'હું દબાઇ જાઉં છું, મારા ઉપર ઘણો ભાર છે, મને દુઃખ અને ચિંતા ઘણી થાય છે, એમ બોલે (૨) અપકાયમાં જાય તો 'મને ઠંડી લાગે છે, પાણીમાં કેમ ડુબાડો છો, મારૂં શરીર ભીંજાય છે' એમ કહે. (૩) તેઉકાયમાં જાય તો 'હું બળું છું, મને કેમ બાળો છો, સગડી લઈ જાઓ' એમ કહે. (૪) વાઉકાયમાં જાય તો 'મને અંધારાં આવે છે, હું ઉડી જાઉ છું, મને ટાઢ ઘણી વાય છે' એમ કહે. (૫) વન-સ્પતિકાય,બેઇન્દ્રિય,તેઇન્દ્રિય,ચઉરિન્દ્રિય કે અસન્ની તિર્યંચમાં જાય તો 'મને જીવડાં કરડે છે; ચુંટે છે, જીવને લઈ જાય છે. મારે છે' એમ કહે. સન્ની ગર્ભજ તીર્યંચ પંચેન્દ્રિમાં જાય તો મને હાથી, ઘોડા, બળદ, ગાય, ભેંસ, ગાડર, બકરી વિગેરે મારે છે, મારી પાસે તે ઉભા છે, એમ બબડ બબડ કરે તો જાણવું કે તિર્યંચમાં જશે. ઈત્યાદિ મરણ સમુદ્‌ઘાતના ઘણા ભેદ છે. ને ગતિનું આયુષ્ય હોય તે ગતિમાં જીવવા પ્રદેશો જાય છે. અને તેવાં જ તેના પરિણામ થાય છે.

卐 ઇતિ 卐

## — શ્રી ગૌતમ કેવળી મહાવિદ્યા —

ગૌતમ કેવળી મહાવિદ્યા એ એક ભવિષ્ય દેખાડનારી મહાવિદ્યા છે. પ્રાચીન કાળમાં આ વિદ્યાનો ઘણો સત્કાર હતો. પરંતુ કાલપ્રભાવથી હાલના જમાનામાં આવી વિદ્યાઓને લોકો બચ્ચાંની રમત સમજવા લાગ્યા છે. વાસ્તવિક રીતે ખરૂં કહીએ તો આ વિદ્યા જ્ઞાનીઓની એક સાચી રમત છે. નીચે દર્શાવેલો ગૌતમ કેવળી મહાવિદ્યાનો પ્રશ્ન જોવાનો જે કોઠો છે તેમાં આવેલા આંકોનો ખુલાસો આ પ્રમાણે છે.

શ્રી ગૌતમ કેવળી મહાવિદ્યાનો પ્રશ્ન જોવાનો યંત્ર કોષ્ટક

**શ્રી ગૌતમ કેવળી**

**મહાવિદ્યાનો પ્રશ્નજોવાનો યંત્ર**

| | | |
|---|---|---|
| ૧૧૧ | ૩૩૧ | ૧૩૨ |
| ૧૧૩ | ૩૨૩ | ૨૨૨ |
| ૧૧૨ | ૩૨૧ | ૨૨૧ |
| ૨૩૩ | ૩૧૩ | ૨૩૨ |
| ૨૩૧ | ૩૧૧ | ૧૩૩ |
| ૨૧૨ | ૧૨૧ | ૩૧૨ |
| ૨૧૩ | ૧૨૨ | ૩૩૨ |
| ૨૧૧ | ૧૨૩ | ૨૨૩ |
| ૩૩૩ | ૧૩૧ | ૩૨૨ |

इक्को होइ मियंको, धारासुओ दोसु जिणवरो तिसि।
एसा जहाण पंती [illegible] मणहरे होई ॥१॥

इक्को होई मियंको, धारासुओ दोसु दिणयरो तिन्नि ।
एसा गहाण पंती, निद्दिट्ठा गणहरिंदेहिं ॥ १ ॥

અર્થ – યંત્રમાં જ્યાં જ્યાં એકનો આંક છે તેને ચંદ્રમાનો આંક જાણવો. જ્યાં બેનો આંક છે તેને મંગળનો આંક અને જ્યાં ત્રણનો આંક છે તેને સૂર્યનો આંક જાણવો. અને એ ત્રણ ગ્રહોની પંક્તિથી શુભાશુભ ફળ જાણવું. આ રચના મોટા જ્ઞાની પુરુષોની બનાવેલી મહાપ્રભાવિક ચીજ છે. જે કામને માટે પ્રશ્ન જોવાની આવશ્યક્તા જણાય તે કામનું પ્રથમ મનમાં ચિંતવન કરવું. તે પછી પોતાના હાથમાં એક રૂપીઓ અને એક શ્રીફળ લઇ ઉપર બનાવેલ યંત્રની સન્મુખ ભેટ ધરવું. ત્યાર બાદ હસ્તમાં એક લવીંગ અથવા એલચી લઇ. 'ॐ' ચિરિ ચિરિ, પિરિ પિરિ નિસિરિ નિસિરિ દિવ્ય ભૂપતયે સ્વાહા, આ મંત્રને મન, વચન, કાયાને સ્થિર કરી હોઠ ફફડાવ્યા વિના સાત વાર મનમાં જ ભણવો. ત્યાર બાદ એ મંત્રેલી એલચી અથવા લવીંગ ઉપર દર્શાવેલા યંત્રના કોઇ પણ મનપસંદ આંક ઉપર મૂકી દેવું. કોઠાના જે નંબર ઉપર એલચી અથવા લવીંગ મૂકેલું હોય તે નંબર જોઇ યાદ રાખવો અને કોઠામાં જણાવેલા ૨૭ નંબરોમાં જે નંબરનાં શુભાશુભ ફળ પેલો યાદ રાખેલો નંબર જોવો. એ નંબરમાં જણાવેલ શુભાશુભ હકીકત એ મનમાં ધારેલું પ્રશ્નનું ફળ સમજવું. એક દિવસમાં એક માણસે એક જ વખત પ્રશ્ન જોવો. અને જે ફળ આવે તે ઉપર વિશ્વાસ રાખવો. જોયેલો પ્રશ્ન બીજી વાર જોવો નહીં. યંત્રની સન્મુખ જે રૂપીઓ અને શ્રીફળ મૂકેલાં હોય તે જ્ઞાનના કાર્યમાં ખરચી નાંખવાં. પોતાના અંગત કાર્યમાં ન વાપરવાં એ ખાસ કાળજી રાખવાની છે.

૧૧૧. આ સવાલ બહુ જ ઉમદા છે. તમારા ખરાબ દિવસોનો નાશ થઇ સારા દિવસો આવ્યા છે. વ્યાપારમાં ફાયદો થશે. હૃદયની ઈચ્છાઓ પાર પડશે. વિવિધ પ્રકારની ચિંતા મનમાં રહ્યા કરે છે. તે હવે થોડા દિવસોમાં નાશ પામી જશે. એક મિત્રના દગાના ભોગ થઈ ગયા છો. ધર્મનાં કામ કરવા ઇચ્છો છો, પણ અંતરાય કર્મના ઉદયથી તેમાં વિઘ્ન આવી પડે છે. પેદાશ કરતાં ખર્ચ વધારે છે. કોઈ કાર્ય સિદ્ધ થવાની અણી ઉપર આવે છે કે એકાએક અશુભ કર્મના ઉદયથી શત્રુઓ તેમાં વિઘ્ન નાખી દે છે. દેવ, ગુરૂ તથા ધર્મની સેવા કરો અને ધર્મના કાર્યમાં ખર્ચ કરો. જેથી મનની અભિલાષા પૂર્ણ થશે તેમાં શક નથી. પ્રતિપક્ષી લોકો ગમે તેવી કોશીશો, કરે, પરન્તુ તમારી ધારેલી ધારણા અવશ્ય ફલીભૂત થશે.

૧૧૩. આ પ્રશ્ન પણ સારો છે. તમારા દિલને આરામ મળશે. સુખચેન પ્રાપ્ત કરશો. જે કામ હૃદયમાં ધાર્યું છે તેમાં ફતેહ મળશે. સ્નેહીજનનો મેળાપ થશે. ચિંતાના દિવસો વહી જતાં હવે સારા દિવસો આવ્યા છે. ધર્મના પ્રભાવથી સુખી થયાં છો. અને આગળ ઉપર સુખી થશો. પારકાં કામ મહેનત લઇને કરી આપો છો પણ પોતાના કામમાં સુસ્તી રાખો છો. અક્કલ–બુદ્ધિ તેજ છે. બગડેલું કાર્ય પણ સુધારી લ્યો છો. પોતાની ઈજ્જત આબરૂ માટે શરીર ઉપરનું કપડું સુદ્ધાં આપી દ્યો છો. સ્ત્રી તરફથી લાભ થાય છે. એક વખત અચાનક લાભ મળ્યો છે. અને ભવિષ્યમાં પણ મળશે.

૧૧૨. આ પ્રશ્ન લાભદાયક છે. દોલતનો લાભ મળશે. ભાગ્યોદયના દિવસો હવે નજીક આવ્યા છે. જે કામ હાથ ધરશો તેમાં ફતેહ મળશે. સ્નેહીજનનો મેળાપ થશે. ધર્મના કાર્યો કરતાં રહો જેથી પુણ્ય હાંસલ થશે અને સુખ પણ

મળશે. મન ચિંતામાં ગરકાવ રહે છે. ભાઈઓથી જુદાઈ થશે. મકાન બનાવવાનો ઇરાદો કરો છો તે પાર પડશે. જમીનથી તમને ફાયદો થશે. આવક કરતાં ખરચ વધારે થાય છે. તીર્થોની યાત્રા કરવાની અભિલાષા છે તે પૂર્ણ થશે. જે ધર્મના કાર્યો કરવા ચાહો છો તે થઇ શકશે.

૨૩૩. થોડા દિવસોમાં દોલત મળશે. જે કામ વિચાર્યું છે તે પૂર્ણ થશે. સ્નેહીનો મેળાપ થશે. જમીન, જહાંગીરી અથવા મકાનથી ફાયદો થશે. ઇજ્જત આબરૂ વધશે. ધર્મનાં કાર્યોમાં ખર્ચ કરો. તેના પ્રતાપથી સુખચેન ઉડાવશો. રાજ્ય તરફથી ફાયદો થશે. મનની ધારણા પાર પડશે સ્ત્રી તરફથી સુખ છે. એક વખત અચાનક લાભ મળશે.

૨૩૧. જે કામ મનમાં ચિંતવી રાખેલું છે તે કામની ત્રણ મહિનામાં ફતેહ થશે. પોતાની સ્ત્રી તરફથી લાભ થાય છે. આજ સુધી કુટુંબી લોકો તરફથી સુખ મળ્યું નથી પણ ભવિષ્યમાં મળશે. સંતાનોની વૃદ્ધિ થશે. વેવિશાળ તથા લગ્નનો ખર્ચ વધારે કરવો પડે છે, તીર્થોની યાત્રા કરવાનો ઇરાદો છે. પરંતુ અંતરાય કર્મના ઉદયથી વિઘ્ન આવી પડે છે. ભવિષ્યમાં ધર્મનાં કામ કરી શકાશે, હૃદયમાં જે કામની ચિંતા છે તે ધર્મના પ્રભાવથી દૂર થઇ જશે માટે ધર્મ ઉપર શ્રદ્ધા રાખો.

૨૧૨. ચિંતવેલું કાર્ય પાર પડે, પોતાની સ્ત્રી તરફથી લાભ છે. વેવિશાળ તથા લગ્નના કાર્યની ચાહના છે. તે પાર પડશે. કુટુંબની વૃદ્ધિ થશે. લાંબી મુદતથી કરેલો ઇરાદો પાર પડશે. પાછળની ઉંમરમાં ધર્મના કામો થઇ શકશે. દુશ્મનો તમારા વિરૂદ્ધ કોશીશ કરશે પરંતુ તમારા સદ્‌ભાગ્ય આગળ તેઓનું જોર ચાલશે નહીં. તીર્થોની યાત્રા કરવા ઇચ્છો છો

તો તે બની શકશે. મકાન બનાવવાનો અને જમીન ખરીદવાનો તમારો ઇરાદો ફતેહમંદ થશે. તમોને જમીનથી લાભ છે. પરદેશની મુસાફરીએ જવું પડશે અને ત્યાં ફાયદો હાંસલ કરશો, દેવ, ગુરૂ અને ધર્મની સેવા કરવાથી સારાં કાર્યો પાર પડશે.

૨૧૩. દુઃખના દિવસો હવે દૂર થયા છે. સુખના દિવસો શરૂ થયા છે. ઘણાં દિવસોથી કષ્ટ ઉઠાવી રહ્યા છો. પરદેશ વેઠયો પરંતુ સુખનો આરો ન આવ્યો પણ હવે આરામ ભોગવવાના દિવસો પ્રાપ્ત થયા છે. આબરૂ વધશે. સંતાનોનું સુખ થશે. આટલા દિવસો મિત્ર અને કુટુંબીઓથી સંકટ વેઠયું. જ્યાં સુધી બન્યું ત્યાં સુધી બીજાઓનું ભલું કર્યું પરંતુ તેઓએ ગુણ ન માન્યો શત્રુઓ પગલે પગલે તૈયાર જ રહે છે. પરંતુ તેઓનું કંઇ ચાલતું નથી કારણ કે તમારૂં નસીબ બળવાન છે. પાસે ધન થોડું છે પણ આબરૂ સારી છે. તેથી જેટલું મેળવવા ધારો તેટલું મેળવી શકશો. દોસ્તદારો તરફથી જેવું જોઇએ તેવું સુખ નથી. ઇજ્જત આબરૂ માટે ઘણું ખર્ચ કરો છો. તમારૂં ધર્મભવન સુધરેલું છે માટે ધર્મ ઉપર શ્રદ્ધા રાખો.

૨૧૧. તમે હૃદયમાં જે કાર્ય ચિંતવ્યું છે તે સફળ થનાર નથી માટે તે સિવાય બીજું કામ કરો. દેવ, ગુરૂ, ધર્મની સેવા કરો, તીર્થોની યાત્રા કરો જેથી અંતરાય–પાપ દૂર થાય અને પૂણ્યનો લાભ થાય. એક વખત તમોને અચાનક નુકશાન થયું છે, દુશ્મન લોકો તમોને હરકત કરે છે; પણ તમારૂં પ્રારબ્ધ બળવાન હોવાથી તેઓનું જોર ચાલતું નથી.

૩૩૩. આટલા દિવસો નિર્ધન અવસ્થામાં વ્યતીત કર્યા પણ હવે ધન પ્રાપ્ત થશે અને મનની ધારણા ફલીભૂત થશે.

પોતાની સ્ત્રી તરફથી સુખ મળશે. સ્નેહીજનનો મેળાપ થશે. ત્રણ મહિના બાદ સારા દિવસો આવશે. દેવ ગુરૂની સેવા કરો અને ધર્મના કાર્યમાં ધનનો સદુપયોગ કરો. આવક કરતાં ખર્ચ વધારે છે. ધન એકઠું કર્યું નહીં. દોસ્ત તરફથી દગાનો ભોગ થયા છો, મન ચિંતામાં રહે છે, દુશ્મન લોકો પાછળથી વાંકું બોલે છે; પણ સન્મુખ આવીને બોલી શકતા નથી. કીર્તિ માટે પોતાના શરીરનાં લુંગડાં પણ આપી દ્યો છો. પણ આબરૂને ધક્કો પહોંચાડતા નથી. જમીનથી ફાયદો થશે. ધર્મની ઉન્નતિ કરો અને પંચ પરમેષ્ટી મંત્રનો જાપ કરો.

૩૩૧. તમારા મનની ચિંતા મટશે, માંદગીની ફરીયાદ દૂર થશે. મનની ધારણા પૂર્ણ થશે. થોડા દિવસોમાં જ ધન પ્રાપ્ત થશે. સ્નેહીનો મેળાપ થશે દેવ-ગુરૂની સેવા કરો અને ધર્મ કાર્યમાં દ્રવ્ય ખર્ચો જેથી પરિણામમાં ફાયદો થશે. સારા દિવસો આવ્યા છે. અંતરાય કર્મના ઉદયથી આટલા દિવસ દુઃખ વેઠયું પણ હવે એ દિવસો વહી ગયા. આવક કરતાં ખર્ચ વધારે રાખો છો. પુણ્યના ઉદયથી ભવિષ્યમાં કોઈ ઉણપ નહી રહે. આજ સુધી જે જે કાર્યમાં ફતેહ મળી છે તે પુણ્યના પ્રતાપે સમજજો. માટે પુણ્યના કાર્યમાં લક્ષ રાખવું. પરદેશ વેઠવાથી કુટુંબી આદિ આપ્ત વર્ગનો વિયોગ રહે છે. પણ હવે તે નહી રહે.

૩૨૩. જે કાર્ય મનમાં ચિંતવ્યું છે તેમાં ફાયદો થશે. ઈચ્છાઓ પૂર્ણ થશે. સ્નેહીનો મેળાપ થશે. જે જે ચિંતાઓ ઉપસ્થિત થઇ છે તે સર્વે દૂર થશે. તીર્થ યાત્રા થશે. ધર્મના કાર્ય બની શકશે. ઘણા દિવસો પર્યંત પરદેશના દુઃખ વેઠયાં; પણ હવે એ દુઃખના દિવસો ગયા. હવે વતનમાં જઇ આનંદ

સુખચેનનો ઉપભોગ કરશો. ધર્મના કાર્યોમાં લક્ષ્ય રાખો. તેનાથી સર્વ સુખ સાંપડશે.

૩૨૧. જમીન, મકાન અથવા બાગ બગીચાથી લાભ થશે. ધન મેળવશો. સ્નેહીજનનો મેળાપ થશે. કોઇ પણ માણસની સાથે મિત્રતા થશે અને તેનાથી ધનાદિકની સહાયતા મળશે પુણ્યના ઉદયથી ઈચ્છાઓ પરિપૂર્ણ થશે. ધર્મનું આરાધન કરો મકાન બનાવવાના મનોરથો ફલીભૂત થશે. ધન પેદા કરો છો પણ ખર્ચ વધારે પડતો થવાથી ભેગું થતું નથી. વાલી તરફથી ધન ઓછું મળશે. સ્ત્રી તરફથી ફાયદો થશે. વૃદ્ધાવસ્થામાં ધર્મના કાર્યો બની શકશે.

૩૧૩. આ પ્રશ્ન સારો છે. પોતાના દિલમાં લક્ષ્મી, સ્ત્રી અને સંતાનને માટે જે વિચાર કર્યો છે તે પૂર્ણ થશે. સ્ત્રીથી સુખ મળશે., સંતાન થશે. સ્નેહીનો મેળાપ થશે. અમુક મુદત સુધીની ધારેલી ધારણા પાર પડશે. ચિંતાના દિવસો હવે નષ્ટ થયા છે. દેવ, ગુરૂ અને ધર્મની સેવા કરો. દુશ્મન લોકો સતાવે છે; પરંતુ હવે તમારૂ પ્રારબ્ધ બળવાન બન્યું છે. જેથી એ લોકોનું જોર નહીં ચાલે જમીનથી લાભ થશે. કીર્તિને માટે પેદાશ કરતાં ખર્ચ કરવો પડે છે દોસ્તો—મિત્રોથી ફાયદો થશે.

૩૧૧. આ સવાલ બહુ જ સરસ છે. જે કાર્ય ધાર્યું છે તેમાં ફતેહ મળશે. મુકર્દમો જીતી જશો. વ્યાપાર રોજગારમાં ફાયદો થશે. કીર્તિ વધશે. રાજ્ય તરફથી ફાયદો થશે. ધર્મના પ્રભાવથી સુખ મળ્યું છે અને ભવિષ્યમાં પણ મળશે. બીજાના કામો પરિશ્રમથી પૂર્ણ કરો છો; પરંતુ અશુભ કર્મના ઉદયથી પોતાના કાર્યમાં બેદરકાર રહો છો. વિદેશની મુસાફરી કરવી પડશે અને ત્યાં ફાયદો થશે. ધર્મ ઉપર શ્રદ્ધા રાખો જેથી સંકટ દૂર થાય. પોતાના હાથે દોલત—લક્ષ્મી પેદા કરશો.

૧૨૧ હૃદયમાં ધારેલો પ્રશ્ન ફાયદાકારક છે, બૂરા–ખરાબ દિવસો વહી ગયા છે. અને શુભ દિવસો નજીક આવ્યા છે. ઘણા દિવસો સુધી સંકટો વેઠીને નાહિંમત–નિરાશ થઈ ગયા છો. હવે પૂણ્યનો ઉદય થયો છે. દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા રાખો. મનની ધારણા ફળીભૂત થશે, જેટલી લક્ષ્મી ગુમાવી છે તે કરતાં વધારે પેદા કરશો. દુનિયામાં યશ વધશે. વિદેશની સફર કરશો. જે કામની ચિંતા કરો છો તે ચિંતા મટી જશે. જો કે કદાચ તેમાં એક વ્યક્તિ તરફથી વિઘ્ન ઉપસ્થિત કરવામાં આવશે; પણ અંતે તમે સફળતા પ્રાપ્ત કરશો. ભાઈઓને અને સંબંધીત વર્ગને નિભાવો છો તેથી તમારી કીર્તિ દુનિયામાં વધી છે. દિલના ઉદાર છો. જ્યાં જાઓ ત્યાં સુખ મળે છે. આબરૂ મેળવવા માટે ખર્ચમાં ઉતરવું પડે છે. દેવ, ગુરુ અને ધર્મના પ્રભાવથી કોઈ વાતની ઉણપ નહીં રહે.

૧૨૨. જે કામ મનમાં વિચાર્યું છે તે પાર નહીં પડે. તમે આજ સુધી ઘણાંઓનું ભલું કર્યું, અશુભ કર્મના ઉદયથી વિઘ્ન સંતોષીઓ મળે છે. જયાં સુધી બની શકે ત્યાં સુધી ધર્મ કરો. પંચ પરમેષ્ઠી મંત્રનો જાપ કરો જેથી તકલીફ દૂર થશે.

૧૨૩. આટલા દિવસો પાપ કર્મના ઉદયના હતા. મહાન સંકટો વેઠયાં. હવે શુભ દિવસો પ્રાપ્ત થયા છે. ઘણાંઓનું ભલું કર્યું પણ તેઓએ ઉપકાર ન માન્યો. ધર્મના નિમિત્તે કાઢેલા પૈસા ઘરમાં ન રાખો, તીર્થોની યાત્રા કરો, દેવ, ગુરુની સેવા કરો. જે સ્થાને દુઃખી થયા છો તે સ્થાનનો ત્યાગ કરો. બીજે સ્થાને જઈ ને રહો. પરદેશમાં ફાયદો થશે. ઈજ્જત આબરૂ માટે બહુ ખર્ચ કરો છો. તમારૂં દિલ ચિંતામાં ડૂબેલું રહે છે. કોઈ પણ ધર્મના કાર્યો કરવાની તમારી ભાવના હતી,

પરંતુ અંતરાય કર્મના ઉદયથી એ ભાવના ફલીભૂત થઈ નહિ. હવે અંતરાય કર્મ દૂર થતાં શુભ કર્મોનો ઉદય થયો છે. ધારેલાં દરેક કાર્યોમાં ફતેહ પામશો. ધન–દોલત પ્રાપ્ત થશે. ગયેલી વસ્તુ પુનઃ આવી મળશે. જે માણસ સાથે સ્નેહ છે તેની સલાહ પ્રમાણે વર્તો.

૧૩૧. જે વાત હૃદયમાં ધારી છે તે પાર પડશે. એમાં જરા શક નથી. જે વાતનું નુકશાન થયું છે તે દૂર થઈ ભવિષ્યમાં લાભ થશે. ધન મળશે, સંતાનોની વૃદ્ધિ થશે. તમારા હાથથી ધર્મનાં કામ થશે. ધર્મગુરુની સેવા કરો. ન્યાત–જાતમાં આબરૂ વધશે. દેવાધિદેવનું ધ્યાન કરો. જે સ્થાનની અને જે મનુષ્યની મુલાકાત ચાહો છો તે થશે. ક્લેશ-ચિંતાના દિવસો ગયા છે. ધાતુ, ધન, સંપત્તિ અને કુટુંબની વૃદ્ધિ ઇચ્છો છો તે ફળીભૂત થશે. ધર્મ ઉપર શ્રદ્ધા રાખો. ધર્મથી સુખ પ્રાપ્ત થયું છે અને થશે.

૧૩૨ આજ સુધી તમારા મોટા મોટા દુશ્મનો થયા. હવે તેઓનું જોર નહીં ચાલે. મનમાં વિચારેલા કાર્યોમાં ફતેહ થશે. આબરૂમાં વધારો થશે. તમારા હાથે ધર્મનાં કાર્યો થશે. રાજ દરબારમાં સન્માન મળશે. પૂર્વસંચિત શુભ કર્મ ઉદયમાં આવ્યાં છે. મનવાંછિત સુખની પ્રાપ્તિ થશે. અમુક મુદત સુધીના કરેલા મનોરથો પાર પડશે, ભાઈઓનો મેળાપ થશે. દેવ, ગુરૂ અને ધર્મની સેવા કરો, ધર્મના પ્રભાવથી સુખી થયા છો અને થશો.

૨૨૨. જે કામ હૃદયમાં વિચાર્યું છે તેને છોડીને બીજું કામ કરો; છતાં પણ જો એ વિચારેલું કાર્ય કરવામાં પ્રવૃત્ત થશો તો સંકટ ઉત્પન્ન થશે, નુકશાન થશે, દુશ્મન લોકો વિઘ્ન

ઉપસ્થિત કરશે. દેવ, ગુરૂ અને ધર્મની સેવા કરો, તીર્થોની યાત્રામાં જાઓ. જેથી બીજા કાર્યો પણ સુધરશે. દિલમાં વિવિધ પ્રકારની ચિંતાઓએ વાસ કર્યો છે, તે વિચારેલું કાર્ય છોડી દેવાથી દૂર થઈ જશે.

૨૨૧. આટલા દિવસો લહેરમાં ઉડાવ્યા. જે દિવસો ગયા તે સારા ગયા, જે જે કામો કર્યાં તે બધા પાર પડયાં; પરંતુ હવે જે કામ દિલમાં વિચાર્યું છે તે પાપ કર્મના ઉદયથી પૂર્ણ નહિ થાય, દોસ્તો પણ દુશ્મન થઈ જશે. કુટુંબમાં અણ બનાવ રહેશે. ભાઈઓ જુદા થશે. જે કામ કરવાનું દિલમાં ચિંતવ્યું છે તેનો ત્યાગ કરવો એ શ્રેષ્ઠ છે. ધર્મ ઉપર શ્રદ્ધા રાખો. દેવ, ગુરૂની સેવા કરો. દાન પુણ્ય કરો. પુણ્યના પ્રભાવથી સુખ મળે છે.

૨૩૨. જે કામ વિચાર્યું છે તેને છોડીને બીજું કાંઈપણ કામ કરો. વિચારેલું કામ કરવામાં ફાયદો નથી, છતાં કરશો તો તમારૂં સ્થાન છોડીને બીજા મુલકમાં જવું પડશે. અને કુટુંબીજનનો વિયોગ થશે માટે બહેતર છે કે તે કામ છોડી દેવું. ધર્મમાં હોશિયાર રહેવું, તેમ જ શક્તિ અનુસાર દાન–પુણ્ય કરવું જેથી સુખ પ્રાપ્ત થાય.

૧૩૩. આટલા દિવસો સંકટ રહ્યું. ધારેલા કાર્યો સારી રીતે પાર ન પડયાં. હવે સારા દિવસોની શરૂઆત થઈ ચૂકી છે. જે કામ વિચાર્યું છે તે ફલીભૂત થશે. કોઈ પણ જાતનું વિઘ્ન આવશે નહીં. પુણ્યના ઉદયથી ઊંચા પ્રકારની ધારણા–ઈરાદો થયો છે. દેવ, ગુરૂ અને ધર્મના પ્રભાવથી લક્ષ્મી પ્રાપ્ત થશે. સ્નેહીનો મેળાપ થશે. સંતાનનું સુખ સાંપડશે, પત્ની તરફથી સુખ મળશે અને એક સજ્જન તરફથી અચાનક ફાયદો થશે.

૩૧૨. જે કામ વિચાર્યું છે તેને છોડીને બીજું કોઈ કામ કરો. અન્યથા દુશ્મન લોકો વિઘ્ન નાંખશે, દોલતની ખરાબી થશે. ઘરના મનુષ્યો અને જનાવરો ઉપર સંકટ ઉતરશે, માટે એ ધારેલું કાર્ય છોડી દેવું એ જ ઉચિત છે. ધર્મના પ્રભાવથી બધા કામ ફતેહ પામે છે, નિરાશ્રિતોને આશ્રય આપો. અને દેવાધિદેવનું સ્મરણ–ચિંતવન કરો જેથી સુખી થશો.

૩૩૨. ખરાબ દિવસો નષ્ટ થતાં હવે સારાં દિવસો આવ્યાં છે. તમોને જમીન અને ધન દોલતનું જે નુકશાન થયું છે તે મટી જશે. થયેલું નુકશાન મટી જઈ ભવિષ્યમાં ફાયદો થશે. પંચ પરમેષ્ટીનું ધ્યાન કરો. જ્ઞાનના કાર્યમાં મદદ કરો, જેથી જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મનો નાશ થતાં પુણ્યોદયથી લાભ થશે. હૃદય શુદ્ધ છે. જેથી મનની ચિંતા જલદી નાશ પામશે. પરદેશમાં રહેલા માણસની ફિકર થાય છે. પણ તેની મુલાકાત થશે. ધર્મના પ્રભાવથી સુખ–ચેન ઉડાવશો.

૨૨૩. આ સવાલ સારો છે. સુખના દિવસો નજીક આવ્યાં છે. વ્યાપારમાં દોલત મળશે, એશઆરામ પ્રાપ્ત કરશો. તેમાં લાભ મેળવશો. દિલમાં ચિંતા થાય છે જે 'હું પરદેશ જઉં તો મને ત્યાં સારૂ સ્થાન મળશે કે કેમ ? પરંતુ ફિકર ન કરો, તમોને સારૂં સ્થાન મળશે. શુદ્ધ દાનતથી વર્તો છો તો સારૂં જ થશે. ધર્મના પ્રભાવથી સુખી થશો. ધર્મને ભૂલશો નહીં. ધર્મ કાર્યોમાં સુસ્તી રાખવી ઠીક નથી. દેવ–ગુરુની સેવા કરો.

૩૨૨. જે કાર્ય મનમાં વિચાર્યું છે તેમાં દુશ્મન લોકો વિઘ્ન નાંખશે, પરિણામ સારૂં નથી રાજ્યની તરફથી નારાજગી પ્રાપ્ત થશે. જો સુખી થવું હોય તો તે વિચારેલું કામ છોડીને બીજું કામ કરો. તમારા અનુયાયી લોકો બદલાઈ ગયા છે તેનો વિશ્વાસ ન કરશો. ધર્મના કાર્યમાં ધ્યાન આપો, વ્રત–નિયમ

કરતા રહો. દુનિયામાં સાર વસ્તુ એક માત્ર ધર્મ જ છે. ધર્મના પ્રભાવથી સુખચેન પ્રાપ્ત થયું છે અને ભવિષ્યમાં પણ એજ પ્રમાણે પ્રાપ્ત કરશો.

卐

## રાશી પરત્વે શુકનાવલિ

ત્રણ નવકાર ગણી જે કામ હોય તે મનમાં ધારી નીચેના કોઠા ઉપર પૂજા કરવાની આંગળી મૂકવી. જે રાશી પર આંગળી મૂકી હોય તે રાશી જોવી. તેનું ફલ લખ્યા પ્રમાણે જાણવું.




મેષ લગ્ને–ચિંતા ભાંગશે, લાભ થશે, ધારેલું કામ થશે, કલ્યાણ થશે.

વૃષભ લગ્ને–કાર્યમાં વિરોધ થશે, અશુભ થશે છતાં ચિંતા ન કરજે.

મીથુન લગ્ને–કાર્યસિદ્ધ, મન ચિંતવ્યું ફલ પામીશ, આનંદ કરાવશે.

કર્ક લગ્નમાં–લાભ થશે, ચિંતવ્યું ફલ પામીશ, મિત્ર મલશે.

સિંહ લગ્ને–કુશલ કામ સિદ્ધ થશે, સુખ, શાંતિ થશે, લક્ષ્મી પામીશ.

કન્યા લગ્નમાં–કલેશ થશે, અજંપો થશે, ધારેલા કામમાં વિરોધ થશે, સગા–સંબંધીઓથી હાની થશે.

તુલા લગ્નમાં–બમણો લાભ થશે, લક્ષ્મી મળશે, માસ ૧ તથા ૩ પછી કામ થશે.

વૃશ્ચિક લગ્નમાં–હાણ થશે, નુકશાન થશે, કલેશ થશે, મંત્રીમાં વિરોધ થશે, કુટુંબમાં નુકશાની થશે.

ધન લગ્નમાં–યાત્રા થશે, લાભ મળશે, ઘણો હર્ષ થશે, મિત્ર મલશે.

મકર લગ્નમાં–કાર્યની હાની થાય, શત્રુ ઉપજે, સાવચેત રહેવું.

કુંભ લગ્નમાં–કાંઇક લાભ થશે, મનની ઇચ્છા પૂરી થશે, મન પ્રફુલ્લ રાખ.

મીન લગ્નમાં–મન ચિંતવ્યું થશે, કુશલ છે, માસ એક પછી તારૂં ઘણું જ સારું થશે, ચિંતા છે તે મટશે.

## ૨૪ પ્રભુની જન્મ રાશી તથા જન્મ નક્ષત્ર

| | પ્રભુના નામ | રાશી | નક્ષત્ર |
|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | ધન | નક્ષત્ર |
| ૨ | અજીતનાથ | વરખ | ઉત્તરાષાઢા |
| ૩ | સંભવનાથ | મિથુન | મૃગશર |
| ૪ | અભિનંદન | મિથુન | પુનર્વસુ |
| ૫ | સુમતિનાથ | સિંહ | મઘા |
| ૬ | પદ્મપ્રભુ | કન્યા | ચિત્રા |
| ૭ | સુપાર્શ્વનાથ | તુલા | વિશાખા |
| ૮ | ચંદ્રપ્રભુ | વૃશ્ચિક | અનુરાધા |
| ૯ | સુવિધિનાથ | ધન | મૂલ |
| ૧૦ | શીતલનાથ | ધન | પૂર્વાષાઢા |
| ૧૧ | શ્રેયાંસનાથ | મકર | શ્રવણ |
| ૧૨ | વાસુપૂજ્ય | કુંભ | રાતતારા |
| ૧૩ | વિમલનાથ | મીન | ઉત્તરાભાદ્રપદ |
| ૧૪ | અનંતનાથ | મીન | રેવતી |
| ૧૫ | ધર્મનાથ | કર્ક | પુષ્ય |
| ૧૬ | શાંતિનાથ | મેષ | અશ્વિની |
| ૧૭ | કુંથુનાથ | વરખ | કૃત્તિકા |
| ૧૮ | અરનાથ | મીન | રેવતી |
| ૧૯ | મલ્લીનાથ | મેષ | અશ્વિની |
| ૨૦ | મુનિસુવ્રત | મકર | શ્રવણ |
| ૨૧ | નમિનાથ | મેષ | અશ્વિની |
| ૨૨ | નેમનાથ | મેષ | અશ્વિની |
| ૨૩ | પાર્શ્વનાથ | તુલા | વિશાખા |
| ૨૪ | મહાવીર સ્વામી | કન્યા | ઉત્તરા ફાલ્ગુની |

## ૧૨ રાશીવાલા ગામ અને માણસોને મળતા આવતા પ્રભુનાં નામ

**૧. મેષ-રાશીવાલાને**-૧, ૩, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૩ આ પ્રભુને મળતાં છે.

**૨. વરખ રાશીવાલાને**-૨, ૯, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૧૮, ૨૦, ૨૨, ૨૪. આ પ્રભુને મળતાં છે.

**૩. મિથુન રાશીવાલાને**-૧, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૦ ૨૧, ૨૨, ૨૩, ૨૪. આ પ્રભુને મળતા આવે છે.

**૪. કર્ક રાશીવાલાને**-૧, ૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪. આટલા પ્રભુને મળતા આવે છે.

**૫. સિંહ રાશીવાલાને**-૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૩. આટલા પ્રભુજીને મળતા આવે છે.

**૬. કન્યા રાશીવાલાને**-૧, ૨, ૩, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૩. આટલા પ્રભુને મળતા આવે છે.

**૭. તુલા રાશીવાલાને**-૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૧. ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૩, આટલા પ્રભુને મળતા આવે છે.

**૮. વૃશ્ચિક રાશીવાલાને**-૨, ૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪. અનુકુલ છે.

**૯. ધન રાશીવાલાને,** ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪. અનુકુલ છે.

**૧૦ મકર રાશીવાલાને,** ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪. અનુકુલ છે.

**૧૧ કુંભ રાશીવાલાને,** ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૪. આટલા પ્રભુ અનુકુલ છે.

**૧૨ મીન રાશીવાલાને,** ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨. ૨૩, ૨૪, આટલા પ્રભુ શુભ છે.

**કઈ રાશીવાળાએ કયા પ્રભુની મૂર્તિ પધરાવવી.**

| | | | |
|---|---|---|---|
| મેષ | ૧૬, ૧૯, ૨૧, | તુલા | ૭, ૨૩, |
| વરખ | ૨, ૧૭, | વૃશ્ચિક | ૮, |
| મિથુન | ૩, ૪, | ધન | ૧, ૯, ૧૦, |
| કર્ક | ૧૫, | મકર | ૧૧, ૨૦, |
| સિંહ | ૫, | કુંભ | ૨૦ |
| કન્યા | ૬, ૨૨, ૨૪, | મીન | ૧૩, ૧૪, ૧૮ |

ઉપર પ્રમાણે બતાવેલ રાશીવાલાએ પ્રભુની મૂર્તિ પધરાવવાથી મહાન લાભ થાય છે.

ઉપર મુજબ રાશીમાં બતાવેલા ભગવાનનું હંમેશાં પૂજન સાથે તેમના પાંચે કલ્યાણકે બ્રહ્મચર્યનું અવશ્ય પાલન કરવું અને તે ભગવાનનું હંમેશા જાપ કરવું જેથી ઉપાધિ, પીડા, દુઃખ. દારિદ્ર નાશ થાય છે ને શાંતિ થાય છે.

દા. ત. મેષ રાશીવાલા મનુષ્યે ૧૬મા શ્રી **શાંતિનાથાય નમઃ ૧૯મા શ્રી મલ્લીનાથાય નમઃ** અને ૨૧મા શ્રી **નેમિનાથાય નમઃ** એમ ત્રણે ભગવાનની અગર ત્રણમાંથી એક ભગવાનની નવકારવાલી ગણવી. જો મૂર્તિ પધરાવવી હોય તો રાશી માટે આ પ્રમાણે સમજી લેવું. ઇતિ.

## સામુદ્રિક વિજ્ઞાન

(૧) **પુરૂષના** શરીરની ૨૫ વર્ષની ઉંમરે ઉંચાઇ પોતાના ૧૦૮ આંગળ હોય તો તે ઘણી સારી કહેવાય. સ્ત્રી ૧૬ વર્ષની ઉંમરે પોતાના ૧૦૮ આંગળ ઊંચી હોય તો તે ઘણી ઉત્તમ કહેવાય. બન્નેની ૯૬ આંગળ ઉંચાઇ મધ્યમ ગણાય. ૮૪ આંગળ હોય તો નબળી સમજવી.

(૨) **પગ**–સ્ત્રી કે પુરૂષનો પગ અંગુઠા સાથે પોતાના ૧૪ આંગળ લાંબો હોય તો સારો, અને પરસેવા વગરનો ખુલ્લા પગે જમીન ઉપર ચાલવા છતાં કોમળ સફાઇદાર હોવો જોઇએ એ પ્રમાણે હોય તો તે નાની ૧૦ વરસની ઉંમર સુધી તે આરોગ્યવાન અને ધનવાન હોય છે. સુપડા જેવા વાંકાચૂકા, ખરબચડા, વાંકીચૂકી આંગળીઓવાળા દુઃખી અને તે કદી પણ બહુ ધનવાલા થતા નથી. વચ્ચેથી ઊંચા પગવાલા રખડેલ હોય છે, ભુખરા પગવાલાને પ્રજા હોતી નથી, પાકેલી માટી જેવા રંગવાલા જેના પગ હોય તે ખૂની હોય છે. અને ઓછા લોહીવાળા પીળા પગવાલા વ્યભિચારી હોય છે.

(૩) **સાથલથી** પગની ઘુંટી સુધીનો આખો પગ હાથીની સૂંઢ જેવો ઘટાદાર હોય તથા સાથલથી ઘૂંટી સુધીની પગની લંબાઇ ૫૦ આંગળ હોય તો તે સ્ત્રી કે

પુરૂષ ઘણા જ ભાગ્યશાળી અને સુખી હોય છે. ટુંકી ભરાવદાર સાથલવાળા જ્યાં જાય ત્યાં મોટાઇ અને માન પામે. લાંબી સાથલવાલાનું લાંબુ આયુષ્ય હોય છે. જાંગ ૧૮ આંગળ અને ઢીંચણ નીચેનો પગ ૩૨ આંગળ લંબાઈમાં હોવો જોઇએ. તે સિવાયના પગ અને સાથલવાલા દુઃખી હોય છે.

(૪) **સ્ત્રીનું** રજ લાલ ચણોડી જેવું દુર્ગંધ વગરનું તથા કપડા ઉપરનો ડાઘ ધોવાથી તુરત જતું રહે તેવું હોય તો તે સ્ત્રી ઘણી જ ભાગ્યવાન, ધનવાન, ગુણવાન, સંતતિને પેદા કરનારી થાય છે. તેથી વિપરીત હોય તો તેનું ફલ પણ વિપરીત જાણવું.

(૫) **નિતંબ** એટલે કુલા – દેડકા જેવા કુલાવાળો ધનવાન અને સુખી થાય. વાંકાચૂંકા કુલાવાળો નિર્ધન અને દુઃખી થાય, એક કુલો ઊંચો અને એક કુલો નીચો હોય તો શિકારી જાનવરથી મોત થવાનો સંભવ રહે. સ્ત્રીઓના કુલા તો મોટા જ હોવા જોઇએ.

(૬) **પેટ**—સમાન પેટવાલા સુખી. લાંબા કે ઘડા જેવા પેટ-વાલા દુઃખી. જેના પેટ પર એક આડી રેખા હોય તો તે હથિયારથી મરે છે. બે રેખા હોય તો વિલાસી. ત્રણ રેખા હોય તો ધર્માત્મા થાય. ચાર હોય તો ઘણી પ્રજાવાળો. આડી અવળી રેખાઓ હોય તો વ્યભિચારી અને ઉભી રેખા હોય તો પંડિત થાય તથા રેખા વગરનો હોય તો તે સંન્યાસી બને. સ્ત્રીના પેટ પર ત્રણ રેખાઓ આડી પડેલી હોય તો ઘણીજ સુખી હોય. સ્ત્રી કે પુરૂષને ગુપ્તાંગથી નાભી સુધીની લંબાઇ ૧૨ આંગળની હોય તો તેઓ ધનવાન, પુત્રવાન, ભાગ્યવાન અને દરેક રીતે ઘણા જ સુખી હોય છે.

(૭) **દુંટી**–એટલે નાભી. સ્ત્રી કે પુરૂષની એક આંગળ ઊંડી અને એક આંગળ પહોળી હોય તો ઘણા નસીબદાર હોય છે. દુંટીમાં જમણી તરફનો વળાંક હોય તો બુદ્ધિશાળી અને ડાબી બાજુનો વળાંક હોય તો લુચ્ચાઈ વધુ હોય. નીચેથી ઉપર તરફ ઢળતી હોય તે ધનવાન, નીચે તરફ ઢળતી હોય તો વિલાસી બનાવે, સંકડાઈ ગયેલી દુંટીવાલા દુઃખી હોય છે. જેની દુંટી વચ્ચેથી જ પેટ ઉપર પડેલ આડી રેખા પસાર થાય અને દુંટી વાંકી હોય તો ફાંસીને દોરડે લટકવું પડે છે.

(૮) **ગળુ**–ચપટા ગળાવાલા દુઃખી–નિર્ધન થાય, પાડા જેવી ખાંધવાળા શૂરવીર થાય. બળદ જેવા ગળાવાળા હથિયારથી મરે, લાંબા ગળાવાળા ખાઉધરા હોય. શંખ જેવું સુંદર અને ત્રણ રેખાવાળુ ગળું હોય તો ભાગ્યશાળી થાય. ગળાની લંબાઈ ચાર આંગળની ઉત્તમ કહી છે. ગળાની હાંસડી સરલ હોય તો ધનવાન. હાડકાંની અણી દેખાય તેવી હાંસડી ધનવાન બનાવે પણ તે ઝઘડાખોર હોય. ગળાની મજબુતાઇ હોય તો ૫ થી ૬ વરસમાં ઘણો સુખી થાય તે સિવાયના દુઃખી થાય.

(૯) **હાથ**–હાથીની સૂંઢ જેવા દેખાવડા તથા લંબાઇમાં ૩૨ આંગળ હોય અને તેમાં કોણીથી કાંડા સુધી ૧૪ આંગળ હોય તથા કોણીથી હથેલીની વચલી આંગળીના છેડા સુધી ૨૪ આંગળ હોય તો તે ભાગ્યશાળી ગણાય છે. લાંબી આંગળી હોય તો તે ભાગ્યશાળી ગણાય છે. લાંબી આંગળીઓવાલાનું આયુષ્ય લાંબુ હોય છે. સીધી આંગળીઓવાલા ધર્માત્મા થાય છે. પાતળી આંગળીવાલા બુદ્ધિમાન, ચપટી આંગળીવાલા નોકરી કરે છે. વધારે જાડી આંગળીવાલા દરિદ્ર–નિર્ધન હોય છે. તેની

આજુબાજુની આંગળીઓ સાડા ચાર આંગળ લાંબી, ટચલી આંગળી તથા અંગુઠો સાડા ત્રણ આંગળ લાંબો હોવો જોઈએ. તો તે ભાગ્યશાળી થાય. હથેલી પાંચ આંગળ લાંબી, ચાર આંગળી પહોળી અને લાલ રંગની હોય તો સુખી થાય, વાંકી-ચૂંકી તથા વધઘટ પ્રમાણવાલી આંગળીઓ હોય અને ખરબ-ચડી હોય તો તેઓ દુઃખી અને ક્રુર સ્વભાવના હોય છે તથા પીળા રંગની ઓછા લોહીવાલી હથેલીવાલા વ્યભિચારી હોય છે. સુકી હથેલીવાળા નિર્ધન હોય છે. હથેલી અને પહોંચાનો સાંધો ગૂઢ અને માંસથી મળેલો મજબુત હોય તો તે સુખી, ધનવાન હોય. પ્રમાણ કરતાં પાતળો પહોંચો હોય તો જેલમાં જવાનો વખત આવે.

(૧૦) **નખ**—ડાઘ ડુગ વગરના અને સફેદ છાંટણાવાળા હોય તો ઘણા સારા કહેવાય. તે ધન અપાવે. આંગળીના વેઢા કરતાં નખ અર્ધા ભાગના હોવા જોઈએ, એ નખ કથાઈ રંગના હોય તો ઘણા ભાગે નપુંસકપણું આવે.

(૧૧) **ચહેરા**—જેનો ચહેરો સપ્રમાણ હોય તે સુખી થાય, ગોળ ચહેરાવાલા લુચ્ચા હોય, ચોરસ ચહેરાવાળા ધુતારા હોય, નીચું મોઢું રાખનાર પાપી હોય. ભારે મોઢાવાલા મીંઢા હોય છે.

(૧૨) **નાક** – સ્ત્રી કે પુરૂષના નાક પોપટ જેવા હોય તો ભોગી, લાંબા નાકવાળા ભાગ્યશાળી. છેડેથી વળેલા નાકવાળા ધનવાન, નાકના છીદ્રો દેખાતા હોય તો તેવું નાક ચોર બનાવે, નાકની અણી કપાયેલા જેવી ચીરાવાળી હોય તો તે વ્યભિચારી થાય, સરલ-સપ્રમાણ નાકવાલા ભાગ્યવાન. ચપટા નાકવાળાનું સ્ત્રીના ઝઘડામાં મોત થાય.

(૧૩) **કાન**—કાન ઓછા માંસવાલા—કાનવાળા પાપી, ચપટા કાનવાળા ભોગી, નાના કાનવાળા લોભી, અણીદાર કાનવાળા

ઝઘડાખોર, મોટા કાનવાલા પ્રખ્યાત અને સુખી થાય, પુષ્ટ કાનવાળા આનંદી, ઘણા વાળવાળા-કાનવાળા તંદુરસ્ત અને લાંબા આયુષ્યવાળા થાય. જેના કાન પર નસો તરતી દેખાય તે ક્રુર સ્વભાવના હોય છે.

(૧૪) **આંખ**–અણીદાર આંખોવાળા ધનવાન, ગોળ આંખોવાલા ચોર થાય. આંખોના ખુણા લાલ હોય તો ધન-વાન, મધ જેવા રંગના હોય તો ધનવાન, બિલાડી જેવી માંજરી આંખોવાળા પાપી, અંગારા ઝરતી આંખોવાલા ક્રુર કર્મ કરનાર, ઘણી કાળી કીકી હોય તો અંધાપો આવે. ઉંડી આંખવાળા ઘણા જ વૈભવશાળી થાય. મોટી આંખવાળા શક્તિશાળી. પોંયણા જેવી આંખવાલા પ્રભાવશાલી થાય.

(૧૫) **કપાળ**–અર્ધા ચંદ્ર જેવું કપાળ ધનવાન બનાવે. છીપ જેવું લંબચોરસ કપાળ જ્ઞાની બનાવે, કપાળમાં ત્રિશુળ જેવી નીશાનીથી ભાગ્યવાન, ઊંચું કપાળ મોટાઇ અપાવે. વાંકું કપાળ નિર્ધનતા અપાવે. ઘણી નાડીઓ દેખાતી હોય તેવું કપાળ અધર્મી તથા વ્યભિચારી બનાવે, કપાળમાં ખાડો હોય તો હથિયારથી મરે. ગોળ કપાળ લોભી બનાવે, કપાળમાં ત્રણ આડી રેખા આખી પડી હોય તો તેનું ૧૦૦ વર્ષનું આયુષ્ય. ચાર હોય તો ૯૫ વર્ષ. પાંચ હોય તો ૭૦ વર્ષનું. ૬ હોય તો ૫૦ વર્ષનું આયુષ્ય સમજવું. તેવી રેખા તથા ટુટક ટુટક હોય તો ટુંકું આયુષ્ય સમજવું. કપાળ, નાક, કાન. એ ચાર આંગળ લાંબા હોવા જોઇએ.

(૧૬) **હોઠ**—જો હોઠ લાલ હોય અને નીચલો હોઠ એક આંગળ જાડો અને ઉપલો હોઠ અર્ધ આંગળ જાડો તથા મોઢાની ફાડ ચાર આંગળ લાંબી હોય તો તે ઘણા ભાગ્યશાળી સમજવા.

સ્ત્રી કે પુરૂષ એ બન્ને બત્રીશ લક્ષણવાળા હોઈ શકે છે. બત્રીશ લક્ષણ આ પ્રમાણે જાણવા. બે પહોળા હોવા જોઈએ. લલાટ અને ખભા. ત્રણ ઊંડા હોવા જોઈએ ઘૂંટી, અવાજ અને મન. છ ઊંચા હોવા જોઈએ છાતી, નખ, કાન, નાકનો છેડો, મોઢાની ફાડ અને હથેલીઓ. ચાર ટુંકા હોવા જોઇએ. ગુપ્તાંગ, ગળું, ચાર આંગળની જાંઘ એટલે સાથલ અને પીઠ. સાત રાતા. આંખના છેડા, પગ તળીયા, હાથના તળીયા, હોઠ, જીભ, નખ અને તાળવું, પાંચ લાંબા–દાઢી. આંખો, હાથ, નાક, સ્તન (સ્ત્રીના સ્તન કઠણ અને ઉન્નત હોવા જોઇએ). પાંચ પાતળા–દાંત, વાળ, ચામડી, નખ, પેઢા. આ બત્રીશ લક્ષણ જેમાં હોય તે સ્ત્રી કે પુરૂષ ઘણા જ ભાગ્યશાળી, ધર્મી, ઉદાર અને સુખી હોય છે. એ બત્રીસ–માંથી જેટલા ઓછા હોય તેટલા ઓછા ફળને પામે છે.

પહોંચા પાસેથી નીકળી અંગુઠો તથા અંગુઠાની જોડેની પહેલી આંગળી વચ્ચે જે રેખા જાય છે તે ગોત્રરેખા કહેવાય છે. એ રેખા સુંદર હોય તો તેનું કુટુંબ મોટું અને વિશાળ આબરૂવાળું હોય છે, પણ જો તે રેખા તુટક છેદવાલી હોય તો નાનું કુટુંબ અને વેર–વિખેર થયેલું દુઃખી હોય છે. આ રેખા સારી હોય તો જ કુટુંબનું સુખ હોય છે. પિતાનું સુખ અને આયુષ્ય પણ એ રેખાથી જોવાય છે. ગોત્રરેખા જો સુંદર હોય તો જીંદગીનો પહેલો તથા ત્રીજો ભાગ, ધનરેખા સુંદર હોય તો વચલો ભાગ અને આયુરેખા સુંદર હોય તો જીંદગીનો છેલ્લો ભાગ સુખવાલા હોય છે અને એ ત્રણે રેખા સુંદર હોય તો આખી જીંદગી સુખમાં જાય છે.

ગોત્રરેખા શુક્રના પર્વતને ઘેરો લઇ મણીબંધ તરફ જતી હોય તો તે ઉત્તમ કહી શકાય, પણ જો અંગુઠાની

બાજુમાંથી શરૂ થઇ શુક્રના પર્વત તરફ ઢળતી હોય કે તેના ઉપર થઇને જતી હોય તો આવા માનવીને સંતાન પ્રાપ્તિ થતી નથી. આ રેખા મણીબંધ પાસે અંદરના ભાગમાં વળાંક લેતી હોય તો એવા માનવીનું જન્મ ભૂમિમાં અવસાન–મૃત્યુ થાય અને જો એથી ઉલટી દિશામાં વળાંક લેતી હોય તો જન્મ ભૂમિથી બહારના પ્રદેશમાં તેના મૃત્યુનો સંભવ છે.

કઈ માંદગી વધુ આવશે તે જાણવું હોય તો ગોત્ર–રેખા તુટક–ફુટક અને છેદવાલી હોય તો વાત પ્રકૃતિથી થતો ગોળો, જ્ઞાનતંતુની નબળાઇ, સાંધાનું રહી જવું વગેરે દર્દો થાય છે. ધનરેખા તુટ–ફુટ હોય તો પિત પ્રકૃતિથી થતા આંખના રોગ, ગડગુમડ, લોહીનો બગાડ વિગેરે દર્દો થાય છે. આયુરેખા તુટફુટ ખરાબ લક્ષણવાલી હોય છે તો કફ પ્રકૃતિથી થતા શરદી, પાણીની ઘાત, જલોદર વિગેરે રોગ થાય છે. જે રેખા સારી હોય તો તે રેખા સંબંધી રોગ થતા નથી. ગોત્ર રેખા સુંદર હોય તો હુન્નરી લાઇનથી ભાગ્યોદય થાય. ધન રેખા સારી હોય તો જમીન વિગેરેથી ભાગ્યોદય થાય. આયુરેખા સારી હોય તો હાથ નીચે કામ કરતા હોય તેવા ધંધાથી ભાગ્યોદય થાય.

આ રેખાની બાજુમાં જ ઘણી વખતે વર્તુળાકારે મંગલની રેખા જતી હોય છે. જો એ રેખા સુરેખા હોય તો મનુષ્ય ગમે તેવી ઘાતમાંથી બચી જાય છે. આ રેખા પર ઝીણી રેખાઓ નીકળી ઉપરની બાજુ જતી હોય તેવી ઉર્ધ્વ-રેખા તેની ઉન્નતિનો સમય સુચવે છે. એવી જ રીતે એવી રેખાઓ નીચેના ભાગમાં જતી હોય તો તે આપત્તિઓની સુચક સમજવી.

## તલ-લાખું-મસ.

શરીરના જુદા જુદા ભાગમાં થાય કે હોય તેનું ફળ.

મસ્તકમાં ધન અને સૌભાગ્ય. બન્ને ભ્રકુટિની મધ્યમાં હોય તો શોક કરાવે. આંખના પોપચાં ઉપર કે આંખો ઉપર હોય તો તેની આંખને કોઈ દિવસ ઈજા થાય નહીં, લમણા ઉપર હોય તો સંન્યાસી બને. આંસુ પાડવાના ઠેકાણે હોય તો અતિ ચિંતા કરાવે, નાક અને ગાલ ઉપર હોય તો વસ્ત્ર અને પુત્રની પ્રાપ્તિ થાય. હોઠ ઉપર કે દાઢી નીચે હોય તો ધાન્યનો લાભ થાય. લલાટમાં ઘણું ધન મળે.

બન્ને જડબાં કે ગાલ ઉપર હોય તો માન મળે. કાન ઉપર હોય તો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય. માથાની સંધિમાં હોય તો શસ્ત્રઘાત. ડોક ઉપર હોય તો ઘાત. હ્રદય ઉપર હોય તો પુત્ર-પૌત્રનો લાભ. સ્તનની પડખે હોય તો શોક. છાતીમાં હોય તો પ્રિય વસ્તુનો લાભ. ખભા ઉપર હોય તો ભિક્ષાવૃત્તિ. કાંખમાં હોય તો ઘણું ધન, પીઠ, વાંસામાં બેઉ બાહુમાં હોય તો દુઃખ અને શત્રુનો નાશ થાય. મણિબંધમાં હોય તો મનો-નિગ્રહવાળો થાય.

મણીબંધ ઉપર કોણી સુધીમાં હોય તો આભૂષણ વગેરે સમૃદ્ધિ મળે. હથેળીમાં હોય તો ધન મળે. આંગળી-ઓમાં હોય તો ભાગ્યોદય. પેટ ઉપર હોય તો શોક. નાભિ ઉપર હોય તો ચોરથી ધન લુંટાય. પેડુમાં હોય તો ધન ધાન્ય મળે. ગૃહ્યમાં હોય તો સ્ત્રી લાભ. ગુદા અને વૃષણમાં હોય તો સદ્‌ગુણી પુત્રો, ધન અને સૌભાગ્ય મળે. સાથળમાં હોય તો વાહન લાભ. ગોઠણમાં હોય તો શત્રુઓથી નુકશાન. જાંઘમાં હોય તો વાહન લાભ. ગોઠણમાં હોય તો શસ્ત્રનો

ભય. ઘુંટીમાં હોય તો પંથે મુસાફરી કરવી પડે, કલેશ થાય. કુલાં, પેની અને પગમાં હોય તો ધનનો નાશ, અગમ્યાગમન પંથ થાય. આંગળીયુંની વચમાં હોય તો બંધન. અંગુઠા ઉપર હોય તો જ્ઞાતિથી સન્માન મેળવે.

## સ્ત્રીને ગર્ભ રહેશે કે નહિ તે જાણવાનો યોગ

સ્ત્રીઓની જન્મ રાશીથી ૧-૨-૪-૫-૭-૮-૯-૧૨ સ્થાનમાં ચંદ્ર અને મંગળ દેખાતો હોય તો ગર્ભ રહે એમ જાણવું.

સ્ત્રીઓની જન્મ રાશીથી ૩-૬-૧૦-૧૧ સ્થાનમાં ચંદ્ર હોય તો અને મંગળ દેખાતો હોય તો સ્ત્રીને સંતાન થશે એમ સમજવું.

પુરૂષની જન્મ રાશીથી ૩-૬-૧૦-૧૧ સ્થાનમાં ચંદ્ર હોય અને ગુરૂ દેખાતો હોય તો સંતાન થશે એમ જાણવું.

## સુકાળ અથવા દુકાળ જોવાની રીત

શકના વર્ષને ૩થી ગુણી તેમાં ૫ ઉમેરવા પછી તેને સાતે ભાગતા તેમાં ૧ રહે તો આઠ આના વર્ષ થાય.

૨ રહે તો વરસાદ સારા થાય. ૩ રહે તો દુકાળ પડે. ૪ રહે તો વરસાદ સારા થાય. ૫ રહે તો બધી મોંઘારત થાય. ૬ રહે તો આઠ આના વરસ થાય. ૭ વધે તો ભયંકર દુકાળ પડે, લડાઈ થાય.

## સ્ત્રી-પુરૂષના સામુદ્રિક લક્ષણો

૧ જેના નખ, પગ, હાથ, જીભ, હોઠ, તાળવું અને આંખના ખુણા લાલ હોય તે પુરૂષ ભાગ્યવાન જાણવો, તે પુરૂષ સપ્તાંગ લક્ષ્મીને ભોગવે છે.

૨ જેનું મુખ, નાક, હડપચી, ગળાનો ભાગ, કાંખ અને છાતી. એ છ વાનાં ઉંચાં હોય તે પુરૂષ સર્વ પ્રકારે ઉન્નતિ મેળવનાર થાય.

૩ જેનાં કેશ, દાંત, ચામડી, આંગળીના વેઢા, અને નખ, એ પાંચ પાતળા હોય, સુકાયેલા હોય તે પુરૂષ ધનવાન ઘણો થાય.

૪ જેની આંખો, સ્તનનું અંતર, નાક, ગળું, હાથ, એ પાંચે લાંબા હોય; તે પુરૂષનું આયુષ્ય લાંબુ હોય અને તે ધન ઘણું જ મેળવે તેમ જ પરાક્રમી હોય.

૫ જેનાં મુખ, લલાટ અને પેટ એ ત્રણે મોટા હોય તો તે પુરૂષ રાજા થાય.

૬ જેની ડોક, જાંઘ અને પુરૂષ–ચિહ્ન એ ત્રણે ટુંકા હોય તે રાજા થાય.

૭ જેના સ્વર તથા ડૂંટી, તથા સત્વ એ ત્રણે ગંભીર હોય તે પૃથ્વીપતિ થાય, પરમાર્થી થાય.

૮ જેની આંખ સફેદ હોય, લાલ હોય, કાબરચિત્રી હોય તે સહજ ઓછી અક્કલનો હોય છે.

૯ જેની દાઢી નાની હોય, તેજસ્વી આંખ હોય તથા ખુલ્લી પાંપણો હોય અને માથામાં ઘણા જ સખત વાળ હોય તેનાથી દૂર રહેવું. કારણ કે તે માણસ ઝેરી જેવો હોય છે.

૧૦ જેના વાળ શરાબી રંગના સખત હોય તે દમામદાર તથા બહાદુર અને તંદુરસ્ત હોય છે.

૧૧ જેના વાળ નરમ હોય છે તે જ્ઞાતિવાળો હોય છે. તથા બીકણપણું ધારણ કરનારો ઇતરાજી હોય છે. જેના કાન તથા ખભા ઉપર વાળ હોય છે તે જ્ઞાતિવાળો હોય છે તથા બીકણપણું ધારણ કરનારો ઇતરાજી હોય છે.

૧૨ જેના કાન તથા ખભા ઉપર વાળ હોય છે તેઓ હિમ્મતવાન તથા બેવકુફ હોય છે.

૧૩ જેના પેટ ઉપર તથા છાતી ઉપર ઘણા વાળો હોય છે તે રોગી તથા જુલમગિરિના કામો કરવાવાળો થાય છે.

૧૪ જેના પીળા વાળ હોય છે તે ચોરી કરનાર ક્રોધી ને બેવકુફ હોય છે.

૧૫ જેના કાળા શાહી જેવા વાળ હોય છે તે અક્કલવાળો અને વિચારશીલ થાય છે.

૧૬ જેના કાળા અને રાતા રંગના વાળ હોય છે તે અકકલવાળો અને વિચારશીલ થાય છે. તે વિચારોનું સમતુલપણું જાણનારો થાય છે.

૧૭ જેનું કપાળ મોટું હોય અને ભ્રકુટી પાસે કરચલી નહિ હોય તે લડાઈ, ટંટા કરવાવાળો થાય છે.

૧૮ જેની નાની પાંપણો હોય અને સાધારણ પાંપણો હોય તે અને ભ્રકુટી પાસે કરચલી હોય તો તે સત્યવાદી શાહુકાર જાણવો.

૧૯ જેના કાન મોટા હોય તે મૂર્ખતા ધારણ કરનાર તથા કડક મિજાજનો તેમ જ મરદાઈનો ભંડાર હોય છે.

૨૦ જેના કાન સાધારણ હોય છે તે સમધારણ વિચારશીલ જાણવો.

૨૧ જેની ભ્રકુટી મોટી કાળી હોય છે તે બોલાવામાં સખત ભાષા વાપરનાર હોય છે.

૨૨ જેના કાનની વચ્ચેના ભાગ સુધી લંબગોળ ખેંચાયેલ હોય તે ખોટી ડીંગ મારનાર, અને મગરૂરી હોય છે.

૨૩ જેની આંખ લીલા રંગની હોય છે તે ઘણો જ ખરાબ હોય છે.

૨૪ જેની આંખ મોટી ને તેજસ્વી હોય તે અદેખો હોય છે.

૨૫ જેની ઠરેલી આંખ હોય છે તે દાની ને શતાબીખોર હોય છે, નઠારો ને હરકત કરનાર હોય છે.

૨૬ જેની આંખ લાલ હોય છે તે બહાદુર અને હુશિયાર હોય છે.

૨૭ જેની આંખની કીકીની આસપાસ પીળો રંગ અગર તેવા પીળા રંગની આંખો હોય તો તોફાની તથા ટંટાખોર થાય છે.

૨૮ જેની આંખ લાંબી, પહોળી, નાની, મોટી, રૂપ રંગમાં સમધારણ હોય તે અક્કલવાળો, હુશિયાર અને ચોખ્ખી દાનતનો હોય છે.

૨૯ જેનું નાક નાનું હોય તે ચાલાક અને નરમ સ્વભાવનો હોય છે.

૩૦ જેનું નાક વાંકું હોય તે બહાદુર હોય છે.

૩૧ જેનું નાક પહોળું હોય છે તે મિત્રોને વધારનાર અને હોશિયાર હોય છે.

૩૨ જેના નસકોરા મોટા હોય તે લુચ્ચો અને જુલમ કરનાર હોય.

૩૩ જેના નાકની ડાંડી આંખ સુધી પહોળી હોય તે અસત્યવાદીને વિષે શિરોમણી હોય છે. જેના નાકની ડાંડી સમધારણ હોય તે અક્કલવાળો ને હોશિયાર હોય છે.

૩૪ જેનું મોઢું મોટું હોય તે બુદ્ધિવાળો ને બહાદુર થાય છે.

૩૫ જેના હોઠ પહોળા હોય તે ખરાબ અને બેવકુફ થાય છે.

૩૬ જેના હોઠ લાલ હોય છે તે ડાહ્યો ને શાણો થાય છે.

૩૭ જેના દાંત સીધી લાઈન વગરના વાંકા ચુકા હોય તે તાલમબાજ અને બુરી દાનતનો હોય, ફિતુર કરનાર છે.

૩૮ જેના દાંત સીદ્ધા લાઈન બંધ હોય તે પ્રમાણિક, ન્યાયી ને ઈન્સાફવાળો થાય છે.

૩૯ જેના ગાલ ફુલેલ અને માંસથી ભરેલાં હોય છે તે પણ ખરાબ લાઈનનો હોય છે.

૪૦ જેના ગાલ પીળા હોય તે પણ ખરાબ વિચારનો હોય છે.

૪૧ જેના ગાલ સાધારણ રીતસર હોય તે સારો હોય છે.

૪૨ જેનો અવાજ મોટો હોય તે બહાદુર હોય છે.

૪૩ જેનો અવાજ નાનો હોય તે મિથ્યાભિમાની અને વહેમ કરનાર હોય છે.

૪૪ જેનો ઘાટો સાધારણ હોય તે સાચે ફાયદો કરનાર જાણવો.

૪૫ જેનો અવાજ ગુંગણો હોય છે તે મૂરખ—હેવાન હોય છે.

૪૬ ધીમે બોલનાર લાયકાતીવાળો હોય છે.

૪૭ જે વાતો કરતા હાથના ચાળા કરનાર હોય, તે શાણો હોશિયાર હોય છે.

૪૮ જેની ગરદન ટુંકી હોય તે તાલમબાજ, ફીસાદીખોર, હરામ દાનતનો, દગાબાજ અને બીજાઓનું નિરંતર બુરૂં ઇચ્છનારો, તથા બીજાનું સારૂં થાય તેમાં હર્ષ રહિત થાય છે.

૪૯ જેની ગરદન લાંબી, પાતળી હોય તે સત્યવાદી ને પરમાત્માનો ભક્ત હોય.

૫૦ જેની છાતી, મોટું પેટ હોય તે સર્વથા ખોટો ને ખરાબ સમજવો.

૫૧ જેની છાતી, પેટ સાધારણ હોય તે અક્કલવાળો અને શાણો હોય છે.

૫૨ જેની કાંધ અને પીઠ પહોળી હોય તે જોરાવર હોય છે. પણ તેનામાં બુદ્ધિ થોડી હોય છે.

૫૩ જેની કાંધ નાની હોય તે ખરાબ અધર્મી હોય છે.

૫૪ જેના હાથ અને આંગળા લાંબા હોય તે શાણો અને હકુમતવાળો હોય છે.

૫૫ જેના પગનો નળો જાડો હોય તે નાદાન અને લડાઈખોર હોય છે.

૫૬ જેના પગનો નળો સાધારણ હોય તે બુદ્ધિવાળો હોય છે.

૫૭ જેની આંખનો રંગ બ્લુ રંગવાળો હોય તે મિત્રનો વધારો કરનાર હોય છે.

૫૮ તેવી બ્લુ રંગવાળી આંખ જો સ્ત્રીની હોય તો તે નાજુક હોય. પ્યાર બતાવનારી હોય. બીજાની મરજી સાચવનારી હોય. તથા દુઃખોને માટે દિલસોજી તેમ જ પોતાને ગુણ રહિત માનનારી તથા પોતાના પતિને પરમેશ્વર તુલ્ય માનનારી અને સ્ત્રી જાતિના તમામ ગુણો કોમળતા તે સ્ત્રીને વિષે હોય છે.

૫૯ જેની આંખ બદામી રંગની હોય તો તે શત્રુને વધારનારી હોય છે. ને બીલાડીને વિષે જેટલા ગુણો હોય છે તેટલા ગુણો તેવી આંખવાળી સ્ત્રી ને વિષે હોય છે.

૬૦ જે સ્ત્રીની આંખ બદામી રંગની હોય તો તે અદેખી, નિર્દય અને વિશેષે કરીને બિલાડીને વિષે જેટલા ગુણો હોય છે તેટલા ગુણો તેવી આંખવાળી સ્ત્રીને વિષે હોય છે.

૬૧ જો પુરૂષની આંખ બદામી હોય તો તે વહેમી, જીંદગી સુધી બીનપરવાઈવાળો, બીજાના દુઃખની બેદરકારીવાળો, શૂરવીર, હિમ્મતવાન અને ડામાડોળ ચિત્તવાળો થાય છે. પરંતુ મિત્રના કામમાં તત્પર રહેનારો હોય છે.

૬૨ જેની આંખ રાખના રંગવાળી હોય તે સ્વભાવનો ઠંડો પણ સાચો દિલસોજી બતાવનાર હોય છે. અને તેને વિષે કવિપણાના ગુણો પણ હોય છે. જેની આંખો લીલા રંગની હોય છે તે માણસો હલકા, લુચ્ચા અને ઘાતકી હોય છે.

૬૩ જે માણસના હાથનું તળિયું રેખા વિનાનું અથવા ઘણી રેખાવાળું હોય તે માણસ અલ્પ આયુષ્યવાળો નિર્ધન અને દુઃખી હોય એમાં સંશય નથી.

૬૪ જે માણસની ટચલી આંગળી અનામિકા અંત્ય રેખાથી અધિક હોય તેને ધનની વૃદ્ધિ થાય તથા મોસાળનો પક્ષ મોટો હોય.

૬૫ મણીબંધથી (કાંડાથી) પિતાની રેખા તથા હથેળીની નીચેથી. (ટચલી આંગળી અને કાંડાની વચ્ચેના ભાગથી) ધન અને આયુષ્યની રેખા ચાલે છે. ત્રણે રેખાઓ તર્જની અને અંગુઠા વચ્ચે જાય છે. તે ત્રણે રેખાઓ જેમને સંપૂર્ણ તથા દોષ રહિત હોય તેઓના ગોત્ર, ધન તથા આયુષ્ય સંપૂર્ણ જાણવાં.

૬૬ આયુષ્યની રેખાથી જેટલી જેટલી આંગળી ઓળંગાય તેટલા તેટલા પચ્ચીસ પચ્ચીસ વર્ષોનું આયુષ્ય પંડિત લોકોએ જાણવું.

૬૭ અંગુઠાના મધ્ય ભાગમાં જો જવ હોય તો વિદ્યા, પ્રખ્યાતિ અને ધન મળે. વળી જો તે જમણા અંગુઠામાં હોય તો શુકલ પક્ષમાં જન્મ જાણવો.

૬૮ લાલ આંખોવાળાને સ્ત્રી તજતી નથી. સોના સરખી પીળી કાંતિવાળાને ધન તજતું નથી. લાંબા હાથવાળાને મોટાઈ તજતી નથી અને પુષ્ટ માણસને સુખ તજતું નથી.

૬૯ આંખોમાં ચીકાશ હોય તો સૌભાગ્ય મળે. દાંતમાં ચીકાશ હોય તો ઉત્તમ ભોજન મળે. શરીરમાં ચીકાશ હોય તો સુખ મળે. પગમાં ચીકાશ હોય તો વાહન મળે.

૭૦ જેની છાતી વિશાળ હોય તે ધન અને ધાન્યનો ભોગી હોય.

૭૧ જેનું મસ્તક વિશાળ હોય તે રાજા થાય.

૭૨ જેની કેડ વિશાળ હોય તે હંમેશાં સુખી હોય.

૭૩ જેને આયુષ્ય રેખાને છેડે એટલે એ રેખાથી ઉપર બીજી રેખા ફુટી હોય અને તે આયુષ્ય રેખાની સાથે લાગેલી હોય તો તે ઘોડાથી પડે.

૭૪ આયુષ્ય રેખાના મૂળથી બીજી વાંકી રેખા નીકળી હોય તો તે ઘોડાના અથવા હાથીના દાંતથી નાશ પામે. આયુષ્ય રેખાની મધ્યમાં બીજી બે રેખા પડી હોય, એક લાંબી અને બીજી ટુંકી હોય, તો તે મેડીથી પડે. આયુષ્ય રેખાની નીચે રાતી રેખા હોય, તો તે ઋતુવિકાર કરે—ધોળી હોય તો ગડ-ગુમડાં થાય, આયુષ્ય રેખાની મધ્યમાં બિંદુ પડયું હોય તો તેને સન્નિપાત થાય.

૭૫ અંગુષ્ઠ રેખાથી વચ્ચે જેટલી રેખા નાની હોય તેટલી દીકરીઓ હોય, જેટલી મોટી હોય તેટલા દીકરા જાણવા. જેટલી છેકાયેલી તેટલાં સંતાન નાશ પામે એમ જાણવું. એ રેખાઓને કેટલાકો ભાઈ બહેનની રેખા પણ કહે છે.

૭૭ જેને છિદ્રવાળી આંગળીઓ હોય એટલે આંગળીઓ ભેગી કરવા છતાં સ્વયં છૂટી જ રહેતી હોય તો તે દરિદ્ર—નિર્ધન—થાય. પરંતુ આંગળીઓ લાંબી કરતાં કરતાં પોતાની

મેળે મળી જતી હોય, છતાં વચ્ચેના વેઢાથી નીચે થોડાં થોડાં છિદ્રો દેખાતાં હોય તો તે ધનવાન તથા દાતા થાય.

૭૮ અનામિકા આંગળીની રેખાથી ઊંચી ટચલી આંગળી લાંબી હોય તો વેપારમાં ઘણો લાભ મળે. આયુષ્યરેખાની વચમાં કાળી રેખા હોય તો અગ્નિથી અથવા કોઈપણ સ્ત્રી તરફથી ભય થાય, નિંદા થાય અથવા પાણીમાં ડૂબી મરણ પામે. આયુષ્ય રેખાને છેડે નજીકમાં ચોકડી હોય તો ઘોડાથી કે બળદથી પડે.

૭૯ જો જમણા હાથની ટચલી આંગળીથી લાંબી હોય તો અજવાળીયા પક્ષમાં જન્મ થયો છે એમ જાણવું; અને જો એથી વિપરીત હોય તો અંધારિયા પક્ષમાં જન્મ સમજવો.

૮૦ આયુષ્યરેખામાં તર્જની આંગળીની બાજુમાં અંગૂઠાની અને પિતાની રેખા વચ્ચે જો રાતું કે કાળું બિંદુ હોય તો અગ્નિ બાળે. પિતાની રેખા સામે અંગૂઠા વચ્ચે ચોકડી હોય તો પ્રથમ વયમાં સુખી, મધ્યમાં હોય તો વચલી વયમાં સુખી અને છેડે હોય એટલે અંગુઠાનો ભાગ પુરો થાય છે એ ભાગમાં ચોકડી હોય તો છેલ્લી વયમાં સુખી થાય.

## રાશિનું ફલ

**મેષ** : રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ શુરવીર, કૃતજ્ઞ, લાંબી જંઘાવળો, પ્રચંડ કર્મ કરનાર, શરીરે કોમળ, ચપળ દૃષ્ટિવાળો અને સ્ત્રીઓને પ્રિય હોય છે.

**વૃષભ** : રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ સત્યવાદી, પવિત્ર, ચતુર, ભોગવિલાસી, દાતા, મનોરમ, સારા મિત્રોવાળો અને સુંદર ગતિવાળો હોય છે.

**મિથુન** : રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ ચંચળ ચક્ષુ–વાળો મિષ્ટ અન્ન ખાનાર વિષયની આશક્તિવાળો, કર્ણનો રોગી અને ધનવાન હોય છે.

**કર્ક** : રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ શૂરવીર, કૃતજ્ઞ, ધનાઢ્ય, શરીરે કૃશ, ગુરૂજનનો વત્સલ, ક્રોધી અને દુઃખથી પીડાતો હોય છે.

**સિંહ** : રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ અભિમાની, ક્ષમાવાન, માતા–પિતાને વહાલો અને નિરંતર મદ્ય–માંસમાં આસક્ત હોય છે.

**કન્યા** : રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ વૃદ્ધાવસ્થામાં ધર્મનો અર્થી, સર્વ લોકોને માન્ય, ધનવાન અને સ્ત્રીજનના હૃદયને આનંદદાયી હોય છે.

**તુલા** : રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ ઈર્ષાળુ, મિત્રનો વત્સલ, દુઃખનું સ્થાન, સ્પષ્ટ બોલનારો અને વૈરાગ્યવાન હોય છે.

**વૃશ્ચિક** : રાશીમાં ઉત્પન્ન થયેલો માણસ ક્રુર, શુરવીર, પિંગલ નેત્રવાળો, ગર્વિષ્ટ, કઠોર અંતઃકરણવાળો, ધનિક અને માતા પિતાનો સદા વિયોગી હોય છે.

**ધન** : રાશીમાં ઉત્પન્ન થયેલો માણસ બુદ્ધિમાન, સત્યવાદી, સર્વ લોકોને મનોહર, સુંદર સ્ત્રીવાળો અને સારા તેજવાળો હોય છે.

**મકર :** રાશીમાં ઉત્પન્ન થયેલો માણુસ ખૂબસૂરત, બુદ્ધિમાન, વિદ્વાન, પુત્રવાન, લાંબા આયુષ્યવાળો, પરસ્ત્રીમાં આસક્ત અને દાતાર હોય છે.

**કુંભ :** રાશીમાં ઉત્પન્ન થયેલો માણુસ ચપળ દૃષ્ટિવાળો, હસ્તિ તથા અશ્વાદિક ઉપર પ્રીતીવાળો, અભિમાની, વિચક્ષણ, પરાક્રમી અને આળસુ હોય છે.

**મીન :** રાશીમાં ઉત્પન્ન થયેલો માણુસ શૂરવીર, સમુદ્ર જેવો ગંભીર, સ્પષ્ટ વાણીવાળો, ક્રોધી, યુદ્ધ ઉપર પ્રીતિવાળો અને ગર્વિષ્ટ હોય છે.

## શરીર અને રંગ

કેવા રંગનાં વસ્ત્રો પહેરવાથી અને કેવા રંગના ઓરડામાં રહેવાથી કેવી અસર થાય છે, તે અહીં સમજાવવામાં આવ્યું છે.

જાંબલી રંગ શરીરને મજબુત બનાવે છે. આ રંગના કાચ ઓરડાની બારીઓમાં બેસાડયા હોય અને તેમાં બાળકોનું લાલન–પાલન થાય તો તેવાં બાળકો બીજા કરતાં વધુ ઝડપે વધે છે અને બળવાન પણ બને છે.

ગુલાબી રંગ શરીરને નબળું કરે છે. જાડા ચરબીવાળા બાળકોને ગુલાબી રંગ લગાડેલા ઓરડામાં રખાય તો તેની ચરબી ઘટી તે પાતળાં થઈ જાય.

આળસુ તથા કમજોર બાળકોને લાલ રંગના ઓરડામાં રાખવા જોઇએ. આમ કરવાથી તેઓ ઉમંગી તથા હૃષ્ટ–પૃષ્ટ

બને છે. અમુક તબીબો તો એવા મતના પણ છે કે જમવાનો ઓરડો લાલ રંગથી રંગાયેલો હોવો જાઈએ. અભ્યાસ તથા લેખનકલા માટે લાલ અને સુવા માટે ભૂરા રંગનો ઓરડો પસંદ કરવો જોઈએ.

## હૃદય અને રંગ

હૃદય રોગના દરદીને લીલા રંગના ઓરડામાં રાખવામાં આવે તો એની તકલીફ ઘણી ઘટી જાય છે. એ રંગ લોહીની ગતિને ઝડપી બનાવી આરોગ્ય સુધારે છે. નારંગી–કેસરી રંગ ફેફસાંને સ્વચ્છ કરી શક્તિ વધારે છે અને લોહીમાંથી ખટાશના તત્વો નાબુદ કરે છે.

## રંગ અને સ્વભાવ

મનુષ્ય જે રંગરૂચિ ધરાવે છે તે એના વ્યક્તિત્વને ઘડી તેનો વિકાસ કરે છે. જાણીતાં મનો વૈજ્ઞાનિક એન્ડર્સનનું કથન છે. 'અમુક રંગનો અમુક મનોભાવો સાથેનો સંબંધ એક વૈજ્ઞાનિક સત્ય છે. રંગોની અમુક પ્રકારની વર્ણસંકરતા ચોક્કસ સ્વભાવ પ્રકટ કરતી હોય છે. જે રંગના વસ્ત્રો પહેરાય છે તેની અસર શરીર તેમજ જીવન પર બહુ ઉંડી પડે છે. રહેવાનો ઓરડો કે સ્થાનનું વાતાવરણ જે અસર પહોંચાડી શકતા નથી, તે કામ વસ્ત્રોના રંગ સ્ત્રી–પુરૂષોના પોષાકો તેમના જીવન પર કેવી અસર પહોંચાડે છે. તે નીચે આપીએ.

## તપખિરિયો રંગ

આ રંગના વસ્ત્રોની પસંદગી કરનારની તબિયત સારી ને હૃદય દયાળુ રહે છે. કીરમજી રંગની સાડી પહેરેલી સ્ત્રી પ્રસન્ન ચિત્ત અને ઉદાર દિલ હોય છે.

## આછો ઘેરો ભૂરો રંગ

ઘેરો ભૂરો રંગ ધાર્મિક વૃત્તિ પેદા કરે છે. ભોળપણું પણ એ સૂચન છે. આવા રંગના વસ્ત્રો પહેરનારી મહિલા નિર્દોષ છતાં કટ્ટર ધર્મભાવના સેવનારી હોય છે. આ રંગના વસ્ત્રો પહેરનાર પુરુષ પણ લાગણી શીલ હોય છે.

આછો ભૂરો રંગ મલતાવડો સ્વભાવ ને મધુર ભાષી પણ બતાવે છે. પુરુષો માટે પણ તે આવા ગુણો પ્રેરે છે.

## ઘેરો લીલો રંગ

આ રંગ મહત્વાકાંક્ષા, ઇર્ષ્યા, વૈર ભાવના વધારનારો ગણાય છે. ઘેરા લીલા રંગની સાડી બ્લાઉઝ ધારણ કરનારી શોખીન સ્ત્રી કલ્પનામાં ઉડતી, ઇર્ષ્યાથી બળતી બીજા પ્રત્યે ઘણાની નજરે જોનારી હોય છે. આ રંગની પસંદગી કરનાર પુરૂષો પણ આવા હોય છે.

આથી ઉલટું આછો લીલો પોપટિયો રંગ જેને પસંદ હોય એવાં સ્ત્રી – પુરૂષ સ્નેહાળ સ્વભાવના તથા બીજા પર પરોપકાર કરી આનંદ પામનારા હોય છે.

## પીળો રંગ

આ રંગ મગજને પ્રફુલ્લ રાખે છે અને તીવ્ર સ્મરણ શક્તિ ધરાવનાર સ્ત્રી–પુરૂષોનો મનગમતો રંગ પીળો હોય છે. તેઓ દરેક પગલું શોચી–સમજીને ભરે છે. તીક્ષ્ણ બુદ્ધિની હોઇ ખાસ કરીને સાહિત્યના ક્ષેત્રમાં રુચિ ધરાવતાં જોવામાં આવે છે. હળવો પીળો રંગ પસંદ કરનારી વિચાર તથા આચાર–શુદ્ધિનાં આગ્રહી હોવાનું માલુમ પડ્યું છે.

## સોનેરી રંગ

આ રંગ પરસ્પર પ્રેમ અને બંધુભાવ પેદા કરનારો અને નૈતિકબળ વધારનારો છે. આ રંગના આગ્રહી સ્ત્રી–પુરૂષો સત્યને ચાહનારા અને દંભીઓથી દૂર રહેનારા હોય છે. તેઓ વૈભવમાં રહેવાનું પસંદ કરે છે. અને તે મળી પણ જાય છે.

ગુલાબી રંગ આજકાલ ભોજન ખંડમાં વધારે દેખાવા લાગ્યો છે. કહેવાય છે કે આવા ઓરડામાં જમવાથી ખોરાક પ્રત્યે રુચિ વધે છે અને તંદુરસ્ત કહેવાય છે. આ રંગની પસંદગી કરનારા નિખાલસ માલુમ પડયા છે.

ઘેરો લાલ રંગ પસંદ કરનારા સ્વભાવે ગરમ, હઠીલાં અને અમુક અંશે વાચનાયુક્ત પણ હોય છે. લાલરંગી પોષાક ઉત્તેજક હોવાથી તેમનો સ્વભાવ તીખો જરાક વારમાં ઉશ્કેરાઈ જાય તેવો લડાયક હોય છે.

## ઘેરો લાલ રંગ

આ રંગ જેને પસંદ હોય એવા સ્ત્રી–પુરૂષો મોજીલા સ્વભાવના અને મોટે ભાગે તંદુરસ્ત હોય છે.

## જાંમલી રંગ

આ રંગ શુભ વિચારો આપે છે. ક્યારેક છુપો પ્રેમ દર્શાવવાના કારણરૂપ પણ બને છે. આ રંગના વસ્ત્રો પ્રિય હોય એવા સ્ત્રી પુરૂષો અમુક બાબતમાં પ્રમાદી–આળસુ પણ હોય છે. આ રીતે રંગોની પસંદગીની માનવ જીવન પર સચોટ અસર અને પ્રભાવ હોય છે. પણ આ રંગોની પસંદગી કુદરતી હોવી જોઇએ. દેખાદેખીના આ યુગમાં વસ્ત્રોના રંગ અને ઘરના ઓરડામાં લગાડવામાં આવતા રંગો પાછળ ખાસ વિચાર કરાતો નથી.

આવા સંજોગોમાં રંગોનું મહત્વ ઓછું થઈ જાય છે. છતાં માનવ જીવનમાં રંગોનો પ્રભાવ તો છે જ એમ કબુલ્યા વગર ચાલે તેમ નથી.

## ભૂરો રંગ

ભૂરા રંગને પસંદ કરતી સ્ત્રીઓ સ્વભાવે શાંત, શિષ્ટાચારથી ભરેલી અને વ્યવસ્થિત જીવન ગાળવાની આગ્રહી હોય છે. તેઓ સાચાબોલી અને ધાર્મિક વૃત્તિની પણ જણાઈ છે. ખોટી માથાકુટમાં તે ઉતરતી નથી. એ સ્પષ્ટ વાતોમાં માને છે. ભૂરો રંગ પસંદ કરતી સ્ત્રીઓ ધર્મભીરૂ હોવા છતાં વખત આવે ત્યારે અન્યાયનો સામનો કરતાં પણ અચકાતી નથી. આવી સ્ત્રીઓ ટાપટીપની શોખીન તથા કલાપ્રિય હોવા છતાં ય વ્યવહારૂ અને મિતભાષી પણ હોય છે.

ભૂરો રંગ પસંદ કરતી સ્ત્રીઓનું સ્વભાવ દર્શન જાણ્યા પછી આ રંગ માટેની પુરૂષ વર્ગની ખાસીયતો જાણી લ્યો. વાદળી અથવા આકાશી રંગ પર પસંદગી ઉતારતા પુરૂષો સૂક્ષ્મ પરીક્ષણ શક્તિવાળા માલુમ પડયા છે. એમનું અવલોકન સંપૂર્ણ હોવાનું જણાયું છે. આકાશ રંગના ચાહક હોય તેવા પુરૂષો આડંબર, દંભ અને ખોટા દેખાવમાં માનતા નથી. સાદાઈ જ એમને ગમે છે. શ્રીમંત હોય તો પણ તેઓ બહુ સાધારણ રીતે જીવન વિતાવે છે. છતાં કંજૂસ હોતાં નથી.

વાદળી રંગના શોખીન માણસો નાણાકીય બાબતમાં ખૂબ કાળજીવાળા અને ધનનો જરાય દુરૂપયોગ ન થાય તેની દરેક રીતે તકેદારી રાખનારા જણાયા છે. ધનસંચય અને આપ બળે ધનપ્રાપ્તિ કરવામાં આવા પુરુષો માને છે અને શેર સટ્ટો, રેસ, લોટરી કે બીજા કોઈ પ્રકારના જોખમી વેપારને એક દુષણ

ગણીને તેનાથી તેઓ દૂર રહેવાનું પસંદ કરે છે. આવી લક્ષ્મી તેઓ કોઈ સંજોગોમાં ઈચ્છતા કે સ્વીકારતા પણ નથી.

## નારંગી રંગ

નારંગી રંગ સ્ત્રીઓને ખાસ ગમે છે. જેઓ આ રંગને પોતાનો રંગ માને છે તેઓ આનંદપ્રિય, સ્નેહમય અને મૈત્રીપૂર્ણ સ્વભાવનો પરિચય આપે છે. આવો રંગ પસંદ કરનારી સ્ત્રી સ્વભાવની રંગીન હોય છે. એ કડક, કર્કશ કે પછી સખ્ત જણાતી નથી. મિત્રો બનાવવાની કળા તેને સાધ્ય હોય છે. મિત્રોને તે જાળવી રાખે છે. એ દરેક પ્રતિ નિખાલસતા અને પ્રેમથી વાતો કરે છે. તેનું વર્તન રૂદ્ર નહિ, પણ સૌમ્ય જ હોય છે.

આવો રંગ જેને પ્રિય છે તે સ્ત્રી બાંધ–છોડની નીતિમાં માને છે. કોઈ બનાવ તરફ એ પોતાની નારાજી વ્યક્ત કરે છે ખરી, પણ સાથે જ તે ક્ષમાભાવ પણ બતાવી દે છે. ઘટનાને, ઘર્ષણને એ તરત ભૂલી પણ જાય છે. એનું મન સારૂં હોય છે. એની નરમાશને અંગે લોકો માને છે કે એ ઢીલી છે, પણ વાસ્તવિક તેવું નથી.

નારંગી રંગની સ્ત્રી સ્વભાવમાં ઉમદા અને ખેલદિલવાળી હોય છે. ખર્ચમાં તે ઉડાઉ જણાઈ નથી. પસંદગીનું ધોરણ ઉચ્ચ અને તેનામાં વ્યવસ્થા કલાની રુચિ જણાય છે.

પુરૂષોને પણ નારંગી રંગ ગમે છે. કેટલાક એવા માણસો હોય છે કે જેઓ પોતાના ઘરના શણગારમાં નારંગી રંગને જ મહત્ત્વ આપે છે. સ્ત્રી તો નારંગી સાડી પહેરી શકે, બ્લાઉઝ પણ, પરંતુ પુરૂષ આવા રંગનું પેન્ટ–પાટલુન–કોટ પહેરી શકતો નથી એટલે તે આ રંગ પ્રતિની પોતાની રૂચિ ઘરના શણગારમાં તકીયાની ખોલમાં વસ્તુઓની પસંદગીમાં બતાવે છે.

આવો રંગ પસંદ કરનારા પુરૂષો પણ સ્ત્રીઓની જેમ જ સમસ્વભાવના હોય છે. તેઓ સહિષ્ણુ, દયાળુ, લગ્નશીલ અને કૃપાળુ હોય છે. આમ છતાં પણ તેઓ નરમ હોતા નથી. બાળકો તેમને ગમે છે. અને તેમની સાથે મનોરંજન કરવાનું તેમને વધુ અનુકુળ બને છે.

## સફેદ (શ્વેત) રંગ

સ્ત્રીજાતિને શ્વેત રંગ ગમતો હોય તો તે નરમ—ગંભીર સ્વચ્છતા પ્રિય હોય છે. સુંદરતાની એ ચાહુક હોય છે. પ્રેમમાં એ દ્રઢ રહે છે. મોજશોખની શોખીન હોય છે.

કેટલાક પુરૂષોમાં ધોળા રંગનો શોખ હોય છે ખરો, પણ તેમનાં સ્વભાવ ઉલ્ટાં જણાય છે. આવાઓ આ રંગ પ્રત્યે જે આદરભાવ બતાવે છે તેનું મુખ્ય કારણ સંજોગો અને સ્વભાવ જ હોય છે.

આવા માણસો ગમે ત્યાં હોય. દુઃખમાં – ત્રાસમાં કે પછી ધર્મ સંકટમાં તો પણ ત્યાં ધીરજથી રહે છે. સંયમ અને શાંતિને તેઓ છોડતા નથી. અને મુશ્કેલ હાલતમાં પણ તેઓ પોતાનો માર્ગ સરળ કરવાની કોશીશમાં હોય છે.

જંગલમાં પણ મંગલ કરનારા ધોળા રંગનો આદર કરનારા માનવીઓ છે. સમય અને ધનમાં તેઓ ઉદાર જણાયા છે. પારકાનું દુઃખ તેઓ સહન કરી શક્તા નથી. અને એટલે બાંધછોડ કરવાનું તેમના સ્વભાવમાં હોય છે.

## 'લીલો રંગ'

લીલો રંગ જેને પસંદ હોય તેનામાં ચતુરાઇ, તેજી તથા હાજર જવાબનો ગુણ પણ રહેલો છે. આવો રંગ

પસંદવાળા માનવીઓ વાદવિવાદવાળા, ચપળ અને નહિ થાકે તેવા માનનારા છે. સ્ત્રીઓ તેજી કાતરની જેમ પોતાની જીભ ચલાવનારી બને છે. ચતુરાઈમાં પણ તેઓ ઓછી ઉતરે તેવી નથી. વ્યંગ-કટાક્ષ ઠઠ્ઠાઈમાં આ રંગને પસંદ કરનારી સ્ત્રીઓ અજબની માલુમ પડી છે.

લીલો રંગ પસંદ કરનારી સ્ત્રીઓમાંની કેટલીક આરામ પ્રિય અને આળસુ પણ મનાઇ છે તેમની માનસિક શક્તિ-ઓની સાથે શારીરિક શક્તિઓ ડગ ભરાવી શકતી નથી. આવો રંગ પસંદ કરનારાઓમાં સહન શીલતાનો અભાવ પણ જણાયો છે.

પુરૂષોની પ્રકૃતિ ઉપર લીલો રંગ સારો એવો પ્રભાવ પાડે છે. આ રંગ ઉન્નતિ, શાંતિ અને સલામતી સુચક મનાયો છે.

## ગુલાબી રંગ

જીવનમાં ગુલાબી રંગનું મહત્વ ઘણું છે. આ રંગ તાઝગી, આનંદ-ઉલ્લાસનો છે. આરોગ્ય પ્રાપ્તિ માટે આ રંગ સારી કામગીરી બજાવી શકે છે. શરીરના રોગી અવયવો પર આ રંગનો પ્રભાવ ઠીક-ઠીક રીતે પડે છે.

ગુલાબી રંગની બનાવટ સહેલી અને સરળ છે. લાલ અને શ્વેત રંગનું મિશ્રણ કરો એટલે ગુલાબી રંગ બની જાય છે. આ રંગને પસંદ કરનારી સ્ત્રી સ્વભાવની આનંદી હોય છે. એ વાત સાચી પરંતુ તેમનામાં ગંભીરતા પણ હોય છે. ઠરેલ બુદ્ધિથી વર્તવાનું તેઓ પસંદ કરે છે. વધુ પડતી મશ્કરી કે ખડખડાટ હાસ્યને તેઓ ઉત્તેજન આપતી નથી. તેઓ પોતાનો આનંદ મર્યાદામાં રહી વ્યક્ત

કરે છે. ચપળતા તેમનામાં હોય છે. ચંચળતા પણ ખરી, પરંતુ તેમાં વધુ પડતી અધિકતા હોતી નથી.

આ રંગને પસંદ કરનારી સ્ત્રીઓ લજ્જાળુ પણ હોય છે. તેમની સુંદરતા લજ્જામાં વધુ છટાભરી બને છે. ઘણી સ્ત્રીઓ ગુલાબી ગગનમાં પોતાની સુંદરતાને છતી કરવાનું વિશેષ પસંદ કરે છે. પોશાકમાં લિપસ્ટીક–પાવડર વગેરેમાં ઘણાં આ ગુલાબી રંગ જ પસંદ કરે છે. ગુલાબી રંગવાળા પાછળથી વિશાળ કટવાળા બ્લાઉઝ શરીરની સુંદરતાને સારી રીતે છતી કરે છે. અને સારી રીતે શોભી ઉઠે છે તેવું તેમનું માનવું છે.

પુરૂષોને પણ ગુલાબી રંગ ગમે છે. આ રંગના સ્વભાવની સાથે ગુલાબી રંગની તુલના પણ કરવામાં આવે છે. ઘણી વાર કહેવામાં આવે છે કે આ માણસ તો ગુલાબી સ્વભાવનો, ગુલાબી છે વગેરે....

જેમને ગુલાબી રંગ ગમે છે તેઓ સ્વભાવના મજબુત જણાય છે તેમનું મન પણ બળવાન માલુમ પડ્યું છે. શરીરની નજરે તેઓ કંઈક અસ્વસ્થ માલુમ પડ્યા છે. આળસ પણ તેમનામાં હોય છે. નવા સાહસ માટે તેઓ જલ્દી તત્પર થતા નથી.

આ રંગ પસંદ કરનારા બીજાઓની પ્રસન્નતામાં રાચે છે. તેમને ખુશ રાખવા તરફ તેમનું વલણ હોય છે. તેમની મહેરબાની મેળવવા તેઓ આતુર રહે છે. આથી કોઈકવાર આ માનવીઓ સામાના હજુરીઆ બની જાય છે. તો પણ તેઓ શું કરી રહ્યા છે તેનું તેમને ભાન પણ હોય છે જ.

## નડતા ગ્રહોના નિવારણ માટે જાપ

- **રવિ-સૂર્યના** ગ્રહો નડતા હોય તો રાતા પુષ્પો વડે શ્રી પદ્મપ્રભુજીની પૂજા કરવી અને ૐ હ્રીં નમો આયરિયાણં એ પદનો ૧૦૮ વાર રોજ જાપ કરવો.
- **મંગલ**— ગ્રહ નડતો હોય તો કેશર તથા લાલ પુષ્પો વડે વાસુપૂજ્ય સ્વામીની પૂજા કરવી. અને ૐ હ્રીં નમો સિદ્ધાણં એ પદનો ૧૦૮ વાર રોજ જાપ કરવો.
- **બુધ**—ગ્રહ નડતો હોય તો દૂધથી સ્નાત્ર પખાલ નૈવેદ્યથી શ્રી શાંતિનાથની પૂજા કરવી અને ૐ હ્રીં નમો આયરિયાણં એ પદનો રોજ ૧૦૮ વાર જાપ કરવો.
- **ગુરૂ**—ગ્રહ નડતો હોય તો જંબીર ફુલના સાથે દહીંનું ભોજન કરવું. ચંદનનું વિલોપન કરી આદિનાથ પ્રભુની પૂજા કરવી અને ૐ હ્રીં નમો આયરિયાણં એ પદનો રોજ ૧૦૮ વાર જાપ કરવો.
- **શુક્ર**—ગ્રહ નડતો હોય તો ધોળા પુષ્પો અને ચંદન વડે સુવિધિનાથ પ્રભુની પૂજા કરવી. દેરાસરે ઘી આપવું, ૐ હ્રીં નમો અરિહંતાણં એ પદનો રોજ ૧૦૮ વાર જાપ કરવો.
- **શનિ**—ગ્રહ નડતો હોય તો લીલા પુષ્પો વડે મુનિસુવ્રત પ્રભુની પૂજા કરવી. તેલનું સ્નાન તથા તેલનું દાન કરવું. અને ૐ હ્રીં નમો લોએ સવ્વસાહુણં એ પદનો રોજ ૧૦૮ વાર જાપ કરવો.

૦ રાહુ—ગ્રહ નડતો હોય તો લીલા પુષ્પો વડે શ્રી નેમીનાથ પ્રભુની પૂજા કરવી અને ૐ હ્રીં નમો લોએ સવ્વ-સાહૂણં એ પદનો રોજ ૧૦૮ વાર જાપ કરવો.

૦ કેતુ—ગ્રહ નડતો હોય તો દાડિમાદિક પુષ્પો વડે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પૂજા કરવી અને ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં એ પદનો રોજ ૧૦૮ વાર જાપ કરવો.

સર્વ ગ્રહોની શાંતિને માટે નીચે લખેલ મંત્રનો રોજ ૧૦૮ વાર જાપ કરવો. રવિ સોમ મંગલ બુધ ગુરૂ શુક્ર શનિશ્ચર રાહુ કેતવ સર્વગ્રહા: મમ સાનુગ્રહા ભવંતુ સ્વાહા. આ મંત્ર જપવાથી સર્વ ગ્રહો શાંત થાય છે માટે ભવ્ય જીવોએ બ્રાહ્મણ વગેરેના કથનમાં ન ફસાતા ઉપર મુજબ પોતે જ જાપ વગેરે કરવો જેથી ઘણી જ શાંતિ થશે અને આત્મ-કલ્યાણ પણ થશે. ઈતિ.

## ૧ લો સરસ્વતી વિદ્યા મંત્ર

૧ ૐ હ્રીં શ્રીં ક્લીં વદ વદ વાગ્વાદિની ભગવતી સરસ્વતી મમ જિહ્વાગ્રે વાસં કુરૂ કુરૂ સ્વાહા.

એ મંત્રને દિવાળીના ત્રણ દિવસમાં ૧૩, ૧૪, ૩૦ના સાડા બાર હજાર જાપ કરી સાધીને સિદ્ધ કરી લેવો. તે પછી રોજ એક માળા ફેરવવી તો વિદ્યા આવડે, બુદ્ધિ વધે.

## શ્રી નેમિનાથ ભગવાનની અધિષ્ઠાયિક અંબિકાદેવી સ્તોત્ર

૨ ૐ હ્રીં શ્રીં અંબે જગદંબે શુભે શુભં કુરે અમું બાલં ભૂતેભ્યો રક્ષ રક્ષ, ગ્રહેભ્યો રક્ષ રક્ષ, પિશાચેભ્યો રક્ષ રક્ષ, વેતાલેભ્યો રક્ષ રક્ષ, શાકિનીભ્યો રક્ષ રક્ષ, ગગન

દેવીભ્યો રક્ષ રક્ષ, દષ્ટેભ્યો રક્ષ રક્ષ. શત્રુભ્યો રક્ષ રક્ષ. જયંકુરૂ વિજયંકુરૂ, તુષ્ટિ કુરૂ, કુલવૃદ્ધિં કુરૂ શ્રીઁ હ્રીઁ ૐ ભગવતિ કે નમ.

**વિધિ**—ઉપરના મંત્રને રોજ ૨૧ વાર હંમેશ માટે બોલી જવો. જ્યાં અમું બાલં છે ત્યાં જો પોતાના માટે કરવું હોય તો મમ ભૂતેભ્યો રક્ષ રક્ષ બોલવું. અને બીજાના માટે એ મંત્રનો ઉપયોગ કરવો હોય. તો જેના માટે કરવો હોય તેનું નામ બોલવું. આ પ્રમાણે ઉપરનો મંત્ર બોલતા જવું ને વસ્ત્રના છેડાથી ઉજીહી નાખતા જવું. એમ દિવસ ૨૧ સુધી સવાર બપોર ને સાંજ કરવાથી દરેક જાતના વડગાડ અને રોગ ચાલ્યા જાય છે. એ મંત્રનો ૨૧ વાર રોજ જે પાઠ કરે છે તેના તમામ ઉપસર્ગો નાશ પામે છે ને જ્યાં વિજય વગેરે મંત્રમાં લખ્યા પ્રમાણે લાભ મળે છે.

નેમિનાથ ભગવાનના ફોટા સામે ધૂપ-દીપ સાથે જાપ કરવો. જેના ઉપર એ મંત્રનો પ્રયોગ કરવો હોય તે દર્દીએ ૨૨ દિવસ સુધી અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરવું અને કંદ-મૂલનો ત્યાગ કરવો. ઈતિ.

## આત્મ રક્ષક શ્રી પાર્શ્વનાથનો મંત્ર
## ૩ જો મંત્ર

ૐ નમો ભગવતે પાર્શ્વનાથાય યેન મંત્રણ સમાધિ ક્રિયતે શરીરે રક્ષા કુરૂ કુરૂ. વને વા નગરે વા ત્રિકે વા ચચ્ચરે વા ચતુષ્પથે વા દ્વારે વા ગ્રહે વા વાહી શુદ્રાણી ક્ષત્રિયાણી વૈશ્યી ચાંડાલી માંતગિની હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઁ હ્રીઁ હ્રઁ હ્રઁ યઃ ક્ષઃ મંત્ર પ્રસાદેન મમ શરીરે અવતરંતુ દુષ્ટ નિગ્રહં કુર્વંતુ હું કુદ્ધ સ્વાહા.

# 卐 શ્રી દાદાસાહેબનો છંદ 卐

સૂરિ પાર્શ્વચંદ્ર હુવા અવતારી, જેના નામ તણો મહિમા ભારી;
કષ્ટ ટળે મટે તાપ તપો, પૂજ્ય દાદાજીનો જાપ જપો. ૧
પૂજ્ય નામે સબ કષ્ટ ટળે, વળી ભૂત પ્રેત તો નાહિ છળે;
મળે ન ચોર હોય ગપ્પ ચપો, પૂજ્ય દાદાજીનો જાપ જપો. ૨
લક્ષ્મી દિન દિન વધી જાવે, ઓર દુઃખ નેડો તો નહિ આવે;
વેપારમેં હોવે બહુત નફો, પૂજ્ય દાદાજીનો જાપ જપો. ૩
અડયો કામ તો હોઇ જાવે; વળી બગડયો કામ તો બન જાવે;
ભૂલ ચુક નહિ હોય ડખો, પૂજ્ય દાદાજીનો જાપ જપો. ૪
રાજકાજમેં તેજ રહે, વળી ખમા ખમા સબ લોક કહે;
આછિ જાયગા જાય રુપો, પૂજ્ય દાદાજીનો જાપ જપો. ૫
પૂજ્ય નામ તણો જેણે લીયો ઓટો, તેને કદિ ન આવે તોટો;
ઘર ઘર બારણે કાંઈ તપો, પૂજ્ય દાદાજીનો જાપ જપો. ૬
એક માળાકો નિત્ય નેમ રખો, કોઈ વાત તણો નહિ હોય ધખો,
ઓર ખાલી વિમાસ ટળે જીસપો, પૂજ્ય દાદાજીનો જાપ જપો. ૭
સ્વગચ્છ તણી પ્રતિ પાલ કરે, મુનિ રામ સદા તુમ ધ્યાન ધરે;
કોઇ પ્રત્યક્ષ વાત નહિ ઉથપો, પૂ